૧૩ વર્ષની વોરંટી
ઉધઈ પેસ્ટ કંટ્રોલ
પાણી પહેલા પાળ બાંધો
નેનો ટેકનોલોજી દ્વારા
વોટર પ્રુફીંગ
ભક્તિ એન્ટરપ્રાઈઝ
વિરાણી ચોક, રાજકોટ.
Mo. 74051 50005

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ વદ-૧ | પાના : ૧૬ | રૂ. ૪.૦૦ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૨૪-૫-૨૦૨૪ - શુક્રવાર | રાજકોટ (સીટી)

jai ganga
SOLAR WATER HEATER
સોલાર રૂફટોપ અપનાવો
JAI GANGA SOLAR ENERGY PVT. LTD.-RAJKOT
Call : 99093 23239, 80009 23239

વર્ષ : ૩૮ અંક : ૨૩૪ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

### વાવાઝોડુ ચોમાસાની પ્રગતિને અવરોધશે? અમુક ભાગોમાં અસર થવાની ભીતિ

# ચોમાસા પુર્વે વાવાઝોડાની એન્ટ્રીઃ રવિવારે 'રેમલ' ત્રાટકશે

નવી દિલ્હી તા.૨૪

ભારતમાં નૈઋત્ય ચોમાસાના સતાવાર આગમન પુર્વે સિઝનના પ્રથમ વાવાઝોડાના ત્રાટકવાનો ખતરો વધવા લાગ્યો છે. બંગાળની ખાડીમાં ઉદભવેલુ હળવુ દબાણ મજબૂત બનીને આવતીકાલે વાવાઝોડામાં પરિવર્તિત થશે અને રવિવારે પશ્ચીમ બંગાળ પર ત્રાટકવાની શકયતા છે. આ વાવાઝોડાને 'રેમલ' નામ આપવામાં આવ્યું છે.

ભારતીય હવામાન વિભાગે કહ્યું કે બંગાળની ખાડીમાં ચોમાસા પુર્વેનું આ પ્રથમ વાવાઝોડુ છે. રવિવારે બાંગ્લાદેશ તથા સંલગ્ન પશ્ચીમ બંગાળના દરિયાકિનારાના ભાગોમાં ૧૦૨ કિલોમીટરની ઝડપે ત્રાટકે તેવી સંભાવના છે. વાવાઝોડાના પ્રભાવ હેઠળ ઓડીસા, મિઝોરમ, ત્રિપુરા તથા દક્ષિણ મણીપુરના સાગરકાંઠાના ભાગોમાં ભારે વરસાદ થવાની ચેતવણી આપવામાં આવી છે. માછીમારોને દરિયામાંથી પરત આવી જવા સૂચવાયુ છે. સમુદ્રની સપાટી ઘણી ગરમ થઈ જતા વાવાઝોડા ઝડપથી ગતિ વધારી દેતા હોય છે. સમુદ્રની સપાટી છેલ્લા ૩૦ વર્ષમાં સૌથી વધુ ગરમ થઈ છે. ભેજ વધવાને કારણે વાવાઝોડાના ઉદભવ માટે અનુકુળ સ્થિતિ સર્જાય છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક મોનિકા શર્માએ જણાવ્યું હતું કે આજે સવારે બંગાળની ખાડીમાં દબાણક્ષેત્ર સર્જાયુ છે અને આવતીકાલે સવાર સુધીમાં સીસ્ટમ વાવાઝોડામાં પરિવર્તિત થશે અને વધુ શક્તિશાળી બનશે. રવિવારે સાંજ સુધીમાં તે વધુ મજબૂત બનીને

(અનુસંધાન છઠ્ઠા પાને)

**બંગાળની ખાડીમાં ઉદભવેલી સિસ્ટમ આવતીકાલે વાવાઝોડામાં પરિવર્તિત થઈ જશેઃ ૧૦૨ કીમીની ઝડપે બાંગ્લાદેશ તથા લાગૂ પશ્ચિમ બંગાળના કાંઠે ત્રાટકવાની સંભાવના**

**પશ્ચિમ બંગાળ, ઓડિશા, મિઝોરમ, ત્રિપુરા, મણીપુરમાં ભારે વરસાદની ચેતવણીઃ મહારાષ્ટ્ર-ગુજરાતમાં પણ અસર રહેવાની શકયતા**

**માથુ-મગજ ઠંડુ રાખવા ઓઢણીનો સહારોઃ** દેશભરમાં વરસી રહેલા ભીષણ તાપ અને સુર્યકોપની હાલતથી લોકો હેરાન પરેશાન છે. અંગારા જેવા તાપથી બચવા માટે લોકો અનેકવિધ નૂસ્ખા અજમાવતા હોય છે. ધોમધખતા તાપમાં આ યુવતીઓએ માથુ-મગજને ઠંડુ રાખવા માટે ઓઢણીનો સહારો લીધો છે. આવા દૃશ્યો દેશભરમાં જોવા મળી રહ્યા છે.

## લોકસભા ચૂંટણી વચ્ચે દિલ્હી યુનિ.ની દીવાલો પર ચૂંટણી બહિષ્કારના વિવાદિત લખાણ

નવીદિલ્હી,તા.૨૪

દિલ્હીમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ની વોટિંગ પહેલા દિલ્હી યુનિવર્સિટીના કોલેજની દિવાલો પર વિવાદિત સૂત્રો લખવામાં આવ્યા છે. દિવાલો પર ચૂંટણી બહિષ્કાર કરવાની વાત કહેવામાં આવી છે. આ મામલે દિલ્હી પોલીસે બે FIR નોંધી છે. પોલીસે આ વિશે જાણકારી આપી છે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ચૂંટણી પંચને રાહતઃ દરેક મતદાન મથકના મતની ટકાવારી જાહેર કરવાની માંગ સુપ્રિમ કોર્ટે ફગાવી

### પાંચ તબકકા પૂર્ણ થઇ ગયા છે ત્યારે પ્રક્રિયા બદલવાનો આદેશ કરવાનું યોગ્ય નથી

નવી દિલ્હી, તા.૨૪

લોકસભા ચૂંટણીના દરેક મતદાન મથકના મતદાનના આંકડા જાહેર કરવાની માંગ કરતી અરજી સર્વોચ્ચ અદાલતે ફગાવી દીધી છે અને અરજદારને ઝટકો આપ્યો છે. આ પ્રકારની અરજી કરવાના 'સમયગાળા'ના મુદ્દે અરજદારને ફટકાર લગાવી હતી.

ચૂંટણી મતદાનના આંકડા જાહેર થવામાં ઢીલ મામલાની અરજી પર આજે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. મતદાન પુરું થવાના ૪૮ કલાકમાં તમામ મતદાન મથકોની મત ટકાવારી ચૂંટણી પંચની વેબસાઇટ પર અપલોડ કરવાની માંગ એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ દ્વારા કરવામાં આવી હતી. ચૂંટણી પંચે એવી દલીલ કરી હતી કે દરેક મતદાન મથકના આંકડા અપલોડ કરવાનું યોગ્ય નહીં ગણાય.

સુપ્રિમ કોર્ટના જસ્ટીસ દીપાંકર દત્તા તથા જસ્ટીસ એસ.સી. શર્માની બેંચ સમક્ષ ચૂંટણી પંચે એમ પણ કહ્યું કે મતદાન મથક દીઠ મતદાનની ટકાવારી વેબસાઇટ પર અપલોડ કરવાથી ચૂંટણી પ્રક્રિયામાં અરાજકતા સર્જાઇ શકે છે.

આ કેસમાં સુપ્રિમ કોર્ટે એમ કહ્યું કે ચૂંટણીના પાંચ તબકકા પુરા થઇ ગયા છે ત્યારે હવે પ્રક્રિયા બદલવા માટે ચૂંટણી

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ભીમનગર સર્કલ પાસે વૃદ્ધ બેભાન થઈ ઢળી પડયાઃ સનસ્ટ્રોકથી મોત થયાની શંકા

### ભરબપોરે ૧૨ વાગ્યાની ઘટનાઃ અવધના ઢાળીયા પાસે રહેતા ૬૩ વર્ષીય શાંતીભાઈ આંબલીયા શાકભાજીના થડા પાસે જ બેભાન થયા બાદ દમ તોડયોઃ તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી આવીઃ મોતનું પ્રખર કારણ જાણવા મૃતદેહ પીએમમાં ખસેડાયો

રાજકોટ તા.૨૪

શહેરમાં વાતાવરણ ૪૪ ડીગ્રીએ પહોંચતા કાળઝાળ ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. ત્યારે અવધના ઢાળીયા પાસે રહેતા ૬૩ વર્ષીય શાંતીભાઈ આંબલીયા શાકભાજીના થડા પાસે બેઠા હતા ત્યારે બેભાન થઈ ઢળી પડયા બાદ બેભાન હાલતમાં જ મોતને ભેંટયા હતા. બનાવની જાણ થતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ અવધના ઢાળીયા પાસે રહેતા શાંતીભાઈ પોપટભાઈ આંબલીયા (ઉ.૬૩) આજે બપોરના ૧૨ વાગ્યાની આસપાસ ભીમનગર સર્કલ પાસે આવેલ શાકભાજી માર્કેટમાં એક થડા નજીક બેઠા હતા. ત્યારે અચાનક જ બેભાન થઈ ઢળી પડયા હતા. જે અંગે આસપાસના લોકોએ ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટીમે

(અનુસંધાન છઠ્ઠા પાને)

તસ્વીરઃ ભાવિન રાજગોર

## ભીષણ માર્ગ અકસ્માતઃ વૈષ્ણોદેવી જતાં ૭ યાત્રાળુઓના મોત

ઉત્તરપ્રદેશ, તા ૨૪

ઉત્તર પ્રદેશના બુલંદશહેરથી વૈષ્ણોદેવીના દર્શન માટે જઈ રહેલા પરિવારને લઈને જતી ટ્રાવેલર ટ્રોલી અથડાઈ હતી. આ દુર્ઘટના અંબાલા-દિલ્હી હાઈવે પર મોહરા પાસે રાત્રે લગભગ ૨ વાગ્યે થઈ હતી. ટ્રાવેલરમાં કુલ ૨૬ લોકો સવાર હતા. તેમાંથી છ

(અનુસંધાન છઠ્ઠા પાને)

ADMISSION NOTICE
ગુજરાત સરકાર માન્ય તથા સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન
GEETANJALI GROUP OF COLLEGES
M.A. (English - Economics - Psychology) | M.Com. | M.B.A. | LL.B.
M.Sc.IT. | PGDCA | B.Ed.
B.Com., B.C.A., B.B.A., B.Sc. I.T., B.A.
વિશેષ સ્કોલરશીપ માટે કોલેજનો રૂબરૂ સંપર્ક કરો
ઈન્ડીયન રેકોર્ડસ બિલ્ડીંગ, સુચક રોડ, શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ. ફોનઃ ૦૨૮૧-૨૪૬૪૪૩૫ મો. ૭૨૨૮૮૦૦૧૧૯
ગીતાંજલી ભવન, અજંતા પાર્ક, સાધુ વાસવાણી રોડ, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૫૮૭૫૫૦
website : geetanjaligroupofcolleges.in



# લા નીનાની વરસાદી પેટર્ન વચ્ચે ભારતીયો હિટ વેવથી ત્રાહિમામ !

**હવામાન ઉપર અલ નીનો અને લા નીના એમ બે આબોહવાની પેટર્ન ખૂબ અસર કરે છે. ગયા વર્ષે અલ નીનો સક્રિય હતો, જ્યારે આ વખતે અલ નીનોની સ્થિતિ આ સપ્તાહે પૂરી થઈ ગઈ છે અને ત્રણથી પાંચ સપ્તાહમાં લા નીનાની સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે. ગયા વર્ષે, અલ નીનો દરમિયાન, સામાન્ય કરતાં ૯૪ ટકા ઓછો વરસાદ પડ્યો હતો. ૨૦૨૦ થી ૨૦૨૨ દરમિયાન લા નીના ટ્રિપલ ડીપ દરમિયાન ૧૦૯ ટકા, ૯૯ ટકા અને ૧૦૬ ટકા વરસાદ થયો હતો. ગયા મહિને ભારતીય હવામાન વિભાગે કહ્યું હતું કે દેશમાં આ વર્ષે સામાન્ય ચોમાસુ કરતાં વધુ સારું રહેશે.**

**ભારતીય હવામાન વિભાગના અહેવાલ મુજબ ચોમાસું આંદામાન-નિકોબાર પહોંચી ગયું છે. ચોમાસુ હવે આગળ વધીને ૩૧મી મે સુધીમાં કેરળ પહોંચવાની સંભાવના છે. ગયા વર્ષે પણ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ચોમાસું ૧૯ મેના રોજ પહોંચ્યું હતું, પરંતુ કેરળમાં ૯ દિવસ મોડું ૮ જૂને પહોંચ્યું હતું. આ વર્ષે ચોમાસું સામાન્ય તારીખ વહેલું પણ કેરળમાં આવી શકે છે. જો કે કેરળમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧ જૂન છે.**




EL NINO AND LA NINA

**દિલ્હી, હરિયાણા, પંજાબ અને પશ્ચિમ રાજસ્થાનમાં હિટવેવને લઈને રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. પૂર્વ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને બિહાર માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉત્તરપ્રદેશ, બિહાર અને પશ્ચિમ રાજસ્થાનમાં બે- ત્રણ દિવસ માટે રાત્રિના સમયે ભારે ગરમીની ચેતવણી આપવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગના અહેવાલ મુજબ દિલ્હી, હરિયાણા, પંજાબની સાથે. રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, ગુજરાત અને મધ્યપ્રદેશમાં ઓછામાં ઓછા ૨૦ સ્થળોએ તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ નોંધાયું હતું.**

જળવાયુ પરિવર્તનને કારણે હવામાન ઉપર અસર દેખાવા માંડી છે. ભારતની જ વાત કરીએ તો ચોમાસું આંદામાન સુધી પહોંચી ગયું છે. એ જોતાં ગુજરાતમાં તો જૂનના બીજા પખવાડિયામાં ચોમાસાનું આગમન થાય એવી આગાહી થઇ રહી છે, તો અત્યારે તો સૂરજદાદા કોપાયમાન થયા હોય એમ ભારે ગરમી સહન કરવાના દિવસો ચાલી રહ્યા છે. આ અઠવાડિયે તો તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી ઘણો ઊંચો રહે એવી આગાહી જોતાં ગુજરાતના લોકોએ તો પરસેવે રેબઝેબ થવાના દિવસો શરૂ થયા છે.

ભારતીય હવામાન વિભાગના અહેવાલ મુજબ ચોમાસું આંદામાન-નિકોબાર પહોંચી ગયું છે. ચોમાસુ હવે આગળ વધીને ૩૧મી મે સુધીમાં કેરળ પહોંચવાની સંભાવના છે. ગયા વર્ષે પણ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ચોમાસું ૧૯ મેના રોજ પહોંચ્યું હતું, પરંતુ કેરળમાં ૯ દિવસ મોડું ૮ જૂને પહોંચ્યું હતું. આ વર્ષે ચોમાસું સામાન્ય તારીખ વહેલું પણ કેરળમાં આવી શકે છે. જો કે કેરળમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧ જૂન છે. જાહેર કરેલી તારીખમાં ૪ દિવસ વધુ કે ઓછા રહેવાની શક્યતા છે એટલે કે ચોમાસું ૨૮મી મેથી ત્રીજી જૂન વચ્ચે ગમે ત્યારે આવી શકે છે. ભારતીય હવામાન વિભાગના અહેવાલ અનુસાર મધ્યપ્રદેશમાં ૧૬ થી ૨૧ જૂન અને રાજસ્થાનમાં ૨૫ જૂનથી ૬ જુલાઈ સુધી ચોમાસું પહોંચે તેવી શક્યતા છે. જ્યારે યુપીમાં તે ૧૮ થી ૨૫ જૂન સુધી અને બિહાર-ઝારખંડમાં ૧૮ જૂન સુધીમાં પહોંચી જશે. જ્યારે ગુજરાતમાં તો ૧૯ મીથી ૨૩ મી જૂન દરમિયાન પહોંચશે. ભારતીય હવામાન વિભાગના ડેટા અનુસાર કેરળમાં ચોમાસાના આગમનની તારીખો છેલ્લા ૧૫૦ વર્ષોમાં તદ્દન અલગ રહી છે. ૧૯૧૮માં, ચોમાસું ૧૧ મેના રોજ પ્રથમ કેરળ પહોંચ્યું હતું, જ્યારે ૧૯૩૨ માં, તે ૧૮ જૂનના રોજ સૌથી મોડા કેરળ પહોંચ્યું હતું.

છેલ્લા ચાર વર્ષની વાત કરીએ તો ૨૦૨૦માં ચોમાસું ૧ જૂન, ૨૦૨૧માં ૩ જૂન, ૨૦૨૨માં ૨૯ મે અને ૨૦૨૩માં ૮ જૂને કેરળ પહોંચ્યું હતું.

હવામાન ઉપર અલ નીનો અને લા નીના એમ બે આબોહવાની પેટર્ન ખૂબ અસર કરે છે. ગયા વર્ષે અલ નીનો સક્રિય હતો, જ્યારે આ વખતે અલ નીનોની સ્થિતિ આ સપ્તાહે પૂરી થઈ ગઈ છે અને ત્રણથી પાંચ સપ્તાહમાં લા નીનાની સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે. ગયા વર્ષે, અલ નીનો દરમિયાન, સામાન્ય કરતાં ૯૪ ટકા ઓછો વરસાદ પડ્યો હતો. ૨૦૨૦ થી ૨૦૨૨ દરમિયાન લા નીના ટ્રિપલ ડીપ દરમિયાન ૧૦૯ ટકા, ૯૯ ટકા અને ૧૦૬ ટકા વરસાદ થયો હતો. ગયા મહિને ભારતીય હવામાન વિભાગે કહ્યું હતું કે દેશમાં આ વર્ષે સામાન્ય ચોમાસુ કરતાં વધુ સારું રહેશે. હવામાન વિભાગના મતે ૧૦૪ થી ૧૧૦ ટકા વચ્ચેનો વરસાદ સામાન્ય કરતાં વધુ સારો ગણાય છે. આટલો વરસાદ કૃષિપ્રધાન ભારતના ખેત ઉત્પાદન માટે સારો સંકેત છે. ખરીફ પાક સામાન્ય ચોમાસાના વરસાદ પર આધાર રાખે છે. ભારતીય હવામાન વિભાગે કહ્યુંકે ૨૦૨૪માં ૧૦૬ ટકા એટલે કે ૮૭ સેમી વરસાદ થઈ શકે છે. ૪ મહિનાની ચોમાસાની ઋતુ માટે લાંબા ગાળાની સરેરાશ ૮૬૮.૬ મીમી એટલે કે ૮૬.૮૬ સેન્ટીમીટર વરસાદ છે. એટલે કે ચોમાસામાં આટલો કુલ વરસાદ હોવો જોઈએ. અમેરિકાએ પણ અલ નીનોને કારણે ભારતમાં વધુ વરસાદ પડશે અને તેને કારણે પૂર આવે એવી સંભાવના પણ વ્યક્ત કરી છે.

જો કે આ તો વરસાદની વાત થઈ. પરંતુ હજુ તો વરસાદથી ગરમીમાં રાહત મળે એ દિવસો ગુજરાત માટે દૂર છે, એ પહેલાં ગરમી ત્રાહિમામ પોકરાવી દે એવી પણ આગાહી થઇ છે. ભારતીય હવામાન વિભાગે શનિવારે ઉત્તર પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી તીવ્ર ગરમીની આગાહી કરી છે. આ સ્થિતિ પૂર્વ અને મધ્ય વિસ્તારોમાં ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે. દિલ્હી, હરિયાણા, પંજાબ અને પશ્ચિમ રાજસ્થાનમાં હીટવેવને લઈને રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હજુ પાંચ દિવસ સુધી રાહતની કોઈ આશા નથી. ખાસ કરીને દિલ્હી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને યુપી ગરમીથી વધુ પ્રભાવિત થશે.

ભારતીય હવામાન વિભાગે ઉત્તર પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી તીવ્ર ગરમીની આગાહી કરી છે. આ સ્થિતિ પૂર્વ અને મધ્ય વિસ્તારોમાં ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે. દિલ્હી, હરિયાણા, પંજાબ અને પશ્ચિમ રાજસ્થાનમાં હીટવેવને લઈને રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. પૂર્વ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહાર માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉત્તરપ્રદેશ, બિહાર અને પશ્ચિમ રાજસ્થાનમાં બે- ત્રણ દિવસ માટે રાત્રિના સમયે ભારે ગરમીની ચેતવણી આપવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગના અહેવાલ મુજબ દિલ્હી, હરિયાણા, પંજાબની સાથે. રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, ગુજરાત અને મધ્યપ્રદેશમાં ઓછામાં ઓછા ૨૦ સ્થળોએ તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. આગામી પાંચ દિવસ સુધી ગુજરાતમાં ભારે ગરમી વેઠવી પડે એવી પણ આગાહી થઇ છે.

આ ઓછું હોય એમ લો પ્રેશર સિસ્ટમ પેદા થતાં બંગાળની ખાડીમાં ચક્રવાત સર્જાય એવી આગાહી પણ થઇ છે. એ મુજબ જો ચક્રવાત સર્જાય તો તેની અસર ઓડિશા, મહારાષ્ટ્ર અને ગુજરાત તેમજ તેમની આસપાસના રાજ્યોમાં એલર્ટ પણ જાહેર કર્યું છે. હજુ તો ગયા અઠવાડિયે જ કરા અને વરસાદનો અનુભવ થયો છે, ત્યારે હવામાન કેવો ફેરફાર કરી રહ્યું છે, તે પણ ચિંતાનો વિષય છે.

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

## સુવિચાર

**ખોટુ કરે એનું ટકતું નથી**
**ને સાચુ કરે એનું અટકતું નથી**

## આજનું ચિંતન

### રત્નકણિકાઓ

- ત્રણ ખાડા કચારેય ન પુરાય – સાગર, સ્મશાન અને તૃષ્ણા
- નબળા અને નવરા માણસો પર પરિસ્થિતિ વિજય
- જીભથી શીખવે તે પંડિત, જીવનથી શીખવે તે સંત
- જેના જીવનમાંથી સત્યનો નાશ થાય છે તેના જીવનનો સત્યનાશ થાય છે.
- પગને રાખો ગરમ, પેટને રાખો નરમ, મગજ ન કરો ગરમ, ઘરનો પ્રથમ આ ઘરમ, મગજ રહેશે શાંત તો ઘરમાં સૌ ઉપશાંત ને મુખ રહેશે પ્રશાંત
- સફળતા બીજાને પાડવામાં નહીં પણ ઉભા કરવામાં છે.
- મજબૂત મનના માણસો પરિસ્થિતિ પર વિજય મેળવે છે.
- ભગવાન ન બનો ત્યાં સુધી ભગવાનના તો બનો.
- સદગુરૂ સાથે રિલેશન એટલે સદગતિનું રીઝર્વેશન

## સદા હલ્કા કેવી રીતે રહી શકાય?

અનેક વ્યક્તિઓનો આ પ્રશ્ન સામે આવતો રહે છે પરેશાની આવી અને જતી રહી પરંતુ હજુ મન અશાંતિ અનુભવે છે અને આત્મા પર બોજ રહેલો અનુભવાતો હોય છે આનું કારણ શું હોઈ શકે છે? તો, ઘણીવાર આપણે પોતાની જવાબદારીઓને લઈને બોજ અનુભવી છીએ કારણ કે હું સ્વયંને ટ્રસ્ટી કે નીમિત નથી સમજતી. જ્યારે મારું કાર્ય, મારી જવાબદારી, મારું ઘર કે પરિવાર છે તો મારે ધ્યાન તો રાખવું પડેને ? મારા વગર કોઈ નહી કરે. આવા સંકલ્પો આવે છે જેને કારણે બોજ વધે છે પરંતુ વિચારીએ, જ્યારે કે આ કોઇ પણ મારો નથી. તે પણ જેને ત્યા જન્મ્યો છે ત્યા કર્મોનો હિસાબ ચુક્તે કરી છોડીને જતો રહેશે. તો પછી આ મારી જવાબદારી, મારે જ ધ્યાન આપવું પડે એ બાબત આવી ક્યાથી? ધંધો કરનાર પણ બોલતા હોય છે- હું છું તો બધુ વ્યવસ્થિત ચાલે છે. બીજાને કોઈ ધ્યાન જ નથી, પડી જ નથી. આથી મારે જ બધુ જાતે કરવું પડે છે મને મરવાનો યે સમય નથી, તો આ જ્ઞાનસમજની વાતો સાંભળવા તો ક્યાથી આવીએ? આ પ્રશ્નો કરતા હોય છે પરંતુ ચિંતા મુક્ત જીવન માટે યાદ રાખીએ-

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

૧. કર્મની ગુહ્ય ગતિ અને આ જીવન મળ્યાના લક્ષ્યની સમજ આપણને સર્વ બોજથી મુક્ત રાખે છે

૨. હું ટ્રસ્ટી છું. આથી સ્વયં નિર્માણ અને નીમિત બનીને સર્વ કારોબાર, સેવા સંભાળીને રહીએ. આવી સ્મૃતિ સાથે અને હોંશે હોંશે કોઈ પણ જાતના મૈંપન વગર કાર્યને કરતા રહેવાથી સ્વયંને હલ્કા અનુભવીશું. સ્વયં અને સર્વ આપણાથી સંતુષ્ટ રહેશે.

૩. હું અહી મહેમાન છું અને મહેમાનને કદી જે તે વ્યક્તિઓ, સ્થાન સાથે એવો કોઈ મોહ કે બંધન હોઈ ન શકે જ તેને બાંધે. મારા અનેક જન્મોના કર્મોને લઈને મને આ પરિવાર મળ્યો છે તેથી હવે આ અંતિમ જન્મમાં, તેમની સાથે રહીને દ્રેક્નો કર્મોનો હિસાબ ખુશી ખુશી, હલ્કા રહીને ચૂક્તે કરવાનો છે

૪. આ કાર્ય પરમાત્માનું છે તેમની ઈચ્છાથી મારી વિશેષતાઓને લઈને જ મને આ માટે યોગ્ય ગણાયો છે સ્વયં એવા ચિંતનમાં રહીએ કે આ કાર્ય મારું નથી મારે માત્ર સેવારૂપે તે કરવાનું છે જેથી હલ્કા રહેશું.

# સગા સબંધીઓને ઉંચુ વ્યાજ આપીને ક્રેડિટ સોસાયટીને નુકશાન કરનારાને આગોતરા જામીન ન મળે

## સુરતની સહયોગ અર્બન કો-ઓપરેટીવના કેસમાં હાઈકોર્ટનું મહત્વપૂર્ણ અવલોકન

અમદાવાદ તા.૨૪

સુરત ખાતે કાર્યરત સહયોગ અર્બન કો-ઓપરેટીવ ક્રેડીટ અને કન્ઝયુમર સોસાયટી લી.ને નાણાકીય ખોટ કરી ઉચાપત કરનારા મેનેજીંગ બોડીના મહિલા સભ્યને આગોતરા જામીન આપવાનો હાઈકોર્ટે ઈનકાર કર્યો છે. આ મામલે ચુકાદો આપતા જસ્ટિસ જે.સી. દોશીએ એવું માર્મિક અવલોકન કર્યું છે કે સોસાયટીના ૨૩ સભ્યો કે જેઓ મેનેજીંગ બોડીના ભાગ હતા, તેમણે બેફામ અને ખોટા ખર્ચા ઉપરાંત પોતાના જાણીતા લોકોને ડીપોઝીટ ઉપર ઉંચુ વ્યાજ આપીને સોસાયટીના નાણાકીય તાણાંવાણાંને કમજોર કર્યા હતા અને સોસાયટીને નુકસાન પહોંચાડયું હતું. જેમાં અરજદારનું કૃત્ય ઉઘઈ સમાન છે અને સોસાયટીને અંદરખાનેથી કોરી નાખી હતી. આ આર્થીક ગુનો ઠંડા કલેજે અને ચોકકસ ડીઝાઈન દ્વારા પાર પાડવામાં આવ્યો હતો. તેથી તેને વિશિષ્ટ પ્રકારની રાહત આપી આગોતરા જામીન આપી શકાય નહીં. ઉકત અવલોકન સાથે હાઈકોર્ટે અરજદાર મહિલાને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.

પ્રસ્તુત કેસમાં સોસાયટીની મેનેજીંગ બોડી પર એવા આક્ષેપ લગાવવામાં આવ્યા હતા કે, તેમણે પોતાના લંગતા વળગતાને ડીપોઝીટ ઉપર ઉંચુ વ્યાજ આપીને સોસાયટીને ભારે નાણાકીય નુકસાન પહોંચાડયું છે અને સોસાયટી સાથે છેતરપીંડી પણ આચરી છે. અંદાજે રૂા.૫૪.૨૨ લાખની ઉચાપત કરાઈ હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા.

આ મામલે ધરપકડથી બચવા મેનેજીંગ બોડીના મહિલા સભ્યએ હાઈકોર્ટમાં અરજી કરીને એવી રજૂઆત કરી હતી કે આ એફઆઈઆર રાજકારણ પ્રેરીત છે અને અરજદારની કોઈ ભૂમિકા નથી. અરજદારે સોસાયટીમાંથી એક પણ રૂપિયો લીધો નથી અને કોઈ નાણાકીય ગેરરીતિ પણ આચરી નથી. ઉલટાનું સોસાયટીને મોટાભાગનું નાણાકીય નુકશાન ફરીયાદી જ્યારે પ્રેસીડેન્ટ હતા એ સમયગાળામાં થયુંહ છે. એટલું જ નહીં, સોસાયટીને નુકશાન અને સોસાયટી સાથે છેતરપીંડી બંને તદ્દન અલગ અલગ બાબત છે. આ સંજોગોમાં વધુમાં વધુ એવું કહી શકાય કે સોસાયટીને નુકશાન થયું છે પરંતુ એનાથી વધુ કોઈ આક્ષેપ હોઈ શકે નહીં'.

જ્યારે બીજી તરફ ફરીયાદી પક્ષે એવી દલીલ કરી હતી કે અરજદાર દ્વારા સોસાયટીના નાણા સાથે ઉંચાપત કરવામાં આવી છે અને આ કેસ દેખાય છે એટલો સાધારણ નથી કે બોર્ડ ઓફ ડાયરેકટર્સ અરજદારના જાણીતા લોકો છે અને તેમણે વધુ વ્યાજ મળી શકે એ હેતુ માટે જ એક અલગ જ રીતની નાણાકીય છેતરપીંડીની યુકિત અજમાવી હતી. સોસાયટીની નાણાકીય પરિસ્થિતિ નબળી હોવા છતાંય ડિપોઝીટર્સને ઉંચુ વ્યાજ આપીને સોસાયટીને નાણાકીય રીતે વધુ કમજોર કરવામાં આવી હતી. તેથી અરજદારને આગોતરા જામીન આપી શકાય નહિ'.

# બે વર્ષ બાદ એર ઈન્ડિયાએ કર્મચારીઓનો પગાર વધાર્યો, પાઈલોટને મળશે બોનસ

ન્યુ દિલ્હી :

ટાટા ગ્રૂપે ખરીદ્યા બાદ એર ઈન્ડિયાના કર્મચારીઓના પગારમાં બે વર્ષમાં પ્રથમ વખત વધારો કરવામાં આવ્યો છે. વધુમાં, એરલાઈને પાઈલટો માટે વાર્ષિક ટાર્ગેટ પરફોર્મન્સ બોનસની સિસ્ટમ પણ રજૂ કરી છે. સૂત્રોએ ગુરૂવારે જણાવ્યું હતું કે, પગાર વધારવાનો નિર્ણય ૧ એપ્રિલ, ૨૦૨૪થી લાગુ થશે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રદર્શનના આધારે કર્મચારીઓને બોનસ પણ આપવામાં આવી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર એર ઈન્ડિયાના ચીફ હ્યુમન રિસોર્સ ઓફિસર રવિન્દ્ર કુમાર જીપીએ કર્મચારીઓના પગાર વધારા અને પરફોર્મન્સ બોનસની જાહેરાત કરી હતી. હાલમાં લગભગ ૧૮ હજાર કર્મચારીઓ એરલાઈન સાથે જોડાયેલા છે. જાન્યુઆરી ૨૦૨૨માં એર ઈન્ડિયાનું સંપૂર્ણ સંચાલન ટાટા ગ્રુપના હાથમાં ગયું. જે બાદ બે વર્ષ બાદ પ્રથમ વખત તેના કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવ્યો છે. ગત વર્ષે માત્ર કોન્ટ્રાક્ટ રિસ્ટ્રક્ચરિંગ અને જૂના કર્મચારીઓના વળતરની કામગીરી કરવામાં આવી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે નક્કી કરાયેલા પગાર વધારા સિવાય, એરલાઈને કંપની અને વ્યક્તિગત કામગીરીના આધારે તેના પાઈલોટ્સ માટે વાર્ષિક ટાર્ગેટ પર્ફોર્મન્સ બોનસ પણ ઓફર કર્યું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી લાગુ થશે, સૂત્રોએ જણાવ્યું હતું. પગારમાં સુધારા સાથે, પ્રથમ અધિકારીઓ અને કેપ્ટનના માસિક ફિક્સ પગારમાં રૂ. ૫,૦૦૦નો વધારો થશે. જ્યારે કમાન્ડર અને વરિષ્ઠ કમાન્ડરોના મામલામાં માસિક પગાર વધારો ૧૧ હજાર અને ૧૫ હજાર રૂપિયા થશે. જુનિયર ફર્સ્ટ ઓફિસરના માસિક પગારમાં કોઈ વધારો થશે નહીં. વાર્ષિક લક્ષ્ય કામગીરી બોનસ કંપની અને વ્યક્તિના પ્રદર્શનના આધારે ચૂકવવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે અપેક્ષાઓ પૂર્ણ કરનાર જુનિયર ફર્સ્ટ ઓફિસરને વાર્ષિક ૪૨ હજાર રૂપિયાનું બોનસ મળશે અને ફર્સ્ટ ઓફિસર્સ માટે વાર્ષિક ૬૦ હજાર રૂપિયા હશે. વાર્ષિક બોનસની રકમ કમાન્ડરો માટે રૂ. ૧.૩૨ લાખ અને વરિષ્ઠ કમાન્ડરો માટે રૂ. ૧.૮૦ લાખ હશે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ વદ-૨, તા.૨૫/૫/૨૪, શનિવાર

સૂર્યોદય : ૬-૦૫, સૂર્યાસ્ત : ૭-૨૧, જૈન નવકારશી : ૬.૫૩
રાશિ : વૃષભ (બ.વ.ઉ.), ૧૦.૩૬થી ધન (ધ.ફ.ભ.ઢ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-વૃષભ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** આપને સાહસ કરવાની તક મળવાની, નોકરીમાં અનુકુળતા જોવા મળે, પરિવારમાં સહકાર સારો રહેશે.
**વૃષભ :** વીલ વારસાના પ્રશ્નોને લઈને અનુકુળતા રહેવાની, નોકરીમાં કાર્યભાર રહેશે, પ્રવાસમાં લાભ રહેવાનો.
**મિથુન :** રાજકારણમાં અનુકુળતા જોવા મળે, ભાઈ-બહેનો સાથે સુમેળ વધવાનો, ધંધાનું આયોજન થવાનું.
**કર્ક :** જુના મિત્રોની મુલાકાત થાય, જેનાથી તમારો ઉત્સાહ વધવાનો, નવી નોકરીની ઓફર પણ આવે.
**સિંહ :** ઈલેકટ્રોનિક ટેકનીકલ લાઈનમાં સફળતા મળવાની, આવક વધારવાના નવા પ્રયત્નો કરવા પડશે.
**કન્યા :** વિદેશ સાથેના બિઝનેસની ઈચ્છા ફળવાની, આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું.
**તુલા :** મિત્રો સ્વજનો સાથે સુમેળ વધવાનો છે, શોર્ટકટથી દુર રહેજો, નવી યોજનામાં આગળ વધી શકાય.
**વૃશ્ચિક :** સંતાનો સાથે ગેરસમજોથી દુર રહેવાની સલાહ છે, મનના વિચારો બીજા સાથે શેર કરો.
**ધન :** સખત મહેનત કરવાની જરૂર રહે, આધ્યાત્મિકતા તરફ ખેંચાણ વધવાનું છે, પ્રિયપાત્રની મુલાકાત થાય.
**મકર :** સ્વાર્થવૃતિ ટાળવાની સલાહ છે, વડીલો સાથે ધાર્મિક યાત્રા પ્રવાસ થાય, તનાવ ઘટવાનો છે.
**કુંભ :** ક્યાંય સંબંધો તુટવાની શકયતા હોય, વાણી વર્તન ઉપર કાબુ રાખજો, મુસાફરીથી લાભ.
**મીન :** લાગણીઓ પર કાબુ રાખવો, નોકરીયાતો સાથે ગેરસમજોથી દુર રહેવું ઉત્સાહ વધવાનો.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. ૨૦૨૪માં શેની ચૂંટણી થઇ (૪)
૪. હમાવાર નવલકથા (૫)
૬. પગલું (૩)
૭. સંસદ સભ્યો કયાં બેસે ? (૬)
૯. મૃત્યુ પછીનું 'બેસણું' (૪)
૧૦. કાચી ખાંડ (૩)
૧૧. રામ ... યાત્રા (૨)
૧૨. પુત્રવધૂ હિન્દી (૨)
૧૪. નિપુણ કર્મચારી (૪)
૧૬. ચારે તરફ (૪)
૧૮. નાપાસનું વિરોધી (૨)
૧૯. કચ્છનું એક નગર (૩)
૨૦. ...પીટ, ...કા (૨)
૨૧. ઓપોર્ચ્યુનિટી (૨)
૨૩. ગોળ માટેનો દેશી ઉચ્ચાર (૨)
૨૪. સિંહોનું નિવાસસ્થાન (૩)
૨૫. નજીક, પાસે હિન્દી (૩)
૨૬. વાંક (૩)
૨૭. માલા-ગુજરાતી (૨)

### ઉભી ચાવી

૧. હેન્ડલ ... (૨)
૨. ડગ (૩)
૩. સોગંદનું કાઠિયાવાડી (૨)
૪. ધારાસભ્યો કયાં બેસે ? (૪)
૫. નિર્માણ યશ જોહરના પુત્ર (૬)
૭. સંપર્ક જેવો શબ્દ (૩)
૮. રાણી પિંગળાના રાજા ... (૪)
૯. હો-દેકારો (૫)
૧૧. ફજેતો (૩)
૧૩. જન્નત કી ... (૨)
૧૫. કેલ્કયુલેશન (૪)
૧૬. ઉકેલ લાવનારો ઉર્દુ (૪)
૧૭. વિશિષ્ટ શૈલીના ગીત ગાનારો (૩)
૧૮. ...ની પ્રભુતા (૩)
૨૦. કર ... (૩)
૨૨. કબ્રસ્તાનમાં શું હોય ? (૩)
૨૪. નર્ગદની માતા (૨)
૨૫. આર્ટ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | હિ | કા | સા | રા | ભા | ઈ | | રા | ત |
| ન | | ન | | ધ | | | સ | ત | ત |
| મો | | પુ | ર | ન | પો | ળી | | | ત |
| હ | જા | ર | | પુ | | | સં | પ | ત |
| ન | | | ચો | ર | સ | | | રા | ત |
| દે | વા | દા | ર | | ર | કત | રં | જિ | ત |
| સા | | | | દા | દા | | | ત | |
| ઈ | સ્મા | ઈ | લ | દ | ર | બા | ર | | સં |
| | ઈ | | | ર | | જ | | સા | પ |
| હ | લ | ચ | લ | | ક | રો | ડ | પ | તિ |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ''Hi'' મેસેજ કરો )

પશ્ચિમ રાજકોટના છેવાડે બનાવવામાં આવેલા નવા અને અદ્યતન રેસકોર્સ જેવા અટલ સરોવરનો ક્રેઝ લોકોમાં ખુબ છે. પરંતુ મહાપાલિકા અને કંપની વચ્ચે સંકલનના વાંકે અને બેદરકારીની સ્થિતિમાં નવી સુવિધાનો ઉમેરો માત્ર કાગળ પર રહી ગઇ છે અને નવી રાઇડસ સહિતની કોઇ સુવિધાના ઠેકાણા નથી. છતાં લોકો માટે આ સ્થળ પ્રિય બની રહ્યું છે. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

# પોણા બે લાખ લોકોએ અટલ સરોવરમાં ફરી લીધુ : નવા આકર્ષણો ઉમેરવામાં ઘોર વિલંબ

## ૨૪ દિવસથી લોકોની સતત ભીડ યથાવત : મુખ્યમંત્રીએ ખુલ્લી મૂકેલી જગ્યા લોકોની ફેવરીટ બની ગઇ : રાઇડસની વાતો વેકેશનના દિવસોમાં કાગળમાં જ રહી : નોટીસ અને ખુલાસાના ચકકરમાં ડેવલપમેન્ટને બ્રેક

રાજકોટ, તા. ૨૪

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સ્માર્ટ સીટી વિસ્તારમાં વિકસાવવામાં આવેલા રાજકોટના નઝરાણા સમાન અટલ સરોવરને તા.૧ મેથી જનતા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે. ચૂંટણી પહેલા મુખ્યમંત્રીના હસ્તે આ નવા રેસકોર્સ જેવા સરોવર વિસ્તારનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તા.૧થી લોકોને પ્રવેશ મળતા આજ સુધીના ૨૪ દિવસમાં અંદાજે પોણા બે લાખ જેટલા લોકોએ અટલ સરોવરની મુલાકાત લીધાનું જાણવા મળ્યું છે. બીજી તરફ અટલ સરોવરમાં ટોય ટ્રેન, ફુડ કોર્ટ, ફેરીસ વ્હીલ સહિતની કોઇ સુવિધા હજુ ઉમેરવામાં આવી ન હોય લોકોને જે રીતના સપના દેખાડવામાં આવ્યા છે તેવી કોઇ નવી સુવિધાના દર્શન થતા નથી.

મુખ્યમંત્રીએ આ અટલ સરોવર વિસ્તારનું ઉદઘાટન કર્યા બાદ ગુજરાત સ્થાપના દિનથી લોકો માટે નવું ફરવાનું સ્થળ ખુલ્લુ મુકવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. તે મુજબ ૧ મેથી આ સુવિધા શરૂ થઇ ગઇ છે. પ્રથમ દિવસે ૧૦ હજારથી વધુ લોકોએ અટલ સરોવરની મુલાકાત લીધી હતી. આ દિવસનો ઉત્સાહ જોતા મનપા અને સંચાલક કંપનીને પણ સુખદ આશ્ચર્ય થયું હતું. જોકે પાર્કિંગ, વાહન ચડાવવાનો સ્લોપ સહિતની સુવિધા થોડા દિવસો બાદ શરૂ થઇ હતી.

દરમ્યાન શનિ-રવિ, બુધવાર જેવા દિવસોમાં ખુબ વધારે અને અન્ય દિવસોમાં પણ ફરવાના શોખીન યુવા વર્ગનું પ્રિય સ્થળ બનવા લાગ્યું છે. તાજેતરમાં કંપનીએ મંજુરી વગર ખાણીપીણીની રેંકડીઓ મુકી દેતા અને ભાવમાં પણ લૂંટ કરવામાં આવતી હોવાની ફરિયાદ બાદ આ રેંકડીઓ કોર્પો.એ બહાર કાઢી છે. કંપની અને કોર્પો. વચ્ચે કરાર થયા છે. પરંતુ સુવિધા વધારવામાં સંકલન થવાના બદલે બેદરકારી બદલ નોટીસો અને પત્ર વ્યવહારના ઘટનાક્રમ ચાલુ રહેતા એમ્યુઝમેન્ટ પાર્ક જેવી સુવિધા શરૂ કરવાની રાહમાં મોટા ભાગનું શૈક્ષણિક વેકેશન પુરૂ થઇ ગયું છે. હવે ચોમાસામાં આ સુવિધાઓ શરૂ થાય તેમાં શંકાઓ છે.

આ પ્રોજેક્ટ ૧૩૬ કરોડના ખર્ચે તા.૭-૧૧-૧૯ના રોજ શરૂ થયો હતો અને ૭-૩-૨૪ના રોજ કાગળ પર પુરો થયો હતો. આ બાદ મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન કરાયું હતું. રાજકોટ જ નહીં સૌરાષ્ટ્રમાં પણ આ સ્થળ રમણીય બની શકે છે. તેનો અંદાજ ૨૪ દિવસમાં પોણા બે લાખ લોકોએ લીધેલી મુલાકાત પરથી આવે છે. ટીકીટના દર બાળકો માટે રૂા. ૧૦ અને મોટા માટે રૂા. ૨૫ રાખવામાં આવ્યા છે. તો શેરીંગ પ્રોજેક્ટમાં પ્રથમ પાંચ વર્ષ માટે આવકમાંથી કંપની કોર્પો.ને ૫૧ લાખ, બીજા પાંચ વર્ષ માટે ૭૦ લાખ અને ત્રીજા પાંચ વર્ષ માટે ૮૦ લાખનું વાર્ષિક પ્રિમીયમ આપનાર છે.

આ તળાવમાં ૪૭૭ મિલિયન લીટર વરસાદી પાણીનો સંગ્રહ થઇ શકે છે. ૨.૯૩ ચો.મી.ના ક્ષેત્રફળમાં ૯૨૮૩૭ ચો.મી. વોટર બોડી છે અને બારે માસ પાણી ભરેલું રહેવાનું છે. આ પ્રોજેક્ટની ૧૫ વર્ષની નિભાવ મરામતની જવાબદારી એજન્સીને સોંપવામાં આવી છે. રાજકોટમાં લાલપરી અને રાંદરડા બાદ અડધી સદીમાં આ એક માત્ર તળાવ નવા રીંગ રોડ ટચ બનાવવામાં આવ્યું છે. કુદરતી રમણીય સ્થળ વચ્ચે રહેલા અટલ સરોવરમાં એમ્યુઝમેન્ટ પાર્ક જેવી સુવિધા શરૂ કરવાની વાતો વચ્ચે હાલ તો કોર્પો. અને કંપની વચ્ચેનો વિવાદ આડો આવી ગયો છે.

આ જગ્યાએ ટોય ટ્રેન, બોટ રાઇડસ, ફેરીસ વ્હીલ, લેસર શો, લાઇટ એન્ડ સાઉન્ડ શો, એમ્ફી થીયેટર, પાર્ટી પ્લોટ સહિતની સુવિધા ઉભી થવાની છે. પરંતુ આવું કોઇ આકર્ષણ લોકોની ખુબ જ ઉત્કંઠા છતાં હજુ આવી શકયું નથી તે હકીકત છે.

# પોલીસ અને પ્રજાના સહયોગથી ટ્રાફિક પોઇન્ટ પર મંડપ નખાયા

## ગરમીનો પારો વધતા અવનવા પ્રયોગો, ટ્રાફિક સિગ્નલ પર બ્રેક કરતા વાહન ચાલકોને છાયડો મળે તેવા પ્રયત્નો

તસ્વીરઃ દેવેન અમરેલીયા

રાજકોટ, તા.૨૪

શહેરમાં ગરમીનો પારો આસમાને છે. તાપથી બચવા સાવચેતી રાખવા તંત્રની સૂચના છે. હિટ વેવને લઈ સરકારે એલર્ટ આપેલ છે. ત્યારે ગરમીનો પારો વધતા અવનવા પ્રયોગો થવા લાગ્યા છે. રાજકોટમાં પોલીસ અને પ્રજાના સહયોગથી ટ્રાફિક પોઇન્ટ પર માંડવા નખાયા છે. ટ્રાફિક સિગ્નલ પર બ્રેક કરતા વાહન ચાલકોને છાંયડો મળે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, વેપારીઓ, આગેવાનો અને પોલીસના સંયુક્ત પ્રયાસથી આ મંડપો નખાયા છે. શહેરના જિલ્લા પંચાયત ચોક, સંત કબીર રોડ સહિતના ટ્રાફિક સિગ્નલ પર આજે આ માંડવા જોવા મળ્યા છે.

બી. ડિવિઝન પીઆઈ એસ.એમ. જાડેજાએ જણાવ્યું કે, ઇમીટેશન માર્કેટ એસોસિએશન સંતકબીર રોડ તથા ખોડલધામ મંડપ સર્વિસ વાળા અશોકભાઈ લુણાગરિયાના સહયોગથી સુરક્ષાસેતુ સોસાયટી કાર્યક્રમ અંતર્ગત બી. ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા ગ્રીનલેન્ડ ચોકડી ખાતે સાઈડ બંધ હોય કે ટ્રાફીક જામ હોય તેવા સમયે હીટવેવ (તડકાથી)થી લોકોને છાંયડો મળી રહે તે હેતુથી મંડપ બાંધવાની કામગીરી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છેકે અગાઉ ટ્રાફિક ડીસીપી દ્વારા અસહ્ય ગરમીને ધ્યાને લઈને ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા કર્મચારીઓના આરોગ્યને ધ્યાને લઈને સમય અને શિફ્ટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જુદા જુદા પોઈન્ટ પર રહેતા ટ્રાફીક સ્ટાફને બપોરે ૧.૩૦થી સાંજે ૪.૩૦ વાગ્યા સુધી ફરજમાંથી મુક્તિ આપવામાં આવી છે. આમ તડકાથી સામાન્ય નાગરિકો બચીને રહે અને પોલીસ કર્મી પણ હિટ વેવ સામે સાવચેતી દાખવે એવા પગલાં લેવાઈ રહ્યા છે.

# કાળઝાળ ગરમીમાં એસીનુ વેચાણ રેકોર્ડસ્તરેઃ ગુજરાતમાં જ દરરોજ ૧૦૦૦૦ યુનિટનુ વેચાણ

## એપ્રિલ-મેનુ વેંચાણ ૬ લાખને આંબી જવાનો અંદાજ

અમદાવાદ તા.૨૪

ગુજરાતમાં તાપમાનના પાસાની જેમ એરકંડીશનરનું વેચાણ પર અસામાન્ય વધ્યુ છે. કાળઝાળ ગરમીને કારણે દરરોજ ૧૦૦૦૦ એસીનુ વેચાણ થઈ રહ્યું છે. એપ્રિલ અને મે એમ બે મહિનાનુ વેચાણ ૬ લાખથી અધિક થવાનો અંદાજ છે. ગત વર્ષે રાજ્યમાં સાડા પાંચ લાખ એસી વેચાયા હતા. આ વર્ષે વેચાણનો નવો રેકોર્ડ બની શકે છે.

ભીષણ ગરમીને કારણે એસીની માંગમાં મોટા વધારાથી કંપનીઓની ઈન્સ્ટોલેશન ટીમો પણ હાંફી ગયાનું ચિત્ર ઉપસ્યુ છે. ગ્રાહક એસી ખરીદે ત્યારબાદ કંપની દ્વારા સરેરાશ બે દિવસે ફીટીંગ કરી દેવામાં આવતુ હતું પરંતુ હવે જંગી ડીમાંડને કારણે ફીટીંગમાં પાંચ દિવસનો સમય લાગે છે.

અમદાવાદ ઈલેકટ્રોનીકસ ડીલર એસોસીએશનના પ્રમુખ ભાવેશ વરિયાએ જણાવ્યું હતું કે હીટવેવની પરીસ્થિતિને કારણે સમગ્ર રાજ્યમાં એસીની ડીમાંડમાં જબરદસ્ત વધારો થઈ રહ્યો છે. એસીનું દૈનિક વેચાણ જ ૧૦૦૦૦ યુનિટના રેકોર્ડબ્રેક સ્તરે પહોંચ્યું છે. વર્તમાન યુગમાં એસી એ લકઝરી પ્રોડકટ રહ્યું નથી, કાળઝાળ ગરમીમાં તે જરૂરિયાત બની ગઈ છે. કુલ વેચાણમાંથી શહેરી વિસ્તારમાં જ ૭૦ ટકા વેચાણ છે. ગ્રામ્ય સ્તરે પણ માંગ વધી રહી છે. સાથોસાથ વ્યાપારી સંકુલો-દુકાન-ઓફિસોમાં મોટી ડીમાંડ છે.

તેઓના કહેવા પ્રમાણે સરળ લોન પ્રક્રિયા તથા ભાવવધારો ન હોવાના કારણોસર લોકોમાં આકર્ષણ છે. ૮૦ ટકા વેચાણ ફાઈનાન્સ સ્કીમ મારફત થઈ રહ્યું છે.

ગુજરાતમાં વર્ષ દરમ્યાન વેચાતા એસીમાં ૪૦ ટકા ઉનાળામાં જ વેચાય રહ્યા છે. દેશમાં ૮ ટકા ઘરોમાં એસી હોવાનો રિપોર્ટ છે. જ્યારે ગુજરાતમાં આ ટકાવારી ૧૫ ટકા છે. સમગ્ર દેશમાં રહેલા કુલ એસીમાં ૧૦ ટકા હિસ્સો માત્ર ગુજરાતનો છે.

# પાણીની તરસ છીપાવવા સિંહો નદીના પટમાં ખાડો ખોદવા મજબુર બન્યાઃ વિડિયો વાયરલ

## સાવરકુંડલાના ધોબા ગામે પીવાના પાણી માટે સિંહોનો રઝળપાટ

(મિલાપ રૂપારેલ)

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણાં જ સમયથી સૂર્યનારાયણ આકરા પાણીએ હોય, ત્યારે લોકો, પશુ, પક્ષી તથા વન્ય પ્રાણીઓ કાળઝાળ ઉનાળાની ગરમીથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે ત્યારે જંગલના રાજા વનરાજ પણ ગરમી સામે લાચાર થઈ ગયા હોય, તેમ નદીના પટ્ટમાં ખાડો ખોદી અને પીવાના પાણી શોધવાનો પ્રયત્ન કરતા હોવાનો અને ગરમી સામે રાહતમેળવવાનો પ્રયાસ કરતા હોવાનો દયનીય વિડીયો આવ્યો સામે આવ્યો છે.

આ ઘટનામાં મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના ધોબા ગામે આવેલ મેરામણ નદીમાં જંગલના રાજા ગણાતા સિંહ પણ આ કાળઝાળ ઉનાળાની ગરમીથી રાહત મેળવવા માટે પીવાના પાણી માટે રઝળપાટ કરતાં હોય, પરંતુ આ મેરામણ નદીમાં પીવાનું નહીં મળતાં આખરે થાકીને આ સિંહ પાણી માટે નદીના પટ્ટમાં ખાડો ખોદીને પાણી કાઢવાનો પ્રયત્ન કરતો દયનીય વિડીયો આવ્યો સામે આવ્યો છે. આ કાળઝાળ ઉનાળાની ગરમીમાં વનરાજને પીવાનું પાણી નહીં મળતાં સિંહે હતાશ થઈ અને તેમને નદીના પટમાં પીવાના પાણી માટે ખોદેલા ખાડામાં બેસી અને ઠંડક મેળવવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં આ ધોબા રાજવી દિલુંભાઈ ખુમાણની વાડીમાં સિંહના પીવાના પાણી માટે પહોંચ્યા હતા. ત્યારે વનવિભાગના શેત્રુજી ડિવિઝન તળેના ધોબા પંથકમાં સિંહોનું સામ્રાજ્ય હોવા છતાં વનતંત્રની સિંહો માટે પાણીની કોઈ પણ જાતની વ્યવસ્થાઓ ઉભી નહીં કરતાં અને કાળઝાળ ઉનાળાની ગરમીમાં પણ પાણી માટે રઝળતા સિંહોની દયનીય સ્થિતિ જોઈ સિંહો પ્રત્યે માનવતાનો સિંહપ્રેમીઓ દ્વારા પોકાર ઉઠ્યો છે. ત્યારે આવી લાચાર પરિસ્થિતમાં સિંહનો પાણી માટે વલખા મારતો વિડીયો સોશીયલ મીડિયામાં વાયરલ ભારે થવા પામેલ છે.

# ડોમેસ્ટીક ક્રિકેટ રમવા ખેલાડી પાસે પાસપોર્ટ હોવો ફરજીયાતઃ BCCIનુ ફરમાન

## ભારતીય પાસપોર્ટ વિનાના કોઈપણ ખેલાડીને ઘરેલુ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રમવા નહીં મળે



નવી દિલ્હી તા.૨૪

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ઘરેલુ ક્રિકેટ માટે એક નવું ફરમાન જાહેર કર્યું છે. ઘરેલુ ક્રિકેટમાં ભાગ લેનાર ખેલાડીઓ પાસે હવે ભારતીય પાસપોર્ટ હોવો જરૂરી છે. પાસપોર્ટ વિનાના ખેલાડીઓને ટુર્નામેન્ટમાં ભાગ લેવાની મંજુરી નહીં મળે. બીસીસીઆઈએ આ નિર્ણય એપેક્સ કાઉન્સીલની મીટીંગમાં લીધો હતો. જો કોઈ ક્રિકેટર પાસે ભારતીય પાસપોર્ટ નથી અને તે કોઈ બીજા દેશના પાસપોર્ટ હોલ્ડર છે તો આવી સ્થિતિમાં પણ તે ખેલાડીને ઘરેલુ ક્રિકેટમાં ભાગ લેવા દેવામાં નહીં આવે.

આ નવા નિયમ અંતર્ગત પર્સન ઓફ ઈન્ડિયન ઓરીજીન એટલે કે પીઓઆઈ કાર્ડ ધારક માટે ભારતીય પાસપોર્ટની અનિવાર્યતા નહીં રહે. આ જ નિયમ ઓરીજીનલ કન્ટ્રી ઈન્ડિયન એટલે કે ઓસીઆઈ કાર્ડધારક માટે પણ રહેશે. આનો મતલબ એ થયો કે તેમની પાસે જો કોઈ અન્ય દેશનો પાસપોર્ટ છે તો પણ તે ઘરેલુ ક્રિકેટમાં રમી શકશે. પરંતુ તેમની પાસે પીઓઆઈ અને ઓસીઆઈ કાર્ડ હોવું જરૂરી છે.

**ટીમ ઈન્ડિયામાં પણ નહીં થાય એન્ટ્રીઃ** બીસીસીઆઈ દ્વારા બનાવવામાં આવેલ પાસપોર્ટના આ નિયમથી ટીમ ઈન્ડિયામાં ખેલાડીઓની એન્ટ્રી નહીં થઈ શકે. કારણ કે જેમની પાસે ભારતીય પાસપોર્ટ નહીં હોય તેઓ ટીમના સિલેકશન માટે એલીજીબલ (લાયક) નહીં રહે. આ પહેલા આવું નહોતું, એવા ક્રિકેટરો કે જેમની પાસે પાસપોર્ટ નહોતો તેઓની ઘરેલુ ક્રિકેટમાં સરળતાથી એન્ટ્રી થઈ જતી હતી. ટુર્નામેન્ટના નિયમોમાં પણ ફેરફારની સંભાવનાઃ આ સિવાય રણજી ટ્રોફી, સૈયદ મુસ્તાક અલી ટ્રોફી અને સીએસકે નાયડુ ટ્રોફીમાં અનેક મહત્વના ફેરફારની જાહેરાત કરવામાં આવી હતી. ઘરેલુ ક્રિકેટની સીઝનમાં પોઈન્ટસ ટેબલમાં ફેરફારની સંભાવના છે. આ ઉપરાંત ટોસના નિયમને લઈને પણ વિજ્ઞમી જાહેર કરાઈ છે જે અંતર્ગત સી.કે.નાયડુ ટ્રોફીમાં ટોસ નહીં થાય. આ ટુર્નામેન્ટમાં મહેમાન ટીમને એ અધિકાર હશે કે તે પહેલા બેટીંગ કે પછી બોલીંગ પસંદ કરવાનો નિર્ણય લઈ શકે છે.

## રણજીટ્રોફી, સૈયદ મુશ્તાક અલી તથા સી.કે.નાયડુ ટ્રોફી જેવી ટુર્નામેન્ટના નિયમોમાં પણ તોળાતા બદલાવ

# આકરો તડકો જીવ લેશે!: રાજકોટમાં રકતની ૯૦ ટકા અછત

## બ્લડ માટે રોજ ૧૫૦થી વધુ ઈન્કવાયરીઓઃ ઉનાળામાં રકતદાન કરવાથી ડરતા લોકો

## સ્વૈચ્છિક રકતદાન અને બ્લડ કેમ્પ ઘટયાઃ દોઢ માસથી હાલાકીઃ ૫૦ ટકા રકત થેલેસેમીયા પીડિતોને ચડાવાય છે

## રકતદાતાઓને રકતદાનની અપીલ કરતી બ્લડ બેંકો

રાજકોટ તા.૨૪

કહેવાય છે કે રકતદાન એ મહાદાન કોઈનું જીવન બચાવવાથી મોટું કાર્ય બીજુ કાંઈ નથી. અનેક ઘટનાઓમાં રકતની જરૂર પડે છે કોઈ ઓપરેશન હોય કે અકસ્માત અથવા સૌથી વધુ થેલેસેમીયા પીડિત બાળકોને જરૂર પડે છે જેમાં મેજર થેલેસેમીયા પિડીત બાળકોને દર સમાહે રકતની તાતી જરૂર પડે છે જો લોહી ન ચડાવવામાં આવે ત્યારે તેઓ મોતને પણ ભેટે છે.

ત્યારે હાલ રકતની તીવ્ર અછત સર્જાણી છે. માત્ર રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં આ પરિસ્થિતિ છે તેનું મુખ્ય કારણ આકરો તડકો છે. ઉનાળાની શરૂઆતથી રકતની અછત સર્જાવાનું શરૂ થઈ જાય છે. દર વર્ષે આ જ પરિસ્થિતિ સર્જાય છે. પરંતુ આ વર્ષે પરિસ્થિતિ વકરી હોય તેવું જોવા મળી રહ્યું છે. સામાન્ય દિવસોમાં ૧૦૦% રકતદાન થાય છે પરંતુ હાલ માત્ર ૧૦થી ૨૦ ટકા રકતદાન થઈ રહ્યું છે. સ્વૈચ્છીક રકતદાન સંપૂર્ણપણે બંધ થઈ ગયું હોય તેવું લાગી રહ્યું છે. લોકો રકતદાન કરવા ડરી રહ્યા છે.

રકતની અછત સૌથી વધુ થેલેસેમીયા પીડીત બાળકોને અસર કરે છે. મેજર થેલેસેમીયા પીડિત બાળકોને દર સમાહ રકત ચડાવવું પડે છે. આ ઉપરાંત માઈનોર થેલેસેમીયા પીડીતોને મહિને રકત ચડાવવું પડે છે. આથી અત્યારે સર્જાયેલ રકતની અછતે તેઓ માટે વિકટ પરિસ્થિતિ ઉભી કરી છે. બ્લડ બેંક દ્વારા લોકોને રકતદાન માટે અપીલ કરવામાં આવી રહી છે. રાજકોટમાં અનેક સ્થળોએ રકતદાન કેમ્પનું આયોજન કરતા વિનયભાઈ જસાણી જણાવે છે કે હાલ રકતની બોટલ ઓછી એકત્ર થઈ રહી છે. આકરો ઉનાળો અને વેકેશન આ બે મુખ્ય પરિબળો અસર કરી રહી છે. વેકેશનના કારણે લોકો બહાર ફરવા નીકળી જાય છે અને ઉનાળાના કારણે લોકો બહાર નીકળવાનું ટાળે છે. આ ઉપરાંત લોકોની

માનસીકતા એવી થઈ છે કે ઉનાળામાં રકતદાન કરવાથી શરીરમાં નબળાઈ અને રકતની ઉણપ ઉભી થાય છે. આ ડરના કારણે લોકો રકતદાન કરતા અચકાઈ રહ્યા છે.

જીવનદીપ બ્લડ બેંકના મેનેજીંગ ટ્રસ્ટી ડો. મનીષભાઈ વીડજા જણાવે છે કે બ્લડ બેંકોમાં ૯૦ ટકા બ્લડની અછત છે હાલ માત્ર ૨૦થી ૨૫ બોટલ આવી રહી છે. કેમ્પ પણ યોજાતા નથી અને જે લોકોએ સ્વૈચ્છીક રકતદાન માટે આવતા તે ડોનરો પણ ઘટયા છે. સામે બ્લડની બોટલ મેળવવા માટે ઈન્કવાયરી માટેના ફોન બમણા થઈ ગયા છે. છેલ્લા દોઢ માસથી રાજકોટની તમામ બ્લડ બેંકો આ પરિસ્થિતિનો સામનો કરી રહી છે. કીડની અને થેલેસેમીયા પીડીતોને સૌથી વધુ બ્લડની જરૂર પડે છે. આથી લોકો સામેથી રકતદાન કરે તેવી અપીલ છે. સૌ પ્રથમ પરિવારોએ જ રકતદાન માટે આગળ આવવાની જરૂર છે. કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર લોકો રકતદાન કરે.

રાજકોટ વોલન્ટરી બ્લડ બેંકના જનસંપર્ક અધિકારી કિરીટભાઈ ભટ્ટ જણાવે છે કે રકતની એટલી અછત સર્જાણી છે કે લોકોને ફોન કરીને રકતદાન માટે અપીલ કરવી પડે છે. રોજ ૭૦થી ૮૦ બોટલોની જરૂર પડે છે. પરંતુ હાલ માત્ર ૧૫થી ૨૦ જ બોટલ આવી રહી છે. ૫૦ ફોનમાંથી માત્ર પાંચ લોકો જ રકતદાન માટે આવે છે. હાલ માત્ર ૨૦ ટકા જ રકતદાન થઈ રહ્યું છે.

રેડક્રોસમાં સેવા આપતા પંકજભાઈ ઘેડીયા જણાવે છે કે સૌ પ્રથમવાર આવું બન્યું છે કે મોટા પ્રમાણમાં રકતની અછત સર્જાણી છે. દર બે દિવસે રાજકોટમાં રકતદાન કેમ્પ યોજાતા હતા જેમાં ૧૦૦થી ૧૫૦ બોટલ એકત્ર થતી હતી અને સ્વૈચ્છીક રકતદાતાઓ પણ રકતદાન માટે આવતા હતા. જેમાં અંદાજે ૧૦૦૦ બોટલો બ્લડ બેંકને મળતી હતી. પરંતુ હાલ માત્ર ૧૦૦થી ૨૦૦ બોટલ જ એકત્ર થાય છે. રાજકોટમાં અકસ્માતો અવાર નવાર બનતા જ હોય છે તેમાં પણ બ્લડની જરૂર પડે છે. થેલેસેમીયા પીડીતોને પણ બ્લડ ચડાવવામાં આવે છે આથી બ્લડની જરૂરત મોટા પ્રમાણમાં છે. રોજ ૧૫૦ ઈન્કવાયરી બ્લડ માટેની આવી રહી છે.

# રાજકોટના વિરવા ગામે રિસામણે રહેતી ભાવનગરની પરિણીતા ધર્મિષ્ઠાબા સરવૈયાએ આત્મહત્યા કરી

## ભાવનગર રહેતા અને કોર્ટમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા પતિ કુલદીપસિંહ સરવૈયાના ત્રાસથી પગલું ભર્યું હોવાનો માવતર પક્ષનો આક્ષેપ

મૃતકના ભાઈ કૃષ્ણકાંતસિંહ જાડેજા માતા-પિતાને લઈ રાજકોટ દવા લેવા આવ્યા અને પાછળથી ધર્મિષ્ઠાબાએ ગળાફાંસો ખાઈ લીધો

રાજકોટ, તા.૨૪

રાજકોટ નજીક લોધિકા તાલુકાના વિરવા ગામે રિસામણે રહેતી ભાવનગરની પરિણીતા ધર્મિષ્ઠાબા સરવૈયાએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. ભાવનગર રહેતા અને કોર્ટમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા પતિ કુલદીપસિંહ સરવૈયાના ત્રાસથી પગલું ભર્યું હોવાનો માવતર પક્ષનો આક્ષેપ છે. મૃતકના ભાઈ કૃષ્ણકાંતસિંહ જાડેજા માતા-પિતાને લઈ રાજકોટ દવા લેવા આવ્યા અને પાછળથી ધર્મિષ્ઠાબાએ ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવાર ઘરે આવતા ધર્મિષ્ઠાબાને ગળાફાંસો ખાધેલી હાલતમાં જોઈ, તુરંત નીચે ઉતારી ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. પણ ટૂંકી સારવારમાં જ તેણીએ દમ તોડી દીધો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ, ધર્મિષ્ઠાબા કુલદીપસિંહ સરવૈયા(ઉ.વ.૩૧) બે વર્ષથી તેના પિતા હરવિજયસિંહ દાનુભા જાડેજાના ઘરે માવતરે વિરવા ગામ રહે છે. ગઈકાલે સાંજે મૃતકના ભાઈ કૃષ્ણકાંતસિંહ રાજકોટ ખાતે માતા - પિતાને લઈને લઈ તેમના પગની સ્નાયુની દવા લેવા ગયા હતા. ધર્મિષ્ઠાબા ઘરે એકલા હતા. કૃષ્ણકાંતસિંહ અને તેના માતા - પિતા પરત ઘરે આવતા જોયું તો ધર્મિષ્ઠાબા ઘરમાં છતના હુંકમાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં ટીંગાતા જોવા મળેલ. કૃષ્ણકાંતસિંહે તુરંત ધર્મિષ્ઠાબાને નીચે ઉતારી લીધા હતા. દેકારો થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. ૧૦૮ને જાણ કરતા એમ્બ્યુલન્સ આવતા ધર્મિષ્ઠાબા બેભાન હોય, પણ શ્વાસ ચાલુ હોય તુરંત ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. તેણીએ ટૂંકી સારવારમાં જ અત્રે દમ તોડી દેતા લોધિકા પોલીસની ટીમ દોડી આવી હતી. જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો. પોલીસે પરિવારજનોનું નિવેદન લીધું હતું. કૃષ્ણકાંતસિંહે જણાવ્યા મુજબ, ધર્મિષ્ઠાબાના લગ્ન પાંચ વર્ષ પહેલાં ભાવનગરના કુલદીપસિંહ સરવૈયા સાથે થયા હતા. લગ્ન ગાળા દરમિયાન પતિ શારીરિક માનસિક ત્રાસ આપતો. કરીવાર ઓછો લાવ્યા બાબતે મેણાં ટોણાં મારતા. જે ૩ વર્ષ સહન કર્યા બાદ ધર્મિષ્ઠાબા માવતરે રહેવા આવતા રહ્યા હતા. ૬ મહિના પહેલા પણ ધર્મિષ્ઠાબાએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેણી બે ભાઈ એક બહેનમાં બીજા નંબરની હતી. તેમના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો છે. પોલીસે નિવેદન નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ અને ભચાઉમાં ઘરફોડ ચોરીને અંજામ આપનાર માળિયા મિયાણાના બે શખ્સો ઝડપાયા

## રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે અનવર મોવર અને ઓસમાણ મોવરને દબોચી રોકડ-દાગીના, રીક્ષા સહિત રૂા.૨.૪૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો: ભારતીનગર મેઈન રોડ પર વિશ્વેશ્વર મહાદેવના મંદિર પાસે એન્જીનીયરના મકાનમાંથી રૂા.૪.૪૮ અને ગાયત્રીધામ સોસાયટીમાં કર્મકાંડી પ્રૌઢના મકાનમાંથી રૂા.૪૨ હજાર અને ભચાઉમાં વેપારીના મકાનમાંથી રૂા.૪૭ હજારના મુદ્દામાલની ચોરી કરી 'તી

રાજકોટ. તા.૨૪

રાજકોટ અને ભચાઉમાં ઘરફોડ ચોરીને અંજામ આપનાર માળિયા મિયાણાના અનવર મોવર અને ઓસમાણ મોવરને ક્રાઈમ બ્રાન્ચે દબોચી રોકડ-દાગીના સહિત રૂ.૨.૪૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તસ્કરોએ રાજકોટમાં ભારતીનગર મેઈન રોડ પર વિશ્વેશ્વર મહાદેવના મંદિર પાસે એન્જીનીયરના મકાનમાંથી રૂ.૪.૪૮ અને ગાયત્રીધામ સોસાયટીમાં કર્મકાંડી પ્રૌઢના મકાનમાંથી રૂ.૪૨ હજારના મુદ્દામાલની ચોરી તેમજ ભચાઉમાં વેપારીના મકાનમાંથી રૂ.૪૭ હજારની મતાની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી.

શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, એડી. સીપી વિધી ચૌધરી, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસિયાએ શહેરમાં થયેલ ચોરીના ગુના ડિટેકટ કરવાં આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એ.એન.પરમાર ટીમ સાથે ઘરફોડ ચોરીના ભેદ ઉકેલવા સીસીટીવી ફુટેજ અને હ્યુમન સોર્સથી તપાસમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ જલદીપસિંહ વાઘેલા, હેડ કોન્સ્ટેબલ કૃષ્ણદેવસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ ગોપાલ પાટીલને ગાંધીગ્રામ પોલીસ મથક વિસ્તારમાં થયેલ બે ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ તસ્કરો માળિયા મિયાણા વિસ્તારમાં હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે અનવર અબ્દુલ મોવર (ઉ.વ.૩૬) અને ઓસમાણ સલેમાન મોવર (ઉ.વ.૪૬),( રહે. બંને ભરવાડા વાળા વાસ, જુસબપીરની દરગાહ પાસે, માળિયા મિયાણા) ને દબોચી તેમની પાસેથી ચોરી કરેલ રોકડ, દાગીના તેમજ ચોરીમાં ઉપયોગ લીધેલ ઓટો રીક્ષા સહિત રૂ.૨.૪૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પૂછતાછ હાથ ધરી હતી.

પૂછતાછમાં તસ્કરોએ અઠવાડિયા પહેલાં રાજકોટમાં ભારતીનગર મેઈન રોડ પર વિશ્વેશ્વર મહાદેવના મંદિર પાસે એન્જીનીયરના મકાનમાંથી રૂ.૪.૪૮ અને ગાયત્રીધામ સોસાયટીમાં કર્મકાંડી પ્રૌઢના મકાનમાંથી રૂ.૪૨ હજારના મુદ્દામાલની ચોરી તેમજ ભચાઉમાં ફૂલવાડી વિસ્તારમાં વેપારીના મકાનમાંથી રૂ.૪૭ હજારની મતાની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. વધું ચોરીના ભેદ ઉકેલવા તસ્કરોને રિમાન્ડ મેળવવા ક્રાઈમ બ્રાન્ચે તજવીજ હાથ ધરી હતી.

### ૧૦ મિનિટની અંદર ચોરીને અંજામ આપી તસ્કરો નાસી છૂટતાં

ક્રાઈમ બ્રાન્ચે પકડેલા બંને તસ્કરોની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી ગજબની ઝડપી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યા અનુસાર ચોરીના બનાવ બાદ ઘટનાસ્થળ નજીકના સીસીટીવી ફુટેજ ચેક કરતાં બંને તસ્કરો મકાનમાં ચોરી કરવાં પ્રવેશ્યા બાદ માત્ર ૧૦ મિનિટની અંદર ચોરીને અંજામ આપી નાસી છૂટતાં હોવાનું સામે આવતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

### રાજકોટમાં થયેલ ચોરીનો મુદ્દામાલ લઈ મહારાષ્ટ્રનો શૈલેન્દ્ર નાસી છૂટ્યો: શોધખોળ

રાજકોટ. તા.૨૪

રાજકોટ અને ભચાઉમાં થયેલ ઘરફોડ ચોરીના ભેદ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી માળિયા મિયાણાના બે શખ્સોને ઝડપી પાડ્યા બાદ પૂછતાછમાં બંને તસ્કરો સાથે મહારાષ્ટ્રનો શૈલેન્દ્ર નામનો શખ્સ પણ ચોરી કરવામાં સામેલ હતો અને ત્રિપુટી દિવસના સમયે જ ચોરીને અંજામ આપતાં તેમજ રાજકોટમાંથી ચોરી કરેલ મુદ્દામાલ મહારાષ્ટ્રનો શૈલેન્દ્ર લઈ નાસી છૂટ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે તેને શોધવા પણ ચક્રો ગતિમાન કર્યા છે.

# આંખે પાટો બાંધી થપ્પાનો દાવ આપી રહેલાં છ વર્ષના બાળકનું પેન્ટ ઉતારી ગુદામાં નખ ભરાવ્યાં

### રાજકોટમાં ચકચાર સાથે વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો: માતાપિતા કામ પર ગયા બાદ બહેન સાથે બાળક થપ્પો રમી રહ્યો હતો ત્યારે પડોશમાં રહેતો સગીર પણ રમવા આવ્યો અને કૃત્ય આચર્યું

### મોડી રાતે બાળકને દુઃખાવો ઉપડતાં સારવારમાં ખસેડાયો: નખ ભરાવ્યાં કે અન્ય કોઈ વસ્તુ ગુદામાં ભરાવી તે અંગે તપાસ: બંને સગીર હોવાથી પોલીસ પણ અસમંજસમાં

રાજકોટ. તા.૨૪

રાજકોટમાં વાલીઓ માટે લાલબત્તી સમાન ચકચાર માચાવતો કિસ્સો સામે આવ્યો હતો. શહેરની ભાગોળે આવેલ એક વિસ્તારમાં આંખે પાટો બાંધી થપ્પાનો દાવ આપી રહેલાં છ વર્ષીય પેન્ટ ઉતારી પાડોશી સગીરે ગુદામાં નખ ભરાવી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવાનો પ્રયાસ કરતાં ખળભળાટ મચી ગયો હતો. ત્યારે જ ભોગ બનનાર બહેન બહેન આવી જતાં તેનો બચાવ થયો હતો. બાદમાં મોડી રાતે તેને દુખાવો ઉપડતાં બનાવ અંગે માતાપિતાને જાણ થતાં બાળકને સારવારમાં ખસેડાયો હતો. બનાવમાં સગીરને નખ ભરાવ્યાં કે અન્ય કોઈ વસ્તુ ગુદામાં ભરાવી તે તપાસનો વિષય બન્યો હતો. હાલ તો ભોગ બનનાર અને આરોપી બંને સગીર હોવાથી પોલીસ પણ અસમંજસમાં મુકાઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, શહેરની ભાગોળે આવેલ એક વિસ્તારમાં રહેતાં ૬ વર્ષીય બાળકને મોડી રાતે ગુદાના ભાગે દુખાવો ઉપડતાં સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે બાળકની માતાએ તેને ગુદાના ભાગે નખ ભરાવ્યાનુ જણાવ્યું હતું. જ્યારે તબીબી તપાસમાં હાલ તેવું જાણવા મળ્યું નથી. તેમજ બનાવમાં ભોગ બનનાર અને આરોપી પણ સગીર હોવાથી ગુનો નોંધવો કે નહીં તે અંગે અસમંજસમાં છે.

બનાવ અંગે ભોગ બનનાર બાળકની માતાએ જણાવ્યું હતું કે, તેઓ દંપતી મજૂરીકામ કરે છે અને સંતાનમાં ત્રણ પુત્ર અને એક પુત્રી છે. તેઓ ગઈકાલે તેના પતિ સાથે મજૂરીકામ અર્થે ગયાં હતાં અને તેણીનો મોટો પુત્ર ગામડે ગયો હતો. જ્યારે વચ્ચેટ છ વર્ષીય પુત્ર અને પુત્રી ઘરે હતાં ત્યારે બંને ભાઈ-બહેન થપ્પો દાવ રમતાં હતાં ત્યારે તેમનો પડોશમાં રહેતો ૧૬ વર્ષીય સગીર ઘરે ઘસી આવ્યો હતો અને તે પણ બંને સાથે રમવા લાગ્યો હતો

દરમિયાન છ વર્ષીય બાળક રૂમમાં આંખે પાટો બાંધી થપ્પાનો દાવ આપી રહ્યો હતો ત્યારે પાછળથી આવેલાં સગીરે બાળકનું પેન્ટ ઉતારી ગુદાના ભાગે નખ ભરાવ્યાં હતાં. ત્યારે બાળકે રાડારાડી કરતાં તેની બહેન દોડી આવતાં બાળકે પોતાનું પેન્ટ ચડાવી લીધું હતું.

જે બાદ સાંજના તેઓ દંપતી ઘરે આવ્યાં બાદ રાતના દસ વાગ્યે બાળકે ગુદાના ભાગે દુખાવાની ફરીયાદ કરતાં બનાવ સામે આવ્યો હતો અને બાળકે તમામ વાત કરતાં તેમને સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તબીબી તપાસમાં હાલ કોઈ અઘટિત ન બન્યાનું સામે આવ્યું હતું. જ્યારે બાળકને ગુદાના ભાગે નખ ભરાવેલ છે કે કોઈ અન્ય વસ્તુ તે તપાસનો વિષય બન્યો હતો.

# મોટી ટાંકી ચોક પાસે બાઈક સાઈડમાં લેવાનું કહી હોટલ સંચાલક અને મેનેજર પર ત્રણ શખ્સોનો હુમલો

## મોડી રાત્રે જેકે હોટલના માલિક દુર્ગેશભાઈ અને તેનો મેનેજર મહાસાગર ટ્રાવેલ્સની ઓફિસની બાજુમાં ઉભા હતા ત્યારે ધસી આવેલા શખ્સોએ માર માર્યો: પ્ર.નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ, તા.૨૪

મોટી ટાંકી ચોક પાસે મહાસાગર ટ્રાવેલ્સ ઓફિસની બાજુમાં બાઈક સાઈડમાં લેવાનું કહી હોટલ સંચાલક અને મેનેજરને ત્રણ શખ્સોએ હુમલો કરતાં ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડેલ હતા. જ્યારે બનાવ અંગે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ.

બનાવ અંગે મિલપરા શેરી નં.૭માં આવેલ ગરબી ચોકમાં રહેતા દુર્ગેશભાઈ જગદિશભાઈ ખેમાણી (ઉ.વ. ૩૨)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ત્રણ અજાણ્યા શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે તેઓ જેકે નામની હોટલ ધરાવે છે. તેઓ ગઈકાલે બસ સ્ટેન્ડ પાસે આવેલ તેઓની હોટલે બેસેલ હતા ત્યારે રાત્રીના સમયે તેમનો સાળો અમદાવાદથી મહાસાગર બસમાં મોટી ટાંકી ચોક ખાતે આવવાનો હોય જેથી તેઓ અને હોટલના મેનેજર પાર્થ વેગડા સાથે બાઈકમાં બેસી રાત્રિના દોઢ વાગ્યે મોટી ટાંકી ચોકમાં આવેલ મહાસાગરની ઓફિસ પાસે નોવા સ્ટાર હોટલ મીની બસ સ્ટોપની બાજુમાં તેમના સાળાની રાહ જોઈને ઉભા હતા ત્યારે એક અજાણ્યો શખ્સ ત્યાં આવેલો અને તેમણે કહેલ કે આ તારી ગાડી સાઈડમાં લઈ લે જેથી તને ગાડી ક્યાં નડે છે? તેવું કહેતા તે શખ્સ ઉશ્કેરાઈ ગયો અને ફોન કરી અન્ય શખ્સોને બોલાવતા થોડીવારમાં બે અજાણ્યા શખ્સો ધસી આવેલા તેમાંથી એક શખ્સે તેમના મેનેજરને ફડાકો ઝીંકી દઈ ઝપાઝપી કરવા લાગ્યા હતા તેમજ એક શખ્સે પથ્થરનો છુટો ઘા કરતાં ફરિયાદીને કાનના ભાગે ઈજા પહોંચી હતી તેમજ આરોપીઓએ બંને લોકોને ઢીકાપાટુનો માર મારતા તેઓ બેભાન થઈ ગયા હતાં. દરમ્યાન ત્યાં હાજર લોકો દોડી આવતા અજાણ્યા શખ્સોએ તું પાછો મળ તને જાનથી મારી નાખવો છે તેવી ધમકી આપી નાસી છૂટ્યા હતા. બનાવ અંગેની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી હુમલો કરનાર શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

### નાગરિક બેંકના ડીફોલ્ટર વિજય સોરઠીયાને એક વર્ષની સજા

રાજકોટ,તા.૨૪

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની સુરત શાખાએ સોરઠીયા ઈમ્પેક્સના પ્રોપરાઈટર વિજયભાઈ તુલસીભાઈ સોરઠીયાને રૂા. એક કરોડ આઠ લાખનું ધિરાણ અપાયેલ હતું. થોડા સમય બાદ આ ખાતુ ડિફોલ્ટર (એનપીએ) થયું હતું. ખાતેદારે વસુલી પેટે રૂા. ૮૪,૫૭,૪૧૮નો ચેક આપેલ તે પરત ફર્યો હતો.જેથી બેંકે તા. ૧૩-૨-૨૦૨૦નાં સોરઠીયા ઈમ્પેક્સના પ્રોપરાઈટર વિજયભાઈ સામે સુરતની નેગોશીયેબલ કોર્ટમાં ચેક રિર્ટનનો કેસ દાખલ કર્યો હતો. ખાતેદારે ચેક રિટર્નની મૂળ રકમ જેટલી રકમ જમા કરાવી ન હતી.આથી, ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટે સોરઠીયા ઈમ્પેક્સના પ્રોપરાઈટર વિજયભાઈ સોરઠીયાને એક વર્ષની જેલની સજા અને ચેક રિટર્નના વળતરરૂપે રૂા.૮૪,૫૭,૪૧૮ની રકમ ચુકવવાની સજા ફરમાવી હતી.સોરઠીયા આ રકમ ન ચુકવે તો વધારાના છ માસની કેદની સજા ફરમાવી હતી.ચેક રિટર્નનાં કેસની આ કામગીરીમાં બેંક વતી એડવોકેટ મનીષભાઇ ધ્રાંગડ અને ફરિયાદી લાલજીભાઇ રાદડીયા હતા.

## અવસાન નોંધ

### ખંભાળિયાના જુની પેઢીના જાણીતા ડોક્ટર આર.પી. દવેનું અવસાન

**જામખંભાળિયા:** ડો. રજનીકાંત પ્રીતમલાલ દવે (ડો. આર.પી. દવે) (ઉ.૮૪) તે સ્વ. હેમતભાઈ (બટુકભાઈ), સ્વ. રમેશચંદ્ર, સ્વ. ચંપકભાઈ (એડવોકેટ)ના નાનાભાઈ તેમજ મીનાબેન ચંદ્રકાન્તભાઈ અનડકટ, અનુરાધાબેન દિલીપભાઈ દવે અને રૂપાબેન નિલેષકુમાર દવેના પિતાશ્રી તથા દિશાબેન, પારસ, આકાશ, અભિલાષ, પ્રેમ અને શિવાનીના નાના તા.૨૩ના અવસાન પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૪ના રોજ સાંજે ૫થી ૫-૩૦ શ્રી શરાણેશ્વર મહાદેવ મંદિર ખાતે રાખેલ છે.

**મોરબી:** ટંકારા નિવાસી પુષ્પાબેન હિરાલાલ કટારીયા (ઉ.વ.૮૫) તે સ્વ.હિરાલાલ કાનજીભાઈ કટારીયાના ધર્મપત્ની તેમજ હરેશભાઈ, પંકજભાઈ, નિલેશભાઈ, મૃદુલાબેન ભરતકુમાર ભીંડોર (વાંકાનેર) અને પલ્લવીબેન મહેન્દ્રકુમાર પોપટ (રાજકોટ)નાં માતુશ્રી તથા સ્વ.ઠા.છગનલાલ ભલાભાઈ કાથરાણી (મોરબી)ના દિકરીનું તા.૨૩ના રોજ અવશાન થયેલ છે. સદ્ગતનું ઉઠમણું તેમજ પિયર પક્ષની સાદડી તા.૨૪ને શુક્રવારે સાંજે ૫ થી ૬ ટંકારા લોહાણા મહાજન વાડી મુ.ટંકારા જી.મોરબી ખાતે રાખેલ છે.(મો.૯૮૭૯૬ ૬૩૭૪૭)

**રાજકોટ:** મંજુલાબેન હરજીવનભાઈ કોટેચા (ઉ.વ.૮૮) તે સ્વ.હરજીવનભાઈ પ્રાગજીભાઈ કોટેચાની પુત્રી તથા સ્વ.હરસુખભાઈ કોટેચા સ્વ.ધીરજલાલ કોટેચા ભરતભાઈ કોટેચા જયેશભાઈ કોટેચાના બેન તથા નિલેશ જય અને મિતના ફઈબાનું તારીખ ૨૩ના અવસાન થયેલ છે.તેનું ઉઠમણું તારીખ ૨૪ના રોજ સાંજે ૫ થી ૬ નીલકંઠ મહાદેવ મંદિર કરણપરા શેરી નંબર-૩૩ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ધોરાજી નિવાસી ઉર્મિલાબેન અનિલભાઈ સંઘાણી (ઉ.વ.૮૫) તે અલ્કાબેન મોદી, રૂપલબેન હિરાણી, ઝંખનાબેન શાહ તથા રાહુલભાઈ સંઘાણી (જીતુ)નાં માતુશ્રી તેમજ સ્વ.હીરાચંદ પાનાચંદ વોરાનાં સુપુત્રી તથા ડો.મેહુલભાઈ, દેવાંગભાઈ, જીનેશભાઈ સંઘાણી-ધોરાજીનાં કાકીનું તા.૨૨નાં રોજ અવસાન થયેલ છે. જેમનું ઉઠમણું તા.૨૫ને શનિવારનાં રોજ સવારે ૧૦/૩૦ થી ૧૧ તથા પ્રાર્થના સભા ૧૧ થી ૧૨ કલાકે ગીતગુર્જરી જૈન ઉપાશ્રય, એરપોર્ટ રોડ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

**મોરબી:** રેખાબેન મોહનભાઈ પરમાર તે કમલેશભાઈ પરમારના માતુશ્રી તેમજ મીતના દાદીમાનું તા.૨૧ને મંગળવારના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૨૩ને સોમવારે સાંજે ૪થી ૬ કલાકે નિવાસસ્તાન પખાલી શેરી, નહેરૂ ગેઈટ અંદર, વાસંગજી દાદાના મંદિર પાસે મોરબી ખાતે રાખેલ છે.

**ગોંડલ :** ગો.વા. ધીરજલાલ મગનલાલ રાણપરા ના ધર્મપત્ની પુષ્પાબેન ઉ.વ.૮૭ તે ભીખુભાઈ, ગો.વા. વિનુભાઈ, તથા હંસાબેન , તથા અશ્વિનભાઈ તથા નીતિનભાઈ ના માતુશ્રી મનસુખલાલ મગનલાલ નાં ભાભી હિતેશભાઈ, વિરલભાઈ , વિપુલભાઈ , ગોપાલભાઈ, નિકુંજભાઈ, રવીભાઈ, આશિષભાઈ, કાવ્ય,નાં દાદી નું તા. ૨૩ના રોજ શ્રીજી ચરણ પામેલ છે સદગત બેસણું : તારીખ ૨૪ ને શુક્રવાર બપોરે ૪:૦૦ થી ૬:૦૦ શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, ૨૨/૦૯ ભોજરાજપરા ગોંડલ મુકામે રાખેલ છે

**રાજકોટ:** દશાશ્રીમાળી દેરાવાસી જૈન રાજકોટ નિવાસી ગં.સ્વ. શારદાબેન (ઉ.વ.૯૪) તે સ્વ.અંબાલાલ પોપટલાલ શાહના ધર્મપત્ની તે સ્વ.કિરણ, નીરુ યસ્મીન શેઠ, શીલા દીપક નાગવદરીયા, સ્વ.સ્વાતી પ્રફોશ શાહ, સ્મિતા સંજય ઠોસાણીના માતુશ્રી તેમજ સ્વ.મનહરલાલ ન્યાલચંદ શાહ, સ્વ.નિર્મલાબેન, સ્વ.જયાબેન, ગં.સ્વ.લતાબેનના બેન તેમજ જીગ્નેશ, બિનીતા, ગ્રિષ્મા, નૈસર્ગીના નાની તા.૧૮/૫/૨૪ શનિવારના રોજ અરિહંતશરણ પામેલ છે.લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાજકોટ:** ગુ.ક્ષ. કડિયા જયાબેન વેલજીભાઈ કાચા (ઉ.વ.૯૩) તે કિશોરભાઈ, ભરતભાઈ, રાજેશભાઈ, હીનાબેન જનકકુમારના માતુશ્રીનું તા.૨૨-૫-૨૦૨૪ને બુધવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૭-૫-૨૦૨૪ સવારે ૯થી ૧૧ સ્થળ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર માસ્તર સોસાયટી કસ્તુરબા સ્કુલની બાજુમાં રાજકોટ ખાતે રાખેલ છે.






# ગોંડલ સંપ્ર.ના પૂ.ધર્મિષ્ઠાબાઈ મ. કાળધર્મ પામ્યા: રવિવારે ગુણાનુવાદ સભા

રાજકોટ,તા.૨૪

રાજકોટ જય જિનેન્દ્ર આરાધના ભવન ખાતે બીરાજમાન ઉત્તમ પરિવાર - સૂર્ય - વિજય પરિવારના સાધ્વી રત્ના પૂ.ધર્મિષ્ઠાબાઈ મ.સ.૨૪/૫ શુક્રવારે સવારે લગભગ ૫:૦૦ કલાકે સમાધિ ભાવે કાળ ધર્મ પામેલ છે જુનાગઢ જિલ્લાના લાઠ - ભિમોરા નિવાસી રત્નકુક્ષિણી માતુશ્રી કાન્તાબેન અને પ્રેમાળ પિતા ચુનીભાઈ જેઠાલાલ દેસાઈ પરિવારમાં તેઓનો જન્મ થયેલ.

૨૪ વર્ષની ભર યુવાન વયે વિ.સં.૨૦૨૮ વૈશાખ સુદ તેરસના દિવસે રાજકોટ ખાતે ગોંડલ ગચ્છ શિરોમણી પૂ.ગુરુદેવ જશરાજજી મ.સા.ના શ્રી મુખેથી કરેમિ ભંતેનો પાઠ ભણી સંયમ અંગીકાર કરેલ.નિત્ય હજારો ગાથાઓની સ્વાધ્યાય કરતાં અને સૌને કરાવતા.ગુરુણી મૈયા સૂર્ય - વિજય પરિવાર તથા પૂ.ભાનુબાઈ મ.સ. પાસે આગમનો ગહન અભ્યાસ કરેલ.અનેક શાસ્ત્રો કંઠસ્થ કર્યાં. તત્વ અને થોકડામા ખૂબ જ રૂચિ ધરાવે.આઠ વખત વર્ષી તપની આરાધના કરેલી.અનેક નાની - મોટી તપ સાધના ચાલુ જ હોય.નિત્ય બિયાસણા તપ કરતા.૭૬ વર્ષના માનવ જીવનમાં ૫૨ વર્ષ સુદીર્ઘ સંયમ જીવનનું રૂડી રીતે પાલન કર્યું.

તેઓના સંસારી વડીલ બંધુ બિપીનભાઈ દેસાઈ એ જણાવ્યું કે તેઓનુ ગત ચાતુર્માસ ગુરુણી મૈયા પૂ.ભાનુબાઈ આદિ સતિવૃંદ સાથે રાજકોટ સરદાર નગર સંઘ ખાતે હતું.પૂ.ધર્મિષ્ઠાબાઈ મ.સ.ખૂબ જ સરળ અને ભદ્રિક.સેવાભાવી અને વૈયાવચ્ચ પ્રેમી.દર્શનાર્થીઓને અચૂક માંગલિક ફરમાવે.

**પાલખી:-**

જય જય નંદા,જય જય ભદ્દા ના જયઘોષ સાથે તેમની પાલખી યાત્રા જય જિનેન્દ્ર, જન કલ્યાણ સોસાયટીથી શુક્રવારે સવારે ૯ કલાકે શરુ થઈ રામનાથ પરા મુક્ત મુક્તિ ધામ ખાતે અંત્યેષ્ઠિ વિધી માટે લઈ જવામાં આવેલ અને અંતિમ વિધિ કરાઈ હતી.આ પ્રસંગે જૈન અગ્રણી ઓ જોડાયા હતાં.

**ગુણાનુવાદ સભા**

પૂ. ધર્મિષ્ઠાબાઈ મ.સ.ની ગુણાનુવાદ સભા રવિવાર તા.૨૬ના સવારે ૯-૧૫ કલાકે શાલીભદ્ર સરદારનગર સંઘ, રાજકોટ ખાતે પુ.ગુરુ ભગવંત એવમ પૂ. ગુરુણી મૈયાઓના પાવન સાનિધ્યમાં રાખેલ છે.

**ધોરાજી:** મુળ જમનાવડ: હાલ ધોરાજી વિજયચંદ્ર દીલુભા સોલંકી (ઉ.વ.૫૮) એસ.ટી.કર્મચારીનું તા.૨૦ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણુ તા.૨૪/૫/૨૪ શુક્રવાર સાંજે ૫ થી ૭ ઠે. સુખસાગર મંદિર જમનાવડ ફાટક પાસે તેમના નિવાસ સ્થાને ધોરાજી ખાતે રાખેલ છે.

# ફુલછાબના પૂર્વ તંત્રી હરસુખભાઈ સંઘાણીના ધર્મપત્ની શારદાબેનની આજે ચોથી પુણ્યતિથિ

રાજકોટ:તા.૨૪

શારદાબેન નો જન્મ વર્ષ ૧૯૩૫ માં વડિયા તાલુકાના નાનકડા ગામ અરજણસુખ માં માતા પુરીબેન અને પિતા વનમાળીભાઇ ના ઘરે થયો હતો. શિશુ અવસ્થામાંથી ઘરની જવાબદારી નિભાવતા, શારદાબેન ૫ ભાઇઓ માં વયમાં સૌથી મોટા. પરિવાર ની આર્થિક સ્થિતિ સાવ મધ્યમ હોવાથી શ્રમ, શક્તિ અને સૂઝ દ્વારા શારદાબેન વ્યવહારમાં કરકસર અને કોઠાસૂઝ થકી એમનું જીવન ઘડાયું હતું.

ત્યારબાદ ગોંડલ ના જ નિષ્ઠાવાન, પ્રમાણિક અને શિસ્ત સંયમ ના આગ્રહી મગનલાલ માસ્તર અર્થાત મગનલાલ વજેશંકર સંઘાણી ના સુપુત્ર હરસુખ

# વેકેશનની રજાઓમાં પર્યટકોનો ગોવા તરફ ધસારો; એર લાઈન્સ કંપનીએ એરફેર વધાર્યું

## ગઈકાલે ગોવાનું ભાડુ રૂા.૧૬ હજારે પહોંચ્યું હતું: દિલ્હી, મુંબઈની ડેઈલી ફલાઈટો ફુલ ઉડવા લાગી

રાજકોટ તા.૨૪

લોકસભાની ચૂંટણીની મતદાનની પ્રક્રિયા પૂર્ણ થવા સાથે શાળા-કોલેજોમાં ઉનાળુ વેકેશનની રજાઓની શરૂઆત થતા રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના પ્રવાસીઓ દેશ-વિદેશના પર્યટન સ્થળોની સહેલગાહ માટે ઉમટી રહ્યા છે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં દિલ્હી, મુંબઈ બાદ હવે સામાહિક ગોવાની ફલાઈટમાં પણ મુસાફરોનો ટ્રાફિક વધતા એર લાઈન્સ કંપનીએ તકનો લાભ લઈ એરફેરમાં વધારો ઝીંકી દીધો છે. ગોવાના એરફેરમાં વધારો થતા હવાઈ માર્ગે ગોવા જવું વધુ મોંઘુ બન્યું છે.

દેશના પર્યટન સ્થળોમાં રાજકોટ સહિતના સૌરાષ્ટ્રવાસી પ્રવાસીઓને ગોવા ફેવરીટ હોવાથી રાજકોટ એરપોર્ટથી સમાહમાં ત્રણ દિવસ ઉડાન ભરતી ગોવાની ફલાઈટ ફુલ ઉડવા લાગી છે. સમાહમાં મંગળ, ગુરૂ, શનિવારે રાજકોટ-ગોવાની સીધી ફલાઈટનું એરફેર બમણું થયું છે. ગઈકાલે ગુરૂવારે એરફેર રૂા.૧૬ હજાર સુધી રહ્યુ હતું. અગાઉ રૂા.૬થી ૭ હજારના એરફેરની સરખામણીએ હાલ રૂા.૧૬ હજાર સુધી પહોંચતા હવાઈ માર્ગે સીધા ગોવા આવવા-જવાનું વધુ ખર્ચાળ બન્યું છે.

ચારધામ યાત્રા સહિતના અન્ય પંજાબ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર પ્રવાસન સ્થળોએ જવા પ્રવાસીઓની સંખ્યા વધતા દિલ્હીનું એરફેર પણ ત્રણ ગણું વધુ છે. હાલ વેકેશનની રજાના દિવસોમાં દિલ્હી, મુંબઈની ડેઈલી ફલાઈટ અને ગોવાની સમાહમાં ત્રણ દિવસ ઉડાન ભરતી સીધી ફલાઈટ ફુલ ઉડી રહી છે. દિલ્હી, મુંબઈ બાદ ગોવાનાં એરફેરમાં પણ એર લાઈન્સ કંપનીએ વધારો કર્યો છે.

## હનીટ્રિપમાં ફસાયેલા સાંસદની હત્યામાં સનસનીખેજ ખુલાસા

# બાંગ્લાદેશના સાંસદના શબના ટુકડા કરવા માટે મુંબઈથી કસાઈ બોલાવાયો હતો

કોલકાતા (પશ્ચિમ બંગાળ) તા.૨૪

બાંગ્લાદેશના સાંસદ અનવારુલ અઝીમ અમારની હત્યાના મામલે સનસનીખેજ ખુલાસો થયો છે. સાંસદ હનીટ્રિપમાં ફસાયો હતો તેની હત્યા કરવા માટે ૫ કરોની સોપારી અપાઈ હતી. સાંસદની હત્યા કરી તેના શબના ટુકડા કરવા મુંબઈથી કસાઈને પણ બોલાવાયો હતો. પોલીસની પ્રારંભીક તપાસમાં એવો સનસનીખેજ ખુલાસો સાંસદના દોસ્તો પૈકી એકએ તેની હત્યા કરાવી હતી અને હત્યા માટે પાંચ કરોડની સોપારી અપાઈ હતી.

આ મામલે ગુરૂવારે પોલીસે એક કેબ ડ્રાઈવરને કસ્ટડીમાં લીધો હતો. સીઆઈડીએ જિહાદ હવલદાર નામના એક શખ્સની ધરપકડ કરી છે. તે એક ધંધાદારી કસાઈ છે. તેને સાંસદના શબના ટુકડા કરવા માટે સ્પેશ્યલ કોલકાતા બોલાવાયો હતો. બીજી બાજુએ મહિલાની પણ તલાશ થઈ રહી છે. જેણે અનવારુલને હનીટ્રિપમાં ફસાવીને ભારત બોલાવ્યો હતો. બાંગ્લાદેશમાં ત્રણવાર સાંસદ રહી ચૂકેલ અઝીમ આઠ દિવસથી લાપતા હતો. બાદમાં તપાસ દરમિયાન બાંગ્લાદેશી સાંસદનો મૃતદેહ મળી આવ્યો હતો. સીસીટીવી ફુટેજમાં કેબ ડ્રાઈવરની ઓળખ થઈ હતી.

એવી પણ વિગત બહાર આવી છે કે એક મહિલા ન્યુ ટાઉનમાં એક ફલેટમાં પ્રલોભન આપીને લઈ ગઈ હતી, ત્યારબાદ ભાડાના હત્યારાએ તેની હત્યા કરી નાખી હતી. તપાસમાં એવા પણ સંકેત મળ્યા છે કે બાંગ્લાદેશી સાંસદ એક મહિલાના બિછાવેલા હનીટ્રિપમાં ફસાયા હતા, જે સાંસદના મિત્રની પણ નજીકની હતી.

# યુપીમાં પાણીપુરીની લારીએ નજીવી બાબતે બે જૂથો વચ્ચે અથડામણ: ફાયરીંગથી કેટલાક ઘાયલ

## સુતળી બોમ્બ ફોડી, દુકાનોમાં તોડફોડ કરી ટોળાએ ભયનો માહોલ સર્જ્યો: પોલીસે ઘટનાસ્થળે પહોંચી લાયસેન્સી બંદૂક કબજે કરી

કાનપુર તા.૨૪

અત્રે પાણીપુરીની લારીએ પાણી પીવા જેવી નજીવી બાબત બે જૂથો વચ્ચે અથડામણ સર્જાઈ હતી જેમાં ફાયરીંગ અને ફટાકડાના સૂતળી બોમ્બ ફોડીને ભયનો માહોલ પેદા કરાયો હતો. મારામારી અને પથ્થરમારાની આ ઘટના ૧૩ લોકો ઘાયલ થયા હતા.

આ અંગેની વિગત મુજબ બુધવારે પાણીપુરીની રેંકડીએ પાણી પીવાના મામુલી મુદ્દાએ બીજા દિવસે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી દીધુ હતું. બે ગામના જૂથ વચ્ચે ફટાકડાના સૂતળી બોમ્બથી બોમ્બ બાજી અને ફાયરીંગથી ભયના માહોલ પેદા થઈ ગયો હતો. ગુરુવારે સાંજે રનિયાના ફતેહપુર રોશનાઈ ગામના લોકોએ બોમ્બબાજી અને ફાયરીંગની સાથે દુકાનોમાં તોડફોડની ઘટના બની હતી. બીજા પક્ષના લોકોએ આર્યનગર પ્રથમ ગામના લોકો પર પથ્થરમારો કર્યો હતો. આ ઘટનાનો વિડીયો બનાવવા દરમિયાન આર્યનગરના લોકોની બહ્સ શરૂ થઈ અને ત્યારબાદ પથ્થરમારો શરૂ થયો.

આ ઘટના દરમિયાન ઘરની છત પરથી પરિવારના યુવકે આત્મ રક્ષામાં પોતાની લાયસેન્સી રિવોલ્વરમાંથી બે રાઉન્ડ ફાયર કર્યો હતો. જેમાં કેટલાક લોકોને છરા વાગતા ઘાયલ થયા હતા. સીઓ તનુ ઉપાધ્યાય સર્કલના ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને બંદૂક કંપનીમાં લીધી હતી. બાદમાં પરિવારની મહિલાઓને બાળકો સાથે સુરક્ષિત બહાર કાઢી હતી.

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.૧૫માં એડી. સીનીયર સીવીલ જજ શ્રી પી.એસ. સીંધી સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં.-૧૧૩૫/૨૦૨૪, અરજદાર શ્રી નિલેશ કિશોરચંદ્ર કોઠારીએ સ્વ. કિશોરચંદ્ર મગનલાલ કોઠારીની સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ નાનામવાના રેવન્યુ સર્વે નં.૩૨ની રહેણાંક હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૩૦ પૈકી સબ-પ્લોટ નં.૩૦/૧ની જમીન ચો.વા.આ. ૧૦૧-૨ જેના ચો.મી.આ. ૮૪-૬૪ ઉપર ઉભા ઈમલા ઈમારત સહીતના મકાન આવેલ છે, સદરહું મકાન ગુજ. કિશોરચંદ્ર મગનલાલ કોઠારીએ શ્રી જયોતિબેન હરગોવિંદ સેજપાલ વિગેરે પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૧૧૬૧૩ તા.૦૪/૧૧/૧૯૮૮ના રોજથી ખરીદ હતી. ત્યારથી આ મીલકત ગુજરનારની માલીકી તથા કબ્જા, ભોગવટાની આવેલ હતી. આ મિલ્કતનાં સબંધમાં વારસા સર્ટિફીકેટ મેળવવા માટે તેમના વકીલશ્રી એસ.કે. પરમાર, વકીલશ્રી રાજેશ જી. ઠનોજીયા, વકીલશ્રી પ્રવિણ સી. ઝરીયા, વકીલશ્રી અભિષેક પી. જોડજા, માસ્ટ્રત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પર. અરજી દાખલ કરેલ છે તે સબંધે જે કોઈ વ્યકિતને વાંધો કે તકરાર હોય તેમણે મુદત તા.૧૪/૦૬/૨૦૨૪ના રોજ સવારે ૧૧-૦૦ a.m.કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ લેખિત આધાર પુરાવા સાથે હાજર રહેવું. ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેવી.

આજ તારીખ:- ૧૭/૦૫ માંહે સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર (જે.એમ. અંસારી) આસીસ્ટન્ટ

કોર્ટનો સીકકો

હુકમથી (જયમીન વાય. પંડયા) ઈ/ચા રજીસ્ટ્રાર

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૪૮/૨૦૨૪

શ્રી રમેશભાઈ ધુનાભાઈ રાખા
રહે. બી.૩૧૨ સૌરાષ્ટ્ર હાઈસ્કુલની સામે, આવાસ યોજના કવાર્ટર, કાલાવડ રોડ, રાજકોટ જિ. રાજકોટ
...અરજદાર

વિરૂ ૬૫

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, સમઢીયાળા તા. વિંછીયા
...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પિતાશ્રી ધુનાભાઈ ખીમાભાઈ રાખાનું મરણ વિંછીયા તાલુકાના સમઢીયાળા મુકામે તા. ૨૦-૦૩-૨૦૧૪ના રોજ તથા માતાશ્રી વાલબાઈબેન ધુનાભાઈ રાખાનું મરણ વિંછીયા તાલુકાના સમઢીયાળા મુકામે તા. ૧૫-૦૮-૧૯૬૦ના રોજ થતા તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૦૬/૦૬/૨૦૨૪ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨-૦૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૩૬/૨૦૨૪

શ્રી ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈ લીંબડીયા
રહે. બેલડા તા. વિંછીયા જિ. રાજકોટ
...અરજદાર

વિરૂ ૬૫

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, બેલડા તા. વિંછીયા ...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રશ્રી રાજભાઈ વિનોદભાઈ વાળોદરાનો જન્મ વિંછીયા તાલુકાના બેલડા મુકામે તા. ૦૧-૦૧-૧૯૮૩ના રોજ થતા તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૦૬/૦૬/૨૦૨૪ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨-૦૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૪૦/૨૦૨૪

શ્રી રણછોડભાઈ મેરામભાઈ આંધાણી
રહે. કમળાપુર તા. જસદણ જિ. રાજકોટ
...અરજદાર

વિરૂ ૬૫

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, કમળાપુર, તા. જસદણ ...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના માતાશ્રી દિવાળીબેન મેરામભાઈ આંધાણીનું મરણ જસદણ તાલુકાના કમળાપુર મુકામે તા. ૨૬-૦૪-૨૦૨૧ના રોજ થતા તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૦૬/૦૬/૨૦૨૪ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨-૦૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૪૧/૨૦૨૪

શ્રી માવજીભાઈ સુરાભાઈ સરવૈયા
રહે. કનેસરા તા. જસદણ જિ. રાજકોટ
...અરજદાર

વિરૂ ૬૫

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, કનેસરા, તા. જસદણ ...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના માતાશ્રી રાણીબેન સુરાભાઈ સરવૈયાનું મરણ જસદણ તાલુકાના કનેસરા મુકામે તા.૩૦-૦૯-૨૦૦૮ના રોજ થતા તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૦૬/૦૬/૨૦૨૪ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨-૦૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૩૭/૨૦૨૪

શ્રી લાલજીભાઈ જેરામભાઈ લીંબડીયા
રહે. સનાળી તા. વિંછીયા જિ. રાજકોટ
..અરજદાર

વિરૂ ૬૫

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, બેલડા, તા. વિંછીયા ...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પિતાશ્રી જેરામભાઈ ભલાભાઈ લીંબડીયાનું મરણ જસદણ તાલુકાના બેલડા મુકામે તા. ૦૫-૦૨-૧૯૮૩ના રોજ થતા તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૦૬/૦૬/૨૦૨૪ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨-૦૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૩૮/૨૦૨૪

શ્રી શિવરાજભાઈ ભનાભાઈ સરવૈયા
રહે. છાસીયા તા. વિંછીયા જિ. રાજકોટ
...અરજદાર

વિરૂ ૬૫

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, છાસીયા, તા. વિંછીયા ...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના માતાશ્રી નિરાંતબેન ભનાભાઈ સરવૈયાનું મરણ વિંછીયા તાલુકાના છાસીયા મુકામે તા. ૨૨-૦૬-૨૦૧૮ના રોજ થતા તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૦૬/૦૬/૨૦૨૪ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨-૦૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૩૮/૨૦૨૪

શ્રી ભોળાભાઈ ચોથાભાઈ વાલાણી
રહે. મોટી લાખાવડ તા. વિંછીયા જિ. રાજકોટ
..અરજદાર

વિરૂ ૬૫

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, મોટી લાખાવડ તા. વિંછીયા ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના ભાઈશ્રી અરવિંદભાઈ ચોથાભાઈ વાલાણીનો જન્મ વિંછીયા તાલુકાના મોટી લાખાવડ મુકામે તા. ૦૧-૦૧-૧૯૮૩ના રોજ થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૨૭/૦૫/૨૦૨૪ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨-૦૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૩૩/૨૦૨૪

શ્રી ભાવીકભાઈ ધીરૂભાઈ હીરપરા
રહે. વૃંદાવન સોસાયટી, જસદણ, તા. જસદણ જિ. રાજકોટ
...અરજદાર

વિરૂ ૬૫

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને જસદણ નગરપાલિકા તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રશ્રી ભાવીકભાઈ ધીરૂભાઈ હીરપરાનો જન્મ જસદણ તાલુકામા જસદણ મુકામે તા. ૧૭-૦૩-૨૦૨૦ના રોજ થતા તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૦૬/૦૬/૨૦૨૪ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨-૦૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૩૩/૨૦૨૪

શ્રી અરજણભાઈ અમરાભાઈ તલાવડીયા
રહે. મોટા હડમતીયા તા. વિંછીયા જિ. રાજકોટ
...અરજદાર

વિરૂ ૬૫

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, મોટા હડમતીયા તા. વિંછીયા ...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના માતાશ્રી ગોમીબેન અમરાભાઈ તલાવડીયાનું મરણ વિંછીયા તાલુકાના મોટા હડમતીયા મુકામે તા. ૨૦-૦૮-૨૦૧૭ના રોજ થતા તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૨૭/૦૫/૨૦૨૪ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૫-૦૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૪૫/૨૦૨૪

શ્રી વલ્લભભાઈ ખીમાભાઈ મોરવાડીયા
રહે. વિરપર (ભા) તા. જસદણ જિ. રાજકોટ
...અરજદાર

વિરૂ ૬૫

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, વિરપર(ભા) તા. જસદણ ...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના માતાશ્રી જડીબેન ખીમાભાઈ મોરવાડીયાનું મરણ જસદણ તાલુ

# કુવાડવા પાસે બંધ ટ્રક પાછળ ટેન્કર ઘુસી જતા ચાલકનું મોત

## ફાયર બ્રિગેડે બે કલાક જહેમત ઉઠાવી ટ્રકની કેબિનના પતરા કાપી ચાલકનો મૃતદેહ બહાર કાઢ્યો હતો



રાજકોટ, તા.૨૪

કુવાડવા પાસે બંધ ટ્રક પાછળ ટેન્કર ઘુસી જતા ચાલકનું મોત થયું હતું. રાજકોટ મનપાના ફાયર બ્રિગેડે બે કલાક જહેમત ઉઠાવી ટ્રકની કેબિનના પતરા કાપી ચાલકનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.

ફાયર બ્રિગેડમાંથી મળતી વિગત મુજબ, ભુપતભાઈ નામનાં વ્યક્તિએ આજે સવારે છ વાગ્યાની આસપાસ કનક રોડ ફાયર સ્ટેશનને જાણ કરી હતી કે, કુવાડવા હાઈવે પર જીઆઈડીસીના પુલ પાસે ટેન્કર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો છે અને ટ્રક ચાલક ટ્રકની કેબિનમાં જ ફસાઈ ગયો છે. જેથી તુરંત ફાયરબ્રિગેડની ટીમના એસટીઓ શ્રી મઠિયા, તેમજ જગદીશભાઈ, હિમાંશુભાઈ, મહેન્દ્રસિંહ, રાજેશભાઈ વગેરે ઘટના સ્થળે દોડી ગયા હતા. અકસ્માતમાં ટ્રક ચાલક કેબિનમાં દબાઈ ગયેલ હતો. જેથી ફાયરની ટીમે બે કલાકની જહેમત બાદ ટ્રક ચાલકને બહાર કાઢ્યો હતો. ૧૦૮ની ટીમે સ્થળ પર જ ચાલકને મૃત જાહેર કર્યો હતો. કુવાડવા રોડ પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે, એક ટ્રકનું ટાયર ફાટતા તેના રીપેરીંગ માટે ટ્રક ઉભો હતો ત્યારે મૃતક ચાલક તેનો ટ્રક પુરપાટ ઝડપે દોડવી બીજા ટ્રક પાછળ ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો.

# મુન સ્પેસ એવન્યુના બિલ્ડરોએ ફ્લેટ હોલ્ડરો સાથે છેતરપીંડી કર્યાનો આક્ષેપ

## અગાઉ દર્શાવ્યા મુજબની સુવિધા ન આપી, મેઈન્ટેનન્સના રૂા.૨૩.૫૦ લાખ પણ ફ્લેટ હોલ્ડર એસો.ને નથી ચૂકવતા : રેરામાં ચાલતો કેસ



ફ્લેટ હોલ્ડર્સ વિનોદભાઈ મહેતા, સૂર્યભગવાન ગંગદાસભાઈ ગજેરા, મેહુલભાઈ મકવાણા, એડવોકેટ ધર્મેશભાઈ સિદ્ધપુરા જનકરાય જોષી, અમિતભાઈ સતવાણી, જયેશભાઈ મોકરીયા, કિશનભાઈ રાજા વગેરે 'સાંજ સમાચાર' કાર્યાલયની મુલાકાતે આવ્યા હતાં. અને માહિતી આપી હતી.

રાજકોટ, તા.૨૪

શહેરમાં આવેલા મુન સ્પેસ એવન્યુના બિલ્ડરોએ ફ્લેટ હોલ્ડરો સાથે છેતરપીંડી કર્યાનો આક્ષેપ થયો છે. અગાઉ દર્શાવ્યા મુજબની સુવિધા ન આપી, મેઈન્ટેનન્સના રૂા.૨૩.૫૦ લાખ પણ ફ્લેટ હોલ્ડર એસો.ને નથી ચૂકવતા. હાલ આ અંગે રેરામાં કેસ ચાલી રહ્યો છે. ફ્લેટ હોલ્ડરોએ આક્ષેપ કરતા જણાવ્યું કે, રાજકોટ શહેરમાં સનસીટી એન્ડલેવ પાસે, રામાપીર ચોકડી, ૧૫૦ ફુટ રીંગ રોડ પર મુન સ્પેસ એવન્યુના નામથી બહુમાળી બિલ્ડીંગ મેસર્સ મુનસ્પેસ વેન્ચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો-ડેવલોપર્સ, જયપ્રકાશ બાલુભાઈ વિઠ્ઠલાણી-જમીન માલીક, વિરલ કિશોરકુમાર શાહ, ભરત અમૃતલાલ ગણાત્રા, કલાબેન ભરતભાઈ ગણાત્રા, વિશાલ જયપ્રકાશ વિઠ્ઠલાણી, ભાર્ગવ જયપ્રકાશ વિઠ્ઠલાણીએ બનાવેલ છે. બે વર્ષ પહેલાં આ બિલ્ડીંગ બનેલ. અને તેનું રેરામાં રજીસ્ટ્રેશન હોવા છતા રેરાની કાયદાની જોગવાઈઓનો ભંગ કરેલ છે અને બિલ્ડીંગની સફાઈ, પાણી, ઈલેક્ટ્રીકસીટી, વોચમેન, કોમન સુવિધામાં ક્ષતિ રાખેલ છે, પાણીવેરો, લાઈટબીલ ભરેલ નથી. ફ્લેટ હોલ્ડરોને વહીવટ સોંપેલ નથી. મેઈન્ટેનન્સની રૂા.૨૩,૫૦,૦૦૦ જેવી રકમ પચાવી પાડેલ છે. તેમજ રેરામાં દર્શાવેલ પ્લાન એસ્ટીમેન્ટ તેમજ સ્પેસીફીકેશન મુજબની સુવિધાઓ પુરી પાડેલ નથી. બાંધકામમાં ખુબ જ મોટાપાયે ક્ષતિઓ રાખેલ છે. પાર્કીંગની પુરી વ્યવસ્થા કરેલ નથી, જનરેટર આપેલ નથી, વારંવાર શોર્ટસર્કીટ થાય છે, તીરાડો પડેલ છે. કમ્પલીશન સર્ટીફીકેટ આપેલ નથી, ફાયર એન.ઓ.સી. લીધેલ નથી, રેરામાં ખોટા સોગંદનામાઓ રજુ કરેલા છે. થીયેટરમાં પ્રોજેક્ટર કે સ્ટીરીયો આપેલ નથી. ગેસ લાઈનના તથા પી.જી.વી.સી.એલ. મીટરના રૂા.૪૦,૦૦૦ દરેક ફ્લેટ માલીક પાસેથી લીધેલ છે પરંતુ પહોંચ આપેલ નથી. સીસીટીવી ફીટ કરેલ નથી. કોમન પ્લોટમાં ગેરકાયદેસર ઓરડીઓ કરેલ છે. ફ્લેટ હોલ્ડરોને ધમકી અપાવેલ છે. આમ ઉપરોકત રીતે ઉપરોકત બિલ્ડરોએ ફ્લેટ હોલ્ડરો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી રેરાની જોગવાઈનો ભંગ કરેલ હોય જે અંગે ફ્લેટ હોલ્ડરોએ ગાંધીનગર મુકામે રેરાની ઓફીસમાં ફરીયાદ દાખલ કરેલ છે. તેમ છતા બિલ્ડરો દ્વારા ફ્લેટ માલીકોને કોઈ રાહત મળેલ ન હોય કે, પ્રશ્નોનું નિરાકરણ થયેલ નથી.

# મંદિરેથી દર્શન કરી પરત ફરતાં વૃધ્ધાના ગળામાંથી ૨.૩૩ લાખના સોનાના ચેઇનની તફડંચી: બે મહિલા સહિત ત્રણ ઝડપાયા

## રૈયારોડ પર રામેશ્વર ચોકની ઘટના: દુકાનદારે સમય સૂચકતા વાપરી આરોપીને પકડી પોલીસને હવાલે કર્યા: મુદ્દામાલ કબ્જે કરવાં તજવીજ

રાજકોટ. તા.૨૪

રૈયારોડ પર રામેશ્વર ચોક નજીક મંદિરેથી દર્શન કરી પરત ફરતાં વૃધ્ધાના ગળામાંથી ૨.૩૩ લાખના સોનાના ચેઇનની તફડંચી કરી નાસી છૂટનાર તસ્કરોમાંથી બે મહિલા અને એક સગીરને દુકાનદારે ઝડપી પાડી પોલીસને હવાલે કર્યા હતાં. જ્યારે યુનિવર્સિટી પોલીસે મુદ્દામાલ કબ્જે કરવાં તજવીજ હાથ ધરી હતી. બનાવ અંગે રૈયારોડ પર ટીનીટ્રી ટાવરમાં ફ્લેટ નં.૧૨૦૧ માં રહેતાં જયલક્ષ્મીબેન કાનગન (ઉ.વ.૭૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ભારતી કાના વાજલિયા, કાજલબેન સાગર સોલંકી , એક સગીર સહિત અન્ય અજાણ્યાં શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ તેમના પુત્ર મુરુગવેલ સાથે રહે છે. તેઓ મૂળ તામીલનાડુના વતની છે. ગઈકાલે સવારે અગીયારેક વાગ્યાની આસપાસ રૈયા રોડથી અંદર આવેલ રામેશ્વર ચોક પાસે આવેલ મિરેશ્વર મહાદેવના મંદીરે એકલાં દર્શન કરવા ચાલીને ગયેલ હતાં. બારેક વાગ્યાની આસપાસ તેઓ મંદીરે દર્શન કરી ઘરે જવા માટે ચાલીને મંદીરની બહાર રોડ પર પહોંચ્યા ત્યારે એક ૧૫ વર્ષનો છોકરો તેમની પાસે આવી પાછળથી ધક્કો મારી અને નીચે પછાડી દીધેલી હતા. બાદમાં બીજી ૩૦ થી ૩૫ વર્ષની બે મહીલાઓ તેમજ બે સગીર છોકરીઓ તેમની નજીક આવેલી હતી.

ચારેય મહીલાઓ બાજુમા આવી અંદરો અંદર કાંઈક વાતચીત કરવા લાગેલી અને ચારેયમાંથી એક મહીલાએ તેઓના ગળામા હાથ નાખી સોનાનો ચેઇન કોઈ રીતે કાઢી જુટવી લીધેલ અને ગળામાંથી ચેઇન ગાયબ થતાં તેઓએ બુમા બુમ કરતા એક સગીર અને ચારેય મહિલા નાસી છૂટી હતી. બાદમાં તેઓ ઊભાં થઈ અને બાજુમા આવેલ કરીયાણાની દુકાનવાળા વિપુલભાઈને બનાવ બાબતે જાણ કરતા તેઓ બાઈક લઈ તેમની પાછળ ગયેલ અને આ ત્રણેયને પકડી પાડેલ અને તેઓના નામ પૂછતાં ભારતી વાજેલીયા (ઉ.વ.૨૫), કાજલ સોલંકી (ઉ.વ.૩૫) અને એક સગીર હોવાનું જણાવેલ હતું. બાદમાં ૧૦૦ નંબરમા ફોન કરતાં દોડી આવેલ પીસીઆર વાનમાં આરોપીને બેસાડી પોલીસ સ્ટેશન લઇ આવેલ અને ફરીયાદ નોંધાવેલ હતી. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી મુદ્દામાલ કબ્જે કરવાં તજવીજ હાથ ધરી હતી.

# નવાગામમાં અગાઉના ઝઘડાનો ખાર રાખી યુવાન પર પિતા-પુત્રોનો હુમલો

## ત્રણ વર્ષ પહેલાં છેડતીના બનાવનો ખાર રાખી ભરત સંઘાણીને ત્રણ શખ્સોએ મારમાર્યો: એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૨૪

નવાગામમાં અગાઉના ઝઘડાનો ખાર રાખી યુવાન પર પિતા-પુત્રોએ હુમલો કરતાં યુવાન ગંભીર રીતે ઘવાયો હતો. બનાવ અંગે એરપોર્ટ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. બનાવ અંગે નવગામમાં રહેતાં ભરતભાઈ મનસુખભાઈ સંઘાણી (ઉ.વ.૨૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દિનેશ, અજય અને ઘુઘાનું નામ આપતાં એરપોર્ટ પોલીસે આઈપીસી ૩૨૩,૩૨૪,૩૩૭ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મજૂરી કામ કરે છે. તેઓના ગામમાં રહેતાં દિનેશ સરવૈયાની દીકરીની છેડતી બાબતે ત્રણેક વર્ષ પહેલા તેમની સાથે બોલાચાલી ઝઘડો થયેલ હતો.જે મામલે તેઓએ તેમની પર પોલીસ ફરિયાદ પણ કરેલ હતી. ગઈકાલે સવારના અગીયારેક વાગ્યે ગામના ચોકમાં તે ઉભો હતો ત્યારે દિનેશ અને તેનો દીકરો અજય, તેમના પિતા ઘુઘાભાઈ ત્રણેય શખ્સો તેમની પાસે આવેલ અને અહીં ચોકમાં કેમ ઉભો છે કહીને ગાળો આપી ઉશ્કેરાઇ જઈ ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને તેઓ ત્યાંથી ભાગવા જતા દિનેશે ત્યાં પડેલ પથ્થર પોતાના હાથમાં લઈ છૂટો ઘા મારતા માથાના પાછળના ભાગે પથ્થર વાગી ગયેલ અને ત્યાં માણસો ભેગા થઈ જતા આરોપી નાસી છૂટ્યા હતાં. બાદમાં ૧૦૮ મારફતે ઈજાગ્રસ્તને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# મહિકા ગામના પાટીયા પાસે ઠાકરધણી હોટલમાંથી ચોરી કરનાર મેનેજર ઝડપાયો

## આજીડેમ પોલીસે ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી નેપાળી આલોકને દબોચી રોકડ અને ટેબ્લેટ કબ્જે કર્યું

રાજકોટ. તા.૨૪

મહિકા ગામના પાટીયા પાસે ઠાકરધણી હોટલમાંથી ચોરી કરનાર મેનેજરને આજીડેમ પોલીસે દબોચી ચોરી કરેલ તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવ અંગે પીડીએમ કોલેજ ફાટક પાસે નારાયણનગર શેરી નં.૧૦ માં રહેતાં ભાવેશભાઈ અરજણભાઈ વીકાણી (ઉ.વ.૪૬) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે આલોક મજુમદાર (રહે. ઠાકરધણી હોટલ,મહિકા ગામના પાટીયાથી આગળ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓને ભાવનગર હાઈવે, મહીકા ગામના પાટીયાથી આગળ, ક્રિષ્ના સ્કુલની બાજુમાં, ઠાકરધણી હોટલ નામે હોટલ ચલાવે છે. ગઈ તા. ૧૯/૦૫/૨૦૨૪ ના રાત્રીના એક વાગ્યા આસપાસ તેઓ હોટલના કાઉન્ટરને તાળું મારી ઘરે જતો રહેલ અને હોટલની બહાર ચા-પાનનું કાઉન્ટર ચાલું હતું અને હોટલના કારીગરો અમારી હોટલના રૂમમાં સુતા હતા.બીજા દિવસે સવારના દસ વાગ્યે તેઓ હોટલ પર જતા હોટલના કાઉન્ટરનું લોક તુટેલ હતું અને અંદર જોતા કાઉન્ટરમાં રહેલ રોકડા રૂ.૩૨ હજાર તથા સેમસંગ કંપનીનું ટેબલેટ જોવામાં આવેલ નહીં. જેથી હોટલના સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતા તા.૧૯/૦૫/૨૦૨૪ ના રાત્રીના બે વાગ્યે હોટલમાં સુપરવાઈઝર તરીકે કામ કરતો આલોક મજુમદાર કાઉન્ટરનું લોક તોડી અંદરથી રૂપીયા તથા ટેબલેટની ચોરી કરી લઈ જતો હોય તેવું કેમેરામાં જોવામાં આવેલ હતું. જેથી તેના મોબાઈલ નંબર પર ફોન કરતા તેનો મોબાઈલ ફોન બંધ આવતાં હોટલમાંથી કુલ રૂ.૪૭ હજારના મુદ્દામાલની ચોરી થતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે તસ્કરને આજીડેમ ચોકડી પાસેથી પકડી પાડી કાર્યવાહી કરી રોકડ અને ટેબ્લેટ કબ્જે કર્યા હતાં. તસ્કરને રૂપિયાની જરૂરિયાત હોવાથી ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી.

# માવા- ફાકીના વ્યસને વધુ એક યુવાનની જીંદગી હણી લીધી

## કોઠારિયા સોલવન્ટના કમલેશ ભટ્ટીને મોઢાનું કેન્સર થતા સારવારમાં દમ તોડ્યો, બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત

રાજકોટ, તા.૨૪

માવા- ફાકીની વ્યસને વધુ એક યુવાનની જીંદગી હણી લીધી હતી. કોઠારિયા સોલવન્ટના કમલેશ ભટ્ટીને બે વર્ષથી કેન્સર હતું. યુવકની આજે અચાનક તબિયત લથડતાં સારવારમાં દમ તોડી દીધો હતો.

બનાવની વિગત મુજબ કોઠારિયા સોલવન્ટ હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતાં કમલેશભાઈ રમેશભાઈ ભટ્ટી (ઉ.વ.૩૯) નામનાં યુવકને બે વર્ષથી મોઢાના કેન્સરની સારવાર શરૂ હતી. યુવકની તબીયત લથડતા દોશી હોસ્પિટલમાં બે દિવસથી સારવાર શરૂ હતી. આજે સવારે તેઓ પોતાનાં ઘરે હતાં ત્યારે અચાનક તબિયત લથડતાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક બાલાજી વેફર્સમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા હતા. તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી.

# મવડીની શ્રીનાથજી સોસાયટીના વિક્રમ રાઠોડનું હાર્ટએટેકથી મોત

## ૩૬ વર્ષીય મૃતક પોતાના ઘરે બેઠાં બેઠાં જ ઢળી પડ્યો, સારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દીધો



રાજકોટ, તા.૨૪

શ્રીનાથજી સોસાયટીમાં રહેતા વિક્રમભાઈ રાઠોડનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું. તેઓ પોતાનાં ઘરે બેઠા હતા ત્યારે બેઠા બેઠા જ ઢળી પડ્યાં હતાં.સારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દિધો હતો.

બનાવની વિગત અનુસાર વિક્રમભાઈ બદ્રીભાઈ રાઠોડ (ઉ.વ.૩૬, રહે. શ્રીનાથજી સોસાયટી નં.૨) તેઓ વિજયભાઈ બાબુભાઈ સાવસોટાના મકાનમાં ભાડે રહેતાં હતાં.ગઈ કાલ રાત્રીના પોતાનાં ઘરે હતાં ત્યારે બેઠા બેઠાં જ ઢળી પડ્યા હતાં. બાદ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે. મૃતક મૂળ મધ્યપ્રદેશના વતની હતાં. અને કડિયાકામ કરી પરીવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ ત્રણ બેન અને બે ભાઈમાં મોટાં હતાં. તેમજ તેઓને સંતાનમાં ચાર પુત્રી અને એક પુત્ર છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે માલવિયા નગર પોલીસને જાણ કરી હતી.

## અકસ્માત

(પહેલા પાનાનું ચાલું)

મહિનાની બાળકી સહિત છના મોત થયા છે અને ૨૦ લોકો ઘાયલ થયા છે.

અકસ્માત એટલો દર્દનાક હતો કે ટ્રાવેલરનો એક ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને ઘાયલો હાઈવે પર જ્યાં ત્યાં પડીયા હતા. આ અકસ્માતમાં છ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. જ્યારે ૨૦ ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃતકોમાં છ મહિનાની બાળકી અને એક કપલનો પણ સમાવેશ થાય છે.

મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોર્ચરીમાં રાખવામાં આવ્યા હતા. મોહરા પોલીસે આ કેસની તપાસ શરૂ કરી છે. સ્થળ પર ઈજાગ્રસ્ત ધીરજે માહિતી આપતાં જણાવ્યું કે તે ૨૩મી મેની સાંજે વૈષ્ણોદેવી જવા નીકળ્યો હતો અને બધા એક જ પરિવારના હતા. મોહડા પાસે પહોંચતા જ અચાનક ટ્રોલીની સામે એક વાહન આવ્યું. જેવી ટ્રોલીએ બ્રેક લગાવી કે તરત જ તેનો પ્રવાસી કાબૂ બહાર ગયો અને તેની સાથે અથડાઈ ગયો. વિનોદ (૫૨), રહેવાસી, જાખોલી, સોનીપત, મનોજ (૪૨) અને ગુડ્ડી, બુલંદશહર કકૌર, યુપી, હસનપુર, યુપીના રહેવાસી વૃદ્ધ મહેર ચંદ, કકૌર, યુપીના રહેવાસી સતબીર (૬ મહિના), દીમિ (છ મહિના). ) મૃત્યુ પામ્યા છે. હજુ પણ કેટલાક ઘાયલોની હાલત નાજુક છે.

## ચોમાસા

(પહેલા પાનાનું ચાલું)

બાંગ્લાદેશ તથા નજીકના પશ્ચીમ બંગાળના તટ સાથે ટકરાઈ શકે છે. વાવાઝોડાને કારણે ૧૦૨ કીમીની ઝડપે પવન ફુંકાઈ શકે છે.

ભૂવિજ્ઞાન મંત્રાલયના પુર્વ સચીવ રાજીવને કહ્યું કે પવનના ઝટકા વધુ પડતી ગતિના રહેવાના સંજોગોમાં વાવાઝોડુ વધુ ભયંકર નહી બની શકે અને નબળુ પડી જશે. વાવાઝોડાની ચોમાસા પર અસર થવાની સંભાવના તેઓએ નકારી હતી પરંતુ હવામાન વિજ્ઞાની પાઈએ કહ્યું કે વાવાઝોડુ દેશના અમુક ભાગોમાં ચોમાસાની પ્રગતિને પ્રભાવિત કરી શકે છે. પ્રારંભીક તબકકે આ સીસ્ટમ બંગાળની ખાડીમાં ચોમાસાને આગળ વધવામાં મદદ કરશે ત્યારબાદ ચોમાસુ સરકયુલેશનથી અલગ થઈ જશે. મોટીમાત્રામાં ભેજ ખેંચી છે તેને પરિણામે ચોમાસાની પ્રગતિ અવરોધાઈ શકે છે. થોડો વખત આ ભાગોમાં ચોમાસુ આગળ વધતા અટકી શકે છે. હવામાન વિભાગે કહ્યું કે વાવાઝોડાની અસર ઓડિશા ઉપરાંત મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં પણ થઈ શકે છે. તામીલનાડુ તથા આંધ્રપ્રદેશમાં પણ વરસાદની સંભાવના રહેશે.

## નોકરી

(છેલ્લા પાનાનું ચાલું)

એક ચુકાદાને બહાલી આપી છે. જેમાં પણ એ જ સવાલ ઉભો થયો હતો કે પરિણીત પુત્રી રહેમરાહે નોકરીમાં નિમણુંક મેળવી શકે કે કેમ? જેનો જવાબ આપતાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પુત્રીને પણ રહેમરાહે નિમણુંક મળી શકે. તેથી પ્રસ્તુત અરજી ગ્રાહ્ય રાખી કંપનીને આદેશ કરવામાં આવે છે કે બે મહિનાની અંદર તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને અરજદારને રહેમરાહે નિમણુંક અંગેનો નિર્ણય કરવામાં આવે.'

પ્રસ્તુત કેસમાં અરજદાર જીનલબેન શાસ્ત્રીએ હાઈકોર્ટ સમક્ષ રિટ પીટીશન કરી હતી. જેમાં તેમના તરફથી એડવોકેટ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે, 'વીજ કંપની દ્વારા અરજદારને નિમણુંક નહીં આપવાનો આદેશ ભૂલભરેલો, આપખુદશાહીવાળો, ગેરકાયદે અને ગેરબંધારણીય હોઈ તે રદ થવાને પાત્ર છે. અરજદાર પુત્રીના પિતાનું મૃત્યુ ફરજ દરમિયાન અકસ્માતમાં થયું હતું અને તેથી તે રહેમરાહે નોકરી મેળવવાની યોગ્યતા ધરાવે છે. પિતા જયારે મૃત્યુ પામ્યા ત્યારે પુત્રી સગીરવયની હતી અને તેથી તેણે કંપનીને વિનંતી કરી હતી કે એ જયારે પુખ્તવયની થશે ત્યારે રહેમરાહે નોકરી મેળવવા માટે અરજી કરશે. જો કે, કંપનીએ તેની અરજી માત્ર એ આધારે રદ કરી હતી કે તેણે ૧૮મી માર્ચ ૨૦૧૩ના રોજ લગ્ન કરી લીધા હતા. આ સિવાય અન્ય કોઈપણ કારણ કંપની તરફથી દર્શાવાયું નહોતું. તેથી કંપનીનો નિર્ણય વિવિધ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતોથી વિપરીત હોઈ રદ થવાને પાત્ર છે.'

અરજદાર તરફથી વિવિધ ચૂકાદાને ટાંકી રજુઆત થઈ હતી કે પ્રસ્તુત તમામ કેસોમાં તે કેસ જેવો જ મુદ્દો ઉપસ્થિત થયો હતો અને અરજદારના તરફેણમાં ચૂકાદા આપતાં કાયદાની સ્પષ્ટતા કરવામાં આવેલી છે.

## બાંધકામ

(છેલ્લા પાનાનું ચાલું)

હોવા છતાં કોઈ સુવિધા આપવાના બદલે લોકોને ધમકાવે છે અને ડરાવે છે તેવી ફરિયાદ કરવામાં આવી છે.

ફરિયાદ કરનાર મેમ્બર્સે ગુજરેરામાં પૂરાવા તરીકે બ્રોશર, સ્કીમના ફોટોગ્રાફ, તથા અન્ય એલોટીને અપાયેલા કન્સેન્ટ લેટર રજુ કર્યા હતા. આ કેસની સુનાવણી દરમિયાન એવું બહાર આવ્યું કે પ્રોજેક્ટ ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ પૂરો થવાનો હતો પરંતુ કોવિડ-૧૯ના કારણે પ્રોજેક્ટ લાંબો ચાલ્યો અને જૂન ૨૦૨૨માં પૂરો થયો હતો.

આમ છતાં બિલ્ડરે રેરા પાસેથી કોઈ એક્સટેન્શન મેળવ્યું ન હતું. ઓથોરિટીએ અસલાલી સબ રજિસ્ટ્રાર ઓફિસર પાસેથી વણવેચાયેલા ફ્લેટની ડિટેલ મેળવી હતી. તેમાં જાણવા મળ્યું કે ફ્લેટ નંબર ૬૦૧થી ૬૧૧ અને ૬૧૪ તથા ૭૦૧ અને ૭૧૪ પણ વેચાયા વગરના હતા. આ વિશે સ્કીમના પ્રમોટર્સ અને પાર્ટનર્સને નોટિસ પણ મોકલવામાં આવી હતી પરંતુ તેમણે કોઈ રિસ્પોન્સ આપ્યો ન હતો.

ત્યાર બાદ ગુજરેરાના મેમ્બર એમ એ ગાંધીએ વચગાળાનો ઓર્ડર આપ્યો છે અને વણવેચાયેલા ફ્લેટનું વેચાણ ન કરવા બિલ્ડરને આદેશ અપાયો છે. હવે આ ઓર્ડરની કોપી સબ-રજિસ્ટ્રારની ઓફિસને મોકલવામાં આવશે અને સોસાયટીના મેઈન પાર્ટ પર ચોંટાડવામાં આવશે જેથી સોસાયટીના મેમ્બર અને સંભવિત ખરીદદારોને ખબર પડે કે આ ફ્લેટ્સ અંગે લિટિગેશન ચાલે છે તેથી તેના સોદામાં ન પડે.

## ભીમનગર સર્કલ

(પહેલા પાનાનું ચાલું)

વૃધ્ધને તપાસી મૃત જાહેર કર્યા હતા.

બનાવ અંગે તાલુકા પોલીસને જાણ થતા પીઆઈ ધવલ હરીપરા સહીતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી બનાવનું કારણ જાણવા તજવીજ હાથ દરી હતી. મૃતક ભરબપોરે શાકભાજી માર્કેટમાં હોવાથી તેમને સનસ્ટ્રોક આવ્યો હોવાની શંકા સેવાઈ રહી છે.

વધુમાં તાલુકા પોલીસ મથકના પીઆઈ ધવલ હરીપરાએ જણાવ્યું હતું કે મૃતક હાલ નિવૃત જીવન ગાળતા હતા. તેઓ પહેલા રાજપુતપરામાં કાચ ફીટીંગની મજુરીકામ કરતા ત્યાં આંટો મારવા ગયા હતા ત્યાંથી પરત ફરતા હતા ત્યારે જડુસ હોટલ નજીક પહોંચતા તેમના પડોશીને પોતાને તેડી જવા માટે બોલાવ્યા હતા. પડોશી આવતા બન્ને નજીકમાં આવેલ શાકભાજી માર્કેટમાં ગયા હતા. ત્યાં વૃધ્ધ શાકભાજીના થડે બેસેલ હતા. ત્યાં જ તેઓ ઢળી પડયા હતા. શાકભાજીનો થડો ધરાવતા મહીલાએ પણ વૃદ્ધ બેઠા બેઠા બેભાન થઈ ગયાનું જણાવ્યું હતું.

વધુમાં મૃતક ૬ ભાઈ એક બહેનમાં વચેટ અને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે. બનાવથી પરીવારમાં કલ્પાંત છવાયો હતો.

## સુપ્રિમ કોર્ટે

(પહેલા પાનાનું ચાલું)

દિલ્હી યુનિવર્સિટીના કેમ્પસની દિવાલો પર ઘણા સ્થળે લાલ રંગથી બોયકોટ ઈલેક્શનના સૂત્રો લખવામાં આવ્યા છે. શનિવારે ૨૫ મે એ દિલ્હીની તમામ સાત લોકસભા બેઠકો પર એક જ તબક્કામાં મતદાન થવાનું છે. આ દરમિયાન દિલ્હી યુનિવર્સિટીથી એફિલિએટેડ કોલેજોમાં અજાણ્યા નંબરથી કોલ કરવામાં આવ્યો અને કોલેજને બોમ્બથી ઉડાડવાની ધમકી આપવામાં આવી છે. માહિતી મળતા જ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી અને આ કોલ નકલી છે તેવી જાણ થઈ. કેમ્પસમાં કોઈ પ્રકારની શંકાસ્પદ વસ્તુ મળી નથી.

## લોકસભા

(પહેલા પાનાનું ચાલું)

દિલ્હી યુનિવર્સિટીના કેમ્પસની દિવાલો પર ઘણા સ્થળે લાલ રંગથી બોયકોટ ઈલેક્શનના સૂત્રો લખવામાં આવ્યા છે. શનિવારે ૨૫ મે એ દિલ્હીની તમામ સાત લોકસભા બેઠકો પર એક જ તબક્કામાં મતદાન થવાનું છે. આ દરમિયાન દિલ્હી યુનિવર્સિટીથી એફિલિએટેડ કોલેજોમાં અજાણ્યા નંબરથી કોલ કરવામાં આવ્યો અને કોલેજને બોમ્બથી ઉડાડવાની ધમકી આપવામાં આવી છે. માહિતી મળતા જ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી અને આ કોલ નકલી છે તેવી જાણ થઈ. કેમ્પસમાં કોઈ પ્રકારની શંકાસ્પદ વસ્તુ મળી નથી.

# સાંઢિયા પુલના ડાયવર્ઝન પર વનવે નિયમનું પાલન કરાવવા ટ્રાફિક પોલીસની કડક કામગીરી : ગવર્મેન્ટ ઓફિસરની કાર પણ પાછી વાળી

## પુલનું કામ ચાલશે ત્યાં સુધી કડક નિયમ પાલન કરાવાશે તેવો નિર્દેશ



તસવીર : પંકજ શીશાંગીયા

રાજકોટ, તા.૨૪

રાજકોટના જામનગર રોડ પર આવેલ સાંઢિયા પુલ પાડવાની કામગીરી શરૂ છે. જેથી ડાયવર્ઝન અપાયું છે. પુલ પર તમામ વાહનના પ્રતિબંધ ઉપરાત ભોમેશ્વર તરફ જતા માર્ગ પર વન-વે જાહેર કરતું જાહેરનામું સીપી દ્વાર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં ડાયવર્ઝનમાં હોસ્પિટલ ચોક તરફથી આવતા બાઈક, થ્રી વ્હિલ, ફોર વ્હિલ વાહનોને ભોમેશ્વર ફાટક તરફથી જવાની છૂટ છે. જ્યારે માધાપર ચોકડી તરફથી આવતા બાઈકને ભોમેશ્વર તરફ જવાની છૂટ છે પણ થ્રી વ્હિલ, ફોર વ્હિલને રેલનગર અંડર બ્રિજમાંથી ડાયવર્ઝન અપાયું છે. થ્રી વ્હિલ, ફોર વ્હિલ વાહનો પણ માધાપર

# સૌરાષ્ટ્ર-કચ્છમાં આગ ઓકતું આકાશ : અમદાવાદમાં તાપમાને રેકોર્ડ તોડ્યો

## ૮ વર્ષનું સૌથી ઉંચુ ૪૬.૬ ડિગ્રી ઉષ્ણતામાન : સુરેન્દ્રનગર ૪૫.૯, અમરેલી ૪૪.૪, રાજકોટ ૪૩.૮ ડિગ્રી સાથે ધગધગ્યા : કર્મચારી મંડળે સરકાર પાસે કામમાંથી મુક્તિ માંગી : હિટવેવમાંથી હજુ કોઇ રાહત નહીં

રાજકોટ, તા. ૨૪

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતમાં આ વર્ષે ગરમીએ બોકાસો બોલાવી દીધો છે. ગઇ કાલે તો અમદાવાદમાં ૪૬.૬ ડિગ્રી સાથે ૮ વર્ષનો રેકોર્ડ તોડતા લોકોએ અગનવર્ષાનો અનુભવ કર્યો છે. તો ગાંધીનગરમાં પણ ૪૩ ડિગ્રી પર પારો હતો.

સૌરાષ્ટ્ર-કચ્છમાં ગઇકાલે અમરેલીમાં ૪૪.૪, ભાવનગર ૪૨.૨, ભુજ ૪૨.૮, રાજકોટ ૪૩.૮ અને સુરેન્દ્રનગરમાં ૪૫.૯ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

ગુજરાતભરમાં છેલ્લા દસ દિવસથી અલગ અલગ વિસ્તારમાં હિટવેવની અસર જોવા મળી રહી છે. અમદાવાદ ૪૬.૬ ડિગ્રી ગરમી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. તો ગાંધીનગરમાં ૪૬ અને સુરેન્દ્રનગરમાં ૪૫.૯ ડિગ્રી સાથે પાંચ શહેરમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને પાર ગયો છે. આ ઉપરાંત રાજકોટમાં ૪૩.૮ ડિગ્રી ગરમી નોંધાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. હાલ એવી સ્થિતિ છે કે રાત્રે પણ અસહ્ય ગરમી અને ગરમ પવનનો અહેસાસ થઈ રહ્યો છે. રાત્રે ૧૨ વાગ્યા સુધી ગરમ પવન લાગતા લોકો ત્રાહિમામ પોકારી ચૂક્યા છે તેમજ સામાન્ય જનજીવનને અસર થઈ રહી છે.

હવામાન વિભાગ દ્વારા પણ સૌ કોઈને બને ત્યાં સુધી બપોરના સમયે બહાર ન નીકળવા અપીલ કરાઈ છે. ગરમીને કારણે અનેક લોકો બીમારીમાં સપડાઈ રહ્યા છે. હવામાન વિભાગે ૨૫ મે સુધી ઓરેન્જ એલર્ટી જાહેર કરી છે અને આગામી દિવસોમાં ગરમીનો પારો વધે તેવી આગાહી કરી છે. ત્યારે કર્મચારીઓનું આરોગ્ય જોખમાય નહીં તે હેતુથી સમગ્ર ગજરાત રાજ્યના તાબા હેઠળની સરકારી, અર્ધ સરકારી, ગ્રાંટ ઇન એઇડ કચેરીમાં હીટ વેવ, ઓરેન્જ એલર્ટ અને રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને આગામી સમાહમાં જાહેર રજા આપવા માટે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે.

**અમરેલી**

રાજ્યના હવામાન વિભાગની આગાહી મુજબ તા. ૨૫ સુધી રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં વિસ્તારોમાં હિટવેવ-ઉષ્ણ લહેર (ગરમ પવન) રહેશે. કામગીરી શરૂ હોય તેવી કન્સ્ટ્રકશન સહિતની વિવિધ સાઈટ પર શ્રમિકો કામ કરતાં હોય તે તમામ સાઈટ પર બપોરે ૧૨ થી સાંજે ૪ વાગ્યા સુધી કામગીરીમાં વિરામ આપવામાં આવે અને તેમને ચૂકવવામાં આવતા વેતનમાંથી કપાત ન થાય તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે. ગરમીથી બચવા માટેના જરૂરી તમામ પગલાઓ ભરવામાં આવે. લુ ન લાગે અને લુ લાગવાથી થતી અસરોથી બચી શકાય તે માટેના આવશ્યક પગલાંઓ ભરવા અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર-અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ યાદીમાં અનુરોધ કર્યો છે.

**ભાવનગર**

ગોહિલવાડ પંથકમાં ગરમીનું જોર યથાવત રહ્યું છે. બપોરે તીવ્ર ગતિએ પવન ફૂંકાયો હતો. બપોરે ગરમ લૂ હે ફેંકાઈ હતી.

ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી રહ્યું હતું જ્યારે લઘુતમ તાપમાન ૩૦.૬ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજ નું પ્રમાણ ૩૦ ટકા રહ્યું હતું .જ્યારે પવનની ઝડપ ૩૦ કિ.મી .પ્રતિ કલાકની રહી હતી.

**જામનગર**

જામનગરમા આજે મહતમ તાપમાન ૩૭.૫ ડિગ્રી નોંધાયું હતું.લઘુતમ તાપમાનનો પારો બીજા દિવસે પણ ૨૮.૫ ડિગ્રી રહ્યું હતું જ્યરે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૫ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૧૬.૬ કિમિનોંધાઇ હતી.

જામનગરમાં ઉનાળાએ અસલ મિજાજ દેખાડતા ગરમીનું પ્રમાણ વધ્યું છે. લઘુતમ તાપમાનમાં એક ડીગ્રીનો વધારો નોંધાતા નગરજનો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે અને ભરબપોરે જરૂરી કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

### ગુજરાતમાં પણ ભીષણ લૂનો એલર્ટ જાહેર

# ઉત્તર ભારતમાં ગરમીનો કહેર યથાવત: દક્ષિણના અનેક રાજ્યોમાં ધોધમાર વરસાદ

## દિલ્હી-એનસીઆરમાં આજે ભીષણ લુ:રાજસ્થાનમાં લુનો કહેર: રાજસ્થાનમાં ખરાબ હાલત: બાડમેરમાં તાપમાન સૌથી ઉપર ગયુ: અહી ગરમીનો પારો ૪૮ ડીગ્રીએ પહોંચેલો

નવી દિલ્હી તા.૨૪

રાજધાની દિલ્હી-એનસીઆરમાં હિટવેવનો કહેર ચાલુ રહેશે આજે દિલ્હીનું તાપમાન વધીને ૪૧ થી ૪૨ ડીગ્રીએ પહોંચી શકે છે. બીજી બાજુ રાજસ્થાનમાં ગરમીએ કહેર વર્તાવ્યો છે. દિલ્હીમાં આગામી ત્રણ દિવસમાં તાપમાનનો પારો ૪૫ ડીગ્રીને પહોંચશે તેવી ધારણા છે. હવામાન વિભાગે આગાહી કરી છે તો દક્ષિણના રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ છે.

તો બિહારમાં વરસાદથી ગરમીમાં રાહત મળવાની શકયતા છે.

**દિલ્હી-એનસીઆરમાં હીટવેવનો કહેર**

દિલ્હી એનસીઆરમાં આજે ૪૧ થી ૪૨ ડીગ્રી તાપમાન રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના અનુસાર આવનારા ત્રણ દિવસમાં ફરી તાપમાન ૪૫ ડીગ્રીને પર પહોંચી શકે છે.

**રાજસ્થાનમાં લુનો કહેર**

હાલ રાજસ્થાનમાં ભીષણ લુની ઝપટમાં આવી ગયુ છે. અહી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. તાજેતરમાં બાડમેર દેશનુ સૌથી ગરમ સ્થળ રહ્યું હતું. અહી ગરમીનો પારો ૪૮ ડીગ્રીને પાર થઈ ગયો હતો. ગુજરાતનાં કેટલાંક ભાગોમાં પણ ભીષણનુ રેડએલર્ટ જાહેર કરેલ છે. જ્યારે બાકી ભાગોમાં ઓરેન્જ એલર્ટ જાહેર થયુ છે.

**બિહારમાં વરસાદથી ગરમીમાં રાહત મળશે**

રાજધાની પટણા સહીત આસપાસનાં ક્ષેત્રોમાં વરસાદ થશે.કેટલાંક સ્થળોએ છુટાછવાયા વરસાદની આગાહી છે.

**દક્ષિણના રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ**

દેશમાં એક બાજુ કાળઝાળ ગરમી છે ત્યારે દક્ષિણનાં રાજ્યો તામિલનાડુ ઉપરાંત પુડુચેરીમાં કેરળની સપાટી પર તેજ હવા, આંધી વીજળીની ચેતવણી આપવામાં આવી છે.

# કાળઝાળ ગરમીમાં પાણીનો વપરાશ વધતાં અનેક જળાશયોમાં જથ્થો ઘટ્યો: સમસ્યાની ચિંતા

## રાજ્યના ૨૦૭ જળાશયોમાં સરેરાશ ૨૯.૪૪ ટકા સંગ્રહ: ગુજરાતની જીવાદોરી નર્મદા ડેમમાં ગત વર્ષ કરતા હાલ વધુ પાણીનો જથ્થો

અમદાવાદ તા.૨૪

રાજ્યમાં એક તરફ ગરમી કાળો કેર વર્તાવી રહી છે ત્યારે કેટલાક જિલ્લામાં જળાશયોનો પાણીનો સંગ્રહ પણ ઝડપથી ખૂટી રહ્યો છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં આગામી દિવસોમાં સમયસર વરસાદ ન આવે તો પાણીની સમસ્યા સર્જાવાના એંધાણ છે. હાલ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ઉપયોગમાં લઈ શકાય તેવો સરેરાશ ૨૯.૪૪ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

સમગ્ર ગુજરાતમાં લગભગ એક સમાહ સુધી ઓરેન્જ એલર્ટ અને રેડ એલર્ટ અપાયું છે ત્યારે પાણીનો ઉપયોગ પણ વધી રહ્યો છે. ૨૨ મેના આંકડા મુજબ રાજ્યના જળાશયોમાં સરેરાશ ગ્રોસ સ્ટોરેજ ૪૨.૯૪ ટકા છે પરંતુ તેનાથી સામાન્ય સંજોગોમાં ઉપયોગમાં લેવાતો (લાઈવ સ્ટોરેજ) જથ્થો ૩૦ ટકા પણ નથી. ઉત્તર ગુજરાતના જળાશયોમાં લાઈવ સ્ટોરેજ ૨૩.૭૨ ટકા, મધ્ય ગુજરાતમાં ૪૪.૧૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૩૪.૨૭ ટકા, કચ્છમાં ૨૪.૭૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૦.૬૬ ટકા અને સરદાર સરોવર-નર્મદા ડેમમાં ૨૯.૪૪ ટકા પાણીનો જથ્થો વધ્યો છે.

**ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના જળાશયોમાં ગત વર્ષ કરતા પાણીનો સંગ્રહ હાલ ઓછો**

| જિલ્લો | લાઈવ સ્ટોરેજ |
|---|---|
| અરવલ્લી | ૯.૬૬ ટકા |
| બનાસકાંઠા | ૧૬.૧૪ ટકા |
| અમરેલી | ૯.૪૭ ટકા |
| બોટાદ | ૯.૫૮ ટકા |
| દેવભૂમિ દ્વારકા | ૦.૭૯ ટકા |
| જામનગર | ૬.૪૯ ટકા |
| ગીર સોમનાથ | ૧૧.૧૭ ટકા |
| જૂનાગઢ | ૧૯.૪૨ ટકા |
| રાજકોટ | ૧૮.૦૪ ટકા |
| સુરેન્દ્રનગર | ૧૪.૯૫ ટકા |
| ભાવનગર | ૧૬.૩૮ ટકા |

જોકે કચ્છમાં ફકત ૨૪.૭૮ ટકા અને સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતના કેટલાક જીલ્લામાં કાળઝાળ ગરમીમાં પાણીની સમસ્યા સર્જાઈ શકે છે. ઉત્તર ગુજરાતમાં ગત વર્ષે આ સમયગાળાની સરખામણીમાં ૧૦૫ ટકા એમસીએફટી (મિલિયન કયુબિક ફીટ), દક્ષિણ ગુજરાતમાં ૪૪૯ એમસીએફટી, સૌરાષ્ટ્રમાં ૧૧૮ એમસીએફટી પાણીનો જથ્થો ઓછો છે. નર્મદા ડેમમાં હાલ ૫૨૧૮ એમસીએફટી પાણી છે જે ગત વર્ષે આ સમયગાળામાં ૪૪૩૬ એમસીએફટી હતું. એટલે કે ૭૮૨ એમસીએફટી વધુ જથ્થો ઉપલબ્ધ છે.

# હવે હેલ્થ ઈન્સ્યોરન્સ કલેમની પ્રકિયા ઝડપી અને પારદર્શી થશે: સરકારે તૈયાર કર્યું પોર્ટલ

## આ સિંગલ પોર્ટલથી દર્દીઓ ઉપરાંત ઈન્સ્યોરન્સ કંપનીઓ અને હોસ્પિટલોને પણ લાભ થશે

નવીદિલ્હી,તા.૨૪

હેલ્થ ઈન્સ્યોરન્સ કલેમમાં થતા વિલંબને ધ્યાનમાં લેતાં કેન્દ્ર સરકાર દ્વારા સિંગલ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. હેલ્થ ઈન્સ્યોરન્સ કલેમની પ્રક્રિયાને ઝડપી બનાવવા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવાના હેતુ સાથે એક પોર્ટલ શરૂ કરવામાં આવશે. જેનો લાભ દર્દીઓ, ઈન્સ્યોરન્સ કંપનીઓ અને હોસ્પિટલોને થશે.

ઈન્સ્યોરન્સ કલેમની ઝડપી પતાવટ માટે નેશનલ હેલ્થ કલેમ્સ એક્સચેન્જ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે. આ વન પોર્ટલની સાથે દેશની આશરે ૫૦ ઈન્સ્યોરન્સ કંપનીઓ અને ૨૫૦ મોટી હોસ્પિટલ પણ જોડાશે. IRDAIને અગાઉ અનેક ફરિયાદો મળી છે કે, હેલ્થ ઈન્સ્યોરન્સ માટેનો કલેમ દર્દી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થવાની ઘડી આવી જાય તો પણ સેટલ થતો નથી. આ સમસ્યાને ધ્યાનમાં લેતાં નેશનલ હેલ્થ ઓથોરિટીએ આ પોર્ટલ તૈયાર કર્યું છે.

જો પોર્ટલ સફળ રહ્યુ તો દેશની હેલ્થ ઈન્સ્યોરન્સ ઈકોસિસ્ટમમાં મોટો ફેરફાર આવશે. હાલ એક હોસ્પિટલને પોતાની વેબસાઈટ પર ૫૦થી વધુ વીમા કંપનીઓના ક્લેમ તૈયાર કરવાની પ્રોસેસ કરવી પડે છે. જેમાં હોસ્પિટલમાં દાખલ દર્દી જુદી-જુદી ઈન્સ્યોરન્સ કંપનીઓ સાથે જોડાયેલા હોવાથી તે કંપનીઓની વેબસાઈટ પર દર્દીના ક્લેમની પ્રોસેસ કરવાની હોય છે.

જેના માટે તમામ હોસ્પિટલોએ વિવિધ કંપનીઓની વેબસાઈટ સાથે જોડાયેલા રહેવુ પડે છે. સરકારના આ પ્લેટફોર્મથી એક જ સ્થળે તમામ કંપનીઓ અને હોસ્પિટલો ઉપલબ્ધ હોવાથી ક્લેમના સેટલમેન્ટ ઝડપી બનશે.

સ્વાસ્થ્ય મંત્રાલયે IRDAI સાથે મળી આ પહેલને વેગ આપ્યો છે. આ ડિજિટલ હેલ્થ ક્લેમ પ્લેટફોર્મની મદદથી વીમા કંપનીઓના ખર્ચમાં ઘટાડો થશે. તેમજ પોલિસીધારકોનો ક્લેમ ઝડપથી સેટલ થશે. વધુમાં સરકારને માહિતી મળશે કે, કઈ કંપની ક્લેમ સેટલ કરવામાં વિલંબ કરે છે, કઈ કંપની ઝડપી ક્લેમ ક્લિયર કરે છે. પોલિસી ધારક પોતાના ક્લેમનું સ્ટેટસ ઓનલાઈન ટ્રેક કરી શકશે.

# શાહરૂખ સ્વસ્થ, મુંબઈ પરત

## અમદાવાદની હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ મળતા જ ખાસ વિમાનમાં મુંબઈ પહોંચ્યો

અમદાવાદ તા.૨૪

અમદાવાદની આકરી ગરમીમાં લૂ લાગી જવાથી હોસ્પીટલમાં દાખલ કરાયેલા બોલીવુડ અભિનેતાને ડીસ્ચાર્જ અપાયા બાદ તેઓ ખાસ વિમાનમાં મુંબઈ પરત પહોંચી ગયા હતા.

શાહરુખ ખાનની હેલ્થને લઈને હાલમાં જ તેમની મેનેજર પૂજા ડડલાનીએ અપડેટ આપ્યું હતું. કિંગ ખાનની મેનેજરે પોસ્ટ શેર કરી લખ્યું હતું કે શાહરુખની તબિયત હવે પહેલાંથી ઘણી સારી છે. પૂજાએ લખ્યું- હું મિસ્ટર ખાનના તમામ વેલ વિશર્સ અને ફેન્સને જણાવવા માંગુ છું કે તેમની તબિયત પહેલાંથી સારી છે. તમારા સૌના પ્રેમ, પ્રાર્થના અને કન્સર્ન માટે આભાર.

શાહરુખ ખાનના ફેન્સને તે સમયે આઘાત લાગ્યો હતો જ્યારે સમાચાર આવ્યા કે કિંગ ખાનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. શાહરુખ ૨૧ મેનાં રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પોતાની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ અને હૈદરાબાદ સનરાઈઝર્સ વચ્ચે રમાઈ રહેલી મેચ જોવા આવ્યો હતો. શાહરુખે આ મેચમાં પોતાની ટીમને સપોર્ટ કરવા માટે બે દિવસથી અમદાવાદમાં જ હતો. એક્ટરે કોલકાતાની જીતને ખેલાડીઓ સાથે સેલિબ્રેટ પણ કરી હતી. ફુલ જોશમાં તે મેદાનમાં પણ ઉતર્યો હતો પરંતુ ગરમીની કારણે તેની તબિયત બગડી હતી.

### નબળી તબિયત છતાં ફેન્સને મળ્યો: વિડીયો વાયરલ

એક્ટરની તબિયત બગડતા ફેન્સ ઘણાં ચિંતિત થઈ ગયા હતા, તેમની સલામતીની દુઆ કરી રહ્યાં હતા. એક્ટરનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો હતો જ્યાં તે દિવ્યાંગ ફેનને મળતો જોવા મળ્યો હતો. દાવો કરાયો છે કે આ વીડિયો તે સમયનો છે જ્યારે શાહરુખ તબિયત બગડતા સ્ટેડિયમમાંથી બહાર આવી રહ્યો હતો. શાહરુખે વ્હીલેચર પર બેઠેલા ફેનની સાથે હાથ મિલાવ્યો, ગળે લાગ્યો અને હાથ જોડીને નમસ્તે કર્યા અને તેની તબિયત પણ પૂછી હતી. આ વીડિયો જોઈને ફેન્સ તેમની પ્રશંસા કરતા થાકતા નથી. શાહરુખનો આ ડાઉન ટૂ અર્થ જેસ્ચર જોઈને ફેન્સે કહ્યું, આ છે રિયલ કિંગ. તબિયત ખરાબ હોવા છતાં તે મળવા રોકાયો.

# ધ્રાંગધ્રાના કુડાના રણમાં ૪૮ ડિગ્રી

## બે એમ્બ્યુલન્સ અગરીયાઓ માટે તૈનાત: ઝાલાવાડમાં વરસતી લૂ

(ફારૂક ચૌહાણ)

વઢવાણ તા. ૨૪

ધ્રાંગધ્રા કુડાના કચ્છના નાના રણનું તાપમાન ૪૮ ડિગ્રી નજીક પહોંચી ગયું છે. રણમાં મીઠું પકવતા અગરિયાઓને રણમાં સુરક્ષિત રહેવા તંત્રએ અપીલ કરી છે રણના અગરિયાઓ માટે સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ અને ધ્રાંગધ્રામાં એમ્બ્યુલન્સ સાથે ૨ હેલ્થની ટિમો તેનાંત કરાઇ રણમાં કામ કરતા અગરિયાઓને સન - સ્ટ્રોક લાગે તો તાત્કાલિક આરોગ્ય વિભાગને જાણ કરવા પણ અપીલ કરાઈ છે. હિટ વેવ વચ્ચે તંત્રએ ઘરમાં રહ્યો સુરક્ષિત રહ્યો તેવી અપીલ કરી છે. ગરમીથી અગરિયાઓની હાલત બની કફોડી સુરેન્દ્રનગર જિલ્લાને આજે પણ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યો..

# ચીનના યુદ્ધ અભ્યાસથી ઘેરાયેલા તાઈવાનનો હુંકાર; સ્વરક્ષણ માટે કટીબદ્ધ

## નાગરિકોની સુરક્ષા સરકારની જવાબદારી; ગમે તેવા પડકારનો સામનો કરશુ: રાષ્ટ્રપતિ

બીજીંગ તા.૨૪

ચીને તાઈવાન સામે તેની વિશાળ સૈન્ય કવાયત શરૂ કરી છે. ચીની સાહસિકતાના જવાબમાં, તાઈવાનના નવા ચૂંટાયેલા પ્રમુખ લાઈ ચિંગ-તેએ લશ્કર સાથે ખભે ખભા મિલાવીને તાઈવાનની રક્ષા કરવાનું વચન આપ્યું હતું. તમને જણાવી દઈએ કે, ચીને પોતાના સૈન્ય અભ્યાસને જોઈન્ટ સ્વોર્ડ- ૨૦૨૪ય નામ આપ્યું છે. તેનો ઉદ્દેશ્ય તાઈવાનમાં સત્તા કબજે કરવાનો, સંયુક્ત હુમલા શરૂ કરવાનો અને મુખ્ય વિસ્તારોને કબજે કરવાનો છે. ઉપરાંત, તાઈવાનની ક્ષમતાનું મૂલ્યાંકન કરવું પડશે.

**મરીન કોર્પ્સની ૬૬મી બ્રિગેડની મુલાકાત લીધી**

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તાઈવાન સશસ્ત્ર દળોના કમાન્ડર-ઈન-ચીફ તરીકે, ચિંગ-તે પ્રથમ વખત તાઓયુઆનમાં તૈનાત મરીન કોર્પ્સની ૬૬મી બ્રિગેડની મુલાકાત લીધી. આ દરમિયાન તેમણે કહ્યું કે મારી જવાબદારી દેશની રક્ષા અને તમામ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની છે. લાઇએ કહ્યું કે અમે બાહ્ય પડકારો અને ધમકીઓનો સામનો કરવા મક્કમ છીએ. અમે સ્વતંત્રતા અને લોકશાહીના મૂલ્યોનું રક્ષણ કરીશું. અમે પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાનુ રક્ષણ કરીશું. અમે સૈન્ય કર્મચારીઓની સાથે ઊભા છીએ અને રાષ્ટ્રીય સુરક્ષાનું રક્ષણ કરીશું. સેનાની ક્ષમતામાં વિશ્વાસ વ્યક્ત કરતા, નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિએ તમામ નાગરિકોને તેમના પદ પર અડગ રહેવાની ખાતરી આપી. તેમણે રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સેનાની ક્ષમતા પર વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે સંરક્ષણ ક્ષેત્રના સુધારા, સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત કરવા અને લશ્કરી કર્મચારીઓની સંભાળ સુનિશ્ચિત કરવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

જોકે, તેમણે ચીની સેનાની કવાયત પર સીધી ટિપ્પણી કરી ન હતી.


**જેતપુરમાં પાકીટ ખોવાયેલ છે.**

જેતપુરમાં જુનાગઢ રોડ પર તા. ૨૨-૫-૨૪ના રોજ મારૂ પાકીટ પડી ગયેલ છે. જેમાં મારા ઓરીજીનલ આધારકાર્ડ, પાનકાર્ડ, બેંકના એટીએમકાર્ડ હતા. જો કોઈને મળે તો મારા સરનામે પહોંચાડવા વિનંતી યોગ્ય બદલો આપવામાં આવશે.

અનીલભાઈ સોલંકી મો: ૯૪૨૬૫૧૧૦૮૨ દેસાઈવાડી,સામનાથ મંદિર સામે, જેતપુર

**આખા સૌરાષ્ટ્રમાં**
હોમ લોન મોર્ગેજ લોન
પર્સનલ લોન
સુચિત મકાન પર લોન
મેસન કલબ ક્રેડિટ કો-ઓપ.સોસા.લિ.
હેડ ઓફિસ: વૈશાલીનગર-૭, રૈયા રોડ, રાજકોટ
M:97272 11113

**ગવર્મેન્ટ ઓડિટર દ્વારા A ગ્રેડ સર્ટિફાઇડ**
2012 થી કાર્યરત
નાણાં સાડા પાંચ વર્ષે ડબલ
એક વર્ષમાં 10%
મંથલી પેન્શન સ્કીમ 10.43%
મેસન કલબ ક્રેડિટ કો.ઓપ.સોસા.લિ.
હેડ ઓફિસ: વૈશાલીનગર-૭, રૈયા રોડ, સીટી સેન્ટરની સામે, રાજકોટ.
M:98242 81993, ફોન:0281-2450097

**પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન**
વાર્ષિક જાળવણી કરાર
ઇ-ટેન્ડર નોટિસ નંબર. DRM-RJT-24-25-SnT-E-04 DT-15-05-2024 ટેન્ડર નંબર: DRM-RJT-24-25-SnT-E-04 કામનું નામ : રાજકોટ ડિવિઝન - રાજકોટ (PF-1,2,3),વાંકાનેર (PF-1,2,3),ધ્યાન (PF-1) સ્ટેશનો પર ત્રણ વર્ષ માટે સંબંધિત એસેસરીઝ સાથે CGDB, MLDB, AGDB, PDB, SLDB વગેરે જેવા વિવિધ ટ્રેનના આગમન પ્રસ્થાન ડિસ્પ્લે બોર્ડનો વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ (એએમસી). ટેન્ડર કિંમત: ₹21,84,803.19 (એકવીસ લાખ ચોર્યાસી હજાર આઠસો ત્રણ રૂપિયા અને ઓગણીસ પૈસા માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટ: ₹43700/- (તેતાલીશ હજાર સાતસો માત્ર) ટેન્ડર ફોર્મ ફી: રૂ.00.00 (ફકત શુન્ય) પેરા-3 મુજબ, GCC-જુલાઈ-2022 મુજબ. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય: 17-06-2024 ના 15:30 કલાક સુધી. ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (S&T), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001. વેબસાઇટ : www.ireps.gov.in 20
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**ચાલો રેસકોર્સ મેળામાં... ચાલો રેસકોર્સ મેળામાં...**

30 DAYS UNLIMITED SHOPPING FUN N'JOY
QUALITY NO. 1 LUCKY Mycro Fine AATA CHAKKI Forever Better AN ISO 9001:2008 CERTIFIED Co.
Unlimited Shopping, Unlimited Fun...
VACATION
Carnival Mela-2024
રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ
તા.૪ મે થી ૨ જૂન સુધી સમય: સાંજે ૪ થી ૧૧
ફ્રી ફિશ એકવેરિયમ
5 રાઈડ ફકત રૂ. 70 મા. સાથે ફ્રી એન્ટ્રી
Organized by: Ramnath ENTERPRISE
Media Partner: સાંજ સમાચાર
Channel - Media Partner: અબ તક CHANNEL
Supported By: GLOBAL PUBLICITY
SIMPLE

### વરસાદી પાણીનો સંગ્રહ ન વધ્યો તો મુશ્કેલ દિવસો આવશે : જ્ઞાન અને ટેકનોલોજીના સમન્વયથી અભિયાનને વેગ

# બોરમાંથી પાણીનો બેફામ ઉપાડ-રીચાર્જ શૂન્ય : જુના રાજકોટમાં જળસંચય શરૂ કરતું કોર્પો.

રાજકોટ, તા. ૨૪

રાજકોટમાં કાળઝાળ ઉનાળાએ લોકોને વૃક્ષારોપણ અને જળસંચયની પ્રવૃતિ માટે જાગૃત કરવાનું કામ પણ કર્યુ છે. મનપાએ બજેટમાં લીધેલી યોજના મુજબ જળસંચયની કામગીરી શરૂ કરી દીધી છે. આજની સ્થિતિએ શહેરીજનો બોરમાંથી જેટલું પાણી ઉપાડે છે તેટલું રીચાર્જ કરતા નથી. જે કામને વેગ આપવા મનપાએ જુના રાજકોટના જુદા જુદા વોર્ડમાં આવેલા વિસ્તારો, સરકારી શાળાઓમાં ડંકીનું રીચાર્જનું કામ શરૂ કર્યુ છે.

મધ્ય રાજકોટમાં હજુ પાણીના લેવલ થોડા ઉંચા છે. આથી આ વિસ્તારમાં જળસંચય વધુ સફળ થાય તેમ હોય, કમિશનરે આનંદ પટેલે આ કામગીરી શરૂ કરાવી છે.

મહાનગરપાલિકા દ્વારા જળ સંચયની પ્રવૃત્તિને વેગ મળે અને વધુ ને વધુ નાગરિકો પણ બોર રિચાર્જ કરે તે માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. કોર્પો.એ આ જળ સંચય અભિયાન હેઠળ પોતાના હસ્તકના તમામ બિલ્ડિંગોમાં તથા શહેરમાં સ્થળોએ પણ પાણીને જમીનમાં ઉતારવાની કામગીરી શરૂ કરેલી છે.

આ અભિયાન અંતર્ગત ગઇકાલે અલગ અલગ સ્થળો પર બોર રીચાર્જની કામગીરી કરવામાં આવી હતી. વોર્ડ નં.૨માં બજરંગવાડી સર્કલની બાજુમાં, વોર્ડ નં.૩માં તોપખાના, સરકારી વસાહત પાસે, વોર્ડ નં.૭માં ઉદ્યોગનગર કોલોનીમાં, વોર્ડ નં.૧૪માં શ્રમજીવી - ૪, ગોપાલનગર -૧, જયરાજ પ્લોટ- ૯/૧૩, જયરાજ પ્લોટ -૮/૧૩ અને વોર્ડ નં.૧૭માં આનંદનગર મે.રોડ શાળા નં.૬૩ ખાતે સ્થિત હેન્ડ પંપને રિચાર્જ કરવામાં આવેલ છે. જેનાથી ચોમાસા દરમ્યાન વરસાદી પાણી બોરમાં ઉતરશે. વધુ ને વધુ બોર રિચાર્જની કામગીરીમાં થશે એમ જમીનમાં જળ સ્તર ધીમે ધીમે ઉપર આવશે.

સમગ્ર ચોમાસાના ચાર માસ દરમ્યાન

સારા વરસાદના દિવસો માત્ર આશરે ૮ થી ૧૦ જેટલા જ હોય છે. વરસાદની પેટર્ન પણ બદલાઈ રહી છે. દિવસે ને દિવસે બોરનો ઉપયોગ વધી રહ્યો છે અને જમીનમાં જળસ્તર વધુ ને વધુ નીચું ઉતારી રહ્યું છે ત્યારે ચોમાસા

### કાળઝાળ ગરમીના દિવસોમાં વૃક્ષારોપણ અને પાણીના સ્ટોરેજનું મહત્વ યાદ રાખવું અનિવાર્ય : બજરંગવાડી, તોપખાના, ઉદ્યોગનગર, જયરાજ પ્લોટ, શાળા નં.૬૩માં હેન્ડ પમ્પ જીવંત કરાયા

પૂર્વે જ તમામ લોકોએ પોતાના મકાનના ધાબાનું પાણી બોરમાં ઉતારવા માટેની વ્યવસ્થા કરી જાહેર સામાજિક હિતમાં પોતાનું યોગદાન આપવું જોઈએ. મહાનગરપાલિકાના તમામ બિલ્ડીંગ, પમ્પિંગ સ્ટેશન, ફિલ્ટર પ્લાન્ટ, સ્વિમિંગ પૂલ કેમ્પસ, વગેરે સ્થળોએ બોર રિચાર્જના આયોજનને આગળ ધપાવી રહી છે.

જળ સંચયની પ્રવૃત્તિને વેગ આપવા માટેના સમગ્ર આયોજનમાં ગીર ગાય સંસ્થા, સદભાવના ટ્રસ્ટ, સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ વગેરે જેવી જુદીજુદી સંસ્થાઓનો સહયોગ સાંપડી રહ્યો છે. જળ સંચય, પર્યાવરણ, સ્વચ્છતા વગેરે જેવી બાબતોમાં સમાજના સહયોગ વગર ઈચ્છિત પરિણામ મેળવી શકાય નહીં. માટે સૌ નાગરિકો જળ સંચયની પ્રવૃત્તિમાં વધુ ને વધુ જાગૃત બને તે વર્તમાન સમયની માંગ છે તેમ કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું.

બોરમાંથી જેટલું પાણી ખેંચીએ છીએ તેની સરખામણીએ આપણે બોર રિચાર્જ મારફત જમીનમાં જે પાણી ઉતારીએ છીએ તેનું પ્રમાણ ખુબ જ ઓછું છે. પરંપરાગત જ્ઞાન અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરીને જળ સંચયની પ્રવૃત્તિને પુરતો વેગ આપવાની આવશ્યકતા છે.

### જુના રાજકોટમાં હજુ કાચ જેવું ચોખ્ખુ પાણી બોરમાં છે...

## વર્ષો પહેલા દુષિત પાણીના કારણે ડંકીઓને સીલ માર્યા, હવે ફરી જીવંત કરવાની નોબત

રાજકોટ, તા. ૨૪

રાજકોટમાં હવે ભુગર્ભ જળનું સ્તર ઘણું નીચે ઉતરી ગયું છે ત્યારે હેન્ડપમ્પ (ડંકીઓ)ની સંખ્યા ઘટી છે. થોડા વર્ષો પહેલા દુષિત પાણી આવતું હોવાની સ્થિતિના કારણે ખુદ કોર્પો.એ અનેક ડંકીઓને સીલ મારી દીધા હતા. હવે આ જગ્યાએ પણ બોર રીચાર્જ કરવાની જરૂર ઉભી થઇ છે.

ન્યુ રાજકોટમાં તો ડંકી ચાલતી જ નથી. ડીપવેલ ઉતારીને સેંકડો ફુટ નીચેથી માંડ પાણી આવે છે. એપાર્ટમેન્ટમાં તો ટેન્કર જ મંગાવવા પડે છે. ભુગર્ભ જળ ખુબ ઉલેચી લેવામાં આવ્યા છે. બીજી તરફ જુના રાજકોટ એટલે કે આઝાદી પૂર્વેના શહેરના અનેક ભાગોમાં ૧૦ થી ૨૦ ફુટે પણ પાણી હતા. આજી નદીના કાંઠે તો તળ ક્યારેય ડૂકતા ન હતા. હજુ મધ્ય ભાગમાં અને નદી કાંઠાના ઘણા વિસ્તારમાં ડંકીમાંથી કાચ જેવું ચોખ્ખુ પાણી આવે છે. જુના રાજકોટના હજારો લોકો હજુ ડંકીનું પાણી પીવે છે. આવી જગ્યાએ વધુને વધુ જળસંચયની જરૂર લાગે છે. કોર્પો.એ પોતાની અનેક ડંકીને સીલ મારેલા છે. વર્ષો પહેલા કરવામાં આવેલા બોર પણ બુરી દીધા છે. હવે ફરી શહેરમાં બોર અને ડંકીઓ રીચાર્જ કરવાનું મહત્વ તંત્રને સમયે યાદ આવી ગયું છે.

# રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીના ૧૨૬૦૦ પોસ્ટલ બેલેટના મતોની ગણતરી ૨૬ ટેબલ પર થશે

### પોસ્ટલ બેલેટની મત ગણતરી માટે તા.૨૯મીએ કલેક્ટર પ્રભવ જોષી અને અધિક કલેક્ટર મુછારના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓને અપાશે ખાસ તાલીમ

રાજકોટ, તા.૨૪

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં આ વખતે ૧૨૬૦૦ પોસ્ટલ બેલેટના મતો પડ્યા છે. પોસ્ટલ બેલેટના આ મતોની ગણતરી આગામી તા.૪ જુનના રોજ ઈવીએમના મતોની સાથે જ કરવામાં આવનાર છે.

પોસ્ટલ બેલેટના મતોની ગણતરી ૨૬ ટેબલો પર કરવામાં આવનાર છે. સુત્રોએ આ અંગે જણાવ્યું હતું કે ઈવીએમ મશીનોના મતોની ગણતરી સાથે જ આ પોસ્ટલ બેલેટના મતોની ગણતરી કરવામાં આવનાર છે. પોસ્ટલ બેલેટની મત ગણતરી માટે ૨૬ ટેબલ ગોઠવામાં આવશે. જેમાં દરેક ટેબલ પર ૫૦૦-૫૦૦ જેટલા મતોની ગણતરી કરવામાં આવશે.

પોસ્ટલ બેલેટના મતોની ગણતરી માટે કર્મચારીઓને તા.૨૯ના રોજ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ અલગથી તાલિમ આપવામાં આવશે.

અહીં ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ સહિત નવ ઉમેદવારો વચ્ચે રસાકસીભર્યો જંગ ખેલાયો હતો.

જેમાં ક્ષત્રિય આંદોલન પણ આ વખતે મહત્વનો ભાગ ભજવ્યો હતો. જેના પગલે રાજકોટ લોકસભા બેઠકના પરિણામ પર દેશભરના રાજકોટ પંડિતોની હાલ નજર મંડાયેલ છે. રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીના પરિણામ અંગે રહેલા સસ્પેન્સ પરથી આગામી તા.૪ના મત ગણતરી થતાં પડધો ઉંચકાશે.

રાજકોટ બેઠકની મત ગણતરીની વ્યવસ્થા અંગે કલેક્ટર દ્વારા માઈક્રો પ્લાનીંગ સાથે તૈયારીઓ આગળ ધપાવવામાં આવી રહી છે. દરમ્યાન આજે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતે ૮૦૦ જેટલા કર્મચારીઓને ઈવીએમના મતોની ગણતરી માટે તાલીમ આપી સજ્જ કરી દેવામાં આવેલ છે.

### રાજકોટના વધુ એક જીએસ કેડરના અધિકારીને ઈલેક્શન ઓબ્ઝર્વરનો ઓર્ડર

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા રાજકોટના જીએસ કેડરના અધિક કલેક્ટર કક્ષાના અધિકારી ઈલાબેન ચૌહાણને ઓબ્ઝર્વર તરીકેના ઓર્ડર ઈસ્યુ કરાયેલ છે.

અહીં ઉલ્લેખનીય છે કે અગાઉ રૂડાના સીઈઓ જીવી મીયાણી તથા એડીશનલ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન રાજકોટ ઝોનના ડી.જે. વસાવાની ઓબ્ઝર્વર તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેની સાથોસાથ હવે મ્યુનિ. કોર્પોરેશનની ફરજ બજાવતા ઈલાબેન ચૌહાણને ઓબ્ઝર્વર તરીકેનો ઓર્ડર આપવામાં આવે છે જેઓ મત ગણતરી કેન્દ્ર પર ફરજ બજાવશે.

### રાજકોટની ચૂંટણીના પરિણામનો ટ્રેન્ડ ૧૧ વાગ્યા પછી જ આવશે

## ૨૯૨ ETBPS મતોની ગણતરીમાં ત્રણ કલાક થશે

### રાજકોટ ગ્રામ્ય વિધાનસભા વિસ્તારના EVMના મતોની ગણતરી અડધો કલાક મોડી

રાજકોટ, તા.૨૪

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મત ગણતરી આગામી તા.૪ જુનને મંગળવારે કણકોટની સરકારી ઈજનેરી કોલેજ ખાતે કરવામાં આવનાર હોય. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ આ અંગે વહીવટીતંત્ર દ્વારા જોરશોરથી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં સૈનિકોએ કરેલા મતદાનના ૨૯૨ જેટલા મત છે. જેને ઈટીબીપીએસ મત કહેવાય છે. સૈનિકોના આ મતોની ગણતરી પણ ઈવીએમ મશીનના મત ગણતરીની સાથે જ કરવામાં આવનાર છે.

પરંતુ ઈટીબીપીએસ મતોની ગણતરી માટે અંદાજે ૩ કલાક જેવો સમય પસાર થશે તેવું સુત્રોએ જણાવ્યું હતું કે સૈનિકોએ આપેલા આ ઈટીબીપીએસ મતોની ગણતરી માટે કવર અને બેલેટને સ્કેન કરવાનું હોય છે તેમજ ક્યુઆર કોડ એન્ટર કર્યા બાદ જ આ મતો ખુલ્લે છે. સ્કેન અને ક્યુઆર કોડ મેળવવામાં લાંબો સમય પસાર થતો હોય આવા ૨૯૨ મતોની ગણતરીમાં ૩ કલાક જેવો સમય પસાર થશે.

આ મતોની ગણતરી માટે કર્મચારીઓને ખાસ ટ્રેનીંગ આપવામાં આવનાર છે. જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ આ કર્મચારીઓને તાલીમથી સજ્જ કરાશે. રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મત ગણતરી શાંતિપૂર્ણ વાતાવરણમાં અને સક્ષ્મ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે યોજાઇ તે માટેની તૈયારીઓને આખરીઓપ આપવામાં આવી રહ્યો છે.

## સરકારી જમીનો પર ખડકાયેલા દબાણો પર તુટી પડવા કલેકટરનો આદેશ

રાજકોટ,તા.૨૪

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આજે સવારના ઉઘડતી કચેરીએ આયોજિત કરેલી રેવન્યુ અધિકારીઓની ખાસ બેઠકમાં જિલ્લાની રેવન્યુ કામગીરીની સમિક્ષા કરી હતી.અહીં એ ઉલ્લેખનીય છે કે કલેકટર કચેરી ખાતે દોઢ માસના સમયગાળા બાદ આ બેઠક મળી હતી લોકસભાની રાજકોટ બેઠકની ચૂંટણીના પગલે રેવન્યુ અધિકારીઓની બેઠક યોજી શકાયેલ ન હતી.આ બેઠકમાં જિલ્લાની મહેસુલી કામગીરી, તુમાર નિકાલ હકક પત્રક નોંધો દબાણ હટાવ સહિતની કામગીરીની કલેકટર પ્રભવ જોશી દ્વારા સમિક્ષા કરવામાં આવી હતી.આ ઉપરાંત સરકારી જમીનો પર ખડકાયેલી દબાણો હટાવવા માટે કલેકટર દ્વારા આદેશ કરવામાં આવેલ છે. તેમજ પેન્ડીંગ રહેલી પ્રશ્નોનો પણ ફટાફટ નિકાલ કરવા માટે કલેકટર પ્રભવ જોશી અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

## નિવૃત આર્મીમેન ઘનશ્યામસિંહ ઝાલાનું હૃદય બેસી ગયું

રાજકોટ તા.૨૪

નિવૃત આર્મીમેન ઘનશ્યામસિંહ ઝાલાને હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત મુજબ નિવૃત આર્મીમેન ઘનશ્યામસિંહ દિલુભા ઝાલા (ઉ.વ.૬૯, રહે. ભગવતીપરા શેરી નં-૨૨) તેઓ ગઇકાલે બપોરે સુતા બાદ ઉઠયાં જ નહી. જેથી પરિવારજનોએ જગાડવાનો પ્રયત્ન કર્યો હતો. બાદ બેભાન હાલતમાં તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ ૩૦ વર્ષ પહેલા આર્મીમાથી નિવૃત થયાં હતાં. મૃત્તક ચાર ભાઈ અને બે બહેનમાં ત્રીજાં નંબરના હતાં. તેમજ તેઓને સંતાનમાં બે દિકરા હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.

# વાહન અકસ્માતમાં ઘટાડો થાય તે માટે હાઈવેને સલામત બનાવવા અધિકારીઓને તાકીદ કરતા કલેકટર

### અનઅધિકૃત રીતે ખડકાયેલા દબાણો હટાવવા તેમજ નવા ૧૫૦ ફૂટરીંગ રોડ પર ૧૪ ચોકડી પર ડાયવર્ઝન માટે બેરીકેટ લગાવવા આદેશઃ કલેકટર કચેરીમાં રોડ સેફટી કાઉન્સિલની મળી બેઠક

રાજકોટ,તા.૨૪

રાજકોટ ડીસ્ટ્રીકટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.જેમાં ધોરી માર્ગો પર અકસ્માતનું પ્રમાણ સતત ઘટે તે દિશામાં કરવામાં આવતી કામગરી અર્થે રોડ રીપેરીંગ, થર્મોપ્લાસ્ટ પટ્ટા, કેટ આઈ, રમ્બલ સ્ટ્રીપ, સ્પીડ લીમીટ, સ્પીડ બ્રેકર, સાઈનેજીસ, હાઈવે - એપ્રોચ કનેક્ટિવિટી પાસે રોડ એંજિનયિરિંગ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ સાથે કલેક્ટરએ અકસ્માત માટે કારણભૂત હાઈવે પરની હોટેલ, પેટ્રોલ પંપ આસપાસ ગેરકાયદેસર રીતે મીડીયમ બ્રેકીંગ કરતા ઈસમો વિરુદ્ધ કડક કાર્યવાહી, અનધિકૃત હોર્ડિંગ્સ, દબાણો દૂર કરવા સૂચના આપી હતી.

બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરિટી અને રૂડા દ્વારા નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર કોરાટ ચોકડી સહીત ૧૪ ચોકડી પર વાહન ડાયવર્ઝન માટે બેરીકેટ લગાવવા તેમજ ટ્રાફિક સમસ્યા દૂર કરવા અંગે આયોજનની વિગતો પુરી પાડી સાઈનેજીસ, રમ્બલ સ્ટ્રીપ સહિતની કામગીરીની વિગતો આપી હતી.

નેશનલ હાઈવે ડિવિઝન દ્વારા રાજકોટ બામણબોર હાઈવે પર કુવાડવા પાસે, માલિયાસણ પાસે, પટેલ વિહાર પાસે, હિરાસર એરપોર્ટ પાસે રોડ પર સાઈનેજીસ, રમ્બલ સ્ટ્રીપ સહિતની કામગીરીની વિગતો પુરી પાડી હતી. ૧૦૮ વિભાગ દ્વારા છેલ્લા ત્રણ માસમાં અકસ્માતના પ્રમાણમાં થયેલા ઘટાડા અને રિસ્પોન્સ ટાઈમમાં થયેલા ઘટાડા, આર.ટી.ઓ અને ટ્રાફિક પોલીસ દ્વારા હાઈવે પર ઓવર સ્પીડ, સીટ બેલ્ટ, હેલ્મેટ અંગે ચલાવવામાં આવેલી ઝુંબેશ, અકસ્માતમાં મદદરૂપ બનતા લોકોને સમરીટન એવોર્ડ અંગે બોલબાલા ટ્રસ્ટ દ્વારા જનજાગૃતિ અંગે કરવામાં આવેલા સેમિનારની વિગતો રજૂ કરી હતી.

કલેકટર દ્વારા આગામી દિવસોમાં ચોમાસુ ઋતુ શરુ થવાનું હોઈ હાઈવે પર વરસાદના પાણી ન ભરાય તેમજ તેના કારણે અકસ્માતો ન બને તે માટે વિવિધ એજન્સીઓને જરૂરી પગલાંઓ લેવા ખાસ સૂચન કર્યું હતું. આ વર્ષે રાજકોટ જિલ્લા રોડ સેફટી કામગીરીમાં સમગ્ર ગુજરાતમાં બીજો નંબર આવવા બદલ કલેકટર જોશીએ અભિનંદન પાઠવી તમામ વિભાગની કામગીરીની પ્રશંસા કરી હજુ પણ અકસ્માત સંભવિત વિસ્તારોમાં સઘન કામગીરી કરવા પ્રેરણા પુરી પાડી હતી. આ બેઠકમાં આર.ટી.ઓ અધિકારી કે. એમ. ખપેડ, બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય સહીત એન. એચ.એ.આઈ., એન.એચ. ડિવઝન, ડીસ્ટ્રીકટ આર.એન્ડ.બી., સિવિલ, ૧૦૮ સહીત વિવિધ વિભાગના અધિકારી તેમજ પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચા-પાન-નાસ્તા પ્લાસ્ટીકમાં પેક કરીને વેંચતા ૭૮ દુકાનદારોને ત્યાં કોર્પો.નું ચેકીંગ

### વધુ ૬ કિલો ઝબલા જમ : ગંદકી કરનારાને ૨૨ હજારનો દંડ

રાજકોટ, તા. ૨૪

મનપા દ્વારા ચા-પાન, નાસ્તા સહિતની વસ્તુમાં ઉપયોગમાં લેવામાં આવતા પ્રતિબંધિત પ્લાસ્ટિકને જમ કરવાનું કામ ચાલુ રાખવામાં આવ્યું છે. આવી ખાણીપીણી અને ચા-પાનની હોટલોમાંથી વધુ સાડા છ કિલો માલ જમ કરાયો છે. તો ૨૨ હજારનો દંડ પણ કરાયો હતો.

મહાનગરપાલિકા દ્વારા ગઇકાલે ત્રણેય ઝોનમાંથી કુલ ૭૮ આસામીઓ પાસેથી ૬.૨૯ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જમ કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૨૨,૧૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ ઝોનના કેનાલ રોડ, જવાહર મેઇન રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૦ આસામીઓ પાસેથી ૧.૬ કિલો પ્લાસ્ટીક જમ કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮,૩૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના લાખના બંગલા રોડ, યુનિવર્સિટી મેઇન રોડ પરથી ૩૬ આસામીઓ પાસેથી ૩.૪ કિલો નાસ્તા અને ચા-પાન પેકીંગમાં વપરાતું પ્લાસ્ટીક જમ કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૦૩૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો.

જયારે ઈસ્ટ ઝોનના કબીરવન મેઇન રોડ, મોરબી પરથી ૧૨ આસામીઓ પાસેથી ૧.૨ કિલો ઝબલા પ્લાસ્ટીક જમ કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૧૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચનાથી ડે. કમિશનર, પર્યાવરણ ઈજનેર સહિતની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.

# ૬.૮૦ લાખ મોબાઈલ કનેકશન શંકાસ્પદ; રી-વેરીફીકેશનનો આદેશ

### ૬૦ દિવસમાં ખરાઈની કાર્યવાહી પૂર્ણ કરવા ટેલીકોમ કંપનીઓને સરકારની સુચનાઃ બોગસ દસ્તાવેજોથી મેળવ્યાની અને ફ્રોડ-દેશવિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થતો હોવાની શંકા

નવી દિલ્હી તા.૨૪

બનાવટી નામો-દસ્તાવેજોના આધારે મોબાઈલ સીમકાર્ડ મેળવીને ગુનાહિત-દેશવિરોધી પ્રવૃતિમાં તેનો ઉપયોગ કરાયાના કિસ્સા બાદ સમગ્ર પ્રક્રિયા અતિ કડક બનાવાયા વચ્ચે હવે સરકારે ૬.૮૦ લાખ મોબાઈલ જોડાણની ફેરચકાસણી કરવાનો આદેશ આપ્યો છે. આ કનેકશન બનાવટી દસ્તાવેજોથી મેળવાયા હોવાની શંકા છે. ઓનલાઈન ફ્રોડ રોકવાની ઝુંબેશના ભાગરૂપે આ કદમ ઉઠાવવામાં આવ્યું છે.

ટેલીકોમ વિભાગ દ્વારા એમ કહેવાયુ છે કે ફેર ખરાઈની પ્રક્રિયા ૬૦ દિવસમાં પૂર્ણ કરવા કહેવાયુ છે. બોગસ દસ્તાવેજો કે છેતરપીંડીથી આ સિમકાર્ડ નંબર મેળવવામાં આવ્યા હોવાનુ માલુમ પડશે તે તુર્ત રદ કરી નાખવામાં આવશે. ૬.૮૦ લાખ મોબાઈલ કનેકશન શંકાસ્પદ છે અને બોગસ દસ્તાવેજો કે વાસ્તવિક ઓળખ છુપાવીને મેળવાયા હોવાની શંકા છે.

ટેલીકોમ મંત્રાલય દ્વારા તમામ મોબાઈલ કંપનીઓને તાત્કાલીક ધોરણે રી-વેરીફીકેશનની કામગીરી હાથ ધરવાની

સુચના આપી છે. ૬૦ દિવસમાં મોબાઈલ નંબરગ્રાહકોની ઓળખ મેળવવા કહેવાયુ છે. ખરાઈ શક્ય ન બન્યાના સંજોગોમાં આ નંબરો-જોડાણ કાપી નાખવામાં આવશે.

બોગસ દસ્તાવેજો કે બનાવટી રીતે લેવાયેલા મોબાઈલ કનેકશન પકડવા માટે સંચાર સાથી- ચક્ષુ જેવા મોડયુલમાં આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઓનલાઈન ફ્રોડ રોકવા માટે કેન્દ્ર સરકાર વિવિધ મંત્રાલયો વચ્ચે સંકલીત કાર્યવાહી કરાવી રહી છે.

ટેલીકોમ વિભાગના કહેવા પ્રમાણે વિવિધ વિભાગો વચ્ચે સંકલન તથા આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ બનાવટી મોબાઈલ કનેકશન પકડવામાં મહત્વનો રોલ ભજવી શકે છે. સાઈબર ક્રાઈમ તથા નાણાંકીય ફ્રોડમાં ટેલીકોમ સ્ત્રોતોના ગેર ઉપયોગને રોકવા માટે કેટલાંક મહિનાઓથી સરકારે ડીજીટલ ઈન્ટેલીજન્સ પ્લેટફોર્મ લોન્ચ કર્યુ જ છે અને સંબંધીત પક્ષકારો વચ્ચે સંકલન સાધવામાં આવ્યું છે. ટેલીકોમ વિભાગ દ્વારા જ ડીજીટલ ઈન્ટેલીજન્સ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું હતું. ટેલીકોમ ઉપરાંત સુરક્ષા એજન્સીઓ, બેંકો-નાણાં સંસ્થાઓ તથા સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ અને ઓળખ સ્થાપિત કરતી એજન્સીઓને પણ સામેલ કરવામાં આવી છે. તમામ એજન્સીઓ આ પ્લેટફોર્મને એસેસ કરી શકે છે અને શંકાસ્પદ બાબતો વિશે એકબીજાને માહિતી આપી શકે છે. સામાન્ય નાગરિકો આ પ્લેટફોર્મ એસેસ કરી શકતા નથી.

## સોનામાં વધુ રૂા.૬૦૦નો કડાકો

રાજકોટ તા.૨૪

સોનામાં સતત ભાવ ઘટી રહ્યા છે. આજે ફરી સોનામાં રૂા.૬૦૦નો કડાકો નોંધાયો છે. વૈશ્વિક બજારની મંદીએ સોના-ચાંદીના ભાવમાં મોટી ઉથલ-પાથલ મચાવી છે. જેને પગલે આજે ફરી સોનામાં ભાવ ઘટયા છે. ત્યારે ચાંદીમાં રૂા.૨૦૦નો વધારો નોંધાયો છે.

સોના-ચાંદીના ભાવના વળતા પાણી છે આજે વધુ રૂા.૬૦૦ ઘટતા સોનાનો ભાવ રૂા.૭૪,૩૦૦એ પહોંચ્યો છે. વૈશ્વિક મંદીએ ભાવ પર મોટી અસર પડી છે. છેલ્લા બે દિવસથી ભાવ સતત ઘટી રહ્યા છે. ગઈકાલે સોનામાં ૧૭૦૦ અને ચાંદીમાં ૩૭૦૦નો ઘટાડો થયો હતો. આજે ફરી રૂા.૬૦૦ ઘટયા છે. સોના-ચાંદીના ભાવ રેકોર્ડ બ્રેક સ્તરે પહોંચ્યા બાદ હાલ પરિસ્થિતિ વિપરીત બની છે.

## સૌરાષ્ટ્રયુનિ.ની અવદશાઃ શૈક્ષણિક સ્ટાફની ૪૪ ટકા અને બિનશૈક્ષણિક સ્ટાફની ૮૦ ટકા જગ્યા ખાલી

### ત્રણ વર્ષથી કાયમી કુલપતિ નથીઃ રજિસ્ટ્રાર ચીફ એકા.ઓફીસર ચીફ ઈજનેર સહિતની જગ્યાઓ ખાલીખમ રાખી ઈન્ચાર્જથી ગબડાવાતો વહીવટઃ કોંગ્રેસના પ્રવકતાએ કરેલી આર.ટી.આઈમાં ચોકાવનારો ખુલાસાઃ રાજયસરકાર પર પ્રહારો

રાજકોટ,તા.૨૪

એક સમયે શૈક્ષિણિક બાબતોમાં સૌરાષ્ટ્રનુ હૃદય ગણાતી યુનિ એટલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. ૩૦૦ થી વધુ એકરમા પથરાયેલ આ યુનિ.ના વિશાળ કેમ્પસમા અલગ અલગ ભવનોમા અને તેને સલગ્ન કોલેજોમા અંદાજે ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે અને લાખો વિદ્યાર્થીઓએ અહી અભ્યાસ કરી ખૂબ ટોચના સ્થાને પહોચ્યા છે. એક સમય હતો કે આ યુનિવર્સિટી A+ ગ્રેડ ધરાવતી હતી અને કેમ્પસના અમુક ભવનોનુ શિક્ષણ સમગ્ર દેશ કક્ષાએ એટલુ પ્રખ્યાત હતુ કે કેમ્પસના ભવનોમા અભ્યાસ માટે પડાપડી થતી અને બીજી તરફ હાલની પરીસ્થિતિએ મોટાભાગના ભવનોમા સીટો સાવ ખાલીખમ પડી રહે છે તો અમુક રિસર્ચ ભવનોમા તાળા લાગ્યા છે. વારંવાર પેપરલીક થવા,ભરતીઓમાં ગોટાળાઓ,વહીવટી ભ્રષ્ટાચારો,પ્રવેશમા- પરીક્ષાઓ- પરિણામોમા છબરડાઓ, વિવાદો, આંતરિક ગંદૂ રાજકારણ જેવી બાબતોના લીધે છેલ્લા ૬-૭ વર્ષમાં આ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની છબી એટલી હદે ખરડાઈ છે અને વહિવટી બાબતોમાં હાલત એટલી કથળેલી છે કે NAACનો ગ્રેડ તો નીચે ગગડ્યો જ છે વિદ્યાર્થીઓના પ્રશ્નો લડતા વિદ્યાર્થનિતા અને ગુજરાત કોંગ્રેસના ઝોનલ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે આ અંગે એક આરટીઆઈ કરી હતી જેમા ચોંકાવનારી માહિતી સામે આવી હતી અને તેના પરથી વિસ્તૃત તર્ક તેઓએ રજૂ કર્યા હતા.. જેમા મુખ્યત્વે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા છેલ્લા ત્રણ વર્ષથી વધુ સમયથી કાયમી કુલપતિ રાજ્યસરકાર નિમણુંક કરી શકતી નથી બીજુ મુખ્ય કારણ કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા રજિસ્ટ્રાર,ચીફ એકાઉન્ટ ઓફિસર,ચીફ એન્જિનિયર,ગ્રંથપાલ જેવી કલાસ-૧ કક્ષાની અને યુનિવર્સિટીના વહિવટી બાબતોમા અતિ મહત્ત્વની ગણાતી જગ્યાઓ વર્ષોથી ખાલી છે અને હંગામી ધોરણે ઈન્ચાર્જથી ગાડુ ગબડાવાય રહ્યુ છે જેના લીધે યુનિવર્સિટીમાં વહિવટી રીતે સાવ ખાડે ગઈ છે. યુનિવર્સિટીમાં વહિવટી વિભાગોમા અને તમામ ભવનોમાં વર્ગ-૪ ની કુલ ૫૮ મહેકમની સામે માત્ર ૧૨ ભરાયેલ છે અને ૪૬ જેટલી જગ્યાઓ ખાલી છે એટલે ૮૦% જગ્યાઓ ખાલી છે. વર્ગ -૩ ની કુલ ૧૧૭ મહેકમની સામે ૨૭ ભરાયેલ છે અને ૯૦ જેટલી જગ્યાઓ ખાલી છે એટલે ૭૭% જગ્યાઓ ખાલી છે. વર્ગ-૨ ની કુલ ૩૧ મહેકમની સામ

PM મોદીનો પાકિસ્તાન પર જબરો કટાક્ષ

# હું ખુદ લાહોર જઈને તેની તાકાત જોઈ આવ્યો છું... પાકિસ્તાનની પરમાણુ ક્ષમતા પર વડાપ્રધાને જવાબ આપ્યો

## પાકિસ્તાન ગયો ત્યારે રિપોર્ટર પૂછતા ''વિઝા વગર કેવી રીતે આવ્યા, મે કહ્યું - આ એક જમાનામાં મારો જ દેશ હતો''

ન્યુ દિલ્હી : દેશમાં લોકસભા ચૂંટણીના ઉત્તેજના વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ચૂંટણી રેલીઓને સંબોધિત કરી રહ્યા છે. અલગ-અલગ મુદ્દાઓ પર વાત કરતા વડાપ્રધાન મોદી પાકિસ્તાન અને પરમાણુ જેવા મુદ્દાઓ પર પોતાની સ્પષ્ટ ટિપ્પણીઓને કારણે પણ હેડલાઇન્સમાં રહે છે. તાજેતરમાં, પાકિસ્તાન સાથે સંબંધિત પીએમ મોદીની એક ટિપ્પણી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જેમાં તેણે જણાવ્યું છે કે તે પોતે લાહોર ગયા હતા અને ત્યાંની હાલત જોઈ છે.

### દુર્ભાગ્યપૂર્ણ છે કે કોંગ્રેસ ૩૭૦ હટાવવાના નિર્ણય પર સવાલો ઉઠાવી રહી છે

આ જ ઈન્ટરવ્યુ દરમિયાન વડાપ્રધાને જમ્મુ-કાશ્મીર, બંધારણની કલમ ૩૭૦ હટાવવાના નિર્ણય અને ઈસ્લામિક દેશો સાથે ભારતના સંબંધો પર પણ જવાબ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે ૫ ઓગસ્ટ ૨૦૧૯ના નિર્ણય બાદ મોટાભાગના દેશોએ તેને ભારતનો આંતરિક મામલો ગણાવ્યો હતો. જો કે, કમનસીબે ભારતમાં કોંગ્રેસ પાર્ટીએ આ નિર્ણય પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. વડા પ્રધાને કહ્યું કે આ નિર્ણય છતાં તેમને ઘણા આરબ અને ઈસ્લામિક દેશોમાં સન્માન મળ્યુ છે. કતારમાં મૃત્યુદંડની સજા બાદ લોકોને સુરક્ષિત રીતે ભારત લાવવામાં સફળતા મળી હતી. વડા પ્રધાનના મતે, મોદી એવી બ્રાન્ડ છે કે જ્યારે દુર્વ્યવહાર થાય ત્યારે પણ વિપક્ષી નેતાઓને મીડિયામાં સ્થાન મળે છે.

ગઈકાલે દિલ્હીના ભારત મંડપમમાં ઇન્ડિયા ટીવી દ્વારા યોજાયેલ સલામ ઇન્ડિયા શોમાં રજત શર્માએ પૂછયું હતું કે યુપીએનો એક પક્ષ કહે છે કે પાકિસ્તાન પાસે નુકિલયર બોમ્બ છે તેથી તેના થી ડરવું જોઈએ? તમારા શું વિચાર છે... વડા પ્રધાને વિરોધ પક્ષોના નિવેદનો સાથે જોડાયેલા એક પ્રશ્નનો જવાબ આપ્યો અને પાકિસ્તાન પર જબરો રમૂજમાં કટાક્ષ કર્યો, જેમાં ફારુક અબ્દુલ્લા જેવા વરિષ્ઠ રાજનેતાએ 'પાકિસ્તાન પરમાણુ દેશ છે, ભારતે તેનું ધ્યાન રાખવું જોઈએ' જેવી સલાહ આપી હતી. પાકિસ્તાનની પરમાણુ શકિત અને તેના પ્રત્યે ભારતનું વલણ કેવું હોવું જોઈએ? આ સવાલ પર પીએમ મોદીએ કહ્યું કે, તેઓ પોતે લાહોર ગયા અને પાકિસ્તાનની તાકાત તપાસી. પાકિસ્તાનની ઘટનાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું, 'ત્યાં એક રિપોર્ટર રિપોર્ટિંગ કરી રહ્યો હતો, હાય અલ્લાહ તૌબા, હાય અલ્લાહ તૌબા... તે વિઝા વિના પાકિસ્તાન કેવી રીતે આવ્યો...', જેની વીડિયો કિલપ શેર કરવામાં આવી રહી છે. આમાં વડાપ્રધાનના જવાબની છેલ્લી લાઇન પર ભાર મૂકવામાં આવ્યો છે. તેણે કહ્યું, 'અરે, તે એક સમયે મારો દેશ હતો.'

## 'વિપક્ષને સમજ ન પડી કે હું તેમને ક્યાં લઈ જઈ રહ્યો છું', પીએમ મોદીએ '૪૦૦ પાર' ના નારાનું રહસ્ય જણાવ્યું

નવી દિલ્હી: જાણીતી ન્યુઝ ચેનલ ઈન્ડિયા ટીવીના સવાલોના જવાબ આપતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર જોરદાર નિશાન સાધ્યું અને કેટલાક પ્રસંગોએ વિપક્ષી પાર્ટીઓને પણ આડે હાથ લીધી. પીએમ મોદીએ કહ્યું કે વિપક્ષ તૈયારી નથી કરતો. તેથી જ તેઓ નિષ્ફળ જાય છે. સમગ્ર વિપક્ષ માત્ર એક જ ચર્ચા કરી રહ્યો છે કે ભાજપ ૪૦૦નો આંકડો પાર કરી શકશે કે નહીં. તેઓ સમજી શક્યા ન હતા કે હું તેમને ક્યાં લઈ જઈ રહ્યો છું. ત્રીજા તબક્કામાં વિપક્ષને કોઈએ કહ્યું કે ત્રણ તબક્કાની ચૂંટણી પૂરી થઈ ગઈ છે અને પીએમ મોદી ૪૦૦નો આંકડો પાર કરી શકશે કે નહીં તેના પર તમારો પ્રચાર આધારીત છે. એના કરતાં તમે તમારો પ્રચાર કરો.

પીએમ મોદીએ કહ્યું કે કંઈ પણ ગુપ્ત રહેતું નથી. કોઈ તૈયારી કરતું નથી. કારણ કે તમે તૈયાર ધારણાઓ પર જીવવા માંગો છો. અંતે આ લોકોનું કહેવું છે કે ભાજપ ૪૦૦નો આંકડો પાર કરી શકશે નહીં. વિપક્ષો પોતપોતાના મંતવ્યો વ્યક્ત કરવાને બદલે ભાજપ વિશે બોલવા લાગ્યા.

**પીએમ મોદીએ ઉદાહરણ આપ્યું :** વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ''અબ કી બાર, ૪૦૦ પાર'' એ બીજેપી દ્વારા આપવામાં આવેલ સ્લોગન નથી પરંતુ જનતા દ્વારા આપવામાં આવેલ છે. છેલ્લા પાંચ વર્ષમાં અમને અન્ય પક્ષો તરફથી મળેલા સમર્થનને ધ્યાનમાં લેતાં, સંસદમાં અમારી સંખ્યા પહેલાથી જ ૪૦૦ હતી. કોઈપણ બાળક કે જે ૯૫ ટકા સ્કોર્સ મેળવે છે તે સ્વાભાવિક રીતે વધુ ઊંચા લક્ષ્ય માટે પ્રયત્ન કરશે.''

**મોદી એક બ્રાન્ડ છે, વિપક્ષ ગાળો આપે તો પણ લોકપ્રિયતા મળે છે :** વિપક્ષી નેતાઓના આરોપોનો જવાબ આપતા વડાપ્રધાને કહ્યું કે મોદી એક એવી બ્રાન્ડ છે કે લોકો તેમની સાથે દુર્વ્યવહાર કરીને પણ લોકપ્રિયતા મેળવે છે, તેથી લોકો તેમની સાથે દુર્વ્યવહાર કરવાની તક શોધે છે. ઈન્ડી એલાયન્સમાં આત્યંતિક પરિવારના સભ્યો હોય છે. તેમના પરિવારમાં ૫-૬ લોકો છે, મારા પરિવારમાં ૧૪૦ કરોડ છે. અમે લોકો માટે જીવીએ છીએ.

## સ્પેનમાં રેસ્ટોરન્ટની છત પડતા ૪નાં મોત, ૨૭ ઘાયલઃ આ સ્થળ ૭૫૦ કિમી દૂર એક ટાપુ પર હોવાથી PMએ સ્થાનિક લોકોની મદદ માંગી

મેડ્રિડ : સ્પેનના મેજોર્કા ટાપુ પર ગુરુવારે (૨૩ મે) મોડી રાત્રે એક રેસ્ટોરન્ટની છત તૂટી પડતાં ચાર લોકોનાં મોત થયાં અને ૨૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં. રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. બીબીસી અનુસાર, આ ઘટના સ્થાનિક સમય મુજબ રાત્રે ૮ વાગ્યે (ભારતીય સમય મુજબ રાત્રે ૧૧:૩૦ વાગ્યે) બની હતી. સ્પેન અને મેજોર્કા દ્વીપ વચ્ચેનું અંતર અંદાજે ૭૫૦ કિલોમીટર છે. પોલીસના જણાવ્યા અનુસાર, રેસ્ટોરન્ટ ત્રણ માળની હતી, જેનો એક કોલમ તૂટી પડ્યો હતો, જેના કારણે છતનો એક ભાગ નીચે પડી ગયો હતો. બચાવ દળનું કહેવું છે કે કાટમાળમાંથી લોકોને બહાર કાઢવાનું કામ ચાલી રહ્યું છે.

ગુજરાતમાં ૧૩૦ મદ્રેસામાં ૮૦૦૦૦ વિદ્યાર્થી ભણે છે

# ૭૦૦૦ વિદ્યાર્થીઓને માત્ર મદ્રેસામાં જ શિક્ષણઃ તંત્ર ચોંકયુ

## તમામને નિયમિત સ્કુલોમાં પણ અભ્યાસ કરાવવા ઘડાતી યોજનાઃ ૩૯ મદ્રેસાઓમાં સર્વે ટીમોને એન્ટ્રી ન અપાઈઃ વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાની શંકા

અમદાવાદ તા.૨૪ ગુજરાતમાં મદ્રેસા તથા તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વિશે હાથ ધરાયેલા સર્વેમાં એવો ખુલાસો થયો છે કે ૭૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સ્કુલને બદલે માત્ર મદ્રેસામાં જ શિક્ષણ મેળવે છે. આ વિદ્યાર્થીઓને હવે સ્કુલોમાં શિક્ષણ સાથે જોડવામાં આવશે.

રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા પંચના આદેશના આધારે ગુજરાતમાં મદ્રેસાઓનો સર્વે કરાવાયો હતો. ૭૦૦૦થી વધુ બાળકો માત્ર મદ્રેસામાંથી જ શિક્ષણ મેળવતા હોવાથી શિક્ષણ અધિકાર કાયદાનો ભંગ થતો હોવાનુ માલુમ પડયુ છે. રાજયભરની ૧૩૦૦ મદ્રેસામાં હાથ ધરાયેલા સર્વેમાં એવુ બહાર આવ્યુ હતું કે ૮૦૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ તેમાં શિક્ષણ મેળવવા જાય છે તેમાંથી ૭૦૦૦ માત્ર મદ્રેસામાં જ શિક્ષણ લ્યે છે જયારે બાકીના મદ્રેસા ઉપરાંત સ્કુલોમાં પણ અભ્યાસ કરે છે.

માત્ર મદ્રેસાઓમાં જ ભણતા વિદ્યાર્થીઓની સૌથી વધુ સંખ્યા ભાવનગર જીલ્લામાં નોંધાઈ હતી જયાં ૧૪૦૦ જેટલા વિદ્યાર્થી સ્કુલોમાં સમાંતર શિક્ષણ લેવાને બદલે માત્ર મદ્રેસાનુ જ શિક્ષણ મેળવે છે. આવા વિદ્યાર્થીઓની સંખ્યા બનાસકાંઠામાં ૧૧૦૦ તથા કચ્છમાં ૬૦૦ની રહી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ કહ્યું કે આ ૭૦૦૦ વિદ્યાર્થીઓને નિયમિત સ્કુલ શિક્ષણમાં આવરી લેવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. સ્કુલમાં અભ્યાસ બાદ મદ્રેસામાં પૂરક શિક્ષણ મેળવે તેવી ગોઠવણ કરાશે. આગામી જુન મહિનામાં શાળા પ્રવેશોત્સવ દરમ્યાન આવા વિદ્યાર્થીઓના વાલીઓ સુધી પહોંચવા પ્રાથમીક શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય બાળ અધિકાર પંચના આદેશ મુજબ શિક્ષણ વિભાગે મદ્રેસાએ તથા તેમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા સહિતની માહિતી એકત્રીત કરવાનો પરિપત્ર ઈસ્યુ કર્યો હતો. રાજયમાં ૧૩૦૦ મદ્રેસા હોવાનું સરકારના ધ્યાનમાં હતું તે સિવાય પણ વધારાના મદ્રેસા હોય તો તેની વિગત આપવા પણ કહેવાયુ હતું.

મદ્રેસાઓનું સંચાલન કરતી સંસ્થાનું નામ, સરકાર કે અન્ય કોઈ સરકારી વિભાગની માન્યતા ધરાવે છે કે કેમ તથા ફાયર એનઓસી સહિતના નિયમોનું પાલન કરવામાં આવે છે કે કેમ તેની માહિતી એકત્રીત કરવા પણ સુચવાયુ હતું. દરેક મદ્રેસાના વિદ્યાર્થીઓની સંખ્યા, અભ્યાસનોસમય, શિક્ષકોના પગાર તથા આવકના સ્ત્રોતની માહિતી પણ માંગવામાં આવી હતી. મદ્રેસાઓને મળતા દાન, વિદ્યાર્થીઓ પાસેથી વસુલાતી ફી, વિદ્યાર્થીઓની ઉમર પણ વિગતો લેવામાં આવી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ કહ્યું કે મદ્રેસામાં જતા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોઈ શકે છે. કારણ કે ૩૯ મદ્રેસાઓમાં સર્વે અધિકારીઓને પ્રવેશ જ મળી શકતો ન હતો. બાકીના મદ્રેસાઓની વિગતો પણ વ્હેલીતકે પહોંચાડવા શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

# માસાંતથી અરબી સમુદ્રમાં હલચલ દેખાશેઃ ગુજરાતમાં ૮થી૧૪ જુનમાં ચોમાસુ વરસાદ

## અંબાલાલ પટેલની આગાહીઃ જુલાઈ-ઓગસ્ટમાં પણ રેલમછેલ થશે

છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતના મોટાભાગના મેટ્રો શહેરોમાં ગરમીનો પારે ૪૪ ડિગ્રીને પાર પહોંચી ચૂક્યો છે. કાળઝાળ ગરમીના કારણે હીટ સ્ટ્રોક અને લૂ લાગવાથી તબિયત લથડવાના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. રાજ્યના અલગ-અલગ ભાગોમાં ભીષણ ગરમીથી ૨૦ લોકોના મોત થયા છે. હીટવેવને પગલે લોકો ખરા બપોરે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે. ગરમીથી ત્રસ્ત રાજ્યના લોકો ચોમાસાની રાહ જોઈ રહ્યાં છે, ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આજે ચોમાસાને લઈને મોટી આગાહી કરી છે.

અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ, આ મે મહિનાના અંત અને જૂન મહિનાની શરૂઆતમાં અરબ સાગરમાં હલચલ જોવા મળશે. આગામી ૮ જૂનથી દરિયામાં પવનની ગતિ બદલાશે. જેથી ૮ થી ૧૪ જૂનની વચ્ચે ચોમાસું વરસાદની શક્યતા રહેશે. જે બાદ ૨૮ જૂન સુધી રાજ્યના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડશે. આ વર્ષે જુલાઈ-ઓગસ્ટમાં પણ ભારે વરસાદ રહેશે, જેના કારણે રાજ્યની નર્મદા, તાપી અને સાબરમતી સહિત નદીનું જળસ્તર વધશે.

અગાઉ હવામાન વિભાગ દ્વારા નૈઋત્યનું ચોમાસું આગામી ૩૧ મે સુધીમાં કેરળ સુધી પહોંચશે તેવી આગાહી કરવામાં આવી હતી. સામાન્ય રીતે કેરળમાં ૧ જૂનની આસપાસ મોટાભાગે ચોમાસાનું આગમન થતું હોય છે. જો કે ગત વર્ષે ૮ જૂનના રોજ ચોમાસું કેરળ પહોંચ્યું હતુ. આમ આ વર્ષે કેરળમાં ચોમાસાનું આગમન વહેલુ થાય તેમ લાગી રહ્યું છે. જે બાદ ચોમાસું ઉત્તર તરફ આગળ વધતાં ૧૯ થી ૩૦ જૂન વચ્ચે ગુજરાતમાં વિધિવત ચોમાસાનું આગમન થઈ શકે છે.

# રાજકોટ સહિત રાજયમાં RTEની ખાલી રહેલી ૫૮૭૩ બેઠકો માટે ત્રીજો પ્રવેશ રાઉન્ડ શરૂ

## સૌથી વધુ અંગ્રેજી માધ્યમની ૩૬૮૩ બેઠકો ખાલીઃ તા.૨૬ સુધી વાલીઓ પોર્ટલ પર જઈ શાળાઓની પુનઃ પસંદગી કરી શકશે

અમદાવાદ તા.૨૪ રાજયમાં આરટીઈ અંતર્ગત ધોરણ ૧માં પ્રવેશ માટેની પ્રક્રિયા દરમિયાન બે રાઉન્ડના અંતે ખાલી પડેલી ૫૮૭૩ બેઠકો માટે ત્રીજા રાઉન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્રીજા રાઉન્ડ માટે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગી કરવાની વાલીઓને તક અપાઈ છે.

આ માટે શુક્રવારથી લઈને ૨૬ મે સુધી વાલીઓ પોર્ટલ પર જઈને શાળાઓની પુનઃ પસંદગી કરી શકશે. પ્રથમ બે રાઉન્ડની કાર્યવાહીમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો નથી તેઓ જ ત્રીજા રાઉન્ડની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે. જો વાલી શાળાની પુનઃ પસંદગી નહીં કરે તો અગાઉની પસંદગીને માન્ય રાખી ત્રીજા રાઉન્ડના પ્રવેશ ફાળવવામાં આવશે.

ખાનગી પ્રાથમિક સ્કૂલોમાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને આરટીઈ અંતર્ગત પ્રવેશ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં આરટીઈ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ ૧૫ એપ્રીલના રોજ અને બીજો રાઉન્ડ ૧૫ મેના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. આરટીઈ બંને રાઉન્ડની કાર્યવાહી બાદ જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો તે પૈકી ૩૯૦૭૩ જેટલા વિદ્યાર્થીઓએ ફાળવેલી શાળાઓમાં જઈ નિયત સમય મર્યાદામાં પ્રવેશ કન્ફર્મ કરાવ્યા હતા. બે રાઉન્ડની કાર્યવાહીના અંતે સમગ્ર રાજ્યમાં ૫૮૭૩ બેઠકો ખાલી રહેવા પામી હતી.

જેથી આ ખાલી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા ત્રીજા રાઉન્ડની જાહેરાત કરવામાં આવી છે.

બે રાઉન્ડની કાર્યવાહી બાદ ખાલી પડેલી ૫૮૭૩ બેઠકો પૈકી અંગ્રેજી માધ્યમની શાળાઓની ૩૬૮૩, ગુજરાતી માધ્યમની શાળાઓની ૫૮૨, હિન્દી માધ્યમની શાળાઓની ૧૪૯૬ અને અન્ય માધ્યમની શાળાઓની ૧૦૯ બેઠકો ખાલી રહેવા પામી છે.

આ ખાલી જગ્યા પર જે વિદ્યાર્થીઓની અરજીઓ માન્ય થયેલી હોય અને આરટીઈ પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ કે બીજા રાઉન્ડમાં પ્રવેશ મળેલો નથી માત્ર તેવા જ વિદ્યાર્થીઓને ખાલી જગ્યા ધરાવતી ખાનગી પ્રાથમીક શાળાઓની પુનઃ પસંદગી કરવા તક આપવામાં આવે છે. જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ પ્રવેશ આપી શકાય.

જે વિદ્યાર્થીઓને અગાઉના બે રાઉન્ડમાં પ્રવેશ મળેલો નથી તેવા વિદ્યાર્થીઓ આરટીઈ હેઠળ કરેલી અરજીમાં પસંદ કરેલી શાળાઓમાં ફેરફાર કરવા માંગતા હોય એટલે કે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગી કરવા માંગતા હોય તેઓ આજથી ૨૪ મેથી ૨૬ મે રવિવાર સુધીમાં આરટીઈના વેબપોર્ટલ પર જઈ શાળાઓની પુનઃ પસંદગીના મેનુ પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ એપ્લીકેન નંબર અને જન્મ તારીખની મદદથી લોગ ઈન કરી શાળાઓની પુનઃ પસંદગી વખતે પોતાની પસંદગીના ક્રમ મુજબની શાળાઓ પસંદ કરવાની રહેશે. ત્યારબાદ સબમીટ બટન પર ક્લિક કરી પ્રિન્ટ મેળવી પોતાની પાસે રાખવાની રહેશે.


**-:: સીવીલ કોર્ટ નોટીસ ::-**

રાજકોટના મહે. પાંચમાં સીનીયર સીવીલ જજ **શ્રી એસ.સી. મકવાણા** સાહેબની કોર્ટમાં દિ.પ.અ. નં. ૧૨૦૫/૨૪ થી **પારૂલ મનિષ સેજપાલ** તે જાતે તથા સગીર **વિરા મનિષ સેજપાલ**ના કુદરતી વાલી અને ઈષ્ટમિત્ર દરજજે, રહે. રાજકોટવાળાએ ગુજરનાર **સ્વ. મનિષ હર્ષદરાય સેજપાલ**ની સ્થાવર મિલ્કતોઃ-

(૧) રાજકોટ શહેરમાં ત્રિકોણ બાગ પાસે ઢેબર રોડ ઉપર આવેલ અઘાટ લેખ નં. ૯૭/૧૯૧૧-૧૨ પૈકીની જમીન ઉપર આવેલ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ કે જે **'અલંકાર ચેમ્બર્સ'** તરીકે ઓળખાય છે તે માંહેથી પહેલા માળે આવેલ ઓફીસ નં. ૨૧ જેના બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૧૦-૮૭ બરાબર ચો.ફુ.આ. ૧૧૭-૦૦ સહીતની ઓફિસ (સીટી સર્વે વોર્ડ નં. ૪, સીટી સર્વે નં. ૩૩ પૈકી) ગુજરનારએ તેમના નામ જોગનાં રજી. વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૬૧૦, તા.૩-૪-૨૦૧૪ના રોજ નોંધાયેલ વેંચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. તે તથા

(૨) રાજકોટ મ્યુની. કોર્પો.માં સમાવેશ થયેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૯૦ પૈકીની બીનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી ટી.પી. સ્કીમ નં. ૧ (રૈયા)ના ફાયનલ પ્લોટ નં. ૧૯૬ પૈકી પ્લોટ નં. ૪૬ ના સબ પ્લોટ નં. ૪૬/બી ની જમીન ચો.મી.આ. ૧૫૪-૯૩ માંહેથી જમીન ચો.મી. ૬-૮૨ રોડમાં ફપાત જતાં બાકી રહેતી જમીન ચો.મી.આ. ૧૪૮-૧૧ ઉપર આવેલ **'શ્રીનાથજી એપાર્ટમેન્ટ'** ના નામથી ઓળખાતી રહેણાંક હેતુ માટેની લો-રાઈઝની ઈમારત માંહેના સેકન્ડ ફ્લોરમાં આવેલ ફલેટ નં. ૨૦૧ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૬૮-૧૧ના બાંધકામ વાળો ફલેટ ગુજરનાર તથા **હર્ષદરાય વિઠ્ઠલદાસ સેજપાલ**એ તેમના સંયુક્ત નામ જોગના રજી. વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૭૬૭૫, તા.૨૬-૧૦-૨૦૧૮ના રોજ નોંધાયેલ વેંચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે તે રીતે સદરહું ફલેટ નં. ૨૦૧માં અમારા ગુજરનારનો કાર્પેટસરનો ૫૦% અવિભાજ્ય હિસ્સો આવેલ છે. તથા

**જંગમ મિલ્કતઃ-**

**HDFC Bank Limited Demant Account No. 23115540માં રહેલ શેરની ચાદીઃ-**

| Sr. No. | Company Name | Balance | Market Value |
|---|---|---|---|
| (1) | IDFC First Bank Limited | 111.000 | 9083.13 |
| (2) | Moil Limited | 068.000 | 22348.2 |
| (3) | Reliance Power Limited | 027.000 | 757.08 |
| (4) | Suzlon Energy Limited | 5000.000 | 197050 |
| (5) | Transformers and Rectifiers (India) Limited | 160.000 | 105912 |
| (6) | Unitech Limited | 5000.00 | 56100 |
| | Total | | 391250.41 |

તે રીતે સદરહું ઉપરોક્ત દર્શાવેલ સ્થાવર / જંગમ મિલ્કતો ગુજરનાર **મનિષ હર્ષદરાય સેજપાલ**ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું સ્થાવર / જંગમ મિલ્કતોનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા આ કામના અરજદારએ તેમના એડવોકેટ **પિતા બી. રાવ તથા ભાવનાબેન હિરાણી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તા.૨૪-૦૬-૨૪ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા જેમાં ગેરહાજર રહે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તારીખ ૧૪-૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કા કરી આપ્યા.

**એમ.કે. રાઠોડ** આસીસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

**જે.વાય. પંડ્યા** ઈ/ચા રજીસ્ટ્રાર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ રાજકોટ.


હવે અંતિમ બે તબક્કા બાકી રહ્યા

# આવતીકાલે ૮ રાજ્યોમાં ૫૮ બેઠકો પર મતદાનઃ મનોજ તિવારી, કન્હૈયા કુમાર અને મેનકા ગાંધીના ભાવિ નક્કી થશે

## ધર્મેન્દ્ર પ્રધાન સહિત ત્રણ કેન્દ્રીય મંત્રીઓ તથા મહેબૂબા મુફ્તી, મનોહરલાલ ખટ્ટર સહિત ત્રણ પૂર્વ મુખ્યમંત્રી સહિત કુલ ૮૯૮ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે

ન્યુ દિલ્હી : ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં શનિવારે (૨૫ મે)ના રોજ ૭ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની ૫૮ બેઠકો પર મતદાન થશે.

જમ્મુ-કાશ્મીરની અનંતનાગ-રાજૌરી સીટ પર ત્રીજા તબક્કામાં ચૂંટણી યોજાવાની હતી, પરંતુ તે મોકૂફ રાખવામાં આવી હતી. હવે અહીં છઠ્ઠા તબક્કામાં મતદાન થઈ રહ્યું છે.

આ તબક્કામાં ૩ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, કૃષ્ણ પાલ સિંહ ગુર્જર અને રાવ ઈન્દ્રજીત સિંહ મેદાનમાં છે. ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓ મહેબૂબા મુફ્તી, મનોહર લાલ ખટ્ટર અને જગદંબિકા પાલ પણ ચૂંટણી લડી રહ્યા છે.

આ સિવાય મનોજ તિવારી, મેનકા ગાંધી, નવીન જિંદાલ, બંસુરી સ્વરાજ, સંબિત પાત્રા, રાજ બબ્બર, નિરહુઆ પણ પોતાનું નસીબ અજમાવી રહ્યા છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં ૮૮૯ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેમાં ૭૯૭ પુરૂષ અને ૯૨ મહિલા ઉમેદવારો છે.

આ તબક્કામાં સૌથી અમીર ઉમેદવાર હરિયાણાની કુરુક્ષેત્ર બેઠક પરથી ભાજપના ઉમેદવાર નવીન જિંદાલ છે. તેમની પાસે ૧૨૪૧ કરોડ રૂપિયાની સંપત્તિ છે.

૫૪૩ લોકસભા બેઠકોના પાંચમા તબક્કા સુધી ૪૨૯ બેઠકો પર મતદાન થયું છે. ૨૫ મે સુધીમાં કુલ ૪૮૭ બેઠકો પર મતદાન પૂર્ણ થશે. છેલ્લા અને સાતમા તબક્કામાં ૫૬ બેઠકો પર મતદાન થશે.

ઉત્તર પ્રદેશની ૧૪ બેઠકો, હરિયાણાની ૧૦ બેઠકો, બિહારનો ૮ બેઠકો, બંગાળની ૮, દિલ્હીની ૭, ઓડિશામાં ૬, ઝારખંડની ૪, અને કાશ્મીરમાં એક - અનંતનાગ બેઠક પર થશે મતદાન

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૩૦-૨૫૮૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૮૦-૨૫૩૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૦૫-૧૭૩૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૫૫-૧૬૮૫ |
| પામોલીયન તેલ | ૧૪૯૦-૧૪૯૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૭૨૦-૧૭૪૦ |
| સનફલાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૫૦-૧૬૯૦ |
| કોપરેલ | ૨૪૩૦-૨૪૮૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |

**સોનુ-ચાંદી**

**સોનુ (૧૦ ગ્રામ)** ૭૪૩૦૦(-૬૦૦)

**ચાંદી** -૨૫૦૦(+૨૦૦)

# પાકિસ્તાનમાં ઈમરાનખાનની પાર્ટીના કાર્યાલય પર બુલડોઝર ફરી વળ્યું

## પાર્ટી અધ્યક્ષ બોલ્યાઃ ગરિમાને કરી અપવિત્રઃ ઈમરાન અતિક્રમણ વિરોધી અભિયાન શરૂ કર્યું

ઈસ્લામાબાદ (પાકિસ્તાન) તા.૨૪ કેપિટલ ડેવલપમેન્ટ ઓથોરિટીએ અત્રે પુર્વ પીએમ ઈમરાનખાનની પાર્ટી પાકિસ્તાન તહરિક એ ઈન્સાફ (પીટીઆઈ)ના કેન્દ્રીય સચિવાલયના એક ભાગ પર બુલડોઝર ફેરવી ધરાશાયી કરતા પાર્ટીના અધ્યક્ષ ઈમરાનખાન હાલની સરકાર પર ભડકી ઉઠયા છે. સરકારના અતિક્રમણ બાદ ઈમરાનખાનની પાર્ટીએ અતિક્રમણ વિરોધ અભિયાન શરૂ કર્યું છે. ઈમરાને જણાવ્યું હતું કે હાલની સરકાર એક રાજનીતિક પાર્ટીના કાર્યાલયને ધ્વસ્ત કરી કાર્યાલયની પવિત્રતાની ગરિમાનું ઉલ્લંઘન કર્યું છે.

# કોઠારીયામાં ધુળમાં રાખેલા પપૈયામાંથી ટુટીફુટી-જેલી બનાવતું પટેલ ગૃહઉદ્યોગ સીલ : ઉત્પાદનની મનાઇ

## ફરી બિનઆરોગ્યપ્રદ માલ ન બનાવે તે માટે કડક પગલા લેતો ફૂડ વિભાગ : સિલ્વર હાઇટસ સામેના ક્રિમઝેન આઇસ્ક્રીમમાંથી ૧૮ કિલો વાસી આઇસ્ક્રીમનો માલ મળ્યો : કુલ ૪ નમુના લેવાયા

રાજકોટ, તા. ૨૪

મનપાની આરોગ્ય શાખા દ્વારા કોઠારીયા રીંગ રોડ પરના ઇન્ડ. એરીયામાંથી ટુટીફુટી અને જેલી બનાવવા માટે રાખવામાં આવેલો ૨૦ હજાર કિલો જેટલો પપૈયાનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો. આ જગ્યાએ જાહેર આરોગ્યને નુકસાનકારક પ્રવૃતિ થતી હોય, કારખાના દ્વારા ફરી જોખમી ઉત્પાદન શરૂ કરવામાં ન આવે તે માટે આ યુનિટને સીલ કરી દેવામાં આવ્યું છે. આ રીતે આવા એકમો ફરી બિનઆરોગ્યપ્રદ માલ ન વેંચે તેવા પગલા કમિશ્નરની સૂચનાથી લેવામાં આવી રહ્યા છે.

ધુળમાં માલ રાખવો, ક્રોળીયાના જાળા સહિતની ગંદકી જેવી હાલતમાં આ ૨૦ ટન માલ પડયો હતો. તેનો નાશ કરીને સેમ્પલ પણ લેવામાં આવ્યા છે. હવે આજે ના.કમિશનર સ્વપિનલ ખરેના હુકમ અન્વયે જાહેર આરોગ્યને નુકસાનકર્તા પ્રવૃતિ અટકાવવા ધી. જી. પી. એમ. સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૩૭૬ એ મુજબ આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણી, ડેઝી. ઓફિસર ડો. હાર્દિક મેતા તથા ફૂડ વિભાગની ટીમે ખોખડદડી નદીના કાંઠે, કોઠારીયા રિંગ રોડ, નેશનલ હાઇ વે-૮ઇ, ઓમ ઇન્ડ. એરીયામાં આવેલ જયેશભાઇ પરસોતમભાઇ સાવલીયાની માલિકી ઉત્પાદક પેઢી પટેલ મહિલા ગૃહ ઉદ્યોગને પેઢીના માલિકની હાજરીમાં સીલ કરવામાં આવેલ છે. તેમજ આગામી હુકમ ન થાય ત્યાં સુધી સીલ યથાવત રાખવા તેમજ ઉત્પાદન ન કરવા સૂચના આપવા આવેલ છે.

**આઇસ્ક્રીમનો નાશ**

દરમ્યાન ઉનાળાની સિઝનને અનુલક્ષીને સર્વેલન્સ ચેકિંગ દરમિયાન પાન એમ્પાયર, શોપ નં.-૫, સિલ્વર હાઇટ્સ સામે, નાનામવા રોડ પર આવેલ ક્રીમઝેન આઇસ્ક્રીમ પ્રા. લિ. (કંપની રિટેલ આઉટલેટ)માં તપાસ કરતા ગ્રાહકોને વેચાણ માટે સંગ્રહ કરેલ વિવિધ ફલેવરના આઇસ્ક્રીમનો એક્સપાયરી થયેલ કુલ ૧૮ કિલો જથ્થો સ્થળ પર નાશ કરી પેઢીને યોગ્ય સ્ટોરેજ કરવા સૂચના આપી નમુના લેવાયા હતા.આ પાર્લરમાંથી કેસર પિસ્તા અને સ્ટ્રોબરી આઇસ્ક્રીમના સેમ્પલ લેવાયા છે જ્યારે જીલ આઇસ્ક્રીમ, ધ્રુવ કોમ્પ્લેક્સ, રણછોડનગર૨ શેરી નં. -૪, પેડક રોડમાંથી વાઇલ્ડ બેરી ચીઝ કેક આઇસ્ક્રીમ અને ડીલકસ ફૂડ્સ, હથિયારી બિલ્ડીંગ કડિયા વાડી સામેથી ફ્રુટીઝ એન્ડ ક્રીમ આઇસ્ક્રીમના સેમ્પલ લેવાયા હતા.

**ચેકીંગ**

ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે આકાશવાણી ચોક થી યુનિવર્સિટી ગેઇટ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થિઓને ત્યાં ૨૧ નમુનાની ચકાસણી કરાઇ હતી. જેમાં ૭ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવી છે.

મનપા આધાર કેન્દ્રો બહાર સ્ટે.ચેરમેન દ્વારા મંડપ પાણી સાથે કુલરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. **(તસ્વીર : દેવેન અમરેલીયા)**

# રાહત; મનપાના આધાર કેન્દ્રો બહાર છાંયડો, પાણી અને એર કુલરની વ્યવસ્થા કરાવતા સ્ટે.ચેરમેન જયમીન ઠાકર

## કાળઝાળ ગરમીમાં અરજદારો માટે માનવીય અભિગમ : મનપામાં આવતાવેંત પહેલું કામ નાગરિકોની મુશ્કેલી દુર કરવાનું કરાવ્યું

રાજકોટ, તા. ૨૪

રાજકોટ સહિત પૂરા રાજયમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે અને સરકાર તથા તંત્ર દ્વારા બપોરના સમયે શ્રમિકો સહિતના વર્ગોને કામમાંથી મુકિત આપવા હુકમો થઇ રહ્યા છે ત્યારે સરકારી કચેરીમાં આવતા અરજદારો માટે પણ જરૂરી સુવિધા કરવાનું શરૂ કરાયું છે. મ્યુનિ. કોર્પોરેશનમાં અરજદારો માટે પાણી અને મંડપની વ્યવસ્થા શરૂ કરાતા તેનાથી પણ એક કદમ લોકો માટે આગળ વધીને સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે એરકુલરની વ્યવસ્થા કરાવી છે.

મનપાના આધાર કેન્દ્ર બહાર લોકોની લાઇન થાય ત્યારે તડકામાં બાળકો સાથે ઉભુ રહેવું પડે છે. આથી આજથી મંડપ અને પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. સીટી સિવિક સેન્ટરમાં પણ અરજદારો મોટી સંખ્યામાં આવે છે. આ અરજદારોને જો નાછુટકે લાઇનમાં ઉભુ રહેવું પડે તો તેઓને ગરમીથી થોડુ રક્ષણ મળે તે માટે બે મોટા કુલર મુકાયા છે. આજે મનપામાં આવતા વેંત ચેરમેન જયમીન ઠાકરે રોશની શાખાને કહીને બે કુલર મંગાવી લીધા હતા જેનાથી લોકોને થોડી રાહત થઇ છે.

મહાનગરપાલિકાના ઇસ્ટ, વેસ્ટ તથા સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ આધાર કેન્દ્રોમાં નાગરીકો નવા આધાર કાર્ડની અરજી તેમજ હાલના આધાર કાર્ડમા જરૂરી સુધારા-વધારા તેમજ બાયોમેટ્રીક અપડેટ માટે બહોળી સંખ્યામા રોજબરોજ આવતા હોય છે.

હાલની હિટવેવની પરિસ્થિતિને અનુલક્ષીને વેઇટીંગમા લાઇનમા રહેલ લોકોને હાલાકી ન પડે તેવા હેતુથી સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે લગત અધિકારીઓને રૂબરૂ સુચના આપી ત્રણેય ઝોન ઓફિસમા કાર્યરત આધાર કેન્દ્રના સ્થળ પર જરૂરીયાત મુજબ છાયો કરવા મંડપની વ્યવસ્થા, લોકોને લાઇનમાં ઉભુ ન રહેવુ પડે તે માટે જરૂરીયાત મુજબ ખુરશીની વ્યવસ્થા, નજીકમાંજ પુરતા પ્રમાણમાં પીવાના પાણીની વ્યવસ્થા તેમજ ગરમીથી રાહત માટે એર કુલરની વ્યવસ્થા તાત્કાલીક ધોરણે કરાવવા લગત અધિકારીઓને સુચના આપી અમલ શરૂ કરાવતા માનવિય અભિગમ સાથે પોતાની ત્વરિત નિર્ણય શકિતનો પરિચય કરાવેલ છે.

આજે ઘણા અરજદારોએ ચેરમેન પાસે જઇ આ નિર્ણય કરાવવા માટે આભારની લાગણી સાથે રાજીપો વ્યકત કરેલ હતો.

તસ્વીર: પંકજ શિશાંગીયા

# આચારસંહિતાના કારણે સ્ટે.કમીટીની કાર્યવાહી ફરી મુલત્વી રહી

મહાપાલિકાની સ્ટે.કમીટીની મીટીંગ આજે ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને મળી હતી. પરંતુ સતત ત્રીજી મીટીંગ ચૂંટણી આચારસંહિતા લાગુ હોય, ફરી તમામ દરખાસ્ત મોકુફ રાખવા સાથે પૂરી જાહેર કરાઇ હતી. નિયમ મુજબ દર મહિને એક મીટીંગ બોલાવવાની હોય છે જેમાં આજે પદાધિકારીઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા. હવે મત ગણતરી બાદ કામકાજ શરૂ થશે. વોર્ડ નં. ૮, ૧૧ અને ૧૩માં બલ્ક ફલો મીટર મુકવા, આજી ડેમ નેશનલ હાઇવે પર વૃક્ષારોપણ માટે પાણીની લાઇનનું નેટવર્ક, વોર્ડ નં.૧૮માં પેવીંગ બ્લોક, રેટ કોન્ટ્રાકટ, મોટા મવામાં ગેસ સ્મશાન, વોર્ડ નં.૧૮માં રોડ ડેવલપમેન્ટ, કોઠારીયા રોડ સાંઇબાબા સર્કલથી ડામર કાર્પેટનું કામ, વિરાણી અઘાટ તરફ ડ્રેનેજ લાઇન, વોર્ડ નં.૧૧માં ૧૧ મોટા મવામાં ડ્રેનેજ લાઇન સહિતની તમામ દરખાસ્તો પર હવે આવતી મીટીંગમાં નિર્ણય થશે.

# ભોમેશ્વર તરફનો નાનો પુલ પણ જર્જરીત : પતરાની આડશ મારવી પડી

તસ્વીર: પંકજ શિશાંગીયા

સાંઢીયા પુલ નવા ફોર ટ્રેક બ્રીજના કામ માટે બંધ કરી દેવાયા છે અને મોટો ટ્રાફિક ભોમેશ્વર મંદિરના રસ્તે ડાયવર્ટ થયો છે ત્યારે હોસ્પિટલ ચોકથી શરૂ થતા બ્રીજના છેડાની ડાબી તરફ આવેલો પુલ પણ સલામત કરવાની જરૂર હોવાનો મત છે. આ પુલ બંધ કરાતા ટ્રાફિકનો મોટો પ્રશ્ન સર્જાયો છે. રસ્તાનો ડામર તોડવાનું કામ પણ શરૂ કરી દેવાયુ છે. ઓછામાં ઓછા બે વર્ષ નવો બ્રીજ બનવામાં થશે તે પૂર્વે લોકોએ ટ્રાફિકને લગતી અનેક આદતો બદલવી પડે તેમ છે. બીજી તરફ સરકારી બોયઝ હોસ્ટેલની સામેના ખુણેથી ભોમેશ્વરના રસ્તે વળતા એક વર્ષો જુનો પુલ રહેલો છે. આ પુલ પર અવરજવર થાય છે પરંતુ નીચેથી પુલ જર્જરીત છે. પાણીની લાઇન પણ પસાર થાય છે. આથી આ જગ્યાએ સલામતી માટે તાત્કાલીક પતરાની આડશ મારવી પડી છે. ભોમેશ્વર માટેની આ પાણીની લાઇનનું શીફટીંગ કરવું પડે તેમ છે. હવે આ પ્રશ્નનો પણ ઉકેલ લાવવા મનપાએ કાર્યવાહી હાથ ધરી છે.

# ક્ષત્રિય સંકલન સમિતિ આયોજીત પદયાત્રાનું વાજતે-ગાજતે પ્રસ્થાન

## અસ્મિતા પદયાત્રામાં રાજપૂત સમાજનાં આગેવાનો જોડાયાઃ ગામે-ગામ સ્વાગતઃ તા.૩જી જૂને માતાના મઢે મહાઆરતી સાથે પુર્ણાહુતી

રાજકોટ,તા.૨૪

લોકસભાની ચૂંટણીના પ્રચાર-પ્રચાર દરમિયાન રાજકોટ બેઠકનાં ભાજપ ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય રાજપૂત સમાજની લાગણી દુભાય તેવી ટિપ્પણીનાં પગલે ક્ષત્રિય રાજપૂત સમાજના બહેનો-ભાઈઓ અને સંકલન સમિતિએ ભાજપનાં ઉમેદવારોને હટાવવા આવેલી લડત નિર્વિઘ્ને પસાર થતા ''માઁ આશાપુરા''નો આભાર માનવા સંકલન સમિતિ દ્વારા રાજકોટથી કચ્છ માતાના મઢ સુધીની પદયાત્રાનું આયોજન કયુ હતું.જેમાં ગઈકાલે સાંજે રાજકોટ ખાતે માઁ આશાપુરાનાં મંદિરેથી વાજતે-ગાજતે પદયાત્રાનું પ્રસ્થાન થયું હતું. આ પદયાત્રામાં જોડાયેલા સંકલન સમિતીના પી.ટી.જાડેજા. દવેન્દ્રસિંહ જાડેજા, વીરભદ્રસિંહ જાડેજા, હરપાલસિંહ ચુડાસમા, રણુભા જાડેજા, ડો.રાજદિપસિંહ જાડેજા, સહિતના આગેવાનોએ બહેનોએ કુમકુમ તિલક કર્યા બાદ માઁ આશાપુરાના દર્શન કર્યા બાદ પદયાત્રાને વાજતે-ગાજતે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ૩૨૫ કિ.મી.લાંબી આ પદયાત્રાનું તા.૩ જૂને ચૂંટણી પરિણામના આગલા દિવસે મહાઆરતી સાથે માતાના મઢે પુર્ણાહુતી થનાર છે.

ગોંડલ રોડ અને ઢેબર રોડ પર મનપા દ્વારા આજે દબાણ હટાવ ઝુંબેશ કરીને રસ્તા પરના પથારા હટાવાયા હતા. **(તસ્વીર : પંકજ શીશાંગીયા)**

# ઢેબર રોડ-ગોંડલ રોડ પરથી દબાણો ઉપાડતી મહાપાલિકા

## પાંચ રેંકડી, ૩૫ બોર્ડ સહિતનો સામાન જપ્ત : મધુરમ હોસ્પિટલ, ગુરૂકુળ બ્રીજ સુધી ડ્રાઇવ

રાજકોટ, તા. ૨૪

મનપાની દબાણ હટાવ ઝુંબેશ આજે ઢેબર રોડ અને ગોંડલ રોડ પર પહોંચી હતી જેમાં મુખ્ય રોડ પર નડતરરૂપ રેંકડી કેબીન, ૩૫ બોર્ડ-બેનર તથા અન્ય પરચુરણ સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પોલીસની ટીમ સાથે શહેરના મુખ્ય માર્ગો પર અનધિકૃત કરાયેલા દબાણો દુર કરવા માટે વિવિધ ટીમ બનાવીને કાર્યવાહી ચાલી રહી છે જેમાં આજે માલવીયા ચોકથી ગોંડલ રોડ સ્વામીનારાયણ ગુરૂકુળ બ્રિજ સુધી અને ઢેબરભાઈ ચોકથી મધુરમ હોસ્પિટલ સુધી દબાણ હટાવ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ ઝુંબેશ દરમ્યાન સિટી પોલીસ અને ટ્રાફિક પોલીસે પણ ટ્રાફિકને લગતી કામગીરી કરી હતી. માલવીયા ચોક થી ગોંડલ રોડ સ્વામીનારાયણ ગુરૂકુળ બ્રીજ સુધી અને ઢેબરભાઈ ચોક થી મધુરમ હોસ્પિટલ વિસ્તારમાંથી કુલ ૫ રેકડી-કેબીન, ૩૫ બોર્ડ-બેનરો અને ૬૨ પરચુરણ સામગ્રી દુર કરાયા હતા.

આ ઝુંબેશમાં ડે. કમિશનર સ્વપિનલ ખરે, એન્ક્રોચમેન્ટ રીમુવલ ઓફિસર પી. જે. બારીયા, સહાયક કમિશનર બી. એલ. કાથરોટીયા, નાયબ પર્યાવરણ ઈજનેર તથા પોલીસની ટીમ હાજર રહી હતી.

# રવિવારે રઘુવંશી સમાજનો ૧૨મો પરિચય પસંદગી સમારોહ

રાજકોટ, તા.૨૪

લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા રઘુવંશી સમાજના લગ્નોત્સવ-ગ્રેજ્યુએટ યુવક-યુવતીઓ માટે રવિવારના બપોરે ૨ કલાકથી હેમુ ગઢવી હોલ ખાતે ૧૨મા પરિચય પસંદગી સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ૧૨માં પરિચય પસંદગી સમારોહમાં ૪૦૯ યુવક-યુવતીઓ ઉપસ્થિત રહેશે. બપોરે ૧-૩૦ કલાકે રજિસ્ટ્રેશન કરવામાં આવશે તેમજ યુવક-યુવતીઓના ફોટાઓ સાથે બાયોડેટાની ડિરેક્ટરીનું વિમોચન તેમજ વિતરણ કરાશે.

ઉપસ્થિત તમામ યુવક-યુવતીઓને ક્રમાંક નંબર આપવામાં આવશે. અધ્યક્ષ સ્થાને લોહાણા મહાજનના પ્રમુખ રાજુ ભાઇ પોબારૂ તથા લોહાણા મહાજનની ટીમ ઉપસ્થિત રહેશે. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા લોહાણા યુવક પ્રગતિ મંડળના સર્વે હોદ્દેદારોએ જહેમત ઉઠાવેલ છે.

### મુંબઈ સેશન્સ કોર્ટનો મોટો ચુકાદો

# અભિનેત્રી લૈલા ખાન અને તેના પુરા પરિવારના મોત માટે સાવકા પિતાને ફાંસીની સજા

મુંબઈ તા.૨૪

મુંબઈની સેશન્સ કોર્ટે અભિનેત્રી લૈલાના સાવકા પિતા પરવેઝ ટાકને સાવકી દીકરી લૈલા સહિત લૈલાની મા અને ચાર ભાઈ-બહેનોની હત્યા ૨૦૧૧માં કરી હતી. આ મામલે મુંબઈ સેશન્સ કોર્ટ પરવેઝ ટાકને મોતની સજા ફરમાવી છે.

અદાલતે આ મહિનાની શરૂઆતમાં જ પરવેઝ ટાકને હત્યા અને પુરાવાને નષ્ટ કરવાના આરોપમાં દોષી ઠેરવ્યો હતો. સાવકા પિતાએ ૨૦૧૧માં લૈલા, તેની મા અને ચાર ભાઈ-બહેનોની હત્યા કરી તેમના શબને ફાર્મહાઉસમાં ખાડો કરી દફન કરી દીધા હતા.લૈલાના પિતાએ બધાના ગુમ થયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી હતી. મહિનાઓની તલાશ બાદ તપાસમાં લૈલાના સાવકા પિતાની વર્ષ ૨૦૧૨માં જમ્મુ-કાશ્મીર પોલીસે ધરપકડ કરી

હતી, જેને બાદમાં મુંબઈ પોલીસને સોંપાયો હતો.

શરૂઆતમાં આ કેસને આતંકી સાથે જોડાયેલ એંગલની વાત કરાઈ હતી પણ તપાસ બાદ એટીએસે તેને નકારી હતી અને માત્ર હત્યાના મામલો બતાવ્યો હતો.

# હિંમતનગર હાઈવે પર અકસ્માતથી ગ્રામજનો વિફર્યાઃ પોલીસની કાર સળગાવીઃ ચક્કાજામઃ ટીયરગેસના સેલ છોડાયા

### છાશવારે અકસ્માત સર્જાતા ગામડા ગામના ગ્રામજનોએ કાયદો હાથમાં લીધો હતોઃ હાઈવેમાં ટ્રાફીક જામ

હિંમતનગર તા.૨૪

હિંમતનગરમાંથી પસાર નેશનલ હાઈવે નં.૮ પર આજે સવારે એક સ્થાનીક રાહદારીનું વાહન અકસ્માતમાં મોત થતા ગ્રામજનો વિફર્યા હતા અને ચક્કાજામ સાથે ડીવાયએસપીની કાર સળગાવી દેતા પોલીસે ટીયરગેસના સેલ છોડી લોકોના ટોળાને વિખેર્યા હતા.

હિંમતનગરના ગામડા ગામ પાસે પસાર થતા નેશનલ હાઈવેમાં છાશવારે અકસ્માત સર્જાતા રહે છે ત્યારે આજે સવારે એક સ્થાનીક રાહદારીનું વાહન અકસ્માતમાં મોત થતા તેના પગલે ગ્રામજનો એકઠા થઈ ચક્કાજામ સાથે હાઈવે પર ટાયર સળગાવી, પથ્થર, ઝાડના પડ મુકી હાઈવે બંધ કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો પરંતુ રોષે ભરાયેલા લોકોના ટોળાએ ડીવાયએસપીની ગાડી સળગાવી અન્ય ત્રણ-ચાર ગાડીના કાચ તોડી નાખતા પોલીસે કાયદો હાથમાં લેનાર પર ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી.

નોંધનીય છે કે નેશનલ હાઈવે નંબર-૮ પર રોજબરોજ અનેક વાહનો પસાર થતા હોય છે ત્યારે આજે ગ્રામજનો દ્વારા ચક્કાજામ કરવામાં આવતા બન્ને બાજુએ વાહનોની લાંબી લાઈન જોવા મળી હતી. ગામડી ગામ પાસે છાશવારે અકસ્માતની ઘટના બને છે જેને લઈ

ગ્રામજનોએ અનેક વખત બ્રિજ બનાવવા માટે રજુઆતો કરી છે. પરંતુ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં ન આવતા ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

# ફૂડ ઓઈલની આયાત પર ખર્ચમાં ૧૯ ટકાનો વધારો

નવી દિલ્હી,તા.૨૪

નાણાકીય વર્ષ ૨૦૨૪માં આયાતમાં થોડો ઘટાડો થયા પછી, ચાલુ નાણાકીય વર્ષનાં પ્રથમ મહિનામાં ફૂડ ઓઈલની આયાતમાં ૭.૭ ટકાનો વધારો નોંધાયો હતો.આ વખતે ૨.૧૪ કરોડ ટન ખાદ્ય પદાર્થોની આયાત કરવામાં આવી હતી.જે એક વર્ષ અગાઉ એપ્રિલમાં ૨ કરોડ ટન હતી. આ માટે નો ખર્ચ એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૯ ટકા વધ્યો છે પેટ્રોલિયમ અને પ્રાકુતિક ગેસ મંત્રાલય હેઠળના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા અનુસાર આયાત પર ૧૩ અબજ ડોલર એટલે કે ૧ લાખ ૮ હજાર ૫૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવો પડયો હતો.એપ્રિલ ૨૦૨૩માં તેલ બિલ ૧૦.૯ બિલિયન ડોલર હતું.

એપ્રિલમાં રશિયન ઓઈલ ડિસ્કાઉન્ટમાં ઘટાડો થતા ૩ બિલિયન ડોલરનો ખર્ચ થયો

તેલનું બિલ કેમ વધી રહ્યું છે?

રશિયન તેલ પરના ડિસ્કાઉન્ટમાં ઘટાડોએ તેલના બિલને વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.એપ્રિલમાં બેટ ક્રૂટની સરેરાશ વૈશ્વિક કિંમત ૯૦.૨ ડોલર પ્રતિબેરલ હતી. જે એક વર્ષ પહેલા ૮૫.૫ ડોલર પ્રતિ બેરલ હતી. ભારતીય આયાત ડોલર માટે ખાદ્યપદાર્થોની સરેરાશ કિંમત પણ વધીને બેરલ દીઠ ૮૯.૫ ટકાં થઈ છે.જે

માર્ચમાં ૮૪.૫ ડોલર અને એક વર્ષ અગાઉ એપ્રિલમાં ૮૩૮ પ્રતિબેરલ હતી.ડોલએ યુક્રનમાં રમખાણો શરૂ થયા બાદ ક્રૂડના ભાવમાં થયેલા વધારાની અસર ભારત પર પણ પડી હતી.પરંતુ રશિયાએ ભારતને સસ્તા દરે તેલ આપીને રાહત મેળવી છે.જો કે ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, વૈશ્વિક કિંમતની તુલનામાં રશિયન તેલ પરનું ડિસ્કાઉન્ટ હવે ઘટીને $4 ડોલર પર આવી ગયું છે, જે પહેલા બેરલ દીઠ $10 ડોલર સુધી હતું.

**આયાત પર નિર્ભરતા વધી રહી છે.**

એપ્રિલમાં પેટ્રોલિયમ ઉત્પાદનોનો વપરાશ ૧૦૯૯ કરોડ ટન હતી જે એક વર્ષ અગાઉનાઆ મહિનાના મુકાબલો કરતા ૬.૧ ટકા વધુ છે. એપ્રિલ ૨૦૨૩માં ૧.૮૭ કરોડ ટનનો વપરાશ થયો હતો. તેમજ સમયે, દેશમાં ફૂડ ઓઈલ અને કેરોસીનનું ઉત્પાદન સમાન રહ્યું.એપ્રિલમાં ૨૪ લાખ ટનનું ઉત્પાદન થયું હતું. એક વર્ષ પહેલા પણ ઉત્પાદન આટલું જ હતું.એપ્રિલમાં ખાદ્ય તેલની આયાત પર નિર્ભરતા ૮૮.૪ ટકા હતી સો વર્ષ રાઉન્ડ ઓછું પરંતુ જે રીતે પેટ્રોલિયમ ઉત્પાદનોનો વપરાશ વધી રહ્યો છે. અને દેશમાં ફૂડ ઓઈલના ઉત્પાદનની સ્થિતિને ધ્યાનમાં લેતા, વર્તમાન નાણાકીય વર્ષમાં આયાત નિર્ભરતા વધી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં આયાત પર નિર્ભરતા વધીને ૮૭.૭ ટકા થઈ, જે અગાઉના નાણાકીય વર્ષમાં ૮૭.૪ ટકા હતી.વર્ષ ૨૦૨૨માં ભારત તેની કુલ જરૂરીયાતના ૮૫.૫ ટકા ફૂડ ઓઈલની આયાત કરવી પડી હતી.

### ૧૯૭૬માં રાજકોટ પાસેના સાંગણવા ગામમાં બનેલી

# શ્યામ બેનેગલની ફિલ્મ 'મંથન'ને કેન્સ ફિલ્મ ફેસ્ટીવલ માટે પસંદ કરાઈ

### ૧ જૂને 'વિશ્વ મિલ્ક ડે' નિમિતે ભારતમાં બતાવવામાં આવશે

શ્યામ બેનેગલની કલાસીક ફિલ્મ 'મંથન' જે ૧૯૭૬માં બની હતી અને જેનું પુરૂ શુટીંગ રાજકોટ જીલ્લાના અને રીબડા પાસેના સાંગણવા ગામમાં થયુ હતું. નસુરૂદીન શાહ, સ્મીતા પાટીલ, અમરીશપુરી, ગીરીશ કર્નાડ જેવા કલાકારોએ આ ફિલ્મમાં અભિનય આપ્યો હતો.

આ ફિલ્મને તાજેતરમાં જ ૭૭માં કેન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં કલાસીક સેકસશન માટે પસંદ કરવામાં આવેલ તે 'મંથન' ફિલ્મ વર્ષો પછી ભારતના ૫૦ શહેરોમાં વિશ્વ મિલ્ક દિવસ નિમિતે જૂનની પ્રથમ તારીખે બતાવવામાં આવશે.

આ ફિલ્મ ડેરી સહકારી ચળવળની શરૂઆત વખતના છે.

વર્ગીસ કુરિયન કે જેઓ ડેરીના પિતા ગણાય છે અને જેને વિશ્વના સૌથી મોટા દૂધ ઉત્પાદનમાં ભારતને ફેરવી દીધુ હતું. આ ફિલ્મ ૫૦ લાખ ડેરીમાં જે દૂધ સપ્લાય કરે છે તેવા ખેડૂતો દ્વારા નિર્મિત ભારતની પ્રથમ ક્રાઉડ-ફંડેડ (લોકોના સહકાર અને સહાયથી) ફિલ્મ હતી.

# ખુરાના ગ્રુપ પર આવકવેરા દરોડામાં દારૂ-બીયર મળ્યા

અમદાવાદ તા.૨૪

અમદાવાદ તથા વડોદરામાં ખુરાના ગ્રુપ પર આવકવેરા વિભાગે હાથ ધરેલા દરોડા કાર્યવાહી દરમ્યાન દારૂ મળી આવતા સનસનાટી મચી જવા પામી છે. દારૂની ૨૬ બોટલ તથા બિયરની ૧૬ બોટલો મળી હતી.

આવકવેરા વિભાગે ગત શનિવારે અમદાવાદ તથા વડોદરામાં ખુરાના ગ્રુપના ૨૭ સ્થળોએ દરોડા કાર્યવાહી હાથ ધરી હતી તે દરમ્યાન ગ્રુપના ડાયરેકટરના નિવાસસ્થાનેથી દારૂ મળી આવ્યો હતો.

ખુરાના ગ્રુપ પરની દરોડા કાર્યવાહીમાં આવકવેરા વિભાગને ૫૦૦ કરોડના શંકાસ્પદ નાણાંકીય વ્યવહારો મળી આવ્યાની ચર્ચા છે.

### અમદાવાદના મેચ બાદ હિટ સ્ટ્રોકના કારણે બે દિવસ હોસ્પિટલમાં દાખલ થયા હતા

# ફાઈનલમાં શાહરૂખ ખાન હાજર રહી શકે છેઃ જુહી ચાવલાનો વિશ્વાસ

### અત્યાર સુધી દરેક આઈપીએલ મેચમાં પોતાની ટીમ કોલકતા નાઈટ રાઈડર્સનો જુસ્સો વધારવા ગ્રાઉન્ડ પર તેના પરિવાર સાથે હાજર રહ્યા હતા

ચેન્નાઈ : બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાનને તાજેતરમાં હીટ સ્ટ્રોકના કારણે અમદાવાદની હોસ્પિટલમાં દાખલ થવું પડયું હતું. થોડા કલાકો બાદ આરામ કર્યા બાદ તેમને રજા આપવામાં આવી હતી. હવે શાહરૂખ ખાનની મિત્ર અને ભૂતપૂર્વ કો-સ્ટાર જુહી ચાવલાએ તેના સ્વાસ્થ્ય વિશે માહિતી શેર કરી છે. તેણે કહ્યું, અમદાવાદમાં મેચ વખતે શાહરૂખ ખાનની તબિયત સારી ન હતી. રવિવારે ચેન્નાઈમાં પોતાની ટીમને પ્રોત્સાહિત કરવા મેચમાં હાજર રહેશે. શાહરૂખ ખાનના મેનેજરે પણ તેમના સ્વાસ્થ્ય વિશે માહિતી આપી છે. તેણે સોશ્યલ મીડિયા પર લખ્યું. મિસ્ટર ખાનના તમામ ચાહકો અને શુભેચ્છકો માટે તે હવે સારૂ અનુભવી રહ્યો છે. તમારા પ્રેમ, પ્રાર્થના અને ચિંતા બદલ આભાર.

ઉલ્લેખનીય છે કે શાહરૂખ ખાન તેના બાળકો સુહાના અને અવરામ સાથે તેની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સની મેચ જોવા માટે અમદાવાદ ગયો હતો. ત્યાં ગરમીને કારણે અને ડિહાઈડ્રેશનને કારણે તેમની તબિયત

બગડી હતી, ત્યારબાદ તેમને ત્યાંની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન જુહી ચાવલા પણ પરંતુ તેની સંભાળ લેવામાં આવી હતી અને તે એકદમ સ્વસ્થ છે. જો ભગવાનની ઈચ્છા હોય, તો તે ટુંક સમયમાં સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે અને ફાઈનલ (આઈપીએલ) સમાહના અંતે હોસ્પિટલમાં હાજર હતી અને શાહરૂખની પત્ની ગૌરી ખાન પણ હોસ્પિટલ પહોંચી હતી. જોકે બાદમાં શાહરૂખની તબીયતમાં સુધારો થતા તેને રજા આપવામાં આવી હતી.

# પૂણેમાં કાર દુર્ઘટના મામલે મોટો વળાંક સગીરે કહ્યું -હું નહોતો કાર ચલાવતો

### કાર પોતે ચલાવતો હોવાની ફેમિલી ડ્રાઈવરની કબૂલાત

પૂણે(મહારાષ્ટ્ર) તા.૨૪

પૂણેમાં પોર્શે ક્રેશ મામલે એક મોટું ટ્વિસ્ટ સામે આવ્યું છે. ૧૭ વર્ષના આરોપીએ દાવો કર્યો છે કે દુર્ઘટનાના સમયે તે કાર ચલાવી રહ્યો નહોતો પરંતુ ફેમિલી ડ્રાઈવર ચલાવી રહ્યો હતો. દુર્ઘટનાના સમયે આરોપીની સાથે હાજર તેના સાથીઓએ પણ આ દાવાનું સમર્થન કર્યું છે. ઉલ્લેખનીય છે કે સગીર આરોપી રિયલ એસ્ટેટ ડેવલોપર વિશાલ અગ્રવાલનો પુત્ર છે. પૂણેના કલ્યાણી નગરમાં પૂર ઝડપે બાઈકસવાર બે એન્જિનિયરોને કચડી નાખ્યા હતા. બંનેના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા.

પોલીસનું કહેવું છે કે સગીર આરોપી નશામાં ધૂત ૨.૫ કરોડની સુપરકાર ડ્રાઈવ કરી રહ્યો હતો. એક દિવસ પહેલા જ પૂણેની કોર્ટે આરોપીના જામીન કેન્સલ કરી દીધા અને તેને ૫ જૂન સુધી કસ્ટડીમાં મોકલી દેવાયો. મામલામાં ટ્રિસ્ટ આવ્યા બાદ પોલીસ ફેમિલી ડ્રાઈવરની પણ પૂછપરછ કરી રહી છે. તેણે પોતાના પહેલા નિવેદનમાં કહ્યું હતું કે દુર્ઘટનાના સમયે તે જ કાર ચલાવી રહ્યો હતો. વિશાલ અગ્રવાલે પણ દાવો કર્યો હતો કે તેમણે જ ડ્રાઈવરને કામ પર રાખ્યો હતો.

### પ્રથમ વખત મળી મોટી જીત

# અમેરિકાએ બીજી T-20 મેચમાં પણ બાંગ્લાદેશને ૬ રનથી હરાવ્યું, શ્રેણી ૨-૦ થી જીતી

ન્યુ દિલ્હી,તા.૨૪

અમેરિકા અને બાંગ્લાદેશ વચ્ચે ત્રણ મેચની ઝ૨૦ શ્રેણીની બીજી મેચ ગુરુવારે રમાઈ હતી. આ મેચમાં અમેરિકાએ પોતાની તાકાત દેખાડી હતી અને શાકિબ-અલ-હસનની આગેવાની હેઠળની ટીમને છ રનથી હરાવીને શ્રેણીમાં ૨-૦ની જીતી હતી. આ પહેલા અમેરિકાએ બાંગ્લાદેશ સામે પ્રથમ ઝ૨૦ મેચમાં પાંચ વિકેટે જીત મેળવી હતી. ઝ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ પહેલા બાંગ્લાદેશ બીજી વખત આંતરરાષ્ટ્રીય સ્તરે શરમજનક સ્થિતિમાં આવી ગયું છે. તેઓ ટી-૨૦ શ્રેણી હારી ગયા છે.

પ્રેઇરી વ્યુ ક્રિકેટ કોમ્પ્લેક્સમાં રમાયેલી આ મેચમાં પાકિસ્તાની બોલરે અમેરિકાને જીત અપાવી : ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી અમેરિકાએ છ વિકેટ ગુમાવીને ૧૪૪ રન બનાવ્યા. જવાબમાં બાંગ્લાદેશ ટીમ ૧૯.૩ ઓવરમાં ૧૩૮ રનના સ્કોર પર જ સિમિત રહી હતી. અમેરિકાની સતત બીજી જીતમાં અલી ખાને મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે બાંગ્લાદેશના ત્રણ બેટ્સમેનોને પોતાનો શિકાર બનાવ્યા. અલીએ પહેલા શાકિબ-અલ-હસનને ૧૮મી ઓવરમાં આઉટ કર્યો હતો. ત્રીજા બોલ પર તનઝીમ હસન શેખને પેવેલિયન મોકલવામાં આવ્યો હતો. આ પછી તેણે ઈનિંગ્સની ૨૦મી ઓવરમાં રિશાદ હુસૈનની વિકેટ લીધી હતી. અલી ખાનનો જન્મ પાકિસ્તાનમાં થયો હતો. તેણે ૩.૩ ઓવરમાં માત્ર ૨ રન જ

# ઈલોન મસ્કે બાળકો પર સોશિયલ મીડિયાની પ્રતિકુળ અસરો વિશે ચિંતા વ્યકત કરી

### માતા-પિતાએ પણ ધ્યાન આપવા ચેતવણી ઉચ્ચારી

રાજકોટ,તા.૨૪

ઈલોન મસ્ક ઘણીવાર બાળકો પર સોશિયલ મીડિયાની અસર વિશે વાત કરતા રહે છે. નવ બાળકોના પિતા ઈલોન મસ્કે ગયા વર્ષે એવું કહ્યું હતું કે તેણે તેના બાળકોને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા ક્યારેય અટકાવ્યા નથી. પરંતુ હવે કદાચ તેમને આ ભૂલ લગતી હશે હવે તેમણે બાળકો પર સોશિયલ મીડિયાની પ્રતિકૂળ અસરો વિશે ચિંતા વ્યક્ત કરી હતી. મસ્કે કહ્યું હતું કે બાળકોને સોધીયલ મીડિયાનો કેટલો ઉપયોગ કરવો જોઈએ તેના પર નિયમ બનાવવો જરૂરી છે.

આ ઇવેન્ટમાં ઈલોન મસ્કે સોશિયલ મીડિયાના ગેરફાયદા વિશે જણાવ્યું હતું. મસ્કે કહ્યું કે, 'સોશિયલ મીડિયા કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરે છે. જેથી લોકો શક્ય તેટલા લાંબા સમય સુધી એપ્સનો ઉપયોગ કરે. આ બાબત બાળકો માટે જોખમી છે. આ ટેકનીકના કારણે મગજમાં ખુશીની લાગણી પેદા કરતુ કેમિકલ 'ડોપામાઈન' વધારે છે. આથી મને લાગે છે કે માતા-પિતાએ પણ ધ્યાન આપવું જોઈએ કે તેમના બાળકો સોશિયલ મીડિયા પર વધુ સમય ન વિતાવે.'

ઈલોન મસ્કનું કહેવું છે કે સોશિયલ મીડિયા કંપનીઓ લોકોનું ધ્યાન ખેંચવા માટે એકબીજા સાથે લડતી રહે છે, જેની ખરાબ અસર બાળકોના મન પર પડે છે. તેઓ કહે છે કે આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટૂલ્સના કારણે બાળકોનું શોષણ થાય છે. આથી ડ બન્કોનું શોષણ થાય તેવું કન્ટેન્ટ પોતાના પ્લેટફોર્મ પરથી અટકાવવા કડક પગલાઓ લે છે.

# મારામારીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ તા.૨૪

બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ મારમારીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ગાંધીગ્રામ પોલીસે પકડી પાડયો હતો. ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન બાતમીના આધારે મારામારીના ગુન્હામાં નાસતો ફરતો આરોપી કાનજી ઉર્ફે કાનો ઉર્ફે પરાગ ધીરુભાઈ જંજવાડીયા (ઉ.વ.૨૫, રહે.મનહરપુર સરકારી સ્કુલની બાજુમા રાજકોટ, હાલ રહે.હડાળા ગામ) ને પકડી પાડયો હતો. આ કામગિરીમાં પી.આઈ. બી.બી.જાડેજા, પી.એસ.આઈ. એન.વી.હરીયાણી, હેડ કોન્સ્ટેબલ મસરીભાઈ ભેટારીયા, અમિતભાઈ કોરાટ, શક્તિસિંહ ગોહીલ, કોન્સ્ટેબલ મુકેશભાઇ સબાડ, રોહીતદાન ગઢવી, કુલદીપસિંહ રાણા રોહીતભાઈ કછોટ, પ્રદીપભાઇ ડાંગર, પ્રશાંતભાઈ ગજેરા રોકાયેલા હતાં.

# દિનેશ કાર્તિકની ક્રિકેટને અલવિદાઃ ફિનિશર તરીકે જબરદસ્ત સફળતા મેળવી

મુંબઇ :

આઇપીએલમાં આરસીબીનું પ્રતિનિધિત્વ કરનાર તમિલનાડુના દિનેશ કાર્તિકે આંતરરાષ્ટ્રીય અને આઇપીએલ કારકીર્દીને અલવિદા કહી દીધુ છે. બુધવારે રાજસ્થાન રોયલ્સ સામેની એલિમિનેટર મેચ તેની છેલ્લી મેચ હતી. ૩૮ વર્ષીય કાર્તિકે તેની કારકિર્દીના અંતમાં ફિનિશર તરીકે જબરદસ્ત સફળતા મેળવી હતી. તેની લગભગ ૨૦ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દી હતી.

### કારકિર્દી ૨૬ ટેસ્ટ રમ્યો




**શરૂઆત**

૧૯ વર્ષની ઉંમરે ભારતીય ટીમ માટે ODI ડેબ્યુ કર્યુ હતું.

ત્રણ વર્ષ બાદ ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યુ

**આઇપીએલમાં**

દિનેશ કાર્તિક ૨૦૦૮ પછી પ્રથમ આઇપીએલની તમામ ૧૭ સિઝનમાં રમ્યો છે.

- ૦૬ ટીમોનું પ્રતિનિધિત્વ કર્યુ
- ૫ હજારથી વધુ રન બનાવ્યા
- ૧૪૫ કેચ અને ૩૭ સ્ટમ્પિંગ કર્યા
- ૨૦૧૩માં ચેમ્પિયન મુંબઈનો ભાગ હતો

**છેલ્લી ટુર્નામેન્ટ**

૨૦૨૨ની આઇપીએલ સિઝનમાં ૧૮૩ના સ્ટ્રાઇક રેટથી ૩૩૦ રન બનાવ્યા બાદ કાર્તિક ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં પરત ફર્યો હતો. રાષ્ટ્રીય ટીમ સાથે આ તેની છેલ્લી ટુર્નામેન્ટ હતી.

**ચડાવ અને ઉતાર**

- અંતિમ અગિયારમાં ધોનીનું સ્થાન નકકી થવાને કારણે દિનેશ કાર્તિકે ૨૦૦૭માં ઈંગ્લેન્ડ પ્રવાસ પર ઈનિંગ્સની શરૂઆત કરી હતી.
- ૨૦૧૮માં કોલંબોમાં બાંગ્લાદેશ સામેની નિદાહસ ટ્રોફીની ફાઇનલમાં છેલ્લા બોલ પર સિકસરની યાદગાર વિજય થયો
- કાર્તિક ૨૦૧૦ અને ૨૦૧૭ વચ્ચે આઇપીએલ રમવાનું લગાતાર ચાલુ રાખ્યું પરંતુ રાષ્ટ્રીય ટીમમાં સ્થાન ન બનાવી શકયો જે તેને દુઃખ હતું.

## નિવૃતિનું મન કરી લીધુ હતું

કાર્તિકે આ વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણી દરમિયાન નિવૃતિ લેવાનું મન બનાવી લીધુ હતું. ઈંગ્લેન્ડના માઇક આથર્ટને આકસ્મિક રીતે પોડકાસ્ટમાં આ વાતનો ખુલાસો કર્યો હતો.

# વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ T-20માં દક્ષિણ આફ્રિકાને હરાવ્યુંઃ બ્રાન્ડન કિંગનાં ૪૫ બોલમાં ૭૯ રન ; ગુડાકેશ અને ફોર્ડે ૩-૩ વિકેટ લીધી

વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ T20 મેચમાં દક્ષિણ આફ્રિકાને ૨૮ રને હરાવ્યું હતું. આ જીત સાથે વેસ્ટ ઈન્ડિઝની ટીમે T20 વર્લ્ડ કપ પહેલા રમાઈ રહેલી ત્રણ મેચની T20 હોમ સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે.

પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝે ૮ વિકેટના નુકસાન પર ૧૭૫ રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની આખી ટીમ ૧૯.૫ ઓવરમાં ૧૪૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. વેસ્ટ ઈન્ડિઝ માટે કેપ્ટન બ્રાન્ડન કિંગે આ સીરીઝમાં ૪૫ બોલમાં ૭૯ રનની ઈનિંગ રમી હતી.

**વેસ્ટ ઈન્ડિઝની સારી શરૂઆત**

ટોસ હાર્યા બાદ વેસ્ટ ઈન્ડિઝ બેટિંગ કરવા આવી હતી અને તેને ૩૬ રન પર પહેલો ઝટકો લાગ્યો હતો. ઓપનર જોન્સન ચાર્લ્સ ૧ રન બનાવીને આઉટ થયો હતો. કેપ્ટન બ્રાન્ડન કિંગે બીજી

વિકેટ માટે કાયલ મેયર્સ સાથે ૪૪ બોલમાં ૭૯ રનની ભાગીદારી કરી હતી.

કાયલ મેયર્સે ૨૫ બોલમાં ૩૪ રન અને બ્રાન્ડોન કિંગે ૪૫ બોલમાં ૭૯ રન બનાવ્યા હતા. જ્યારે રોસ્ટન ચેઝે ૩૦ બોલમાં અણનમ ૩૨ રન બનાવ્યા હતા.

**સાઉથ આફ્રિકાની ખરાબ શરૂઆત**

૧૭૬ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી સાઉથ આફ્રિકાની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. પ્રથમ વિકેટ માત્ર ૪ રનના સ્કોર પર પડી હતી. ઓપનર ક્વિન્ટન ડી કોક બીજા બોલ પર જ આઉટ થયો હતો. તેણે ૨ બોલનો સામનો કર્યો અને ૪ રન બનાવ્યા. દક્ષિણ આફ્રિકાને ૧૧ રનના સ્કોર પર બીજો ઝટકો લાગ્યો હતો.રેયાન રિકલ્ટને ૭ બોલનો સામનો કરીને ૬ રન બનાવ્યા હતા. જ્યારે અન્ય ઓપનર રીઝા હેન્ડ્રીક્સે ઈનિંગ્સને એક બાજુએ રાખી હતી. તેણે ૫૧ બોલમાં ૮૭ રનની ઈનિંગ રમી હતી. હેન્ડ્રિક્સે પહેલા મેથ્યુ બ્રિટ્ઝકે સાથે ૧૮ બોલમાં ૨૪ રન, રાસી વાન ડેર ડ્યુસેન સાથે ૪૨ રન અને લુંગી નિગડી સાથે નવમી વિકેટ માટે ૨૪ બોલમાં ૩૯ રનની ભાગીદારી કરી હતી, પરંતુ તે ટીમને જીત તરફ લઈ જઈ શક્યો ન હતો.

## ગોંડલમાં પૂ.મોરારીબાપુની રામકથામાં ઉમટતો માનવ મહેરામણ:વધુ બે ડોમ ઉભા કરાયા

# ૧૦૦ કરોડ લોકો નિત્ય એક હનુમાન ચાલીસાના પાઠ કરે તો દેશની દશા બદલાઈ જશે

**પૂ.મોરારીબાપુએ કથા દરમ્યાન ગોંડલના પ્રજાવત્સલ રાજવી ભગવંતસિંહજીને અનેકવાર યાદ કર્યા**

**બુદ્ધપૂર્ણિમાના પવિત્ર દિ'ને દેશના ૧૪૦ કરોડ લોકોમાંથી ૧૦૦ કરોડ લોકો વૃક્ષ વાવેતર કરે તો બુદ્ધને સાચી અંજલી આપી ગણાશે**

**સાધુનું આસન રજો ગુણી ન હોવું જોઈએ, હાલતો પધરામણી શબ્દ પણ રજોગુણી થઈ ગયો છે**

**અહેવાલ-તસ્વીર: જીતેન્દ્ર આચાર્ય (ગોંડલ)**

ગોંડલ,તા.૨૪

ગોંડલની પ્રાચીન જગ્યા લોહલંગધામ અન્નક્ષેત્ર પ્રેરીત અને યુગાન્ડા નાં મનોરથી ચેતનભાઈનાં સહયોગ દ્વારા દાસીજીવણ પાર્ટીપ્લોટ ખાતે ચાલી રહેલી રામચરીત માનસ કથામાં ઈતિહાસ રચાયો હોય તેમ કથા શ્રવણ માટે અવિરત પ્રવાહ વહેતો હોય ૨૫૦૦૦ ની ક્ષમતા ધરાવતો વાતાનુકુલિત ડોમ ટુંકો પડતા અને ભાવિક શ્રોતાઓ ને બહાર ધોમધખતા તાપમાન વચ્ચે ઉભા રહેવું પડ્યું હોય પુ.મોરારી બાપુ ની સુચના થી કથા સમિતી દ્વારા તાબડતોડ વધુ પાંચ હજાર ની ક્ષમતા સાથેનાં બે વાતાનુકુલિત ડોમ ઉભા કરાયા હતા.જે શ્રોતાઓ થી ભરચક બન્યાં હતા.

મોરારી બાપુએ કથા દરમ્યાન ગોંડલ નાં પ્રજાવત્સલ મહારાજા ભગવતસિહ ને અનેકવાર યાદ કર્યા હોય હાલ લંડન ગયેલા વર્તમાન રાજવી હિમાંશુસિહજીએ તેમનાં પ્રતિનિધિ રાજેન્દ્રસિંહ જાડેજાને કથા સ્થળે મોકલ્યા હતા.જ્યા રાજેન્દ્રસિહ દ્વારા વ્યાસપાઠ નું પુજન કરી બાપુને સન્માનિત કરાયા હતા.રાજવી હિમાંશુસિહજી દ્વારા લંડન થી પુ.મોરારીબાપુ ને લખાયેલા પત્ર માં જણાવ્યું હતું કે '' બાપુ આપે ભગવતસિહ બાપુ ને યાદ કરી ગોંડલ તથા રાજવી પરિવાર નું ગૌરવ વધાર્યું છે.જે માટે રાજવી પરિવાર આપનો આભારી છે.

રામચરીત માનસ કથા નાં આજે છઠ્ઠા દિવસે પણ મોરારી બાપુએ કથાની શરૂઆત કરતા પહેલા મહારાજા ભગવતસિંહજી ને યાદ કરતા જણાવ્યું હતું કે સર ભગવતસિંહજી પ્રજાવત્સલ રાજા હતા હાલ એમનો પરિવાર પણ પ્રજાવત્સલ્ય રહ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે ભગવતસિંહજી વૃક્ષ પ્રેમી હતાં જેઓએ ખૂબ વૃક્ષો વાવ્યા છે.આજે બુદ્ધ પૂર્ણિમાના પવિત્ર દિવસે દેશના ૧૪૦ કરોડ દેશવાસીઓ માંથી ૧૦૦ કરોડ લોકો વૃક્ષ વાવેતર કરે તો સાચી બુદ્ધ ને અંજલિ થઈ ગણાશે. સરભગવતસિંહજી નો આત્મા રાજી થશે. જો કે ૧૦૦ કરોડ વૃક્ષ નું વાવેતર થાય તો દેશ નંદનવન બની જાય.ખૂબ મોટું સદકાર્ય થશે. હાલ ગરમીનો પારો વધતો જાય છે,અને આપણા મગજ નો પારો પણ વધી રહ્યોછે. પરંતુ હું વીરપુર જ્યાં રોકાયો છું.ત્યાં એક નહીં પાંચ વૃક્ષ વાવવા નો છું. વૃક્ષ વાવવા બાપુએ આહલેક જગાવી હતી.

**રામ, શિવ, કૃષ્ણ સહિતના પંચ મંદિરો ગામડે ગામડે જર્જરિત થઈ ગયા છે, તેમનો જીર્ણોદ્ધાર કરાયો**

બાપુએ કહ્યુ કે સંસકૃતિ નો ત્યાગ નથી. સાધુ સંતો મહાપુરુષો પકૃતિમાં નાં શરણે જાય છે.પ્રકૃતિ નું મોટુ અંગ વૃક્ષ છે. સો કરોડ લોકો વૃક્ષ વાવે તો દેશ નંદનવન બંને સાથે બીજું ૧૪૦ કરોડ લોકો માંથી ૧૦૦ કરોડ લોકો નિત્ય એક હનુમાન ચાલીસા પાઠ કરે તો દેશની દશા બદલી જશે. હનુમાનચાલીસા સાંપ્રાદિયક નથી.બધા હનુમાનચાલીસા ના પાઠ કરી શકે.ત્રીજું ૧૦૦ કરોડ લોકો સત્ય,શાશ્વત વૈદિક સનાતન ધર્મનો આશ્રિત રહેશે તો મોટું સદકાર્ય થશે.આ તકે ૧૦૦ કરોડ લોકો વૃક્ષ વાવે,હનુમાન ચાલીસા પાઠ કરે ,સત્ય અને શાશ્વત નો સંકલ્પ તો મોટું સદકાર્ય થશે. તેવું જણાવ્યું હતુ.

બાપુએ કહ્યુ કે રામાયણ માં સો શબ્દનો ઉલ્લેખ વધુ છે શત કોટી, શત યોજન, શત શબ્દ યાની સો કરોડ ''રામાયણ સાધુએ જેટલું સાચવ્યું છે.એટલું કોઈએ નથી સાચવ્યું.

આ તકે બાપુએ સુરજદેવળ ખાતે ઉપવાસ પ્રસંગ ને મુલવ્યો હતો.અને સુરજદેવળ ને રામાયણનું આસ્થાનું કેન્દ્ર ગણાવ્યુ હતુ. બાપુએ ભાવુક બની આહવાન કર્યું હતું કે સીતારામબાપુ..તમે સાધુ સંતો મહંતો એવમ દરેક શાખાના સાધુઓને જણાવો નાના-મોટા કારણો કાઢી ગોંડલ આવો મોરારીબાપુ આમંત્રણ આપે છે.મારે તમારા સૌના દર્શન કરવા છે.નાના મોટા અહંકાર છોડી અવસર આવ્યો છે તો માણી લો આવો મારા બાપ, તમારો મોરારીબાપુ તમને આમંત્રણ આપે છે.અવસર આવ્યો છે.મોતી પરોવી લો,આ દેશને સાધુની એકતા ની જરૂર છે.બાપુ એ જણાવ્યું હતું કે સાધુ નું આસન રજોગુણી ન હોવું જોઈએ હાલ તો પધરામણી શબ્દ પણ રજોગુણી થઈ ગયો છે.રામચરિત માનસ ત્રિભુવનિય શબ્દ કોષ છે.હાલ વેદ નો આશ્રય કરે છે પરંતુ વેદનો વિરોધ પણ ખૂબ કરે છે.બાપુએ જણાવ્યું હતું કે રામમંદિર શિવમંદિર કૃષ્ણમંદિર સહિત પંચદેવ મંદિર ગામડે ગામડે જર્જરીત થયા છે.તેમના જીર્ણોદ્ધાર કરાવો.એ કરાવશો તો કપાસ માંડવીના ભાવ સારા મળશે આવા સદકાર્ય થવા જોઈએ.પરોપકારી સંસ્થાઓ ની સેવા કરજો .રામ અનંત, રામનામ અનંત રામનું શીલ અનંત જેમના ગુણ અનંત જેમનો વિસ્તાર અનંત છે.

બાપુએ કહ્યું કે શાસ્ત્ર ,રાજા અને સ્ત્રી કોઈને આધીન ન થાય.સ્ત્રી શ્રદ્ધા છે.જ્યારે પુરૂષ વિશ્વાસ છે. લહેરો ના કારણે સમુદ્ર છે.સમુદ્ર ને કારણે લહેરો નથી. બાપુએ જણાવ્યું હતું કે મારી પ્રથમ પાંચ કથા તલગાજરડા જ કરી. પરમાત્મા ની કથા હોય મોરારીબાપુ ની શું કથા હોય.!

હરિ અનંત હરિ કથા અનંતા' મારે કથા ઘર ઘર સુધી ઘટ ઘટ સુધી પહોંચાડવા નો પ્રયાસ કરવો છે.વધુમાં જણાવતા કહ્યું 'રામનામ આશ્રિત રામાયણ ના આશ્રિત સાધુના આશ્રિતો એ એમની નજરમાંથી નીચે ઉતરી ન જવા જોઈએ. હાલ લેવલ ઘટી ગયું છે.ને લેબલ વધી ગયું છે.હાલ કોની પાસે બેસવું એ એક મોટો પ્રશ્ન થઈ ગયો છે.જુનાગઢ કથા શોભાયાત્રા માં હાથી પર બેસાડી દીધા બાદ સંકલ્પ કરેલ સમાજ ગધેડા પર બેસાડે એ પહેલાં આપડે આપડી જાતે ગધેડા પર બેસી જવું. એ પણ થઈ ગયું કચ્છની કથામાં ગધેડા પર પણ બેસી લીધું.વિદ્વાનો પાસેથી કંઈક લઈ છેવાડાનાં પાણી વાળતા માણસા સુધી પંહોચાડવા નો મારો પ્રયાસ છે.

શિવ પાર્પુવતી ચરિતએ નો મહીમા વર્ણવતતા બાપુએ હિમાલય ની કથા આગળ ધપાવી હતી.હિમાલય ને ત્યાં શ્રદ્ધા રૂપી દીકરીનો જન્મ થયો.

બાપુએ સમાજને પ્રાર્થના કરતા કહ્યું દીકરાનો જન્મ થાય જેવો ઉત્સવ દીકરી નાં જન્મ સમયે પણ ઉજવો.કૃષ્ણ કહે છે.દીકરી જન્મે ત્યારે સાત પ્રકાર ની વિભૂતિ નો જન્મ થાય છે.દુર્ગાના હજાર નામ છે.એમ ભગવાન વિષ્ણુ ના હજાર નામો છે.મૌન ની વ્યાખ્યા આપતા બાપુ એ જણાવ્યું હતું કે શાંતિ અને સત્વ ની ઉર્જા નૃત્ય કરે તેનું નામ મૌન,મૌન એટલે જડતા નહીં. દીકરી ના બાપ ને ઘર અને વર ખૂબ મહત્વ હોય છે.દક્ષ નારદ સંવાદ માં સતીના ભાગ્ય જુએ છે.એનો સુંદર મર્મ સમજાવ્યો હતો.રામચરિત માનસ એક આખું નભમંડળ છે.જેમાંથી એક પણ તારો હજુ સુધી ખર્યો નથી.રામાયણ ને માનો કે ન માનો રામાયણ તમને મુકશે નહીં એથી દરેક કામ છોડી દો પરંતુ રામકથા ના છોડો.૧૦૮ પરમ તત્વ એ રામાયણ ને ગાય છે.રામાયણ ગીતા ને ઘરમાં રાખજો પાઠ થાય કે ન થાય તો કંઈ નહીં ઘરમાં સદગ્રંથ રાખો.

જે માર્ગ દેવતાઓનો છે ત્યાં મૂર્ખાઓ દોડવા લાગ્યા છે.ચોવીસ કલાક પ્રસન્ન રહેવું મોઢું ચડાવી ન બેસવું મગજ શાંત રાખવો, હૃદય ગરમ રાખવુ.

બાપુ એ કહ્યું ગોંડલની કથામાં મજા ખૂબ આવી. હવે આવી કથા થાય ન થાય એ ખ્યાલ નથી આથી સવાઈ પણ થાય, પરંતુ આ અવસર પર મજા ખૂબ આવી.ઈમાનદાર નો પૈસો જ કથામાં વપરાય છે.સદકર્મ સાચું જ સ્વીકારે છે.

કથા વિરામ સમયે શિવકથા નું ગાન બાદ બાપૂએ રામજન્મ ની કથા જણાવી હતી.કથા પંડાલ માં આજે રામજન્મ ઉત્સવની ઉજવણી થવા પામી હતી.

## પૂ.મોરારીબાપુએ ભુવાબાવાનાં ચોરા તથા ગૌશાળાની મુલાકાત કરી: ગાયોને ગોળ ખવડાવ્યો

**(જીતેન્દ્ર આચાર્ય દ્વારા) ગોંડલ,તા.૨૪**

ગોંડલ દાસીજીવણ પાર્ટી પ્લોટ ખાતે ચાલી રહેલ મોરારીબાપુ ની કથાના આજે છઠ્ઠા દિવસે શહેરના ઉદ્યોગભારતી પાસે અયોધ્યા ચોકમાં આવેલા ઐતિહાસિક ભૂરાબાવના ચોરા ખાતે પંહોચી ભગવાન શ્રી રામના દરબાર ના દર્શન કર્યા હતા.મંદિરના મહંત દ્વારા મોરારીબાપુનું શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગોંડલ નગરિકબેંક ના ચેરમેન અને કથા સમીતી ના મુખ્ય કાર્યકર્તા અને ભુરાબાવાનાં ચોરાનું નવનિર્માણ કરનારા અશોકભાઈ પીપળીયા દ્વારા મોરારીબાપુ ને ચોરા વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આ તકે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

બાદ માં લીલાપીઠ ખાતે આવેલ રામગરબાપુ ગૌ શાળા ની મોરારીબાપુ એ મુલાકાત લીધી હતી.ગૌ શાળા ના મેદાનમાં મોરારીબાપુ ના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગૌ શાળા ખાતે દીપ પ્રાગટય કરી ગાય ની મૂર્તિનું પૂજન કરવામાં આવ્યું હતુ.

રામગરબાપુ ગૌ શાળા ખાતે ગોંડલ શહેર માં બીમાર, અપંગ તેમજ એક્સિડન્ટ વાળી ગાયોની ટ્રસ્ટના સભ્યો તેમજ સેવકો દ્વારા સેવા કરવામાં આવે ત્યારે મોરારીબાપુ દ્વારા ગાયો ની થતી સારવાર ની માહિતી મેળવી તેમજ ગાયો ને તેમના હસ્તે ગોળ, સુખડી તેમજ ખોળ ખવડાવવામાં આવ્યો હતો. આ તકે રામગરબાપુ ટ્રસ્ટના જયકારભાઈ જીવરાજાની, રાજુભાઈ ( દયાળજી ભજીયા વાળા), ગોપાલભાઈ ટોળીયા તેમજ ગૌ સેવકો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# લાંચ લેનારાઓને સબક: ટીડીઓ અને બે તલાટીને ચાર-ચાર વર્ષની સજા

**મોરબીની કોર્ટમાં ઐતિહાસિક ચૂકાદા: ચીમનલાલ દસાડીયા, રાજકોટના મુકુંદરાય પાણેરી અને જગદીશ ભટ્ટએ એન્ટ્રી, દાખલા, ડિપોઝીટના કામ માટે રૂપિયા લીધા હતા**

(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૨૪

મોરબીની કોર્ટમાં હળવદ તાલુકાના જુદાજુદા ત્રણ લાંચના કેસ ચાલી ગયા હતા જેમાં અનોખો ઈતિહાસ રચાયો છે અને મોરબીના સ્પેશિયલ જજ અને બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ. બુદ્ધએ એક ટીડીઓ બે તલાટી કમ મંત્રી આમ કુલ મળીને ત્રણ લાંચિયા અધિકારીઓને ચાર-ચાર વર્ષની સજા અને ૨૦-૨૦ હજારનો દંડ કર્યો છે.

મોરબીની કોર્ટમાં ચાલી ગયેલ લાંચિયા અધિકારીના કેસની માહિતી આપતા સરકારી વકીલે જણાવ્યુ હતું કે, પ્રતાપગઢ ગામે રહેતા ફરિયાદી રમેશભાઈ પ્રેમજીભાઈ ફૂલતરીયાએ વર્ષ ૨૦૦૮ માં મયુરનગરમાં આવેલ ખેતીની જમીનનો દાખલો લેવો હતો ત્યારે તલાટી કમ મંત્રી ચીમનલાલ હીરાભાઈ દસાડિયાએ ૫૦૦ રૂપિયાની લાંચ માંગી હતી જેથી કરીને એસીબીમાં ફરિયાદ કરતા લાંચ લેતા આરોપી રંગે હાથ પકડાયો હતો જે કેસ મોરબીના સ્પેશિયલ જજ અને બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ. બુદ્ધની કોર્ટમાં ચાલી ગયો હતો જેમાં ૭ મૌખિક અને ૨૫ દસ્તાવેજી પુરાવા તેમજ મદદનીશ સરકારી વકીલ સંજયભાઈ સી. દવેની દલીલો ધ્યાને લઈને કોર્ટ આરોપી તલાટી કમ મંત્રી ચીમનલાલ હીરાભાઈ દસાડિયાને ચાર વર્ષની સજા અને ૨૦ હજારનો દંડ કર્યો છે.

આશિષ કુમાર રામભાઈ પટેલને હળવદ તાલુકા પંચાયતમાં ઝેરોક્ષનો કોન્ટ્રાકટ મળ્યા હતો અને ત્યારે બાદ કોન્ટ્રાકટ પૂરો થતા ડિપોઝીટની રકમ પરત મેળવવા વર્ષ ૨૦૧૩ માં ગયા હતા ત્યારે ટીડીઓ મુકુન્દરાય લક્ષ્મીશંકર પાણેરી (રહે. રાજકોટ) વાળાએ તેની પાસેથી બે હજારની લાંચ માંગી હતી જેથી એસીબીમાં ફરિયાદ કરતાં એસીબીએ છટકું ગોઠવીને તેને રંગે હાથે પકડી લઈને ગુનો નોંધાયો હતો જે કેસ કોર્ટમાં ચાલી જતાં ૬ મૌખિક અને ૧૮ દસ્તાવેજી પુરાવા તેમજ મદદનીશ સરકારી વકીલ સંજયભાઈ સી. દવેની દલીલને ધ્યાને લઈ સ્પેશિયલ જજ અને બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ.બુદ્ધએ આરોપીને ચાર વર્ષની સજા અને ૨૦ હજારનો દંડ કર્યો છે.

જયારે ત્રીજા કેસમાં હળવદ તાલુકાના જુના દેવળીયા ગામે રહેતા વિપુલભાઈ રાજેન્દ્રભાઈ ભોરણીયાએ વર્ષ ૨૦૦૯ માં વારસાઈ એન્ટ્રીની કામગીરી કરાવવી હતી ત્યારે તલાટી કમ મંત્રી જગદીશભાઈ નવનીતભાઈ ભટ્ટે ૧૪ હજારની લાંચ માંગી હતી અને બાદમાં ૧૨ હજારમાં નક્કી કર્યા હતા અને લાંચની રકમ પેટેના ૬૦૦૦ આરોપીએ લીધા હતા ત્યારે એસીબીએ તેને રંગે હાથે પકડી લીધો હતો.

તે કેસ મોરબીની કોર્ટમાં ચાલી જતાં ૬ મૌખિક અને ૩૩ દસ્તાવેજી પુરાવા તેમજ મદદનીશ સરકારી વકીલ સંજયભાઈ સી. દવેની દલીલોને ધ્યાને લઈને સ્પેશિયલ જજ અને બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ. બુદ્ધએ આરોપીને ચાર વર્ષની સજા અને ૨૦ હજારનો દંડ કર્યો છે.

# ધારીમાં આઈસીઆઈસીઆઈ બેંકમાંથી રૂા.૬.૬૫ લાખની ચોરી

**બેંકનાં કામકાજ સમય દરમિયાન ખાનામાંથી કોઈ રકમ ઉઠાવી ફરાર**

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી,તા.૨૪

ધારી ગામે આવેલ તા.૨૧ના બપોરના ૧:૧૮ થી સાંજના ૫:૨૦ વાગ્યા સુધીમાં કોઇપણ સમયે કોઇ અજાણ્યા ઇસમે આઈસીઆઈસીઆઈ બેન્કમાં પ્રવેશ કરી બેંકના બેંકમાં સર્વર રૂમની બાજુમાં ટેબલના ખાનામાં રાખેલ રૂપિયા ૬,૬૫,૦૦૦ ચોરી કરી લઇ કરી લઈ ગયાની ફરિયાદ બેન્કના કર્મચારી પ્રિયાંકભાઇ જીતેન્દ્રભાઇ દેસાઇએ ધારી પોલીસમાં નોંધાવતા પોલીસે સી.સી.ટી.વી. તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત અને ડોગસ્સ્વોર્ડની મદદ લઇ આરોપીને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કરેલ છે.

**ઓપરેટર પર હુમલો:-**

સાવરકુંડલા તાલુકાના મીતીયાળા ગામે રહેતા અશરફભાઇ અહમદભાઇ જોખીયા નામનાં જે.સી.બી. ઓપરેટર (ડ્રાઇવિંગ)ને આજથી આશરે છ-સાત મહિના પહેલા સાકરપરા ગામના આરોપી રાજુભાઇ નાથાભાઇ પડસારીયા તથા તેમનો ભત્રીજો પરેશભાઇ રાણાભાઇ સાથે ઝગડો થયેલ હોય તે બનાવમાં સામ સામે ફરીયાદ થયેલ હોય. તે બાબતનું મનદુ:ખ ચાલતુ હોય જે મનદુ:ખના કારણે તા. ૨૨ ના રોજ સવારે ૧૦ વાગ્યાના સમયે સાકરપરા ગામે ધજડીગામની સીમમાં રાખોલીયાના નેરડા પાસે ચાર જેટલા આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદે મંડળીરચી પોતાનો સમાન ઇરાદો પાર પાડવા સારૂ પ્રાણઘાતક હથિયારો પાઇપ, છરી, કુહાડી, લાકડી જેવા હથિયારો વડે જે.સી.બી. ઓપરેટરને આડેધડ રીતે બન્ને પગે તથા જમણા હાથે ફ્રેક્ચર કરી તથા છરી વડે જમણા હાથે તથા ગળાની બાજુમાં ચરકા કરી ઇજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

# સર્વોદય સોસાયટી પાસે કારમાંથી દારૂની ૧૬૮ બોટલ સાથે બે શખ્સો ઝડપાયા

**પ્રશાંત ચૌહાણ રાજસ્થાનથી દારૂ લઈ આવી હિતેષ પરમારને સપ્લાય કરવાનો હતો: થોરાળા પોલીસે બંનેની ધરપકડ કરી રૂ.૧.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

રાજકોટ તા.૨૪

સર્વોદય સોસાયટી પાસેથી કારમાંથી દારુની ૧૬૮ બોટલ સાથે બે શખ્સોને ઝડપી પાડી રૂ.૧.૨૭ લાખનો મુદ્દામાલ થોરાળા પોલીસે કબ્જે કરી કાયદેસરની કાર્યવાહિ કરી હતી. દરોડાની વિગત મુજબ થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી.વાઘેલાની રાહબરીમાં પીએસઆઈ એમ.એસ.મહેશ્વરી ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ હિતેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ વિમલ ધાણજા, પ્રકાશ ખાંભરા ને મળેલ સંયુક્ત બાતમી મળી હતી કે કાર નં. જીજે-૩૬-એસી-૮૫૧૩ નંબરની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી

થોરાળા સર્વોદય સોસાયટી બાજુથી નિકળવાની છે માહિતીના આધારે ખીજડાવાળી શેરીમાંથી પસાર થતાં તેને અટકાવી તપાસ કરતાં કારમાંથી દારુની ૭૨ બોટલ અને ૯૬ દારુના ચપલા મળી આવતાં પોલીસે કુલ રૂ.૧.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કારચાલક પ્રશાંત હર્ષદ ચૌહાણ (ઉ.વ ૪૩, રહે.કૈલાશ પાર્ક શેરી નં ૧૩, નટરાજ નગર પાસે, યુનીવર્સીટી રોડ) અને તેની સાથે રહેલા હિતેષ ભનુ પરમાર (ઉ.વ. ૩૦, રહે.નવી ઘાંચી વાડ શેરી નં ૭, મસ્જિદ વાળી શેરી, જીલ્લા ગાર્ડન ચોક પાસે) ની ધરપકડ કરી પૂછતાછ હાથ ધરી હતી.

પૂછતાછમાં પ્રશાંત રાજસ્થાનથી દારૂ લઈ આવ્યો હતો અને તે કારમાં હિતેષને દારૂ સપ્લાય કરવા માટે આવ્યો હોવાની કબૂલાત આપી હતી.

# મને થોડી વાર માટે એક્ટિવા આપ બાદ મિત્ર રફુચક્કર થઈ ગયો, ફરિયાદ નોંધાઈ

**રતનપર ગામે રહેતાં અજયસિંહ ઝાલાએ તેના મિત્ર જયને થોડી વાર માટે એક્ટિવા આપી હતી: દસ દિવસ બાદ પણ એક્ટિવા પરત ન આપતાં અંતે કુવાડવા રોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી**

રાજકોટ તા.૨૪

રતનપર ગામે રહેતાં અજયસિંહ ઝાલાએ તેના મિત્ર જયને થોડી વાર માટે એક્ટિવા આપી હતી.દસ દિવસ બાદ પણ મિત્ર ફોન ન ઉપડતા અને એક્ટિવા પરત ન આપતાં અંતે કુવાડવા રોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી અજયસિંહ ઘનશ્યામસિંહ ઝાલા (ઉવ.૨૪, રહે.રતનપર ગામ) એ ફરીયાદમાં જણાવ્યું હતું કે મારી પાસે મારા મીત્ર સાહીલભાઈના બહેન નીલમબેનનું એક્ટીવા જીજે-૦૩-જેપી-૪૦૦૮ હું છેલ્લા છએક માસથી ચલાવુ છું. મારા ભાઈ ભગીરથસિંહ ઝાલા પાસે જય જગદિશભાઈ ટહેલીયાણી (રહે. નાગેશ્વર પાર્ક રેલનગર રાજકોટ) અવાર નવાર અમારા ગામમાં આવતો હોય તે દરમ્યાન હું મારા ભાઈ પાસે કામથી આવતો જતો હોય ત્યારે આ જય ટહેલીયાણી સાથે મારે ઓળખાણ થયેલ અને મારો મિત્ર બનેલ.ગત તા.૧૩/૦૫/૨૦૨૪ સવારના અગીયારેક વાગ્યાની આસપાસ હુ મારા ઘરે હતો. ત્યારે મારા મોબાઈલ પર મારો મિત્ર જય ટહેલીયાણીનો ફોન આવેલ. અને જણાવેલ કે મારે તમારૂ એક્ટીવાની સાંજ સુધી જરૂર છે.મને તમારૂ એક્ટીવા આપો. જેથી હું રતનપર ગામના પાટીયા પાસે મારા મિત્ર જયને એકટીવા આપવા ગયેલ. બાદ જય મને મારા ઘરે મૂકી ગયેલ. આ વખતે તેણે કહેલ કે મારી પાસે એકટીવામાં પેટ્રોલ પુરાવા માટે પૈસા નથી મને થોડા પૈસા આપો. જેથી મે તેને રૂ.૨૦૦ ગુગલ-પે કરેલ. બાદ જય ટહેલીયાણી એકટીવા લઈને ત્યાંથી નીકળી ગયેલ. બાદમાં તે દિવસના સાંજના છએક વાગ્યાના આસપાસ મેં તેને મારૂ એકટીવા પરત આપી જવા માટે ફોન કરતા તેણે મને કહેલ કે હું રાજકોટ રેલનગર પહોચ્યો છું. રતનપર આવુ જ છું. બાદ થોડીવાર થતા જય આવેલ નહીં. જેથી તેને ફરીવાર ફોન કરતા તેનો ફોન સ્વીચઓફ આવેલ. બાદ બીજા દિવસે સવારે તેને એકટીવા માટે ફોન કરેલ તો તેણે મારો ફોન ઉપાડેલ નહીં. જેથી જયની જેનાં દ્વારા ઓળખાણ થયેલ તે મારા મોટા બાપુના દિકરા ભગીરથસિંહને ફોન કરેલ અને વાતની જાણ કરેલ. બાદ મારા મોટા બાપુના દિકરા ભગીરથસિંહએ પણ તેના રાજકોટ ખાતે અલગ અલગ મિત્રો ને ફોન કરી આ જય ટહેલીયાણીનો કોન્ટેક કરવાનો પ્રયત્ન કરેલ. પરંતુ આ જયનો કોન્ટેક થયેલ નહીં. અને અંતે જય ટહેલીયાણી સામે કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી.

## ચેક રિટર્નના બે કેસમાં નિરવ રોજાસરાને છ-છ માસની કેદ

રાજકોટ,તા.૨૪

શહેરમાં રહેતા ફરિયાદી જીતેન્દ્રભાઈ હરગોવિંદભાઈ રાઠોડે તેમની કાર આરોપી નિરવ હરેશ રોજાસરા (રહે.રાજલક્ષ્મી એપા. ઇન્દ્રપ્રસ્થનગર)ને ૧.૭૫ લાખમાં વેચવાનું નક્કી કરેલ. સોદો નક્કી કરતી વખતે આરોપીએ રૂ.૫૦ હજાર રોકડ ચૂકવેલ. બાકીની રકમ ૧.૨૫ લાખ ચૂકવવા એક ૭૫૦૦૦ અને એક ૫૦૦૦૦ એમ બે ચેક આપેલ. બને ચેક રિટર્ન થતા નોટિસ પાઠવવા છતાં આરોપીએ ચેકની રકમ ચૂકવી નહોતી. જેથી ફરિયાદીએ રાજકોટની કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલ.

કેસ ચાલતા ફરિયાદીના વકીલે કરેલી દલીલો, રજૂ રાખેલ પુરાવા, ટાકેલા વિવિધ કોર્ટના ચુકાદા ધ્યાને લઈ કોર્ટે નિરવ રોજાસરાને તકસીરવાન ઠેરવી બંને કેસમાં છ-છ માસની કેદની સજા, તેમજ ચેકની રકમ વાર્ષિક ૬ ટકાના સાદા વ્યાજ સાથે એક માસમાં ન ચૂકવે તો વધુ એક માસની સજાનો હુકમ કર્યો હતો. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ બિનલબેન એચ. મહેતા રોકાયેલા હતા.

પાંચ દીકરીને જન્મ આપ્યા હેવાન બનતો પતિ

## યુપીમાં પુત્ર છે કે પુત્રી છે તે જાણવા પતિએ પત્નીનું પેટ ફાડ્યું, નિર્દયતાથી ભ્રૂણની હત્યા થઈ હતી : કોર્ટે આજીવન કેદની સજા ફટકારી

ન્યુ દિલ્હી : એક ફાસ્ટ ટ્રેક કોર્ટે પાંચ પુત્રીઓના જન્મ પછી ફરી એકવાર ગર્ભવતી બનેલા પતિને આજીવન કેદની સજા સંભળાવી છે, જેણે તેની પત્નીને પુત્ર છે કે પુત્રી છે કે કેમ તે ચકાસવા માટે તેની પત્નીનું પેટ ફાડી નાખ્યું હતું. આ ઘટનામાં આઠ માસના ભ્રૂણનું મોત થયું હતું, જ્યારે મહિલાનો જીવ માંડ માંડ બચી શક્યો હતો. શહેરના મોહલ્લા નેકપુરમાં રહેતા પન્નાલાલે લગ્નના ૨૨ વર્ષ બાદ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ આ ઘટનાને અંજામ આપ્યો હતો. પત્ની અનિતાએ ત્યાં સુધીમાં પાંચ દીકરીઓને જન્મ આપ્યો હતો. પન્નાલાલે ઘણી વખત પુત્રની ઈચ્છા વ્યક્ત કરી હતી અને અનીતાને ઠપકો આપતાં અનેકવાર માર પણ માર્યો હતો. શહેરને અડીને આવેલા ઘોંચા ગામના રહેવાસી અનીતાના ભાઈ ગોલુએ નોંધાવેલા અહેવાલ મુજબ, પન્નાલાલને ઘણી વખત સમજાવવામાં આવ્યું હતું, પરંતુ તેઓ માન્યા ન હતા. જ્યારે અનિતા છઠ્ઠી વખત ગર્ભવતી બની ત્યારે તેણે ધમકી આપી હતી કે જો આ વખતે દીકરીનો જન્મ થશે તો તે ફરીથી લગ્ન કરી લેશે.

આ ગાંડપણ તેના મન પર એટલી હદે હાવી થઈ ગયું કે વર્ષ ૨૦૨૦ની ૧૯મી સપ્ટેમ્બરે સાંજે ૪ વાગ્યે પન્નાલાલે અનિતાને કહ્યું કે તે તેનું પેટ ફાડીને જોઈ લેશે કે તે પુત્રથી ગર્ભવતી છે કે પુત્રી. તેને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે સંમત ન થયો.

પન્નાલાલે દાતરડી વડે અનિતાનું પેટ ફાડી નાખ્યું. માહિતી મળતાં જ તેના માતા-પિતાએ અનિતાને ગંભીર હાલતમાં જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરી હતી. ત્યાંથી તેને બરેલી રિફર કરવામાં આવ્યો હતો. અનિતાનો જીવ તો બચી ગયો, પણ ભ્રૂણ મરી ગયું.

પન્નાલાલને જેલમાં મોકલી દેવાયા બાદ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. મહિલા વિરૂદ્ધ અપરાધોના વિશેષ ન્યાયાધીશ (એક્સીલેટેડ) જજ સૌરભ સક્સેનાએ ગુરુવારે પન્નાલાલને આજીવન કેદની સજા ફટકારી હતી. થોડા સમય પહેલા જામીન પર છૂટેલા પન્નાલાલ ગુરુવારે સજા સંભળાવતા સમયે કોર્ટમાં હતા. ત્યાંથી તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો.

# નવલનગરમાં દિનેશ ચાવડાનો આપઘાત

**પરિવારજનો માતાજીના દર્શન કરવા બહારગામ ગયા અને પાછળથી ગળાફાંસો લગાવી જિંદગી ટૂંકાવી, ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત**

રાજકોટ, તા.૨૪

નવલનગરમાં દિનેશ ચાવડા નામના યુવાને આપઘાત કરી લીધો હતો. પરિવારજનો માતાજીના દર્શન કરવા બહારગામ ગયા અને પાછળથી ગળાફાંસો લગાવી જિંદગી ટૂંકાવી હતી. આપઘાતનું સ્પષ્ટ કારણ જાણવા ન મળતા માલવીયા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગે મળતી વિગત મુજબ, દિનેશ દે

# રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા રાહુલ મલસાતરના જન્મદિવસ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન

રાજકોટ:તા ૨૪

હાલમાં ઉનાળાની સીઝન હોવાથી રક્તની અછતના કારણે થેલેસેમિયા પીડિત બાળકોને મુશ્કેલી વેઠવી પડે છે આ મુશ્કેલી અને લોહીની અછતને દુર કરવા રાષ્ટ્રપતિ, મુખ્યમંત્રી, રાજ્યકક્ષાના એવોર્ડ વિજેતા થેલીસેમિયા પીડિત બાળક રાહુલ ભરતભાઈ મલસાતર ના ૨૬/૦૫/૨૦૨૪ ના જન્મ દિવસ નિમિતે થેલેસેમિયા પીડિત બાળકો માટે પંચનાથ મહાદેવ મંદિર, લીમડા ચોક, રાજકોટ સમય સાંજે ૫ થી ૯ સુધી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન કેમ્પમાં આપ રક્તદાન કરીને રક્તરૂપી અમુલ્ય ભેટ આપી શકાય છે.

આ આયોજન ને સફળ બનાવવા રાહુલ મલસાતર, કિશોરભાઈ રાઠોડ વિજય પુનવાની, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, રવિભાઈ ભટ્ટ, મંથન જોશી જહેમત ઉઠાવી રહ્યા છે.

# સતત ૩૨માં વર્ષે વિરપુર જુથ સેવા સહકારી મંડળી લી.ના પ્રમુખ પદે ગોરધનભાઈ ધામેલીયાની વરણી

## છેલ્લા ૩૧ વર્ષથી શ્રી વિરપુર જૂથ સેવા સહકારી મંડળીમાં પ્રમુખ તરીકે કાર્યરત

રાજકોટ:તા ૨૪

વિરપુર જૂથ સેવા સહકારી મંડળી ના પ્રમુખ તરીકે ગોરધનભાઈ ધામેલીયા તેમજ ઉપપ્રમુખ તરીકે જનકભાઈ ડોબરિયા ની પસંદગી કરવામાં આવી છે. વિરપુર જૂથ સેવા સહકારી મંડળીમાં ગોરધનભાઈ ધામેલીયા પ્રમુખ તરીકે ૦૯-૦૭-૧૯૯૩ થી આજ સુધી સુકાન સંભાળી છે તથા મંડળીના વિકાસ માટે હંમેશા તત્પર રહે છે. શ્રી ગોરધનભાઈ ધામેલીયા છેલ્લા ૩૧ વર્ષ થી શ્રી વિરપુર જૂથ સેવા સહકારી મંડળીમાં પ્રમુખ તરીકે કાર્યરત છે.

ગોરધનભાઈ ધામેલીયાના કાર્યકાળ દરમીયાન મંડળીએ અનેક પ્રગતી પ્રાપ્ત કરી છે. વીરપુર જૂથ ૨ સેવા સહકારી મંડળી, તાલુકો જેતપુર જીલ્લો રાજકોટ ની વ્યવસ્થા સમિતિની ચુંટણી ૨૦૨૪-૨૦૨૯ ના પાંચ વર્ષના કાર્યકાળ માટેની ચુંટણીમાં ૧૫ ઉમેદવારો તારીખ ૧૮/૦૫/૨૦૨૪ ના રોજ બિનહરીફ ચુંટાયેલ જાહેર કરવામાં આવ્યા છે.

શ્રી વીરપુર જૂથ સેવા સહકારી મંડળીના કાર્યક્ષેત્ર માં વિરપુર, કાગવડ, તથા થોરાળા ગામ ના અંદાજે ૧૫૦૦ થી પણ વધારે ખેડૂત સભાસદો મંડળી સાથે જોડાયેલા છે.મંડળીનો વાર્ષિક નફો ૩૧-૦૩-૨૦૨૪ નો રૂ. ૪૦/- લાખ થયેલ છે.મંડળી તરફથી ધિરાણ મેળવતા સભાસદોનો રૂ. ૧૨/- લાખનો અકસ્માત વીમો લેવામાં આવેલ છે. જેનું વીમા પ્રીમીયમ મંડળી દ્વારા ચૂકવામાં આવે છે. જેની રકમ રૂ. ૪/- લાખ જેવી છે.

આ તકે ગોરધનભાઈ ધામેલીયા જણાવે છે કે'' વિરપુર જૂથ સેવા સહકારી મંડળીમાં પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાવા બદલ જેતપુર-જામકંડોરણા વિધાનસભા ના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, મંડળી ના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, તાલુકા-જીલ્લાના આગેવાનો, તેમજ મંડળી સાથે જોડાયેલા કાગવડ, થોરાળા તથા વિરપુર ગામના ખેડૂત સભાસદો નો હદય પૂર્વક આભાર માનુ છુ.''

# નશામુકિત માટે વધુને વધુ લોકોમાં જાગૃતિ લાવવા કલેકટરની અપીલ

## કલેકટર કચેરીમાં નશામુકત અભિયાન અંગે બેઠક મળી




રાજકોટ,તા.૨૪

ભારત સરકારના 'નશામુક્ત ભારત અભિયાન' ના અમલીકરણ અંગેની રાજકોટની જિલ્લા સ્તરની નશામુક્ત અભિયાન સમિતિની બેઠક કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં કલેકટર પ્રભવ જોશીએ હાલમાં રાજકોટમાં યોજાયેલ કેન્સર વોરિયર ફેશન શોનું ઉદારહણ આપીને જિલ્લાની તમામ સરકારી કચેરીઓ અને શાળા કોલેજોમાં નશા મુક્તિ અભિયાન અંતર્ગત વધુને વધુ લોકોમાં જાગૃતિ આવે તે માટે અપીલ કરી હતી. ઉપરાંત સોશિયલ મીડિયા પર નશામુક્તિ અંગેના વિવિધ વિડીયો બનાવીને લોકોમાં નશાથી થતા નુકશાન અંગે લોકોમાં જાગૃતિ આવે તે અંગેનો જાગૃતિનો સંદેશો ફેલાવવાપર ભાર મુક્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણેએ આ પ્રસંગે જણાવ્યું હતું કે શહેર અને ગામડાઓમાં જઈને લોકોને ૧૫ મિનિટ જાગૃતિ સંદેશ આપવો જોઈએ. ગવ્હાણેએ માવા, ફાકી અને ગુટખા સહિતના વ્યસનથી થતાં કેન્સર જેવા રોગોથી બચવા અને તંદુરસ્ત રહેવા લોકોને જાગૃત કરવા અંગે સૂચનો આપ્યા હતા. ઉપરાંત યુવાઓને નશામુક્તિ માટે મનોચિકિત્સકની મદદ લેવા જણાવ્યું હતું.

આ મિટિંગમાં ''નશામુક્તિ અભિયાન હેઠળ કરાયેલ કામગીરીની જાણકારી આપતા જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી એચ.આર. રાઠોડે જણાવ્યું હતું કે, રાજકોટમાં નશા મુક્ત ભારત અભિયાન હેઠળ જાન્યુઆરીથી મે મહિના સુધી વિવિધ સ્થળોએ ચાર કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. જેમાં ૬૫૦ વ્યક્તિઓ નશા મુક્તિ અભિયાન અંગે જાગૃતિ મેળવીને લાભાન્વિત થયા છે.

આ બેઠકમાં વિકસતી જાતિ કલ્યાણના નાયબ નિયામક એસ.એચ લાંબા, મેડિકલ ઓફિસર, નાયબ મ્યુનિસિપલ કમિશનર ડો. જે.એસ.વાકાણી, જિલ્લા બાળ સુરક્ષા વિભાગના ઓફિસર ઈન્ચાર્જ અલ્પેશભાઈ ગોસ્વામી, જિલ્લા શાસનાધિકારી નમેરા વિપુલા એસ,આઈ.ટી.આઈના પ્રિન્સીપાલ ડી.એમ. રાસમિયા, પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. કૈલા, પોલીસ વિભાગના પ્રતિનિધિશ્રી જે.એસ. જાપડિયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તા.૬ઠ્ઠીના સદ્‌ગુરૂ આશ્રમ દ્વારા મથુરામાં સમસ્ત ચતુર્વેદી બ્રાહ્મણો માટે બ્રહ્મભોજનનું ભવ્ય આયોજન

રાજકોટ,તા.૨૪

પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ (શ્રી સદ્‌ગુરૂ સદન ટ્રસ્ટ) રાજકોટ દ્વારા મથુરા (ઉત્તરપ્રદેશ)ની પવિત્ર ભૂમિમાં કે જ્યાં ભગવાનશ્રી કૃષ્ણનો જન્મ થયો હતો. તે પાવન જગ્યા ઉપર અને જ્યાં યુમના મહારાણી સાક્ષાત બિરાજમાન છે તે પવિત્ર ભૂમિ એટલે મથુરામાં શ્રી યમુના મહારાણીને ભવ્ય શૃંગાર મનોરથનું આયોજન કરવામાં આવેલ છે. આ શૃંગાર મનોરથમાં શ્રી યમુના મહારાણીને વાજતે ગાજતે બેન્ડવાજા સાથે શ્રી યમુના મહારાણીને શૃંગાર ચડાવવામાં આવશે. આ શૃંગાર મનોરથમાં તથા મથુરામાં વસ્તા સર્વે પુજનીય ચતુર્વેદી બ્રાહ્મણોનાં બ્રહ્મ ભોજન રૂ.૫૦/- દક્ષિણા સાથે (ભંડારા)નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

જેમાં મથુરાનાં ચતુર્વેદી બ્રાહ્મણોને દિવ્ય મનોરથમાં આદર સત્કાર સાથે બ્રહ્મભોજનમાં કેરીનો રસ, પુરી, શુદ્ધ ઘીનાં લાડવા, શુદ્ધ ઘીનો મોહનથાન, બે શાક, કચોરી, ચટણી, ઠંડુ પાણી તથા સાથે રૂ.૫૦/- દક્ષિણા આપીને તેમનાં ચરણવંદન કરીને તેમને સત્કાર કરીને જમાડવામાં આવશે.

આ ભવ્યાતિ ભવ્ય યુમના મહારાણી શૃગાંર મનોરથ તથા બ્રહ્મભોજનમાં તા.૬નાં ગુરૂવારના (શનિદેવ જયંતી) આયોજન કરવામાં આવે છે.આ દિવ્ય શૃગાંર મનોરથમાં તથા સમગ્ર મથુરા શહેરનાં ૩૫૦૦ થી ૪૦૦૦ ચતુર્વેદી બ્રાહ્મણોનાં બ્રહ્મભોજનનાં સમગ્ર ખર્ચનાં દાતા, સ્વ.કાંતાબેન ઝવેરી તથા સ્વ.સગુણાબેન ઝવેરીનાં સ્મણાર્થે, હસ્તે ક્રિષ્નાબેન સુરેન્દ્રભાઈ ઝવેરી, અમદાવાદ તરફથી આપવામાં આવેલ છે. આ દિવ્ય શૃંગાર તથા દિવ્ય મનોરથ તથા ચતુર્વેદી બ્રાહ્મણોનાં બ્રહ્મભોજનનાં સમગ્ર ખર્ચ દાતા પરિવાર ક્રિષ્નાબેન સુરેન્દ્રભાઈ ઝવેરી, અમદાવાદ તરફથી મળેલ છે.તેમ ટ્રસ્ટી પ્રવિણભાઈ વસાણીએ જણાવેલ છે.

# કાલે રાજકોટ ડિસ્ટ્રીકટ ફુટબોલ ટીમ માટે ખેલાડીઓના સિલેકશનનું આયોજન

## ગુજરાત સ્ટેટ ફુટબોલ ટીમનું સિલેકશન તા.૩૦ અને ૩૧ મેનાં વડોદરા ખાતે

રાજકોટ તા.૨૪

ફીફા દ્વારા ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન એકેડમી માટે ગુજરાત સ્ટેટ ફુટબોલ ટીમનું આગામી તા.૩૦ અને ૩૧ મેનાં રોજ વડોદરા ખાતે સિલેકશન રાખવામાં આવ્યું છે.

આ સિલેકશન ટ્રાયલ માટે રાજકોટ ડિસ્ટ્રીક ફુટબોલ ટીમનું સિલેકશન આવતીકાલ તા.૨૫ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે રેલવે લોકો કોલોની ખાતે કરવામાં આવશે. આ સિલેકશનમાં ભાગ લેનાર ખેલાડીઓ ૨૦૨૦માં જન્મેલા ખેલાડીઓ જ ભાગ લઈ શકશે.

ભાગ લેનાર ખેલાડીઓએ પોતાની સાથે જન્મ તારીખનો દાખલો, આધાર કાર્ડ, ફોટો અને આઈ.ડી. ઓરીજીનલ તથા ઝેરોક્ષ કોપી સાથે રાખવાની રહેશે. આ સિલેકશન ટ્રાયલમાં સી.આર.એસ. રજીસ્ટર્ડ પ્લેયર જ ભાગ લઈ શકશે. વધુ માહિતી માટે રોહિતભાઈ બુંદેલા મો.૯૪૦૯૩ ૦૩૪૯૪ પર સંપર્ક કરવાનો રહેશે.

# સ્માર્ટ મીટર પ્રોજેકટ કેન્સલ કરવા આપની માંગ

## દિલ્હી,પંજાબની જેમ ગુજરાતમાં વીજળી મફત આપવા કલેકટરને રજૂઆત

રાજકોટ,તા.૨૪

વર્તમાન મોંઘવારીમાં વીજ કંપની દ્વારા સ્માર્ટ મીટરો ફીટ કરાતા તેનો ઠેર-ઠેર વિરોધ થઈ રહ્યો છે ત્યારે આમ આદમી પાર્ટીએ જનતાની લડતમાં સાથે હોવાનું જણાવી સરકારને સ્માર્ટ મીટરનો પ્રોજેક્ટ કેન્સલ કરવા રજૂઆત કરી છે. સાથે દિલ્હી પંજાબની માફક ગુજરાતમાં પણ માસિક ૩૦૦ યુનિટ વીજળી મફત આપવા માંગણી ઉઠાવી છે.

ગુજરાતમાં ફિક્સ-પે અને કોન્ટ્રાકટ પર કામ કરતા કર્મચારીઓના મધ્યમ-વર્ગીય પરિવારો માટે સ્માર્ટ મીટરો મરણતોલ ઘા છે. વીજળીની બાબતમાં ગુજરાત સરકાર પહેલા જ પાવર પ્લાન્ટ સાથે કરેલા ૨૫ વર્ષના કોન્ટ્રાકટમાં ફેરફાર કરીને ગુજરાતના લોકો ઉપર ફયુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જનો ભાર જે ઉદ્યોગપતિઓએ ભોગવવાનો હતો તે જનતા ઉપર નાખી ચુકી છે વીજળીનો સરકારી ભાવ જયાં ૩.૯૫ રૂપિયા છે ત્યાં ફયુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ અને સરકારી વેરા ઉમેરતા સામાન્ય વર્ગના પરિવારને અંકે યુનિટ ૮ રૂપિયા ૫૮ પૈસામાં પડે છે. આ અસહ્ય છે.એમાં પાછો આ સ્માર્ટ મીટર અને પ્રિ-પેઈડ કાર્ડનો મરણતોલ ઘા!!!

જે પરિવારો ટુંકી આવકમાં ગુજરાન ચલાવે છે. ઘણીવાર તો ઉધાર-ઉછીના કરીને ૨-૨ બિલ પેનલ્ટી સાથે સામટા ભારે છે એ પ્રિપેઈડ કેવી રીતે રિચાર્જ કરશે? જો પૈસા નહીં હોય તો પુરું થઈ ગયેલું કેવી રીતે રિચાર્જ કરીને નાના બાળકો, ઘરડાં માં-બાપ કે પરિવારના બીમારો સભ્યને સાચવશે?આ સ્માર્ટ મીટર પ્રોજેકટ તાત્કાલીક કેન્સલ કરવો જોઈએ તેમ આપ રાજકોટના હિતેશભાઈ જોષીએ માંગ ઉઠાવી હતી.

# નિઃશુલ્ક દંત ચિકિત્સા અને બત્રીસીનો કેમ્પ યોજાશે

જલારામ મંદિર યુકે અને દિવ્ય જીવન સંઘ- શિવાનંદ મિશન અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા.૨૮ને મંગળવારે સવારે ૯થી૧૨ શિવાનંદ, ૬/૯ જંકશન પ્લોટ, સુખ સાગર પાન પાસે, રાજકોટ ખાતે નિઃશુલ્ક દંત ચીકીત્સા અને બત્રીસીના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ તકે ડો. જયસુખ મકવાણા, ડો. સંજય અગ્રાવત, ડો. અનીજાબેન, ડો. ઉષા ઘાયલ, મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ સેવા આપશે.

# નિઃશુલ્ક નોટબુક કિટ વિતરણ

ચાતુર્વેદી મચ્છુકાંઠિયા મોઢ બ્રાહ્મણ સમાજના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે નોટબુક કિટ વિતરણનો કાર્યક્રમ રવિવારે સાંજે ૫ કલાકે ચા.મ. મોઢ બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન, મિલપરા મેઈન રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ધો.૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવશે. આ તકે ડો. નરેન્દ્રભાઈ દવે, નેહલ શુકલ (પૂર્વ પ્રદેશ મહામંત્રી ગુજરાત) ઉપસ્થિત રહેશે તેમજ પ્રમુખ વિમલભાઈ ત્રીવેદી, ગૌતમ ત્રિવેદી અને તેમની ટીમ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ છે.

# આયંબીલ ઓળીના તપસ્વીઓનું બહુમાન

તાજેતરમાં ચૈત્ર માસની શાશ્વતી આયંબીલ ઓળીના તપસ્વીઓનું પારસ પૂનમ મંડળ દ્વારા બહુમાન કરવામાં આવેલ. ઉપરોક્ત તસ્વીરમાં આયંબીલ ઓળીના તપસ્વીઓ સાથે મંડળના પ્રમુખ વિરેન્દ્રભાઈ મહેતા, રાજુભાઈ શાહ, પંકજભાઈ મહેતા વગેરે નજરે પડે છે.

# નાગરિક સહકારી બેંકની તમામ શાખાઓમાં રૂ.૧૦ના સિક્કા સ્વીકારવામાં આવશે

## ખાતેદારોની સુવિધા અર્થે સિક્કા સ્વીકારવાનું શરૂ જ છેઃ ચેરમેન

રાજકોટ, તા.૨૪

સામાજિક ઉત્તરદાયિત્વ સાથે કાર્ય કરતી રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા ખાતેદારોની સુવિધા અર્થે રૂ.૧૦ના સિક્કા સરળતાથી ચલણમાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કરેલ છે.

આ અંગે વધુ માહિતી આપતા બેંકના કાર્યકારી ચેરમેન જીમ્મી દક્ષીણી જણાવે છે કે, હાલમાં સર્વત્ર રૂ.૧૦ના સિક્કા માટે ગડમથલ પ્રવર્તતી જોવા મળે છે. આ સમસ્યાના ઉકેલ અર્થે રાજકોટ જીલ્લા કલેક્ટર પ્રભવ જોષીના વિશેષ અભિયાનને બિરદાવતા તથા તેમના સહયોગમાં ખાતેદારોની સુવિધા ધ્યાને રાખીને રૂ.૧૦ના સિક્કા બેંકમાં સરળતાથી ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજકોટ નાગરિક બેંક દ્વારા સામાજિક સમસ્યા અને તેના આનુસંગિક મુશ્કેલીઓ નિવારવા માટે સમયાંતરે વ્યવસ્થા ગોઠવાયેલી છે અને ખાતેદારોએ તેનો લાભ પણ મેળવ્યો છે. અગાઉ પરચુરણની તંગી અને લગભગ અછત પ્રવર્તતી હતી. બજારમાં ફાટેલી નોટ કે કટકા હોય તે પણ ચલણમાં જોવા મળતા હતા ત્યારે બેંકે પરાબજાર શાખામાં કોઈને વેંડીંગ મશીન શરૂ કરાવ્યું અને આરબીઆઈના વિશેષ સહયોગથી સરળતાથી પરચુરણ મળે તેવી વ્યવસ્થા ગોઠવી હતી. આ ઉપરાંત વિશેષ પ્રયત્નો થકી રૂ.૫ની ફાટેલી નોટો વ્યવહારમાંથી પરત લાવવાની સફળ ડ્રાઈવ યોજેલ હતી.

# વિશ્વકર્મા પરિવાર દ્વારા ચોપડા વિતરણ

વિશ્વકર્મા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૨૬-૦૫-૨૦૨૪ને રવિવારના રોજ દાતાઓના સહયોગથી રઘુવીર સોસાયટી શેરી નં.૫, સહકાર મેઈન રોડ અવધ મેડિકલ વાળી શેરીમાં સવારે ૯ વાગ્યાથી ચોપડા વિતરણ કરાશે. એ-ફોર સાઈઝના ૧૪૦ પેઈઝના ૬ ચોપડા રૂ.૧૫૦માં મળશે. દરેકે વર્ષ ૨૦૨૪ના રિઝલ્ટની ઝેરોઝ પાછળ એડ્રેસ મોબાઈલ નંબર સાથે આપવાની રહેશે. વધુ વિગત માટે પ્રમુખ અરવિંદભાઈ ગોહેલ ૯૭૧૨૨ ૨૨૪૬૬નો સંપર્ક કરવો.

# ઓશો સંન્યાસી દાન અલગારી બાપુના જન્મદિને ધ્યાનોત્સવનું આયોજન

રાજકોટ તા.૨૪

ઓશો સંન્યાસી સ્વામિ દાન અલગારી (દાન બાપુ હુબલ)ના ૬૫માં જન્મ દિવસે આવતીકાલે સાંજે ૬-૩૦ થી ૮-૩૦ ધ્યાનોત્સવ જન્મોત્સવનું કિશાનપરા ચોક ખાતે આવેલા ઓશો-ગીતા નિવેદીતા ધ્યાન મંદિર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

તેમના ૭૫માં જન્મ દિવસે ઓશો ગીતા-નિવેદીતા ધ્યાન મંદિરે ધ્યાનોત્સવ જન્મોત્સવ કાર્યક્રમમાં ઓશો વિડીયો દર્શન સાથે સંધ્યા સત્સંગ તેમજ રાત્રે ૮-૩૦ કલાકે મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે. ધ્યાન અલગારીના જન્મ દિવસે ઓશો સંન્યાસી તથા સ્નેહિજનો ૭૦૪૬૪૫૪૬૪ પર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# રોટરી કલબ ઓફ રાજકોટ મિડટાઉન દ્વારા આશરે ૩૨ લાખના ખર્ચે દર્દીઓની સેવા માટે શરૂ કરાયો ખાસ પ્રોજેકટ

## સંપૂર્ણપણે નિઃશુલ્ક દાંતના રોગોનું નિદાન કરાશેઃ ૪૦૦ જેટલા દર્દીઓને વિનામૂલ્યે દાંતના ચોકઠાં બનાવી અપાશે

રાજકોટ:તા ૨૪

રોટરી કલબ ઓફ રાજકોટ મિડટાઉન કે જે આશરે છેલ્લા ૨૫ વર્ષો થી રાજકોટ માં સમાજ સેવા માટે અગ્રેસર રહીયુ છે તેમના દ્વારા વધુ એક વાર આશરે ૩૮ લાખ ના ખર્ચે એક પ્રોજેક્ટ નું આયોજન કરવામાં આવ્યુ છે. કે જેમાં દાંત ના રોગો ધરાવતા દર્દીઓને સંપૂર્ણપણે નિઃશુલ્ક નિદાન કરી આપવામાં આવશે.

૪૦૦ જેટલા દર્દીઓને વિનામૂલ્યે દાંત ના ચોકઠાં બનાવી આપવા માં આવશે.

૧૦૦ જેટલા દર્દીઓને સ્ટ કેનાલ

### ડેન્ટલ હાઈજીન વિશેની માહિતી માટે ટોક યોજાશે

કરી આપવામાં આવશે.તેમજ ૬૦૦૦-૭૦૦૦ શાળા ના વિદ્યાર્થીઓ ને ટૂથ બ્રશ અને ટૂથ પેસ્ટ ધરાવતી કીટ નું વિતરણ કરી તેમને ડેન્ટલ હાઈજીન વિશે ની માહિતી માટે ટોક યોજવા માં આવશે.

આ પ્રોજેક્ટ નો કુલ ખર્ચ આશરે ૩૨ લાખ રૂપિયા છે અને આ પ્રોજેક્ટ ૧ વર્ષ ના સમયગાળા માટે કાર્યરત રહેશે. આ ઉપરાંત રોટરી કલબ ઓફ રાજકોટ મિડટાઉન લલિતાલય હોસ્પિટલ માં બીજી સુવિધાઓ જેમ કે અતિઆધુનિક ઈકવિપમેન્ટ અને ફુલ ટાઈમ પેથોલોજિસ્ટ ધરાવતી લેબોરેટરી કે જ્યાં લોહી અને પેશાબ ના દરેક રિપોર્ટ તદન રાહત દરે કરી આપવામાં આવે છે. ડાયાબિટીસ અને થાઈરોઈડ તથા અન્ય હોર્મોન ના રોગો ના સચોટ નિદાન માટે રાજકોટ ના નિષ્ણાંત અને સિનિયર ડોક્ટરો ની ટીમ સેવા આપી રહી છે.વધુ માહિતી માટે રોટરી લલીતાલય હોસ્પિટલ, ૬- ગીત ગુર્જરી સોસાયટી, પેટ્રિયા સ્યુટ હોટેલ ની સામેના રોડ પર, જૂના એરપોર્ટ રોડ પાસે સંપર્ક કરવો.

# ભાગીરથી ઉત્તર બુનિયાદી વિદ્યાલય ટાટમ દ્વારા સમગ્ર ગામને કરાયું પ્લાસ્ટીક મુક્ત

ભાગીરથી ઉત્તર બુનિયાદી વિદ્યાલય ટાટમ એ સમગ્ર ગામને પ્લાસ્ટીક મુક્ત કર્યું છે. ૭૫ વિદ્યાર્થીઓની કમિટિ પર્યાવરણ સંરક્ષણ અને પ્લાસ્ટિક નાબુદી માટે કાર્યરત બની છે. વિદ્યાલય ટાટમ ખાતે મહિનાના છેલ્લા શનિવારે તુષાર પંચોલી, શિક્ષકો સંસ્થાના ટ્રસ્ટી તેમજ વિદ્યાર્થીઓ પર્યાવરણ ક્ષેત્રે પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે. વૃક્ષોને દત્તક લેવા, ઓર્ગેનીક ખેતી, પ્લાસ્ટીકનો ઉપયોગ ઘટાડવો, પાણી બચાવવું વગેરે પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. ઉત્તર બુનિયાદી વિદ્યાલય ટાટમ દ્વારા વધુ એક ગામને પ્લાસ્ટીક મુક્ત કરવા અભિયાન ચલાવાશે.

# રાજકોટ મહાપાલિકાના ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજાનો જન્મદિન

રાજકોટ,તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકાના ડે.મેયર અને વોર્ડ નં.૩ના કોર્પોરેટર નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે. તા.૨૪/૫/૧૯૮૩ના રોજ જન્મેલા નરેન્દ્રસિંહ જાડેજા આજરોજ પોતાની યશસ્વી સેવાકીય અને સફળ કારકિર્દીના ૪૧ વર્ષ પૂર્ણ કરી, ૪૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છે. વિવિધ સેવાકીય કાર્યો થકી આજે તેઓ પોતાના જન્મદિવસની ઉજવણી કરી રહ્યા છે.

નરેન્દ્રસિંહ જાડેજા શહેર ભાજપ સંગઠનમાં વર્ષોથી કાર્યરત છે ૨૦૦૫ થી ૨૦૦૮ સુધી રાજકોટ તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ તરીકે તેઓએ મહત્વપૂર્ણ યોગદાન આપેલ. ૨૦૦૫ થી ૨૦૧૦ સુધી રાજકોટ તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ તરીકે અને વર્ષ ૨૦૧૨-૧૩મા રાજકોટ જીલ્લા ભાજપમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપેલ છે. મહાનગર પાલિકાની સામાન્ય ચુંટણી વર્ષ ૨૦૨૫માં વોર્ડ નં.૩ના કોર્પોરેટર તરીકે જંગી બહુમતીથી ચૂંટાયા બાદ તા.૧૨/૯/૨૦૨૩થી ૩૪મા ડેપ્યુટી મેયર તરીકેની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે. જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને પ્રગતિ હાંસલ કરે તેવી શુભેચ્છા રાજકીય અગ્રણીઓ, જાહેરસેવકો, કાર્યકર્તાઓ તેમના મો.નં.૯૮૨૫૨ ૧૦૪૭૬ પર તેમને પાઠવી રહ્યા છે.

**વિશ્વવણિક સંગઠનના ઉપક્રમે રોયલ વણિક મેરેજ બ્યુરોના સહયોગથી**

# તા.૯મીના જીવનસાથી પસંદગી મેળાનું આયોજનઃ બહેનો માટે ફ્રી એન્ટ્રી

રાજકોટ,તા.૨૪

વિશ્વ વણિક સંગઠનના ઉપક્રમે અમો રોયલ વણિક મેરેજ બ્યૂરોના સમન્વય સાથે પસંદગી મેળાવડોનું આયોજન રાજકોટ ખાતે તા.૯ના રવિવારના સવારેઃ ૯ થી ૪ કરવામાં આવ્યું છે. પરિવારના કોઈ સભ્ય રોયલ વણિક મેરેજ બ્યૂરો માં જોડાવા ઇચ્છતા હોય આપેલા ફોન નંબર ઉપર જાણ કરી અને બાયોડેટા મોટા ફોટા સાથે મોકલવા. પસંદગી મેળાવડામાં આપે ફક્ત ફૂડ કુપન નો ચાર્જ વ્યકિતદીઠ ભરવાનો રહેશે. યુવાન યુવક અને યુવતી ભાગ લઈ શકશે સાથે પરિવારજનો ભાગ લઈ શકશે.

આગામી તા.૪ સુધી માં કન્ફર્મેશન આપવાનું રહેશે. યુવક કે યુવતી નો બાયોડેટા (મો. ૬૩૫૫૮ ૯૬૩૮૮ અથવા મો.૯૪૨૯૩૨૩૪૭૦ નંબર પર) મોકલવાનો રહેશે.અથવા તોroyalvanikmarriagebeurogmail.com ઈ-મેઈલ ઉપર બાયોડેટા મોટા ફોટા સાથે મોકલી શકાશે.

જે સભ્યોએ રોયલ મેરેજ બ્યુરોના મેમ્બર્સ બન્યા હશે અને ફ્રી ભરેલ હશે તેને તા.૨ થી દર રવિવારે સવારે ૯ થી ૧ 'વણિક ભવન' શેઠ ઉપાશ્રયમાં બાયોડેટા જોવા મળશે.

બહેનો માટે ફ્રી એન્ટ્રી રાખેલ છે.વધુ વિગત માટે નયનાબેન મોદી (મો.૯૪૨૯૫૬૨૯૦૦) અથવા રિદ્ધિબેન બાવીશી (મો.૯૪૨૯૩૨૩૪૭૦) નો સંપર્ક કરવો.તા.૯મીના રવિવારે જીવન સાથી પસંદગી મેળો રૂપમ વાટિકા, ૧૫૦ ફૂટ નવો રિંગ રોડ, કટારીયા ચોકડી થી ડાબી બાજુ, મોટા મવા રાજકોટ ખાતે યોજાશે.

# જૂન મહિનામાં ઉત્કર્ષ કલબ દ્વારા સરસ્વતી સન્માન સમારંભનું આયોજન

ઉત્કર્ષ કલબ દ્વારા આગામી તા.૯ જૂનને રવિવારના રોજ તેજસ્વી બાળકોના સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્લે હાઉસથી ધો.૧૨ સુધીના બાળકો અને ગેસ્ટ બાળકોને સન્માનિત કરવામાં આવશે. તેમજ દરેક બાળકને આકર્ષક શીલ્ડ, ચોપડા, લંચબોકસ, કંપાસ, બોલપેન સેટ, નાસ્તો વગેરે અન્ય વસ્તુઓ પણ આપવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ રીટાબેન જોબનપુત્રા કોટક, અલ્કાબેન લાલ, રશ્મિબેન પજવાણી, ખ્યાતિબેન રતનધારીયા અને દિપાલીબેન પોપટ જહેમત ઉઠાવી રહ્યા છે.

# કાલે બિપીન ઠાકર દ્વારા સંગીત સંધ્યા કાર્યક્રમનું આયોજન

## કલાકારો દ્વારા હિન્દી ફિલ્મના ગીતો રજૂ કરાશે

રાજકોટ.તા. ૨૪

શહેરના ઓમ ઇન્ટરનેશનલ કાર્ગો-કુરિયરના બિપીન ઠાકર દ્વારા જૂના અને નવા હિન્દી ફિલ્મી ગીતોનો સંગીતમય કાર્યક્રમનું આગામી તા.૨૫ મે શનિવારે સાંજે ૫:૩૦ વાગ્યાથી જીલ્લા બેંક પાસે, ઇવનીંગ પોસ્ટ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. એકથી એક ચડિયાતા ગીતો પ્રોફેશનલ સીંગરો દ્વારા રજૂ કરવામાં આવશે.

જેમાં સ

**વોર** દુનિયામાં વધુ બે દેશો ચીન-તાઈવાન વચ્ચે તણાવ ઉગ્ર બન્યો

# તાઈવાનની આસપાસ ચીનની સૈન્ય કવાયત બીજા દિવસે તેજ બની, મહત્વના ભાગોને કબ્જે કરવાની તૈયારી

### ચીનનો વિરાટ સૈન્ય અભ્યાસ

- ઓગસ્ટ-૨૦૨૨માં સૈન્ય અભ્યાસનો સમાવિષ્ટ વિસ્તાર
- મે-૨૦૨૪માં લશ્કરી ડ્રીલમાં આવરી લેવાયેલો વિસ્તાર




બીજિંગ,તા.૨૪

ચીન અને તાઈવાન વચ્ચે ઘણા સમયથી સંઘર્ષ ચાલી રહ્યો છે. ચીને શુક્રવારે તાઈવાનની આસપાસ સૈન્ય અભ્યાસના બીજા દિવસની શરૂઆત કરી હતી. તેનો ઉદ્દેશ્ય તાઈવાનના મુખ્ય વિસ્તારોને કબજે કરવાનો છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે ચીનની સૈન્ય કવાયત પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે અમે અમારા દેશની અખંડિતતા અને સ્વતંત્રતાના રક્ષણ માટે પ્રતિબદ્ધ છીએ. તાઈવાને તેની એરફોર્સ, નેવી અને આર્મીને પણ એલર્ટ પર મૂકી દીધી છે. નોંધનીય છે કે લાઈ ચિંગ-તેએ સોમવારે તાઈવાનના નવા રાષ્ટ્રપતિ તરીકે ચાર્જ સંભાળ્યો હતો, જેના કારણે ચીન નારાજ છે.

**આ છે સૈન્ય કવાયતનો હેતુ:**

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ચીનની પીપલ્સ લિબરેશન આર્મીના ઈસ્ટર્ન થિયેટર કમાન્ડે કહ્યું કે તેની સેનાએ શુક્રવારે 'જોઈન્ટ સ્વોર્ડ- ૨૦૨૪એ' કવાયત ચાલુ રાખી. તેનો ઉદ્દેશ્ય સત્તા કબજે કરવાનો, સંયુક્ત હુમલા શરૂ કરવાનો અને મુખ્ય વિસ્તારોને કબજે કરવાનો છે. ઉપરાંત, તાઈવાનની ક્ષમતાનું મૂલ્યાંકન કરવું પડશે. ચીને ગુરુવારે સવારે ૭:૪૫ વાગ્યે (સ્થાનિક સમય) સૈન્ય અભ્યાસ શરૂ કર્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સે તમામ પક્ષોને લશ્કરી દાવપેચ અંગે સંયમ રાખવા વિનંતી કરી. અમેરિકા તાઈવાનનું કટ્ટર સાથી અને લશ્કરી સમર્થક છે. તમને જણાવી દઈએ કે, ચીન તાઈવાનને પોતાનો અભિન્ન પ્રદેશ માને છે અને લાઈને અલગતાવાદી જાહેર કરી દીધું છે. તેમના ભાષણમાં, લાઈએ બેઈજિંગની ધમકીઓને રોકવા માટે હાકલ કરી. ચીને આ ભાષણની ટીકા કરી હતી

**તાઈવાન વિસ્તારમાં ૪૯ એરક્રાફ્ટ અને ૧૯ ચીની જહાજો જોવા મળ્યા :**

તાઈવાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલય (MND) એ તેના પ્રદેશની નજીક ચીની લશ્કરી વિમાનો અને જહાજોની હાજરીની જાણ કરી. MND અનુસાર, શુક્રવારે સવારે ૬ વાગ્યા સુધી ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA)ના કુલ ૪૯ એરક્રાફ્ટ અને ૧૯ ચીની જહાજો જોવા મળ્યા હતા. એરક્રાફ્ટમાં SU-30, J-16 અને KJ-500 સામેલ છે. ૩૫ ચાઈનીઝ એરક્રાફ્ટ તાઈવાન સ્ટ્રેટની મધ્ય રેખા ઓળંગીને તાઈવાનના સાઉથવેસ્ટ એર ડિફેન્સ ઝોન (ADIZ)માં પ્રવેશ્યા છે. તાઈવાનની સેના આના પર ચાંપતી નજર રાખી રહી છે.

**તાઈવાનમાં નવી સરકારની રચનાથી નારાજ ચીન**

લાઈ ચિંગ-તેએ સોમવારે તાઈવાનના નવા રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. પોતાના શપથ સમારોહમાં તેમણે કહ્યું હતું કે ચીને યુદ્ધની ધમકી છોડી દેવી જોઈએ. રાષ્ટ્રપતિ લાઈએ પોતાના ભાષણમાં સ્વતંત્રતા અને લોકશાહીના મૂલ્યો પર ભાર મૂક્યો હતો. તેમણે બાહ્ય પડકારો અને ધમકીઓ સામે તાઈવાનનો બચાવ કરવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. તેમણે કહ્યું હતું કે અમે સ્વતંત્રતા અને લોકશાહીના મૂલ્યોનું રક્ષણ કરીશું. પ્રદેશમાં શાંતિ અને સ્થિરતાનું રક્ષણ કરવાનું ચાલુ રાખશે. જ્યારે લાઈએ ચાર્જ સંભાળ્યો ત્યારે ચીને નારાજગી વ્યક્ત કરી હતી. લાઈને અભિનંદન આપવા બદલ ચીને અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકનની નિંદા કરી હતી. ચીને તાઈપેઈ અને યુએસ ડિફેન્સ કંપનીઓને ટેકો આપનારા યુએસ કોંગ્રેસમેન પર પણ પ્રતિબંધો લાદ્યા છે.

**તાઈવાન સરકાર માટે વધી છે મુશ્કેલીઓ:**

ચીનની સૈન્ય કવાયતને કારણે તાઈવાનમાં રચાયેલી નવી સરકાર માટે મુશ્કેલીઓ વધુ વધી છે. વિપક્ષી સાંસદો કાયદામાં ફેરફારની માંગ કરી રહ્યા છે. આ ફેરફારનો હેતુ નવા રાષ્ટ્રપતિ લાઈ ચિંગ-તેની સત્તા પર લગામ લગાવવાનો છે. કાયદામાં ફેરફારની માંગ સાથે મંગળવારે રાત્રે હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. શુક્રવારે કાયદામાં ફેરફાર પર આગળની કાર્યવાહી થઈ શકે છે, આવી સ્થિતિમાં વિરોધ પ્રદર્શન ફરી શરૂ થવાની સંભાવના છે.

# ૧૬ વર્ષની કામ્યાએ એવરેસ્ટ સર કર્યોઃ સૌથી નાની વયની 'ભારતીય'

મુંબઈ,તા.૨૪

મુંબઈની નેવી ચિલ્ડ્રન સ્કૂલની ૧૬ વર્ષની કામ્યા કાર્તિકેયને તેના નેવલ ઓફિસર પિતા કમાન્ડર એસ. કાર્તિકેયન સાથે માઉન્ટ એવરેસ્ટ શિખર સર કર્યું છે. આટલી નાની ઉંમરે આ સિદ્ધિ મેળવનાર કામ્યા દેશની પહેલી અને દુનિયાની બીજી પર્વતારોહક છે. ૧૨મા ધોરણની વિદ્યાર્થિની કામ્યાએ અને તેના પિતાએ ૨૦મી મેના રોજ ૮૮૪૯ મીટર ઉંચું માઉન્ટ એવરેસ્ટનું શિખર સર કર્યું હતું.પુત્રી અને પિતાએ નેપાળની બાજુએથી પર્વતારોહણ કર્યું હતું.

કામ્યાએ દુનિયાના સાત ખંડોમાં ઊંચામાં ઊંચા છ પર્વત શિખરો સર કરવાનું લક્ષ્ય સિદ્ધ કર્યું છે. હવે ડિસેમ્બરમાં એન્ટાર્કટીકાના માઉન્ટ વિનસન માસીફ પર્વતને સર કરવાનો સંકલ્પ કર્યો છે. ટાટા સ્ટીલ એડવેન્ચર ફાઉન્ડેશનની સહાયથી પુત્રી અને પિતાએ એકસાથે માઉન્ટ એવરેસ્ટ સર કરવાની અનોખી સિદ્ધિ હાંસલ કરી હતી. ફાઉન્ડેશનના ચેરમેન ચાણક્ય ચૌધરીએ આ સિદ્ધિને બિરદાવતા જણાવ્યું હતું કે કામ્યાએ આટલી નાની ઉંમરે આભને આંબતી સિદ્ધિ હાંસલ કરી છે એ સહુને માટે ગૌરવપ્રદ બાબત છે અને બીજાને માટે પણ તે પ્રેરણારૂપ બની રહેશે.

# અતિશય ગરમીના કારણે ડાયાબિટીસ અને મેદસ્વી દર્દીઓ માટે જોખમ વધ્યું

**દાવોઃ શરીરમાં પાણીની અછતને કારણે આવા કિસ્સાઓમાં જોખમ રહેલું છે**

સ્પેન :

જોકે અતિશય ગરમીના કારણે દરેકને સમસ્યા થાય છે, પરંતુ તે ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને મેદસ્વીતાથી પીડિત લોકો માટે વધુ જોખમી છે. આવા દિવસોમાં,

**ડાયાબિટીસ અને હાઈ બ્લડપ્રેશર સાથે હોસ્પિટલમાં દાખલ દર્દીઓમાં બમણો વધારો**

આ લોકોનું હોસ્પિટલમાં દાખલ થવાનું પ્રમાણ નીચા તાપમાનવાળા દિવસોની તુલનામાં લગભગ બમણું થઈ જાય છે. આ તારણો સ્પેન સ્થિત બાર્સિલોના ઈન્સ્ટિટ્યૂટ ફોર ગ્લોબલ હેલ્થના અભ્યાસમાં સામે આવ્યા છે.

સ્પેનના સંશોધકોએ ૧૦ વર્ષથી વધુ સમયગાળામાં ગરમીના કારણે હોસ્પિટલમાં પહોંચેલા ડાયાબિટીસ અને બીપીના દર્દીઓનો ડેટા એકત્રિત કર્યો હતો. આકરી ગરમીમાં ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓની તકલીફ વધી હોવાનું જાણવા મળ્યું હતું. માનવ શરીરનું સામાન્ય તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ

છે. જ્યારે, ત્વચાનું તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ છે. વિવિધ તાપમાનને કારણે પરસેવો બહાર આવે છે. જ્યારે પરસેવો બાષ્પીભવન થાય છે, ત્યારે તે શરીરની અંદરની ગરમી પણ દૂર કરે છે. એન્વાયર્નમેન્ટલ હેલ્થ પર્સપેક્ટિવ્સમાં પ્રકાશિત થયેલા અભ્યાસના લેખક અચેબેકે જણાવ્યું હતું કે, 'સ્થૂળતા ડાયાબિટીસથી પીડિત લોકોના શરીરમાં હીટ ટ્રાન્સફર પ્રક્રિયાની કાર્યક્ષમતા બહુ અસરકારક નથી. આ એટલા માટે છે

**મેક્સિકોમાં, આત્યંતિક ગરમી મનુષ્યો અને પ્રાણીઓ બંને માટે જીવલેણ બની**

કારણકે શરીરની ચરબી ઇન્સ્યુલેટર તરીકે કામ કરે છે.

### ઉત્તર ભારતમાં અલ નીનોના કારણે તાપમાનમાં વધારો

દેશના ઉત્તર ભાગમાં તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, તેનું મુખ્ય કારણ પ્રશાંત મહાસાગરમાં અલ નીનોનું નબળું પડવું છે.

### મેક્સિકોમાં ભારે ગરમીના કારણે વાંદરાઓના મોત

મેક્સિકો સહિત વિશ્વના ઘણા દેશો ગરમીનો સામનો કરી રહ્યા છે. મેક્સિકોમાં તે મનુષ્યોની સાથે પ્રાણીઓ માટે પણ ઘાતક બની ગયું છે. અહીં રખડતા વાંદરાઓ મરવા લાગ્યા છે. આ વાંદરાઓ ઝાડ પરથી નીચે પડી રહ્યા છે. ડોક્ટર સર્જિયો વેલેન્ઝુએલાએ કહ્યું, 'ડિહાઈડ્રેશન અને તાવને કારણે તેમની સ્થિતિ ગંભીર છે.'

# દીકરી રાહા સાથે દિવાળીએ રણબીર-આલિયા નવા ઘરમાં ગૃહપ્રવેશ કરશે

**નવો બંગલો તૈયાર, ફિનીસીંગ બાકી**

મુંબઈઃ રણબીર કપૂર અને આલિયા ભટ્ટ જે પળની આતુરતાથી રાહ જોતા હતા તે આખરે આવી ગઈ છે. આલિયા અને રણબીરનો નવો બંગલો બનીને તૈયાર છે કપલ દિવાળીએ દીકરી રાહા સાથે ગૃહ પ્રવેશ કરશે.

ખબરો મુજબ રણબીર અને આલિયા બે-ત્રણ મહિનામાં આ નવા ઘરમાં શિફ્ટ થઈ જશે. બંગલામાં ચાલી રહેલું કામ લગભગ પુરૂ થઈ ગયું છે. હવે ફિનીસીંગ ચાલી રહ્યું છે, જેમાં લગભગ એક મહિનાનો સમય લાગશે. રિપોર્ટ મુજબ રણબીર અને આલિયા દીકરી રાહા સાથે નવા ઘરમાં દિવાળી ઉજવશે. હાલમાં તેઓ બાંદ્રાના એપાર્ટમેન્ટમાં રહે છે. પહેલા અહીં માત્ર રણબીર રહેતો હતો. બાદમાં આલિયા તેની સાથે આ ફ્લેટમાં લિવ ઈનમાં રહેતી હતી. રિપોર્ટ મુજબ લગ્ન બાદ ૧૯૮૦માં રણબીરના પિતા ઋષિકપૂર અને માતા નીતુસિંહ આ ફ્લેટમાં રહેતા હતા. આ ફ્લેટમાં જ રણબીર અને બહેન રિધ્ધિમાનો જન્મ થયો હતો, અહીં બન્ને ભાઈ-બહેન મોટા થયા હતા.



**જામનગરમાં પ્રિ-વેડીંગ ઈવેન્ટ પાર્ટ-૧ એ દેશ-દુનિયાનું ધ્યાન ખેંચેલુ, હવે....**

# અંબાણી પરિવારનાં અનંત-રાધિકાની પ્રિ-વેડીંગ ઈવેન્ટ પાર્ટ-૨ ફ્રાન્સના સાગરમાં તરતા ક્રુઝમાં!

મુંબઈ તા.૨૪

અનંત અંબાણી અને રાધિકા મર્ચેન્ટનુ બીજુ પ્રિ-વેડીંગ ફંકશન આ મહિનાના અંતમાં યોજાશે જેની ભવ્યાતિભવ્ય ઈવેન્ટ ઈટલી અને ફ્રાન્સ વચ્ચે નીલા પાણીના સમુદ્ર પર તરતા એક ક્રુઝમાં થશે ઉલ્લેખનીય છે કે અગાઉ પ્રિ-વેડીંગ સરેમની પોતાના હોમટાઉન જામનગરમાં કરનાર અંબાણી પરિવારે પ્રિ-ઈવેન્ટ-૨.૦ મેડીટેનિયન સાગરમાં ક્રુઝ પર યોજી છે.

હાલમાં ફ્રાન્સ તેના ફ્રાન્સ ફિલ્મ ફેસ્ટીવલને લઈને ચર્ચામાં છે પણ આવનારા દિવસોમાં ફ્રાન્સની સાથે સાથે ઈટલી પણ સમાચારોમાં હશે.

અગાઉ જામનગરમાં ભવ્યાતિભવ્ય પ્રિ-વેડીંગ સમારોહ યોજીને દેશ જ નહીં, દુનિયાભરમાં ધ્યાન ખેંચનાર અંબાણી પરિવારનાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટને પ્રિવેન્ડીંગ સમારોહ પાર્ટ-૨ તા.૨૮ થી ૩૦ મે દરમ્યાન યોજાશે. આ પ્રિ-વેડીંગ ફંકશન દરમ્યાન દક્ષિણ ઈટલીથી દક્ષિણ ફ્રાન્સ સુધીની સફર ક્રુઝ કરશે આ સફર દરમ્યાન ક્રુઝ મેડીટેરીનિયન સાગર થઈને પસાર થશે.

જાણકારોનું કહેવુ છે કે સુંદર વાદળી રંગના પાણીવાળા સમુદ્ર પર ક્રુઝથી તટીય ક્ષેત્રનો વ્યુ અને નેચરલ બ્યુટી ખૂબ જ આકર્ષક દેખાય છે. એક અહેવાલ મુજબ ફંકશન ૨૯ મેથી ૧ જુન સુધી ચાલશે.

**જે રીતે ટાઈટેનિક જહાજમાં એક શહેર જેવી સુવિધા હતી તેવી અંબાણી પરિવારના લકઝરી ક્રુઝમાં હશેઃ રૂટ પર સુંદર પ્રાકૃતિક દ્રશ્યો અને ડોલ્ફીનનો નજારો મહેમાનોને જોવા મળશે**

આ સફર દરમ્યાન મહેમાનો સ્વીટઝર્લેન્ડનાં પણ દર્શન કરશે.જાણકારોના જણાવ્યા મુજબ ક્રુઝ પર કોઈને પણ ફોન લઈ જવાની મંજુરી નહિં અપાય. એટલે કે આખો કાર્યક્રમ ગોપનીય રખાશે.

જેવી રીતે 'ટાઈટેનિક' જહાજમાં એક શહેરની બધીજ સુવિધા મોજુદ હતી તેવી જ સુવિધા અંબાણીનાં ક્રુઝમાં હશે કંઈક એવા પ્રકારની ક્રુઝ યાત્રા પણ હશે. ક્રુઝમાં કેસીનો, ફીટનેસ સેન્ટર, થિયેટર, સ્વીમીંગ પુલ, હોટ ટબ, લાઉંજ, લાયબ્રેરી કોન્ફરન્સ રૂમ, લાઈવ ડાન્સ, ડિસ્કોથેક, મોટા રેસ્ટોરન્ટ, ઓપનબાર અને ત્યાં સુધી કે વોટર પાર્ક પણ હશે.

બાળકો અને મોટેરાઓ માટે ગેમ ઝોન હશે. જહાજનાં સુએટમાં પ્રાઈવેટ બાલ્કની અને ઈન્ટરનેટની પણ સુવિધા હશે. ક્રુઝના રૂટ પર ખુબસુરત પ્રાકૃતિક નજારા અને છલાંગ લગાવતી ડોલ્ફીન માછલીઓ હશે.

**આમિર ખાનની પૂર્વ પત્ની કિરણ રાવનો ખુલાસો**

# અમે માતા-પિતાના દબાણમાં આવીને લગ્ન કરેલાઃ કિરણ રાવ

**જો કે તલાકશુદા કિરણ રાવ લગ્ન સંસ્થાના વખાણ કરતા કહે છે - તે સુરક્ષા અને સ્થિરતા આપે છે**

મુંબઈ, તા.૨૪

કિરણ રાવે આમિર ખાન સાથે વર્ષ ૨૦૦૫માં લગ્ન કર્યા હતા અને ૨૦૨૧માં તેમના તલાક થઇ ગયા હતા. કિરણ રાવ હાલમાં તેની ફિલ્મ 'લાપતા લેડીઝ'ને લઈને ચર્ચામાં આવી હતી. જે લોકપ્રિય રહી હતી.

કિરણ આમિર સાથે તલાકને લઈને અનેકવાર વાત કરી ચૂકી છે. તાજેતરમાં તેણે એક નવો ખુલાસો કર્યો હતો તેણે જણાવ્યું હતું કે તે અને આમિર લગ્ન પહેલા એક વર્ષ સુધી લિવ ઇન રિલેશનશિપમાં રહ્યા હતાં. તેણે જણાવ્યું હતું કે મા-બાપના દબાણમાં આવીને તેમણે લગ્ન કર્યા હતાં.

એક યુ-ટ્યુબ ચેનલમાં વાતચીતમાં તેણે જણાવ્યું હતું કે લગ્ન એક સુંદર વસ્તુ છે, પણ લોકો તેને નજર અંદાજ કરે છે.

આ સ્થિતિઓમાં મહિલાઓને હંમેશા ઓછો સમય મળે છે. કારણ કે તેની પાસે ઘર અને પતિના પરિવારની સાથે સંબંધ જાળવી રાખવાની આશા રાખવામાં આવે છે.

કિરણે જણાવ્યું હતું કે મને લાગે છે કે આપ લગ્નને કઇ રીતે લો છો, તેની કેવી વ્યાખ્યા કરો છો, આ ઘણું જ મહત્વનું છે. કારણ કે એક જરૂરી ઉદ્દેશ માટે છે અને પછી સામાજિક સ્વીકૃતિ ઘણા લોકો માટે મહત્વ રાખે છે. તે બાળકો માટે પણ મહત્વ રાખે છે. લગ્ન આપને ખૂબ જ બહેતરિન વસ્તુઓ આપે છે. તે આપને એક નવો પરિવાર આપે છે તે આપને સંબંધ આપે છે, આપને સુરક્ષા અને સ્થિરતાની ભાવના આપે છે.

**દર વર્ષે ટોચની કોલેજોમાં રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક રેન્કીંગમાં સ્થાન ધરાવતી**

# IIT હવે વિદ્યાર્થીઓને નોકરીઓ પુરી પાડવામાં સક્ષમ નથીઃ ૩૮% પાસ થયેલા વિદ્યાર્થીઓ નોકરી વગરના

નવી દિલ્હી તા.૨૪

દર વર્ષે, ટોચની કોલેજોના રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક રેન્કીંગમાં સ્થાન મેળવતી ટોચની આઈઆઈટીએસ હવે તેમના વિદ્યાર્થીઓને નોકરીઓ પુરી પાડવા માટે સક્ષમ નથી. એક આરટીઆઈમાં આ વાત સામે આવી છે. આઈઆઈટી કાનપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ધીરજ સિંહે દેશની આઈઆઈટીએસમાં જોબ પ્લેસમેન્ટ ૨૦૦૪ પર રિપોર્ટ માંગતી આરટીઆઈ અરજી મોકલી એક રિપોર્ટ અનુસાર આરટીઆઈના જવાબમાં કહેવામાં આવ્યું છે કે આઈઆઈટી પાસ કરનારા ૩૮% વિદ્યાર્થીઓને હજુ સુધી નોકરી મળી નથી. સિંઘે કહ્યું કે આ વર્ષે તમામ ૨૩ આઈઆઈટીમાં ૭૦૦૦થી વધુ આઈઆઈટી વિદ્યાર્થીઓને કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા નોકરી મળવાની બાકી છે. બે વર્ષ પહેલા આ સંખ્યા અડધી એટલે કે ૩૪૦૦ હતી. જ્યારે પ્લેસમેન્ટ માટે હાજર રહેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧.૨ ગણો વધારો થયો છે.

આઈઆઈટીઅન ધીરજસિંહની આરટીઆઈના જવાબમાં આઈઆઈટી દિલ્હીએ લખ્યું- 'જેમ ૨૦૨૩-૨૪ પ્લેસમેન્ટ સીઝન સમાપ્ત થઈ રહી છે. અમે એક મોટા પડકારનો સામનો કરી રહ્યા છીએ.

અમારા શ્રેષ્ઠ પ્રયાસો છતાં ૪૦૦ વિદ્યાર્થીઓને અત્યાર સુધી નોકરી મળી નથી. પ્લેસમેન્ટ મળી શકયું નથી. આ માટે અમેની નજરથી અમારા પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ (આઈઆઈટી

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ)નો સંપર્ક કરી રહ્યા છીએ. જેથી તેઓ આ એન્જીનીયરીંગ સ્નાતકોને નોકરી આવી શકે.

બિરલા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને બે મહિના પહેલા જ પત્ર લખી ચૂકયા છે. તેવી જ રીતે, અન્ય ઘણી સંસ્થાઓ નવા વિદ્યાર્થીઓને નોકરી આપવા માટે તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી મદદ માંગી રહી છે. તેવી જ રીતે આઈઆઈટી બોમ્બેએ પણ તેના જૂના વિદ્યાર્થીઓ પાસેથી મદદ માંગી છે.

જો કે, તેમનું પ્લેસમેન્ટ હજુ ચાલુ છે અને તે જૂનના અંત સુધી ચાલુ રહેશે. બેચના લગભગ ૧૦% અથવા ૨૫૦ ઉમેદવારોને હજુ સુધી નોકરી મળી નથી. આરટીઆઈ મુજબ ગત વર્ષે ૩૨૯ ઉમેદવારોને નોકરી મળી ન હતી અને ૧૭૧ ઉમેદવારો ૨૦૨૨માં નોકરી મેળવવામાં નિષ્ફળ ગયા હતા. 'બધે પ્લેસમેન્ટ' ૨૦-૩૦% ઓછું' વી.રામગોપાલ રાવે, વીસી, બીઆઈટીએસ ગ્રુપ, જણાવ્યુંહતુંકે, 'બધા જગ્યાએ પ્લેસમેન્ટ-૨૦થી૩૦ ટકા ઘટયા છે. જો કોઈ સંસ્થા કહે છે કે તમામ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું છે તો નોકરીની ગુણવતા તે જરૂરી રહેશે નહી.

આ પહેલું વર્ષ છે જ્યારે ચેટ જીપીટી અને મોટા ભાષાના મોડલ નોકરીઓ પર તેમની અસર દર્શાવે છે. જો બે લોકો ત્રણ લોકોનું કામ કરી શકે છે, તો ૩૦% હાયરિંગ કોઈપણ રીતે ઘટાડવામાં આવે છે.

પહેલેથી જ ઘણી ભરતી થઈ ગઈ છે અને આ વર્ષે ઘણા દેશોમાં ચુંટણીઓ યોજાઈ રહી છે. તેથી કંપનીઓ પણ રાહ જોઈ રહી છે.

### દેશભરની તમામ ૨૩ આઈઆઈટીમાં ત્રણ વર્ષના પ્લેસમેન્ટના આંકડા

| વર્ષ | રજિસ્ટર્ડ | પ્લેસમેન્ટ | કોઈ તક નથી |
|---|---|---|---|
| ૨૦૨૨ | ૧૭૯૦૦ | ૧૪૪૯૦ | ૧૯% |
| ૨૦૨૩ | ૨૦૦૦૦ | ૧૫૮૩૦ | ૨૧% |
| ૨૦૨૪ | ૨૧૫૦૦ | ૧૩૪૧૦ | ૩૮% |

# સોનાના ઉંચા ભાવ: જુના ગોલ્ડની અદલાબદલી વધશે

## ક્રિસીલનો રીપોર્ટ: ઝવેરી માર્કેટમાં ટર્નઓવર વધશે પરંતુ 'વોલ્યુમ' સ્થિર રહેશે

મુંબઈ તા.૨૪

સંગઠિત સોનાના ઝવેરાતના છૂટક વિક્રેતાઓ ૨૦૨૪-૨૫માં વાર્ષિક ધોરણે ૧૭-૧૯ ટકાની આવક વૃદ્ધિની અપેક્ષા રાખે છે, જે દ્વારા સંચાલિત સોનાના ભાવમાં ઉછાળાને પગલે વેલ્યુમાં ઉછાળો જોવાશે, જ્યારે વોલ્યુમ સ્થિર રહેવાની શકયતા છે. ચાલુ નાણાકીય વર્ષમાં સંગઠીત ગોલ્ડ જ્વેલર્સની આવકમાં ૧૭-૧૯ ટકાનો વધારો થવાની ધારણા છે, જ્યારે સોનાના વધતા ભાવને કારણે વોલ્યુમ ગ્રોથ અટકી જવાની શકયતા છે, એમ ક્રિસિલ રેટિંગ્સે એક અહેવાલમાં જણાવ્યું હતું.

અહેવાલમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે સોનાના ભાવમાં નોંધપાત્ર વધારો અને નવા સ્ટોરના વધારાને કારણે ઉંચા ઈન્વેન્ટરી સ્તરને કારણે રિટેલરોની કાર્યકારી મૂડીની જરૂરિયાતો વધી શકે છે, જોકે, ક્રેડિટ પ્રોફાઈલ્સ સ્થિર રહેવી જોઈએ, એમ તેણે ઉમેર્યું હતું. સંગઠીત ક્ષેત્ર બજારના ત્રીજા ભાગ કરતાં થોડો વધુ હિસ્સો ધરાવે છે, જેમાં અત્યંત વિભાજિત અસંગઠિત ક્ષેત્રનો બાકીનો હિસ્સો છે. એફવાય૨૪ દરમિયાન સ્થાનિક સોનાના ભાવમાં ૧૫ ટકાનો વધારો થયો હતો અને માર્ચ ૨૦૨૪ના અંતે રૂા.૬૭,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયો હતો, એમ ક્રિસિલ રેટિંગ્સે જણાવ્યું હતું.

એપ્રિલ ૨૦૨૪માં સોનાના ભાવમાં આશરે રૂા.૭૬,૦૦૦ સુધીનો વધારો થયો હતો કારણ કે ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે વિશ્વભરની વિવિધ કેન્દ્રીય બેંકો તેમજ અંતિમ ઉપભોકતાઓ દ્વારા જોવામાં આવતા સુરક્ષિત રોકાણ વિકલ્પોમાંના એક તરીકે સોનાએ તેની ચમક જાળવી રાખી હતી.

બ્રાંડિંગ અને માર્કેટીંગ ખર્ચમાં વધારો કરવા ઉપરાંત, રિટેલર્સ ખરીદદારોને વધુ ડિસ્કાઉન્ટ ઓફર કરે તેવી શકયતા છે, તેમ છતાં તેઓ સોનાના ઉંચા ભાવ વચ્ચે ગ્રાહકોને આકર્ષવા માટે પ્રોડક્ટ ડિઝાઈન અને ઓફરિંગને વધારવાનું ચાલુ રાખ્યું છે. અમે માગ નીચે કેરેટની સોનાની જ્વેલરી તરફ વળવાની અપેક્ષા રાખીએ છીએ અને વોલ્યુમને ટેકો આપવા માટે ગોલ્ડ એકસચેન્જ પ્રોગ્રામનું પ્રમોશન આગળ વધશે, એમ ક્રિસિલ રેટિંગ્સ ડિરેકટર આદિત્ય ઝાવેર જણાવ્યું હતું. પરિણામે મોટા ભાગના મોટા રિટેલર્સ માટે ગોલ્ડ એકસચેન્જ સ્કીમનો હિસ્સો અકંદર વોલ્યુમના લગભગ ત્રીજા ભાગથી વધવાની ધારણા છે.

વધુમાં સંગઠિત છૂટક વિક્રેતાઓ અસંગઠિત લોકોના ભોગે બજાર હિસ્સો મેળવવાનું ચાલુ રાખશે. ગ્રાહકોની પસંદગીઓ અને સ્ટોરના વિસ્તરણને ટાવર ૧ અને ૨ શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારો દ્વારા સમર્થન આપવામાં આવશે. ક્રિસિલ રેટીંગ્સે વધુમાં જણાવ્યું હતું કે, તંદુરસ્ત બેલેન્સ શીટ દ્વારા માગના ટેકાએ, સ્ટોર વિસ્તરણ (મુખ્યત્વે મોટા જ્વેલરી રિટેલર્સ દ્વારા)ને કારણે રોગચાળા પછી મજબૂત બે આંકડામાં વૃદ્ધિ જોવા મળી છે. સપાટ વોલ્યુમ જોતા ૨૦૨૪-૨૫માં સ્ટોર ઉમેરવાની ગતિ ૧૦-૧૨ ટકા સુધી મધ્યમ રહી શકે છે. સોનાના ભાવમાં વધારો થવાના પરિણામે આ નાણાકીય વર્ષમાં સોનાની ઈન્વેન્ટરી વધુ કિંમતે ઉંચી રહેશે. આ, નવા સ્ટોર્સ પર જરૂરી ઈન્વેન્ટરી સાથે, ઉચ્ચ કાર્યકારી મૂડીનું દેવું તરફ દોરી જશે, જોકે, સ્તાપિત ગોલ્ડ જ્વેલરી રિટેલર્સને બેંક ભંડોળની ઉપલબ્ધતામાં તાજેતરના વર્ષોમાં સુધારો થયો છે. આ મધ્યમ ગાળામાં ચાલુ રહેવાની ધારણા છે, એમ ઉમેર્યું હતું.

સ્વસ્થ આવક વૃદ્ધિ અને પર્યાપ્ત નફાકારકતાને કારણે મજબૂત રોકડ જનરેશન, કાર્યકારી મૂડી ઉધારવામાં અપેક્ષિત વધારો હોવા છતા, સંગઠીત ગોલ્ડ જ્વેલરી રિટેલર્સની ક્રેડિટ પ્રોફાઈલને સ્થિર રાખશે. ક્રિસિલ રેટિંગ્સ ડાયરેકટર હિમાંક શર્માએ જણાવ્યું હતું, નાણાકીય ૨૦૨૫માં દેવાનું ભારણ નિયંત્રણમાં રહેશે, નાણાકીય વર્ષ ૨૦૨૪ના સ્તરોથી માત્ર સહેજ મધ્યસ્થતા સાથે નેટ વર્થ અને વ્યાજ કવરેજ રેશિયોની કુલ બહારની જવાબદારીઓ અનુક્રમે ૧.૦-૧.૧ ગણા અને ૮.૦-૮.૨ ગણા અપેક્ષિત છે.

# ચૂંટણી લડી રહેલા ૧૨૧ ઉમેદવારો અભણ: ૩૫૯ પાંચમા ધોરણ સુધી ભણેલા

## એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સએ લોકસભા ચૂંટણી પર એક રિપોર્ટ જાહેર કર્યો

નવી દિલ્હી, તા ૨૩

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) એ ગુરુવારે લોકસભા ચૂંટણી પર એક રિપોર્ટ જાહેર કર્યો. આ અંતર્ગત લોકસભા ચૂંટણી લડી રહેલા લગભગ ૧૨૧ ઉમેદવારોએ પોતાને અભણ જાહેર કર્યા છે અને ૩૫૯એ કહ્યું છે કે તેઓ પાંચમા ધોરણ સુધી ભણ્યા છે. ડેટા દર્શાવે છે કે ૬૪૭ ઉમેદવારોએ તેમનું શિક્ષણ સ્તર આઠમા ધોરણમાં નોંધ્યું છે. લગભગ ૧,૩૦૩ ઉમેદવારોએ પોતાને ૧૨મું પાસ હોવાનું જાહેર કર્યું અને ૧,૫૦૨ ઉમેદવારોએ ગ્રેજ્યુએશનની ડિગ્રી મેળવી છે. આ લોકસભા ચૂંટણીમાં ૧૯૮ ઉમેદવારો એવા છે જેમની પાસે ડોક્ટરેટની ડિગ્રી છે.

ADRએ લોકસભા ચૂંટણી લડી રહેલા ૮,૩૬૦ ઉમેદવારોમાંથી ૮,૩૩૭ની શૈક્ષણિક લાયકાતનું વિશ્લેષણ કર્યું છે. ચૂંટણીના પ્રથમ તબક્કામાં, ૬૩૯ ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાત ધોરણ ૫ અને ધોરણ ૧૨ ની વચ્ચે હોવાનું જાહેર કર્યું હતું, જ્યારે ૮૩૬ પાસે ગ્રેજ્યુએશન અથવા તેથી વધુની લાયકાત છે.૩૬ ઉમેદવારોએ પોતાને માત્ર સાક્ષર જાહેર કર્યા છે, ૨૬ અભણ છે અને ચારે તેમની શૈક્ષણિક લાયકાત જાહેર કરી નથી. બીજા તબક્કા દરમિયાન, ૫૩૩ ઉમેદવારોએ તેમનું શિક્ષણ સ્તર પમા અને ૧૨મા ધોરણની વચ્ચે હોવાનું જણાવ્યું છે, જ્યારે ૫૭૪એ સ્નાતક અથવા ઉચ્ચ હોવાની માહિતી શેર કરી છે. લગભગ ૩૭ લોકોએ પોતાને માત્ર સાક્ષર જાહેર કર્યા, આઠ અભણ જાહેર કર્યા અને ત્રણે તેમની શૈક્ષણિક લાયકાત જાહેર કરી ન હતી.

### ત્રીજા તબક્કામાં, ૫૯૧એ પોતાને સ્નાતક જાહેર કર્યા

ત્રીજા તબક્કામાં કુલ ૬૩૯ ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાત ધોરણ ૫ થી ૧૨ ની વચ્ચે હોવાનું જાહેર કર્યું છે. ૫૯૧ એ પોતાને સ્નાતક અથવા ઉચ્ચ તરીકે વર્ણવ્યા. ૫૬ સાક્ષર અને ૧૯ અભણ છે. ત્રણ ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાત જાહેર કરી નથી. ચોથા તબક્કા માટે, ૬૪૪ ઉમેદવારોએ ધોરણ ૫ અને ધોરણ ૧૨ વચ્ચેનું તેમનું શિક્ષણ સ્તર જાહેર કર્યું છે.

### ૩૩૨ ઉમેદવારો ધોરણ ૫ થી ૧૨ સુધી ભણેલા

છઠ્ઠા તબક્કામાં, ૩૩૨ ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાત વર્ગ ૫ અને ધોરણ ૧૨ ની વચ્ચે જાહેર કરી છે, જ્યારે ૪૮૭ ઉમેદવારોએ સ્નાતક અથવા ઉચ્ચ ડિગ્રી જાહેર કરી છે. ત્યાં ૨૨ ડિપ્લોમા ધારકો છે, ૧૨ ઉમેદવારો જેઓ માત્ર સાક્ષર છે અને ૧૩ જેઓ અભણ છે. સાતમા તબક્કામાં ૪૦૨ ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાત ધોરણ ૫ થી ૧૨ ની વચ્ચે હોવાનું જાહેર કર્યું છે. ૪૩૦ એ પોતાને સ્નાતક અથવા ઉચ્ચ તરીકે વર્ણવ્યા હતા. ૨૦ ડિપ્લોમા ની ડીગ્રી ધરાવે છે, ૨૬ માત્ર સાક્ષર છે અને ૨૪ ઉમેદવારો અભણ છે.

### ૧૧ ઉમેદવારોની ઉંમર ૮૦ વર્ષથી ઉપર

ADR અનુસાર, આ લોકસભા ચૂંટણીમાં ૮૦ વર્ષથી વધુ ઉંમરના ૧૧ અને ૨૫-૩૦ વયજૂથના ૫૩૭ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ચૂંટણી લડી રહેલા ૮,૩૬૦ ઉમેદવારોમાંથી ૮,૩૩૭ ઉમેદવારોના ડેટાની ચકાસણીમાં જાણવા મળ્યું છે કે પ્રથમ તબક્કામાં ૨૫ થી ૪૦ વર્ષની વય જૂથના ૫૦૫ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી. ૪૧ થી ૬૦ વર્ષની વયના ૮૪૯ ઉમેદવારો, ૬૧ થી ૮૦ વર્ષની વચ્ચેના ૨૬૦ અને ૮૦ વર્ષથી ઉપરના ચાર ઉમેદવારો હતા. બીજા તબક્કા દરમિયાન, ૨૫-૪૦ વર્ષની વય જૂથના ૩૬૩ ઉમેદવારો મેદાનમાં હતા. ૪૧ થી ૬૦ વર્ષની વયના ૫૭૮, ૬૧ થી ૮૦ વર્ષની વચ્ચેના ૨૪૯ અને ૮૦ વર્ષથી ઉપરના બે ઉમેદવારો હતા.

# હરિદ્વારમાં બુદ્ધ પૂર્ણિમાના દિવસે લાખો ભકતોએ ગંગા સ્નાન કર્યું: હરકી પૌડી ખાતે આરતીમાં પણ ભકતોની ભીડ

હરિદ્વાર, તા.૨૪

હરિદ્વારમાં ગુરૂવારે બુદ્ધ પૂર્ણિમાના દિવસે લાખો શ્રદ્ધાળુઓએ ગંગા સ્નાન કર્યું હતું. હરકી પીઠડી ખાતે બ્રહ્મ મુર્હુર્તથી જ ભક્તોની ભીડ જામવા લાગી હતી. બપોર બાદ હરકી પીઠડી અને આસપાસના ગંગા ઘાટ ભક્તોથી ભરાઈ ગયા હતા. સાંજે હરકી પૌડી ગંગા આરતીમાં પણ ભીડ જોવા મળી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે બુદ્ધ પૂર્ણિમાના અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. મોદીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, હેપ્પી બુદ્ધ પૂર્ણિમા. છેલ્લા એક દાયકામાં અમારું કાર્ય ભગવાન બુદ્ધના આદર્શોને પરિપૂર્ણ કરવા અને સમૃદ્ધ અને ટકાઉ પૃથ્વી બનાવવાની અમારી ઊંડી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ભગવાન બુદ્ધની જન્મજયંતિને બુદ્ધ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે.

## જન્મદિનની શુભેચ્છા આપવા કોળી સમાજ ઉમટયો

# ૧૯૯૮થી મંત્રીપદે નોટઆઉટ: પરસોતમ સોલંકીનો રેકોર્ડ

ગાંધીનગર તા.૨૪

૧૯૬૦થી ગુજરાતની અલગ રાજ્ય તરીકે સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીમાં સતત ૮૦૦૦ દિવસો સુધી મંત્રીમંડળમાં સ્થાન પ્રાપ્ત કરનારા ભાવનગરના ઘોઘાના ધારાસભ્ય અને મંત્રી પરસોતમ સોલંકીનો ૨૩મીના ગુરૂવારે ૬૪મો જન્મદિવસ હતો. જેની શુભેચ્છા આપવા કોળી સમાજના આગેવાનો ગાંધીનગર ઉમટી પડયા હતા.

નોંધનીય છે કે, પરસોતમ સોલંકી સતત ૧૯૯૮થી તત્કાલીન મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈ પટેલની સરકારમાં મંત્રીમંડળમાં સ્થાન પામ્યા બાદ હાલ તેઓ ભુપેન્દ્ર પટેલની સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે.

# ક્રિકેટ સટ્ટામાં જ નહિં, ડ્રગ્ઝ માફીયાઓના નાણાંની હેરફેર માટે પણ આંગડીયા પેઢીનો ઉપયોગ

## અમદાવાદમાં આંગડીયા પેઢી પરના દરોડાની તપાસમાં નવો ખુલાસો: નાર્કોટિકસ વિભાગ પણ જોડાયું

અમદાવાદ

ગુજરાતમાંથી દરરોજ મોટી પ્રમાણમાં ડ્રગ્સ કન્સાઈન્ટમેન્ટ પકડાઈ રહ્યું છે. જેના માટેના રૂપિયાનાં હવાલા પણ આંગડીયા પેઢીઓ દ્વારા જ પાડવામાં આવતા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. જેને પગલે હવે સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા આ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત દેશ માટે ખતરા સમાન અન્ડર વર્લ્ડમાં પણ ખંડણી અને વસુલીના રૂપિયા પણ આંગડીયાઓ મારફતે હવાલા દ્વારા જ જે તે સ્થળે પહોંચાડવામાં આવતા હતા. વર્તમાન સમયે ક્રિકેટ સટ્ટામાં દરરોજ હજારો કરોડની હારજીત થઈ રહી છે. ત્યારે જ સટ્ટા બેટીંગ સાથે જોડાયેલા એક બુકીએ આ રૂપિયાના હવાલા માટે જ આંગડીયા પેઢી શરૂ કરી છે. તપાસ દરમ્યાન ઘણી ચોંકાવનારી વિગતો સામે આવે તેવી સંભાવના છે.

ગુજરાત પોલીસે હવાલા રેકેટ ચલાવતાં આંગડીયા પર દરોડા પાડીને તપાસ કરી હતી. પ્રાથમીક તપાસમાં જ કરોડો રૂપિયા મળતાં તપાસમાં ઈન્કમટેકસના અધિકારીઓ પણ જોડાયા હતા. પોલીસ અને ઈન્કમટેકસનાં અધિકારીઓએ આંગડીયા પેઢીઓની ૧૧ ઓફીસમાં બોડી વોર્ન કેમેરા સાથે દરોડા પાડયા હતા. જેમાં ૧૮ કરોડ રોકડા, એક કિલો સોનુ અને ૬૪ લાખની વિદેશી ચલણી નોટો મળી આવી હતી. જે આયકર વિભાગે કબ્જે લીધી હતી.

આંગડીયાઓએ ક્રિકેટ સટ્ટાના હવાલા પાડતા હોવાની વિગતોને આધારે ઈડી અને ડીઆરઆઈ પણ તપાસમાં જોડાઈ છે ત્યારે જ એક નવો ખુલાસો થયો છે. આંગડીયાઓ ડ્રગ્સ માફીયાઓના કરોડો રૂપિયા હવાલા પાડતા હતા જેને પગલે નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો પણ તપાસમાં જોડાયું છે. દેશમાં છેલ્લા એકાદ વર્ષમાં જે ડ્રગ્સ કન્સાઈન્ટમેન્ટ ઝડપાયા છે તેમાં રૂપિયા આંગડીયાના હવાલા દ્વારા જ પહોંચાડાતા હતા. અન્ડરવર્લ્ડનાં હવાલા પણ આંગડીયા દ્વારા જ પડાતા હતા.

### ત્યારે IPL ના હવાલા બે આંગડીયા મારફતે જ પડતા

ચૂંટણી ટાણે રોકડ રૂપિયાની હેરાફેરી લગભગ સ્થગીત થઈ જતી હોય છે. ચૂંટણી પંચનાં આદેશથી ખાસ ટીમ દ્વારા રૂપિયાના હેરાફેરી પર વોચ રાખવામાં આવતી હોય છે. જેને પગલે રૂપિયાની હેરાફેરી અટકી જતી હોય છે.ચૂંટણીમાં ગુજરાતમા મતદાન પુરૂ થયુ ત્યાં સુધી લગભગ આંગડીયા પેઢીઓ બધે જ હતી. જોકે આ સમયે આઈપીએલની મેચો રમાઈ રહી હતી અને દરેક મેચ પર કરોડો રૂપિયાનો સટ્ટો રમાતો હોય છે. જેના રૂપિયાની હવાલા માટે બે આંગડીયા પેઢીઓની કામગીરી ચાલુ હતી. દેશભરના બુકીઓ મેચના બીજા દિવસે સવારે જ હાર-જીતનાં સોદા પાડી દેતા હતા.

# ઉમિયા માતાજીની ૪ કિ.મી. લાંબી નગરયાત્રા

## માનવ મહેરામણ ઉમટયો: ૧૬૫ ઝાંખીએ આકર્ષણ સર્જયું: ભાવિકોને ગરમીથી બચાવવા કુવારા મુકાયા

ઉંઝા:

ઉંઝામા કડવા પાટીદારના કુળદેવી શ્રી ઉમિયા માતાજીની ૪ કી.મી.લાંબી ભવ્ય નગરયાત્રા નીકળી હતી. જેમાં લાખોની જનમેદની ઉમટી હતી. આજે ઉંઝાવાસીઓએ ધંધા-રોજગાર બંધ રાખી માની પરિક્રમામાં જોડાઈ ધન્યતા અનુભવી હતી. માં ઉમિયાની ભવ્ય નગરયાત્રામાં ભકતજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. તા.૨૪ મે ગુરૂવારે પુનમની સવારે ૮-૧૦ કલાકે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન રાજુભાઈ રાવલે નીજ મંદિરેથી ઉમીયા માતાજીની નગરયાત્રાને લીલીઝંડી આપી હતી.

ઉમીયા માતાજીની શાહી સવારી શહેરના રાજમાર્ગ પર નીકળી ત્યારે ભકતજનો દ્વારા માર્ગમાં સાડીઓ બિછાવી પૂજા-અર્ચના તેમજ આરતી કરી માતાજીનાં વધામણા કર્યા હતા. ચાર કિલોમીટર લાંબી શહેરની પરિક્રમા કર્યા બાદ આ યાત્રા આ યાત્રા બપોરે ૧-૩૦ કલાકે નીજ મંદિર પરત ફરી હતી. આ નગરયાત્રામાં જુદી જુદી ૧૬૫ જેટલી ઝાંખીઓએ આકર્ષણ જમાવ્યુ હતું.

આ ઉપરાંત આરોગ્ય સુખાકારી અને જનહિતાયનાં સૂચક ટેબલો સહીત ઉમીયા શરણમ મમના ટેબલો વિગેરે જનસમુદાય માટે વિશેષ આકર્ષણ જમાવ્યુ હતું.

ઉંઝા એપીએમસી ચેરમેન દિનેશભાઈ પટેલ સહિત ડીરેકટર ગણ, ઉંઝા પાલીકા પ્રમુખ જીજ્ઞાબેન પટેલ મિલન સહીત નગરસેવકો વિવિધ સેવાભાવી સંસ્થાનાં પ્રતિનિધિઓ હોદ્દેદારો સહીત સમાજનાં અગ્રણીઓ દ્વારા સ્વાગત કરાયું હતું. આ ઉપરાંત નગરયાત્રાનાં રૂટ પર ઠંડી છાશ, ઠંડા પીણા, પ્રવાહી, કેન્ડી, સરબત સહીતની વસ્તુઓનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

# અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકીના મોટાભાઈ અયાઝુદ્દીનની છેતરપિંડીનાં કેસમાં ધરપકડ

લખનૌ :

અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકીના મોટા ભાઈ અયાઝુદ્દીનની મુઝફ્ફરનગરના બુઢાનામાં છેતરપિંડીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ગુરુવારે જણાવ્યું કે આ કાર્યવાહી એક મહિના પહેલા નોંધાયેલા કેસમાં કરવામાં આવી છે.

ફરિયાદીએ આરોપ મૂક્યો હતો કે ગયા વર્ષે ડિસેમ્બરમાં અયાઝુદ્દીને તેની ખેતીની જમીનને લઈને જાવેદ ઈકબાલ સાથે ચાલી રહેલા વિવાદ અંગે જિલ્લા મેજિસ્ટ્રેટને અરજી આપી હતી, જેમાં નકલી ઓર્ડરની નકલ પણ રજૂ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે ગયા મહિને ડીએમ પેશકર રાજકુમારની ફરિયાદ પર અયાઝુદ્દીન સહિત બે લોકો સામે છેતરપિંડી અને બનાવટીના આરોપ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

બુઢાના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ આનંદ દેવ મિશ્રાએ આપી હતી મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી અને તે જ દિવસે તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો.

## સોનાની કિંમત રેકર્ડબ્રેક ઉંચાઈએ છે ત્યારે....

# ૯ કેરેટ સોનાના દાગીનાનું પણ હોલમાર્કીંગ થશે!

## ૯ કેરેટ સોનાને હોલમાર્કીંગની માન્યતા મળે તો ૧૦ ગ્રામની કિંમત ૨૭૭૪૦ રૂપિયા થાય અને ગ્રાહકો પોતાના બજેટ અનુસાર ઘરેણા ખરીદી શકે

નવી દિલ્હી તા.૨૪

ટુંક સમયમાં જ ૯ કેરેટ સોનાનું હાલ માર્કીંગ થઈ શકે છે. રિપોર્ટ મુજબ વેપારીઓએ ભારતીય માનક બ્યુરો (બીઆઈએસ) પાસે ૯ કેરેટ સોનાના આભુષણ માટે હોલમાર્કીંગ અને હોલમાર્કીંગ યુનિક આઈડેન્ટીફિકેશન (એચયુઆઈડી) નંબર લાગુ કરવાનો અનુરોધ કર્યો છે.આ પગલુ સોના અને ચાંદીની કિંમતોમાં રેકર્ડબ્રેક ઉંચાઈ બાદ લેવાયું છે.

ઉલ્લેખનીય છે કે મંગળવારે મુંબઈની ઝવેરી બજારમાં ચાંદીની કિંમત રૂા.૯૨૪૪૪ પ્રતિ કિલોનાં શિખરે પહોંચી ગઈ હતી. જે શુક્રવારથી ૫.૬૭ ટકા વધુ હતી.

આજ રીતે સોનાની કિંમત દર ૧૦ ગ્રામે ૭૫૦૦૦ રૂપિયાની નજીક પહોંચી રહી છે. જયારે મંગળવારે પ્રતિ કિંમત ૧૦ ગ્રામે કિંમત રૂા.૭૪૨૨૨ હતી.

અહેવાલ અનુસાર એક મુખ્ય વ્યાપાર સંઘ ઈન્ડીયા બુલીયન એન્ડ જવેલર્સ એસોસીએશન (આઈબીજેએ)ના પ્રતિનિધિઓએ મંગળવારે બીઆઈએસ અધિકારીઓ સાથે બેઠક કરીને ૯ કેરેટ સોના મોર હોલમાર્કીંગ અને એચયુઆઈડી નંબરનાં મુદ્દે ચર્ચા કરી હતી.

ઈન્ડીયા બુલીયન એન્ડ જવેલર્સ એસોસીએશન (આઈબીજેએ)ના રાષ્ટ્રીય સચીવ સુરેન્દ્ર મહેતાનાં સંદર્ભથી કહેવામાં આવ્યુ છે કે કિંમતો આસમાનને ચુમી રહી છે અને ગ્રાહક તેનો માર સહન કરી રહ્યો છે. આ વાતને ધ્યાનમાં રાખતા અમે આજે અધિકારીઓને ૯ કેરેટનાં આભુષણો માટે હોલમાર્કીંગની મંજુરી આપવાનો અનુરોધ કર્યો છે.

ભારતીય રીઝર્વ બેન્ક સોવરેન ગોલ્ડ બોન્ડમાં કિંમત નકકી કરતી વખતે આઈબીજેએને માન્યતા આપે છે.

૯ કેરેટ સોનાની હાલની કિંમત ૨૭૭૫૦ રૂપિયા દર ૧૦ ગ્રામે છે જેના પર વધારાનો જીએસટી ૩ ટકા લાગે છે જો ૯ કેરેટ સોના માટે હોલ માર્કીંગની મંજુરી મળી જાય છે તો ગ્રાહકોને પોતાના બજેટ મોટા આકારનાં આભુષણો ખરીદવાની તક મળશે.

# થિયેટરો પછી, કરીના - તબ્બુની ફિલ્મ 'ક્રુ' OTT પર હલચલ મચાવશે, નેટફ્લિક્સ પર રિલીઝ થઈ

મુંબઈ :

કરીના કપૂર ખાન, તબ્બુ અને કૃતિ સેનન અભિનીત ફિલ્મ 'ક્રુ' આ વર્ષની સફળ ફિલ્મોમાંની એક છે. રાજેશ એ કૃષ્ણન દ્વારા નિર્દેશિત આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. હવે, રિલીઝના બે મહિના પછી, આ ફિલ્મ લોકોના મનોરંજન માટે OTT પર ઉપલબ્ધ થઈ છે. આ ફિલ્મ નેટફ્લિક્સ પર આજથી એટલે કે ૨૪મી મેથી સ્ટ્રીમ કરી શકાશે.

### ૧૯૦ દેશોમાં સ્ટ્રીમ કરી શકાય છે

અગાઉ, નેટફ્લિક્સે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા લોકો સાથે ફિલ્મની OTT રિલીઝ સંબંધિત માહિતી પણ શેર કરી હતી. આ ફિલ્મ મધરાતથી OTT પર રિલીઝ થઈ છે. આવી સ્થિતિમાં જેણે આજ સુધી આ ફિલ્મ જોઈ નથી તે હવે તેનો આનંદ લઈ શકે છે. આ ફિલ્મ હવે Netflix પર ૧૯૦ દેશોમાં જોઈ શકાશે.

### બોક્સ ઓફિસ પર સારી કમાણી

લોકોને ફ્રૂની વાર્તા ખૂબ પસંદ આવી, જેના કારણે તેણે બોક્સ ઓફિસ પર જોરદાર કલેક્શન કર્યું. આ ફિલ્મે ઘરેલુ બોક્સ ઓફિસ પર ૮૧.૭ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. દેશની સાથે વિદેશમાં પણ આ ફિલ્મને પસંદ કરવામાં આવી હતી. ફિલ્મનું ઓવરસીઝ કલેક્શન ૫૫ કરોડ હતું. તે જ સમયે, તેનું વિશ્વવ્યાપી કલેક્શન કુલ રૂ. ૧૫૧.૩૫ કરોડ હતું.

# બિલ્ડરો સાવધાન! પાર્કિંગમાં ગેરકાયદે બાંધકામ થતા ફ્લેટનુ વેચાણ રોકી દેવા 'રેરા'નો આદેશ

## અમદાવાદનો કિસ્સોઃ ફ્લેટના દસ્તાવેજો નહીં કરવા સબરજીસ્ટ્રારને પણ સુચના

ગાંધીનગર તા.૨૪

રિયલ એસ્ટેટ સેક્ટરમાં બધા નીતિ-નિયમોનું પાલન થાય અને ગ્રાહકોના હિત જળવાય તે માટે ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી એટલેકે ગુજરેરાની રચના કરવામાં આવી છે. ગુજરેરા પાસે એવા ઢગલાબંધ કેસ આવે છે જેમાં બિલ્ડરોએ ગોટાળા કર્યા હોય છે અને પછી ગુજરેરા દ્વારા તેની સામે પગલાં લેવામાં આવે છે. અમદાવાદમાં એક બિલ્ડરે પાર્કિંગની જગ્યામાં ગેરકાયદે બાંધકામ કર્યું અને દુકાનો બનાવી નાખી. તેની સામે એક રહેવાસીએ ગુજરેરામાં ફરિયાદ કરતા બિલ્ડરને આંચકો લાગ્યો છે. ગુજરેરાએ બિલ્ડરને બાકી રહેલા ખાલી ફ્લેટનું વેચાણ કરવાની મનાઈ ફરમાવી છે.

અમદાવાદના રામોલ એરિયામાં શાહ એ આલમ રેસિડન્સીનો આ કેસ છે જેમાં ફોઝિયાબાનુ શેખે એ બ્લોકમાં એક ફ્લેટ ખરીદ્યો હતો. આ સોસાયટીમાં કુલ ૧૯૩ યુનિટ છે જેની સામે બિલ્ડરે માત્ર ૩૦ યુનિટ માટે જ પાર્કિંગની વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત પાર્કિંગની જગ્યા પર ઈલિગલ ફ્લેટ્સ અને શોપ્સ બાંધી નાખી છે. આ વિશે ફોઝિયાબાનુ શેખ અને બીજા મેમ્બરે ગુજરેરા સામે ફરિયાદ કરી હતી. ગુજરેરાએ વચગાળાનો આદેશ આપ્યો છે અને અત્યારે ખાલી પડેલા ફ્લેટ કોને વેચવાની બિલ્ડરને મનાઈ ફરમાવી છે.

શાહ એ આલમ રેસિડન્સીમાં માત્ર પાર્કિંગમાં ઈલિગલ બાંધકામનો ઈશ્યૂ નથી પરંતુ બાંધકામની ક્વોલિટીનો પણ સવાલ છે. કન્સ્ટ્રક્શનની ગુણવત્તા નબળી છે, વોટર કનેક્શન અને ફાયર સેફ્ટીના ઈક્વિપમેન્ટ જેવી સગવડોનો અભાવ છે. આ ફ્લેટ્સમાં હંમેશા ભેજ રહે છે અને પાણીના લિકેજનો પણ પ્રશ્ન છે. બિલ્ડરે ફ્લેટના માલિકો પાસેથી લાઈફટાઈમ મેન્ટેનન્સ ફી લઈ લીધી

(અનુસંધાન છઠ્ઠા પાને)

### કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો ૨૨ પૈસા ઉછળ્યો

# સેન્સેક્સ-નિફ્ટી ફરી નવી ટોચે પહોંચી પાછા પડ્યા

## શેરબજારમાં બેતરફી વધઘટઃ ઉંચા મથાળે નફારૂપી વેચવાલી



રાજકોટ, તા.૨૪

ભારતીય શેરબજારમાં આજે સેન્સેક્સ તથા નિફ્ટીએ સતત બીજા દિવસે નવી ઉંચાઇ બનાવી હતી. જો કે, અંતિમ તબકકામાં નફારૂપી વેચવાલી ઇન્ટ્રા-ડે ઉંચી સપાટી જળવાઇ શકી નહતી.

શેરબજારમાં આજે બે તરફી વધઘટ રહી હતી. શરૂઆત નબળા ટોને રહ્યા બાદ હેવીવેઇટ શેરોમાં જોરદાર લેવાલી શરૂ થતાં ફરી તેજીનો વળાંક આવી ગયો હતો. વિદેશી નાણાં સંસ્થાએ તથા લોકલ ફંડો એમ બન્નેએ ગુરુવારે સારી ખરીદી કરી હોવાના આંકડા જારી થતા સારી અસર થઇ હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ચૂંટણી પરિણામોમાં ભાજપને ફરી મોટી બહુમતી મળવાનો આશાવાદ તથા અર્થતંત્રનો ડંકો જેવા કારણો રેકોર્ડબ્રેક તેજીમાં ભાગ ભજવી રહ્યા છે.

શેરબજારમાં આજે એચડીએફસી બેંક, લાર્સન, મારૂતી, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતી એરટેલ, ભારત પેટ્રોલીયમ, વોડાફોન જેવા શેરો ઉછળ્યા હતા. જ્યારે આઇસીઆઇસીઆઇ બેંક, ઇન્ફોસીસ, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, મહિન્દ્ર, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટીસીએસ ટાઇટન, એશિયન પેઇન્ટસ, અદાણી પોર્ટ, એપોલો હોસ્પીટલ જેવા શેરોમાં ઘટાડો હતો. મુંબઇ શેરબજારનો સેન્સીટીવ ઇન્ડેક્સ ૮૬ પોઇન્ટના ઘટાડાથી ૭૫૩૩૧ સાંપડ્યો હતો. આ પૂર્વે ૭૫૬૩૬ની નવી ઉંચાઇએ પહોંચ્યો હતો. નીચામાં ૭૫૨૪૪ હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૨૯ પોઇન્ટના ઘટાડાથી ૨૨૯૩૮ હતો તે ઉંચામાં ૨૩૦૨૬ તથા નીચામાં ૨૨૯૦૮ થયો હતો. ઇન્ટ્રા-ડે ૨૩૦૦૦ની સપાટી કુદાવી ગયો હતો.

કરન્સી માર્કેટમાં આજે ડોલર સામે રૂપિયો ઉંચકાયો હતો. ૨૨ પૈસા વધીને ૮૩.૦૬ સાંપડ્યો હતો.

# પિતાના મૃત્યુ બાદ પરિણીત પુત્રી પણ રહેમરાહે નોકરી મેળવવા હકકદારઃ વિજ કંપનીને હાઈકોર્ટનો આદેશ

## બે મહિનામાં નોકરી આપી દેવા મહત્વપૂર્ણ હુકમ

અમદાવાદઃ એક અત્યંત મહત્વપૂર્ણ ચૂકાદામાં હાઈકોર્ટે ઠરાવ્યું છે કે પિતાના મૃત્યુ બાદ પરિણીત પુત્રી પણ રહેમરાહે નોકરી મેળવી શકે. અરજદાર પુત્રીના લગ્ન થઈ ગયા હોવાથી તેને રહેમરાહે નોકરી આપવાનો ઈન્કાર કરવાનો દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ.નો આદેશ હાઈકોર્ટના જસ્ટીસ હેમંત પ્રચ્છકે રદબાતલ કર્યો છે. જસ્ટીસ પ્રચ્છકે ઠરાવ્યું છે કે, 'તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા આવા જ એક મામલામાં ચૂકાદો આપ્યો છે અને એમાં કર્ણાટક હાઈકોર્ટના (અનુસંધાન છઠ્ઠા પાને)

### અરજી ધ્યાને લેવાય એ પહેલાં પુત્રીએ લગ્ન કરતાં નિમણુક આપી નહોતી

આ કેસની હકીકત એવી છે કે અરજદારના પિતા કોસંબા સબ ડિવિઝનમાં નોકરી કરતાં હતા. ૨૦૦૬માં એક અકસ્માતમાં તેઓ મૃત્યુ પામ્યા હતા. એ વખતે પુત્રી સગીરવયની હતી પરંતુ ત્યારબાદ પુખ્તવયે તેણે રહેમરાહે નોકરી માટે અરજી કરી હતી. જે અરજીમાં તમામ પ્રક્રિયા હાથ ધર્યા બાદ તેને તમામ સર્ટીફિકેટસ સાથે હાજર રહેતા કંપનીએ પત્રવ્યવહાર કર્યો હતો. જો કે, આ પહેલાં જ તેણે લગ્ન કરી લીધા હતા અને પત્રવ્યવહાર જે સરનામે થયો ત્યાં તે રહેતી નહોતી. અલબત, આ અંગેની જાણ થતાં તે હાજર થઈ ગઈ હતી પરંતુ તેને રહેમરાહે નોકરી આપવાનો કંપનીએ ઈન્કાર કરી દેતાં તેણે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

# ત્રણ દિવસ બાદ આજે ગરમીમાં આંશિક રાહત; ૪૧.૪ ડીગ્રી

## ૨૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાતા લૂ-વર્ષા યથાવતઃ બપોરે આકરા તાપથી જનજીવન ત્રસ્તઃ માર્ગો સુમસામ બન્યા

રાજકોટ તા.૨૪

સૌરાષ્ટ્ર-કચ્છની સાથે રાજકોટ શહેર પણ અગનભઠ્ઠીમાં ફેરવાતા ગરમીથી જનતા ત્રાહીમામ પોકારી ઉઠી છે. રાજકોટ છેલ્લા ત્રણ દિવસથી મહતમ તાપમાનનો પારો ૪૩ ડીગ્રીને પાર રહ્યા બાદ આજે થોડો નીચે ઉતરતા આંશિક રાહત થઈ છે પરંતુ બપોરે આકરા તાપનો સામનો કરતા શહેરીજનો ગરમીથી તોબા પોકારી ઉઠયા છે.

રાજકોટ શહેરમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૩૦.૪ ડીગ્રી રહ્યા બાદ સૂરજ દેવ આકરા થતા બપોરે ૨.૩૦ કલાકે મહતમ તાપમાન ૪૧.૪ ડીગ્રીએ પહોંચતા આકરા તાપ સાથે ગરમીથી શહેરીજનો પરસેવે રેબઝેબ થયા હતા.

બપોરે ૨૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાતા લુ વર્ષાથી લોકોએ કામ સિવાય ઘર-ઓફીસની બહાર નીકળવાનું ટાળ્યુ હતું. બપોરે રાજમાર્ગો સુમસામ ભાસતા હતા.

કાળઝાળ ગરમીથી બચવા રાજકોટવાસીઓ એસી, એર કુલર, પંખો, છાયડાનો સહારો લઈ રહ્યા છે. સાથે આઈસ્ક્રીમ, જયુસ, લીંબુ, સરબત, ઠંડાપીણા, શેરડીના રસનો સહારો લઈ રહ્યા છે.

બપોરે લૂથી બચવા માથે ટોપી, ગોગલ્સ અને મોઢે રૂમાલ બાંધી બહાર નીકળવાનું પસંદ કરી રહ્યા છે. હીટવેવની આગાહીને ધ્યાને લઈ શહેરીજનો મોટાભાગે બપોરે કામ સિવાય બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. આજે પણ આકરા તાપથી જનજીવન આકુળ વ્યાકુળ બન્યુ હતું.


NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઈટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીજીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

મંદિર માટે કપલ જોઈએ છે
મંદિરની સાફ સફાઈ કરવા
રહેવાની, લાઈટ, પાણીની, બાથરૂમ ટોઈલેટની સગવડ છે.
પટેલ, પ્રજાપતી, કડીયા, લુહાર ની પહેલી પસંદગી
સોમનાથ મહાદેવ મંદિર
મુ. મુંજકા, સૌરાષ્ટ્ર યુનીવર્સીટી પાસે, રાજકોટ
હરકેશ સોઢા : 98253 66738

શેડ
ભાડે / વેચાણથી
રાજકોટ-જામનગર હાઈવે મુરલીધર હોટલ પાસેથી બીજો પ્લોટ, કાટખુણો ૧૨૪૦ વા.આ.
ગ્રાઉન્ડ ફલોર ૬૦૦૦ આરસીસી (હા.૧૨) ફુટ
પહેલો માળ, ૫૦૦૦ ગડર/પતરા (હા.૧૬ ફુટ)
૧ ટન લીફ્ટ સાથે • ત્રણ સ્ટાફ ક્વાર્ટર (46 H.P. કનેક્શન સાથે)
M : 94272 71064

પ્રવેશ પ્રક્રિયા શરૂ છે
સમય : સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે
પટેલ પાર્ક, સેકટર નં. ૧, રામાણ બંગ્લોઝની પાછળ, રાજકોટ
Mo. 95100 99686, 82000 07672
લિટલ હેવન પ્રી સ્કુલ
ગુજરાતી માધ્યમ
શિવમ વિદ્યાલય
Play House Nursery L.K.G. H.K.G.
મવડી પ્લોટ વિસ્તારની મોટામાં મોટી પ્રી સ્કુલ કે જ્યાં બાળકોને જ્ઞાન સાથે ગમત અને બેસ્ટ એજ્યુકેશન આપતી પ્રિ-સ્કુલ
અમારી ખાસીયતો
– આપના બાળકોના પાયાનું સર્વશ્રેષ્ઠ ઘડતર એટલે લીટલ હેવન પ્રી સ્કુલ.
– આનંદપૂર્ણ હવા ઉજાસવાળુ પાંચ માળનું વિશાળ બિલ્ડીંગ.
– બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમતનું વિશાળ ગ્રાઉન્ડ.
– સ્કુલનો પ્રાઈવેટ સ્વીમીંગ પુલ.
– બાળકોને રમત-ગમત સાથે જ્ઞાન મળે તેવી વ્યવસ્થા.
–સમયાંતરે વાલી મીટીંગ.
– દર અઠવાડિયે વિકલી ટેસ્ટ.
– દર છ માસના અંતે બાળકોને અપાતો પ્રોગ્રેસ રીપોર્ટ.
–અનુભવી નિષ્ણાંત શિક્ષકો દ્વારા અપાતુ શિક્ષણ.
– શનિવારના દિવસે બાલસભા, કસરત, અવનવી પ્રવૃતિઓનું આયોજન.
– દરેક વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોવાથી વહેલાસર પ્રવેશ મેળવી લેવો.

Mystic Grooves
LIVE IN CONCERT
PRESENTED BY
PRABHU SNEH
In Association With
SARAZA SPORTSVILLA
MAY 25 | 07:00 PM ONWARDS | SARAZA LAWNS
BOOK YOUR TICKETS NOW AT
www.sportsvillaarena.in
Sportsvilla App
CO SPONSORED BY: GLOBAL IVF Centre
OUTDOOR MEDIA PARTNER: WEB PULSE ADVERTISING
DIGITAL MARKETING PARTNER: MERAKI MARKETING
DECOR PARTNER: vinayak
RADIO PARTNER: RED FM 93.5
SOUND & LIGHT PARTNER: REEL TO REAL
LED PARTNER: Communication
VIDEO PARTNER: LIFE VIDEO
LIGHTING PARTNER: DOSHI ELECTRIC DECORATION

## ઉનાળાની ગરમીમાં 'લૂ' લાગવા (હીટ સ્ટ્રોક)થી રક્ષણ મેળવવાના આરોગ્યલક્ષી ઉપાયો

### આટલું જરૂર કરશો

- ઘરની બહાર હોય ત્યારે માથાનો ભાગ કપડા, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો
- વજનમાં હળવા હોય તેવા સુતરાઉ વસ્ત્રો પહેરો
- તરસ ન લાગે છતાં પર્યાપ્ત માત્રામાં પાણી પીવાનો આગ્રહ રાખો
- આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સન સ્ક્રીન લગાવો
- ઓ.આર.એસ દ્રાવણ, છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નાળિયેર પાણી સહિતના પીણાંનું સેવન કરો
- ગરમી સામે રક્ષણ માટે પ્રાથમિક સારવાર અંગે તાલીમ લેવી
- બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓએ વિશેષ કાળજી રાખવી

### આટલું ન કરશો

- બપોરના ૧૨ વાગ્યાથી ૦૩ વાગ્યા સુધી તડકામાં ન જવું, ઉઘાડા પગે બહાર ન જવું
- બપોરના સમયે બહાર હોય ત્યારે શ્રમ પડે તેવી પ્રવૃત્તિ ન કરવી
- બપોરના સમયે રસોઇ કરવાનું ટાળો અને રસોડાના બારી અને બારણાં ખુલ્લા રાખો
- શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા ચા, કોફી કે સોફ્ટ ડ્રિંક ન લેવા
- પ્રોટીનની વધુ માત્રા હોય તેવા મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા આહાર ન લેવા

### થોડી વધુ સાવચેતી

- શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહો
- ઘરગથ્થું ઉપાય જેવા કે કાચી કેરી સાથે ડુંગળીમાં ધાણાજીરૂ નાખેલું કચુંબર 'લૂ' સામે રક્ષણ આપે છે
- સૂકા પાંદડા, ખેતીનો કે અન્ય કચરો બાળશો નહિં
- ઊર્જા કાર્યદક્ષ સાધનો, શુદ્ધ બળતણ અને ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતનો ઉપયોગ કરવો

### ખેડૂતો અને પશુપાલકોએ નીચે મુજબની સાવચેતી રાખવી

- વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો
- પાકના વિકાસના મહત્ત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો
- નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો
- પશુઓને છાંયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડુ પાણી પુષ્કળ પ્રમાણમાં આપો
- પશુઓને સવારના ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી બહાર કાઢવાનું ટાળો
- મરઘા ઉછેર કેન્દ્રમાં પડદા લગાવો અને હવા-ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો.
- પશુઓને આહારમાં લીલો ચારો આપો અને પ્રોટીન ચરબી વગરનો તથા ખનીજ દ્રવ્ય યુક્ત ખોરાક આપો
- પશુઓના આશ્રય સ્થાનમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો તેમજ આશ્રય સ્થાનને છાણ, માટી અથવા સફેદ રંગથી રંગો

**હેલ્પલાઈન નંબર-૧૦૭૭**

**ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ**

### મુંબઈ સેશન્સ કોર્ટનો મોટો ચુકાદો

# અભિનેત્રી લૈલા ખાન અને તેના પુરા પરિવારના મોત માટે સાવકા પિતાને ફાંસીની સજા

મુંબઈ તા.૨૪

મુંબઈની સેશન્સ કોર્ટે અભિનેત્રી લૈલાના સાવકા પિતા પરવેઝ ટાકને સાવકી દીકરી લૈલા સહિત લૈલાની મા અને ચાર ભાઈ-બહેનોની હત્યા ૨૦૧૧માં કરી હતી. આ મામલે મુંબઈ સેશન્સ કોર્ટ પરવેઝ ટાકને મોતની સજા ફરમાવી છે.

અદાલતે આ મહિનાની શરૂઆતમાં જ પરવેઝ ટાકને હત્યા અને પુરાવાને નષ્ટ કરવાના આરોપમાં દોષી ઠેરવ્યો હતો. સાવકા પિતાએ ૨૦૧૧માં લૈલા, તેની મા અને ચાર ભાઈ-બહેનોની હત્યા કરી તેમના શબને ફાર્મહાઉસમાં ખાડો કરી દફન કરી દીધા હતા.લૈલાના પિતાએ બધાના ગુમ થયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી હતી. મહિનાઓની તલાશ બાદ તપાસમાં લૈલાના સાવકા પિતાની વર્ષ ૨૦૧૨માં જમ્મુ-કાશ્મીર પોલીસે ધરપકડ કરી

હતી, જેને બાદમાં મુંબઈ પોલીસને સોંપાયો હતો.

શરૂઆતમાં આ કેસને આતંકી સાથે જોડાયેલ એંગલની વાત કરાઈ હતી પણ તપાસ બાદ એટીએસે તેને નકારી હતી અને માત્ર હત્યાના મામલો બતાવ્યો હતો.

# હિંમતનગર હાઈવે પર અકસ્માતથી ગ્રામજનો વિફર્યાઃ પોલીસની કાર સળગાવીઃ ચક્કાજામઃ ટીયરગેસના સેલ છોડાયા

### છાશવારે અકસ્માત સર્જાતા ગામડા ગામના ગ્રામજનોએ કાયદો હાથમાં લીધો હતોઃ હાઈવેમાં ટ્રાફીક જામ

હિંમતનગર તા.૨૪

હિંમતનગરમાંથી પસાર નેશનલ હાઈવે નં.૮ પર આજે સવારે એક સ્થાનીક રાહદારીનું વાહન અકસ્માતમાં મોત થતા ગ્રામજનો વિફર્યા હતા અને ચક્કાજામ સાથે ડીવાયએસપીની કાર સળગાવી દેતા પોલીસે ટીયરગેસના સેલ છોડી લોકોના ટોળાને વિખેર્યા હતા.

હિંમતનગરના ગામડા ગામ પાસે પસાર થતા નેશનલ હાઈવેમાં છાશવારે અકસ્માત સર્જાતા રહે છે ત્યારે આજે સવારે એક સ્થાનીક રાહદારીનું વાહન અકસ્માતમાં મોત થતા તેના પગલે ગ્રામજનો એકઠા થઈ ચક્કાજામ સાથે હાઈવે પર ટાયર સળગાવી, પથ્થર, ઝાડના પડ મુકી હાઈવે બંધ કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો પરંતુ રોષે ભરાયેલા લોકોના ટોળાએ ડીવાયએસપીની ગાડી સળગાવી અન્ય ત્રણ-ચાર ગાડીના કાચ તોડી નાખતા પોલીસે કાયદો હાથમાં લેનાર પર ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી.

નોંધનીય છે કે નેશનલ હાઈવે નંબર-૮ પર રોજબરોજ અનેક વાહનો પસાર થતા હોય છે ત્યારે આજે ગ્રામજનો દ્વારા ચક્કાજામ કરવામાં આવતા બન્ને બાજુએ વાહનોની લાંબી લાઈન જોવા મળી હતી. ગામડી ગામ પાસે છાશવારે અકસ્માતની ઘટના બને છે જેને લઈ

ગ્રામજનોએ અનેક વખત બ્રિજ બનાવવા માટે રજુઆતો કરી છે. પરંતુ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં ન આવતા ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

# ફૂડ ઓઈલની આયાત પર ખર્ચમાં ૧૯ ટકાનો વધારો

નવી દિલ્હી,તા.૨૪

નાણાકીય વર્ષ ૨૦૨૪માં આયાતમાં થોડો ઘટાડો થયા પછી, ચાલુ નાણાકીય વર્ષનાં પ્રથમ મહિનામાં ફૂડ ઓઈલની આયાતમાં ૭.૭ ટકાનો વધારો નોંધાયો હતો.આ વખતે ૨.૧૪ કરોડ ટન ખાદ્ય પદાર્થોની આયાત કરવામાં આવી હતી.જે એક વર્ષ અગાઉ એપ્રિલમાં ૨ કરોડ ટન હતી. આ માટેનો ખર્ચ એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૯ ટકા વધ્યો છે પેટ્રોલિયમ અને પ્રાકુતિક ગેસ મંત્રાલય હેઠળના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા અનુસાર આયાત પર ૧૩ અબજ ડોલર એટલે કે ૧ લાખ ૮ હજાર ૫૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવો પડયો હતો.એપ્રિલ ૨૦૨૩માં તેલ બિલ ૧૦.૯ બિલિયન ડોલર હતું.

એપ્રિલમાં રશિયન ઓઈલ ડિસ્કાઉન્ટમાં ઘટાડો થતા ૩ બિલિયન ડોલરનો ખર્ચ થયો

તેલનું બિલ કેમ વધી રહ્યું છે?

રશિયન તેલ પરના ડિસ્કાઉન્ટમાં ઘટાડોએ તેલના બિલને વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.એપ્રિલમાં બેટ ક્રૂટની સરેરાશ વૈશ્વિક કિંમત ૯૦.૨ ડોલર પ્રતિબેરલ હતી. જે એક વર્ષ પહેલા ૮૫.૫ ડોલર પ્રતિ બેરલ હતી. ભારતીય આયાત ડોલર માટે ખાદ્યપદાર્થોની સરેરાશ કિંમત પણ વધીને બેરલ દીઠ ૮૯.૫ ટકાં થઈ છે.જે



માર્ચમાં ૮૪.૫ ડોલર અને એક વર્ષ અગાઉ એપ્રિલમાં ૮૩૮ પ્રતિબેરલ હતી.ડોલએ યુક્રનમાં રમખાણો શરૂ થયા બાદ ફૂડના ભાવમાં થયેલા વધારાની અસર ભારત પર પણ પડી હતી.પરંતુ રશિયાએ ભારતને સસ્તા દરે તેલ આપીને રાહત મેળવી છે.જો કે ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, વૈશ્વિક કિંમતની તુલનામાં રશિયન તેલ પરનું ડિસ્કાઉન્ટ હવે ઘટીને $4 ડોલર પર આવી ગયું છે, જે પહેલા બેરલ દીઠ $10 ડોલર સુધી હતું.

**આયાત પર નિર્ભરતા વધી રહી છે.**

એપ્રિલમાં પેટ્રોલિયમ ઉત્પાદનોનો વપરાશ ૧૦૯૯ કરોડ ટન હતી જે એક વર્ષ અગાઉનાઆ મહિનાના મુકાબલો કરતા ૬.૧ ટકા વધુ છે. એપ્રિલ ૨૦૨૩માં ૧.૮૭ કરોડ ટનનો વપરાશ થયો હતો. તેમજ સમયે, દેશમાં ફૂડ ઓઈલ અને કેરોસીનનું ઉત્પાદન સમાન રહ્યું.એપ્રિલમાં ૨૪ લાખ ટનનું ઉત્પાદન થયું હતું. એક વર્ષ પહેલા પણ ઉત્પાદન આટલું જ હતું.એપ્રિલમાં ખાદ્ય તેલની આયાત પર નિર્ભરતા ૮૮.૪ ટકા હતી સો વર્ષ રાઉન્ડ ઓછું પરંતુ જે રીતે પેટ્રોલિયમ ઉત્પાદનોનો વપરાશ વધી રહ્યો છે. અને દેશમાં ફૂડ ઓઈલના ઉત્પાદનની સ્થિતિને ધ્યાનમાં લેતા, વર્તમાન નાણકીય વર્ષમાં આયાત નિર્ભરતા વધી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં આયાત પર નિર્ભરતા વધીને ૮૭.૭ ટકા થઈ, જે અગાઉના નાણાકીય વર્ષમાં ૮૭.૪ ટકા હતી.વર્ષ ૨૦૨૨માં ભારત તેની કુલ જરૂરીયાતના ૮૫.૫ ટકા ફૂડ ઓઈલની આયાત કરવી પડી હતી.

### ૧૯૭૬માં રાજકોટ પાસેના સાંગણવા ગામમાં બનેલી

# શ્યામ બેનેગલની ફિલ્મ 'મંથન'ને કેન્સ ફિલ્મ ફેસ્ટીવલ માટે પસંદ કરાઈ

### ૧ જૂને 'વિશ્વ મિલ્ક ડે' નિમિતે ભારતમાં બતાવવામાં આવશે

શ્યામ બેનેગલની કલાસીક ફિલ્મ 'મંથન' જે ૧૯૭૬માં બની હતી અને જેનું પુરૂ શુર્ટીંગ રાજકોટ જીલ્લાના અને રીબડા પાસેના સાંગણવા ગામમાં થયુ હતું. નસુરૂદીન શાહ, સ્મીતા પાટીલ, અમરીશપુરી, ગીરીશ કર્નાડ જેવા કલાકારોએ આ ફિલ્મમાં અભિનય આપ્યો હતો.

આ ફિલ્મને તાજેતરમાં જ ૭૭માં કેન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં કલાસીક સેકસશન માટે પસંદ કરવામાં આવેલ તે 'મંથન' ફિલ્મ વર્ષો પછી ભારતના ૫૦ શહેરોમાં વિશ્વ મિલ્ક દિવસ નિમિતે જૂનની પ્રથમ તારીખે બતાવવામાં આવશે.

આ ફિલ્મ ડેરી સહકારી ચળવળની શરૂઆત વખતના છે. વર્ગીસ કુરિયન

કે જેઓ ડેરીના પિતા ગણાય છે અને જેને વિશ્વના સૌથી મોટા દૂધ ઉત્પાદનમાં ભારતને ફેરવી દીધુ હતું. આ ફિલ્મ ૫૦ લાખ ડેરીમાં જે દૂધ સપ્લાય કરે છે તેવા ખેડૂતો દ્વારા નિર્મિત ભારતની પ્રથમ ક્રાઉડ-ફંડેડ (લોકોના સહકાર અને સહાયથી) ફિલ્મ હતી.

# ખુરાના ગ્રુપ પર આવકવેરા દરોડામાં દારૂ-બીયર મળ્યા

અમદાવાદ તા.૨૪

અમદાવાદ તથા વડોદરામાં ખુરાના ગ્રુપ પર આવકવેરા વિભાગે હાથ ધરેલા દરોડા કાર્યવાહી દરમ્યાન દારૂ મળી આવતા સનસનાટી મચી જવા પામી છે. દારૂની ૨૬ બોટલ તથા બિયરની ૧૬ બોટલો મળી હતી.

આવકવેરા વિભાગે ગત શનિવારે અમદાવાદ તથા વડોદરામાં ખુરાના ગ્રુપના ૨૭ સ્થળોએ દરોડા કાર્યવાહી હાથ ધરી હતી તે દરમ્યાન ગ્રુપના ડાયરેકટરના નિવાસસ્થાનેથી દારૂ મળી આવ્યો હતો.

ખુરાના ગ્રુપ પરની દરોડા કાર્યવાહીમાં આવકવેરા વિભાગને ૫૦૦ કરોડના શંકાસ્પદ નાણાંકીય વ્યવહારો મળી આવ્યાની ચર્ચા છે.

### અમદાવાદના મેચ બાદ હિટ સ્ટ્રોકના કારણે બે દિવસ હોસ્પિટલમાં દાખલ થયા હતા

# ફાઈનલમાં શાહરૂખ ખાન હાજર રહી શકે છેઃ જુહી ચાવલાનો વિશ્વાસ

### અત્યાર સુધી દરેક આઈપીએલ મેચમાં પોતાની ટીમ કોલકતા નાઈટ રાઈડર્સનો જુસ્સો વધારવા ગ્રાઉન્ડ પર તેના પરિવાર સાથે હાજર રહ્યા હતા

ચેન્નાઈ : બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાનને તાજેતરમાં હીટ સ્ટ્રોકના કારણે અમદાવાદની હોસ્પિટલમાં દાખલ થવું પડયું હતું. થોડા કલાકો બાદ આરામ કર્યા બાદ તેમને રજા આપવામાં આવી હતી. હવે શાહરૂખ ખાનની મિત્ર અને ભૂતપૂર્વ કો-સ્ટાર જુહી ચાવલાએ તેના સ્વાસ્થ્ય વિશે માહિતી શેર કરી છે. તેણે કહ્યું, અમદાવાદમાં મેચ વખતે શાહરૂખ ખાનની તબિયત સારી ન હતી. રવિવારે ચેન્નાઈમાં પોતાની ટીમને પ્રોત્સાહિત કરવા મેચમાં હાજર રહેશે. શાહરૂખ ખાનના મેનેજરે પણ તેમના સ્વાસ્થ્ય વિશે માહિતી આપી છે. તેણે સોશ્યલ મીડિયા પર લખ્યું. મિસ્ટર ખાનના તમામ ચાહકો અને શુભેચ્છકો માટે તે હવે સારૂ અનુભવી રહ્યો છે. તમારા પ્રેમ, પ્રાર્થના અને ચિંતા બદલ આભાર.

ઉલ્લેખનીય છે કે શાહરૂખ ખાન તેના બાળકો સુહાના અને અવરામ સાથે તેની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સની મેચ જોવા માટે અમદાવાદ ગયો હતો. ત્યાં ગરમીને કારણે અને ડિહાઈડ્રેશનને કારણે તેમની તબિયત

બગડી હતી, ત્યારબાદ તેમને ત્યાંની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન જુહી ચાવલા પણ પરંતુ તેની સંભાળ લેવામાં આવી હતી અને તે એકદમ સ્વસ્થ છે. જો ભગવાનની ઈચ્છા હોય, તો તે ટુંક સમયમાં સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે અને ફાઈનલ (આઈપીએલ) સમાહના અંતે હોસ્પિટલમાં હાજર હતી અને શાહરૂખની પત્ની ગૌરી ખાન પણ હોસ્પિટલ પહોંચી હતી. જોકે બાદમાં શાહરૂખની તબીયતમાં સુધારો થતા તેને રજા આપવામાં આવી હતી.

# પૂણેમાં કાર દુર્ઘટના મામલે મોટો વળાંક સગીરે કહ્યું -હું નહોતો કાર ચલાવતો

### કાર પોતે ચલાવતો હોવાની ફેમિલી ડ્રાઈવરની કબૂલાત

પૂણે(મહારાષ્ટ્ર) તા.૨૪

પૂણેમાં પોર્શે ક્રેશ મામલે એક મોટું ટ્વિસ્ટ સામે આવ્યું છે. ૧૭ વર્ષના આરોપીએ દાવો કર્યો છે કે દુર્ઘટનાના સમયે તે કાર ચલાવી રહ્યો નહોતો પરંતુ ફેમિલી ડ્રાઈવર ચલાવી રહ્યો હતો. દુર્ઘટનાના સમયે આરોપીની સાથે હાજર તેના સાથીઓએ પણ આ દાવાનું સમર્થન કર્યું છે. ઉલ્લેખનીય છે કે સગીર આરોપી રિયલ એસ્ટેટ ડેવલોપર વિશાલ અગ્રવાલનો પુત્ર છે. પૂણેના કલ્યાણી નગરમાં પૂર ઝડપે બાઈકસવાર બે એન્જિનિયરોને કચડી નાખ્યા હતા. બંનેના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા.

પોલીસનું કહેવું છે કે સગીર આરોપી નશામાં ધૂત ૨.૫ કરોડની સુપરકાર ડ્રાઈવ કરી રહ્યો હતો. એક દિવસ પહેલા જ પૂણેની કોર્ટે આરોપીના જામીન કેન્સલ કરી દીધા અને તેને ૫ જૂન સુધી કસ્ટડીમાં મોકલી દેવાયો. મામલામાં ટ્રિસ્ટ આવ્યા બાદ પોલીસ ફેમિલી ડ્રાઈવરની પણ પૂછપરછ કરી રહી છે. તેણે પોતાના પહેલા નિવેદનમાં કહ્યું હતું કે દુર્ઘટનાના સમયે તે જ કાર ચલાવી રહ્યો હતો. વિશાલ અગ્રવાલે પણ દાવો કર્યો હતો કે તેમણે જ ડ્રાઈવરને કામ પર રાખ્યો હતો.

### પ્રથમ વખત મળી મોટી જીત

# અમેરિકાએ બીજી T-20 મેચમાં પણ બાંગ્લાદેશને ૬ રનથી હરાવ્યું, શ્રેણી ૨-૦ થી જીતી

ન્યુ દિલ્હી,તા.૨૪

અમેરિકા અને બાંગ્લાદેશ વચ્ચે ત્રણ મેચની ઝ૨૦ શ્રેણીની બીજી મેચ ગુરુવારે રમાઈ હતી. આ મેચમાં અમેરિકાએ પોતાની તાકાત દેખાડી હતી અને શાકિબ-અલ-હસનની આગેવાની હેઠળની ટીમને છ રનથી હરાવીને શ્રેણીમાં ૨-૦ની જીતી હતી. આ પહેલા અમેરિકાએ બાંગ્લાદેશ સામે પ્રથમ ઝ૨૦ મેચમાં પાંચ વિકેટે જીત મેળવી હતી. ઝ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ પહેલા બાંગ્લાદેશ બીજી વખત આંતરરાષ્ટ્રીય સ્તરે શરમજનક સ્થિતિમાં આવી ગયું છે. તેઓ ટી-૨૦ શ્રેણી હારી ગયા છે.

પ્રોટરી વ્યુ ક્રિકેટ કોમ્પ્લેક્સમાં રમાયેલી આ મેચમાં પાકિસ્તાની બોલરે અમેરિકાને જીત અપાવી : ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી અમેરિકાએ છ વિકેટ ગુમાવીને ૧૪૪ રન બનાવ્યા. જવાબમાં બાંગ્લાદેશ ટીમ ૧૯.૩ ઓવરમાં ૧૩૮ રનના સ્કોર પર જ સિમિત રહી હતી. અમેરિકાની સતત બીજી જીતમાં અલી ખાને મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે બાંગ્લાદેશના ત્રણ બેટ્સમેનોને પોતાનો શિકાર બનાવ્યા. અલીએ પહેલા શાકિબ-અલ-હસનને ૧૮મી ઓવરમાં આઉટ કર્યો હતો. ત્રીજા બોલ પર તનઝીમ હસન શેખને પેવેલિયન મોકલવામાં આવ્યો હતો. આ પછી તેણે ઈનિંગ્સની ૨૦મી ઓવરમાં રિશાદ હુસૈનની વિકેટ લીધી હતી. અલી ખાનનો જન્મ પાકિસ્તાનમાં થયો હતો. તેણે ૩.૩ ઓવરમાં માત્ર ૨ રન જ

# ઈલોન મસ્કે બાળકો પર સોશિયલ મીડિયાની પ્રતિકુળ અસરો વિશે ચિંતા વ્યકત કરી

### માતા-પિતાએ પણ ધ્યાન આપવા ચેતવણી ઉચ્ચારી

રાજકોટ,તા.૨૪

ઈલોન મસ્ક ઘણીવાર બાળકો પર સોશિયલ મીડિયાની અસર વિશે વાત કરતા રહે છે. નવ બાળકોના પિતા ઈલોન મસ્કે ગયા વર્ષે એવું કહ્યું હતું કે તેણે તેના બાળકોને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા ક્યારેય અટકાવ્યા નથી. પરંતુ હવે કદાચ તેમને આ ભૂલ લગતી હશે હવે તેમણે બાળકો પર સોશિયલ મીડિયાની પ્રતિકૂળ અસરો વિશે ચિંતા વ્યક્ત કરી હતી. મસ્કે કહ્યું હતું કે બાળકોને સોશીયલ મીડિયાનો કેટલો ઉપયોગ કરવો જોઈએ તેના પર નિયમ બનાવવો જરૂરી છે.

આ ઈવેન્ટમાં ઈલોન મસ્કે સોશિયલ મીડિયાના ગેરફાયદા વિશે જણાવ્યું હતું. મસ્કે કહ્યું કે, 'સોશિયલ મીડિયા કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરે છે. જેથી લોકો શક્ય તેટલા લાંબા સમય સુધી એપ્સનો ઉપયોગ કરે. આ બાબત બાળકો માટે જોખમી છે. આ ટેકનીકના કારણે મગજમાં ખુશીની લાગણી પેદા કરતુ કેમિકલ 'ડોપામાઈન' વધારે છે. આથી મને લાગે છેકે માતા-પિતાએ પણ ધ્યાન આપવું જોઈએ કે તેમના બાળકો સોશિયલ મીડિયા પર વધુ સમય ન વિતાવે.'

ઈલોન મસ્કનું કહેવું છે કે સોશિયલ મીડિયા કંપનીઓ લોકોનું ધ્યાન ખેંચવા માટે એકબીજા સાથે લડતી રહે છે, જેની ખરાબ અસર બાળકોના મન પર પડે છે. તેઓ કહે છે કે આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટૂલ્સના કારણે બાળકોનું શોષણ થાય છે. આથી ડ બન્કોનું શોષણ થાય તેવું કન્ટેન્ટ પોતાના પ્લેટફોર્મ પરથી અટકાવવા કડક પગલાઓ લે છે.

# મારામારીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ તા.૨૪

બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ મારમારીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ગાંધીગ્રામ પોલીસે પકડી પાડયો હતો. ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન બાતમીના આધારે મારામારીના ગુન્હામાં નાસતો ફરતો આરોપી કાનજી ઉર્ફે કાનો ઉર્ફે પરાગ ધીરુભાઈ જંજવાડીયા (ઉ.વ.૨૫, રહે.મનહરપુર સરકારી સ્કુલની બાજુમા રાજકોટ, હાલ રહે.હડાળા ગામ) ને પકડી પાડયો હતો. આ કામગિરીમાં પી.આઈ. બી.બી.જાડેજા, પી.એસ.આઈ. એન.વી.હરીયાણી, હેડ કોન્સ્ટેબલ મસરીભાઈ ભેટારીયા, અમિતભાઈ કોરાટ, શક્તિસિંહ ગોહીલ, કોન્સ્ટેબલ મુકેશભાઇ સબાડ, રોહીતદાન ગઢવી, કુલદીપસિંહ રાણા રોહીતભાઈ કછોટ, પ્રદીપભાઇ ડાંગર, પ્રશાંતભાઈ ગજેરા રોકાયેલા હતાં.

# ગુજરાતમાં હીટવેવથી એક જ દિવસમાં ૧૬ના મોત

### સુરત-વડોદરામાં સૌથી વધુ મોત : ગરમી-લૂ લાગવાના કેસો પણ વધ્યા

અમદાવાદ, તા. ૨૪

રાજ્યમાં પડી રહેલી કાળઝાળ ગરમીના કારણે ગુરૂવારે ૧૬ લોકોના મોત નિપજ્યા છે. ગરમીમાં લૂ લાગવા સહિતના કારણે ૧૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જેમાં સુરતમાં ૯, વડોદરામાં ૪ અને મોરબી, જામનગર, રાજકોટમાં ૧-૧ના મોત થયા છે. માત્ર વડોદરામાં જ અત્યાર સુધીમાં ગરમીથી કુલ ૨૩ લોકોના મોત થયા છે. દિવસેને દિવસે વધતી જતી ગરમીના કારણે હાર્ટ એટેક, ડિહાઈડ્રેશનના કેસ વધી રહ્યાં છે.

ગરમીમાં બેભાન થઈ જવું, હીટસ્ટ્રોક લાગવો, વોમેટિંગ સહિતના કેસ વધ્યા છે. હાલ અમદાવાદની અસારવા સિવિલના હીટ સ્ટ્રોક વોર્ડમાં ૫ દર્દી દાખલ છે.

વડોદરામાં રેકોર્ડબ્રેક ૪૫ ડિગ્રી ગરમીમાં શહેર અગનભઠ્ઠીમાં શેકાયું છે. વડોદરામાં હીટવેવના કારણે વધુ પના મોત થયા છે. આ સાથે જ મોતનો આંકડો ૨૩ પર પહોંચ્યો છે. ગભરામણ અને હાર્ટ એટેકના કારણે વધુ પના મોત થયા છે. વડોદરામાં વર્ષ ૨૦૧૬માં ૪૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતુ. તો ગતરોજ તાપમાનનો પારો ૪૫ ડિગ્રી ઉપર પહોંચી જતા નગરજનોની હાલત કફોડી બની હતી.

સુરતમાં આકરી ગરમીના કારણે ઢળી પડતાં વધુ ૯ના મોત નિપજ્યા છે. ગરમીના કારણે લૂ, ડીહાઈડ્રેશન તેમજ ઝાડા ઉલ્ટીના કેસમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. સુરત સિવિલમાં ૩ અને સ્મીમેર હોસ્પિટલમાં ૧ દર્દી લૂને પગલે સારવાર હેઠળ છે.

# વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ T-20માં દક્ષિણ આફ્રિકાને હરાવ્યુંઃ બ્રાન્ડન કિંગનાં ૪૫ બોલમાં ૭૯ રન ; ગુડાકેશ અને ફોર્ડે ૩-૩ વિકેટ લીધી

વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ T20 મેચમાં દક્ષિણ આફ્રિકાને ૨૮ રને હરાવ્યું હતું. આ જીત સાથે વેસ્ટ ઈન્ડિઝની ટીમે T20 વર્લ્ડ કપ પહેલા રમાઈ રહેલી ત્રણ મેચની T20 હોમ સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે.

પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝે ૮ વિકેટના નુકસાન પર ૧૭૫ રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની આખી ટીમ ૧૯.૫ ઓવરમાં ૧૪૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. વેસ્ટ ઈન્ડિઝ માટે કેપ્ટન બ્રાન્ડન કિંગે આ સીરીઝમાં ૪૫ બોલમાં ૭૯ રનની ઈનિંગ રમી હતી.

**વેસ્ટ ઈન્ડિઝની સારી શરૂઆત**

ટોસ હાર્યા બાદ વેસ્ટ ઈન્ડિઝ બેટિંગ કરવા આવી હતી અને તેને ૩૬ રન પર પહેલો ઝટકો લાગ્યો હતો. ઓપનર જોન્સન ચાર્લ્સ ૧ રન બનાવીને આઉટ થયો હતો. કેપ્ટન બ્રાન્ડન કિંગે બીજી વિકેટ માટે કાયલ મેયર્સ સાથે ૪૪ બોલમાં ૭૯ રનની ભાગીદારી કરી હતી.

કાયલ મેયર્સે ૨૫ બોલમાં ૩૪ રન અને બ્રાન્ડોન કિંગે ૪૫ બોલમાં ૭૯ રન બનાવ્યા હતા. જ્યારે રોસ્ટન ચેઝે ૩૦ બોલમાં અણનમ ૩૨ રન બનાવ્યા હતા. સાઉથ આફ્રિકા માટે ઓટનીલ બાર્ટમેને ૪ ઓવરમાં ૨૬ રન આપીને ૩ વિકેટ લીધી હતી. જ્યારે એન્ડીલે ફેહલુકવાયોએ પણ ચાર ઓવરમાં ૨૮ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી.

**સાઉથ આફ્રિકાની ખરાબ શરૂઆત**

૧૭૬ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી સાઉથ આફ્રિકાની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. પ્રથમ વિકેટ માત્ર ૪ રનના સ્કોર પર પડી હતી. ઓપનર ક્વિન્ટન ડી કોક બીજા બોલ પર જ આઉટ થયો હતો. તેણે ૨ બોલનો સામનો કર્યો અને ૪ રન બનાવ્યા. દક્ષિણ આફ્રિકાને ૧૧ રનના સ્કોર પર બીજો ઝટકો લાગ્યો હતો.રેયાન રિકલ્ટને ૭ બોલનો સામનો કરીને ૬ રન બનાવ્યા હતા. જ્યારે અન્ય ઓપનર રીઝા હેન્ડ્રીક્સે ઈનિંગ્સને એક બાજુએ રાખી હતી. તેણે ૫૧ બોલમાં ૮૭ રનની ઈનિંગ રમી હતી. હેન્ડ્રિક્સે પહેલા મેથ્યુ બ્રિટ્ઝકે સાથે ૧૮ બોલમાં ૨૪ રન, રાસી વાન ડેર ડ્યુસેન સાથે ૪૨ રન અને લુંગી નિગડી સાથે નવમી વિકેટ માટે ૨૪ બોલમાં ૩૯ રનની ભાગીદારી કરી હતી, પરંતુ તે ટીમને જીત તરફ લઈ જઈ શક્યો ન હતો.

# રૈયાધારમાં તામીલનાડુનો યુવક બેભાન હાલતમાં મળ્યોઃ મોત

### યુનિવર્સિટી પોલીસનો સ્ટાફ દોડી ગયોઃ મોડીરાત સુધી પોલીસે તપાસ હાથ ધરી મૃતકની ઓળખ મેળવીઃ મૃતકના પરીવારને જાણ કરી

રાજકોટ,તા.૨૪

રૈયાધારમાંથી તામીલનાડુનો યુવક બે-ભાન હાલતમાં મળ્યા બાદ ટુંકી સારવારમાં મોત નિપજતાં યુનિવર્સિટી પોલીસ દોડી ગઈ હતી.અને મુતકના પરીવારને જાણ કરી હતી.પ્રાપ્ત વિગત મુજબ રૈયાધાર મારવાડી સોસાયટીમાં ૪૫ વર્ષીય યુવાન બે ભાન હાલતમાં પડયો હોવાની માહીતી મળતાં યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઈ પોલીસ મથકના પીએસઆઈ એન.જે.મશાક પુત્રા સહીતનાં સ્ટાફ દોડી ગયો હતો અને બે-ભાન થયેલ યુવકને સારવારમાં સીવીલ હોસ્પિટલે ખસેડાતાં ટુંકી સારવારમાં તેમનું મોત નિપજયું હતું.મૃતકની ઓળખ મેળવવા પોલીસે શહેરમાં રહેતાં મદ્રાસી લોકોનો જાણ કરી તેમજ આધારકાર્ડના આધારે ઓળખ મેળવી હતી.મૃતકનું નામ શ્રીનાથજી અંગમ ઉથુ કરશું (ઉ.વ.૪૫)(રહે.બહ્નુર, તામીલનાડુ) હોવાનું ખુલ્યું હતું.બનાવ અંગે મૃતકના પરિવારને જાણ કરતાં પરીવાર જનો દોડી આવ્યા હતાં. અને તેઓને પુત્રનો મૃતદેહ સોંપ્યો હતો.

# તાવ આવ્યા બાદ યુવાનનું મોત

### રામપ્રસાદ પાલ એચ.જે. સ્ટીલ કંપનીમાં નોકરી કરતો હતો, કામ કરતા કરતા બેભાન થઈ જતા સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવારમાં દમ તોડ્યો

રાજકોટ, તા.૨૪

રાજકોટમાં વધુ એક યુવાનને તાવ આવ્યા બાદ તેનું મૃત્યુ થયું છે. રામપ્રસાદ પાલ એચ.જે. સ્ટીલ કંપનીમાં નોકરી કરતો હતો. તે કામ કરતા કરતા બેભાન થઈ જતા સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવારમાં દમ તોડ્યો હતો.

પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, રામપ્રસાદ સુરેશ્વર પાલ (ઉ. વ.૪૨, રહે.દૂધ સાગર રોડ, શ્રમજીવી સોસાયટી) તા.૨૨ના રોજ જીયાણા ગામ પાસે આવેલા એચ.જે. સ્ટીલ કંપનીના યુનિટમાં કામ કરતો હતો. ત્યારે અચાનક ઢળી પડતા તેને કંપનીની જ એમ્બ્યુલન્સમાં કુવાડવા ખાતે આવેલી ગિરિરાજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાં સારવાર દરમિયાન ગઈકાલે તેનું મૃત્યુ નીપજ્યું હતું. રામપ્રસાદ મૂળ બિહારનો વતની હતો. અહીં બહેન, બનેવી અને સાળા સાથે રહેતો હતો. અહીં તે મજૂરી કામ કરતો હતો. તેને બે-ત્રણ દિવસથી તાવ આવતો હતો. દરમિયાન કામ કરતા કરતા બેભાન થઈ ગયો હતો. રામપ્રસાદને સંતાનમાં ૧ દીકરો અને ૧ દીકરી છે. તેના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.